કચ્છી લેવા પટેલ જ્ઞાતિનું મુખપત્ર
Kutchi Leva Patel Community's Newsletter
વર્ષ : ૪૮ અંક : ૧

www.sklpsbhuj.com/e-magazin
AUGUST - 2020

# કચ્છી લેવા પટેલ સંદેશ

Worldwide



શ્રી કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ વિશેષાંક

## ॥ निरामया ॥

# કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ




એનીમેશન ચિત્ર



કાર્યની પ્રગતિ



ડોક્ટર આવાસ



વેલજીભાઈ રામજી પિંડોરીયા
પ્રમુખશ્રી કચ્છી લેવા પટેલ સમાજ-ભુજ



ગોપાલભાઈ માવજી ગોરસીયા
અધ્યક્ષશ્રી, કચ્છી લેવા પટેલ એજ્યુ. મેડી. ટ્રસ્ટ-ભુજ



મનજીભાઈ જાદવા પિંડોરીયા
પ્રમુખશ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ-ભુજ

# કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ : એક નૂતન અધ્યાય

શ્રી કચ્છી લેવા પટેલ જ્ઞાતિ સમુદાય જે રીતે ટક્યો, પ્રગટ્યો તે જાતમહેનત જિંદાબાદને સહારે જ તર્યો છે. તક મળી નથી.. કંઈ પરવા નહીં તકનું સર્જન કર્યું છે. શ્રમનું શોષણ જીરવી શકાય..સંવેદનનું શોષણ આત્મા હણી નાખે..!

પગથિયાં ઘસી નાખ્યા આ ટેબલથી પે'લી ટેબલ.. તોય ખેતર હાથમાં ન આવ્યું.. સાહેબ કહે છે તમારા દાદાએ પોતાના નામ પર કરાવ્યું જ નથી, દસ્તાવેજ ત્રણ પેઢીએ સાચવ્યા પણ વાંચતા ન આવડે શું થાય..?

બાપા..ગાય દોહવા નથી દેતી, દીકરીને સારું માગું નથી આવતું દોરો બાંધી દયો, કાળા-લાલ દોરામાં કણબીની પેઢીઓ ભટકી છે પગ કે ઘૂંટણ દુઃખે તો ટાઢા દેવડાવનાર સમુદાય માત્ર ૨૦ વર્ષમાં ૨૯ લાખ દર્દીઓની જનસામાન્ય વૈજ્ઞાનિક સારવાર કરી હોય તે કોણ માનશે? પણ તે હકીકત છે. ભુજમાં માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર જેમ કચ્છીજનોની વિશ્વસનીય જીવાદોરી છે તેમ આ સંસ્થા કણબી માટે વિકાસનો એક માઈલસ્ટોન ગણી શકાય!

સ્વામિનારાયણ સંપ્રદાયનો સ્પર્શ થતાં આચાર-વિચાર સુધર્યા.. રામપરના ત્યાગી ધનબાઈ ફઈ, ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના સંત પુરાણી અક્ષરજીવનદાસજી સ્વામી અને બળદિયાના અબજી બાપાએ લેવા પટેલોને સાચી ધાર્મિકતા શીખવાડી છે. અંધશ્રદ્ધા વિહીન વિશ્વાસ રોપ્યો છે, તો કચ્છી લેવા પટેલ સમાજે આ જ્ઞાતિને આજની સ્વાભિમાનની તરબતર સ્થિતિમાં લાવવા પ્રયાસ કર્યો છે.

કચ્છ આગમન પછી છઠ્ઠી સદી ચાલે છે. પાંચમી સદીમાં છ વખત હિજરત કરનાર લેવા પટેલોએ ૧૮૯૫માં જંગબાર,(ઝાંઝીબાર) પ્રયાણ કર્યું ત્યાંથી મોમ્બાસા, યુગાન્ડા, બ્રિટન, ઓસ્ટ્રેલિયાનો ઈતિહાસ અનેક વખત નોંધાઈ ચૂક્યો છે. એની પુનરોક્તિ કરતા નથી.

આખરે તા.૧૪-૦૩-૧૯૬૫ રવિવાર સંવત ૨૦૨૧, ફાગણ સુદ એકાદશીએ માધાપર લેવા પટેલ જ્ઞાતિ મંડળ સંચાલિત સરસ્વતી વિદ્યાલયમાં બેઠક બોલાવી..પત્રિકા છપાઈ, હિંમતવાન જ્ઞાતિજનો હાજર રહ્યા, બંધારણની વાત થઈ અને એક અતિ નાના સંગઠનના બીજ રોપાયાં..ઊગશે, ટકશે, મ્હોરશે એ શંકા હતી તો ફૂલવા-ફળવાની વાત જ ક્યાં કરવી?

ધનજી રામજી ભંડેરી નામના યુવાનને ચાનક ચડી હતી. આમ તો પ્રેરણા નાઈરોબીથી ઊગી હતી. દેવશી ધનજી વેકરિયા(બળદિયા) ને જ્ઞાતિ સંગઠનનો મક્કમ નિરધાર હતો. અવરોધ તેને વધુ ઉશ્કેરતા..કરશન દેવશી (સામત્રા), વેલજી લાલજી પટેલ (સુખપર), વીરજી કરશન પટેલ (માધાપર), ગોપાલ કાનજી (બળદિયા) સહિત ૧૭ જણની પ્રથમ સમિતિ રચાઈ અને જ્ઞાતિના ખોરડે સમાજનું પારણું બંધાયું.

### બંધારણ-ઉદ્દેશ્ય લખાયા..

જ્ઞાતિમાં ભ્રાતૃભાવ- સંગઠન વધારવું, નિરક્ષરતા દૂર કરી કેળવણી અંગે પ્રવૃત્તિ હાથ ધરવી, અપંગ, નિરાધાર જ્ઞાતિજનોને મદદ કરવી, ધર્મમર્યાદા જાળવવી, સમાજોપયોગી પ્રવૃત્તિ કરવી અને છેલ્લે એક વાક્ય ઉમેરાયું..સાર્વજનિક સેવા-સુખાકારી માટે પ્રયાસ કરવા, બસ આ વાક્યે ચમત્કાર સર્જ્યો.. સ્વઉત્થાનનાં પગથિયે ચડેલો આ સમુદાય ઈ.સ.૨૦૦૦માં સાર્વજનિક સેવામાં પથરાયો, જેમ હિમાલયના ઝરણાં અનેક પથ્થરોથી અફળાઈ ગંગાતટના મેદાનોમાં ફળદ્રુપ જળરાશિ ઠાલવે તેમ આ સમૂહ ઠલવાયો, પથરાયો.. ભુજમાં લેવા પટેલ હોસ્પિટલના માધ્યમે કચ્છનું સૌપ્રથમ સીટી સ્કેન, પ્રથમ એમ.આર.આઈ., ૨૪ કલાક ખુલ્લો ઈમરજન્સી વિભાગ અને ૨૦ ટકા સસ્તો મેડિકલ સ્ટોર, ટ્રોમા સેન્ટર જેટલી સગવડોના કારણે રાજકોટ, અમદાવાદ કેન્દ્રોના વિષય તજજ્ઞ તબીબોની સસ્તી સેવા અહીં મળી..ફળી.. છેલ્લે જિલ્લાનું પ્રથમ ડાયાલિસીસ કેન્દ્ર શરૂ થયું. ૨૦ વર્ષની યાત્રા, ૨૯ લાખ દર્દીએ પહોંચી.. પાંચ દાયકા પહેલાં જેને મુખે સારો કોળિયો.. કે આબરુ ઢાંકતું કપડું માંડ હતું તે જ્ઞાતિએ આ ચમત્કાર સર્જ્યો કેવી રીતે? તે અભ્યાસનો વિષય છે. ડિગ્રી સર્ટિફિકેટ ધરાવતા પી.એચ.ડી ના છાત્રોને જોઈ ક્યારેક થાય અનુભવ સિદ્ધ લેઉવા પટેલોની સ્વાભિમાન યાત્રા વિષય પર કોઈ ફળદ્રુપ અભ્યાસ નોંધ તૈયાર કરે. જે સમુદાય ઈતિહાસને વિજ્ઞાનની કસોટી પર પારખે છે તે જ ઈતિહાસ સર્જી શકે છે.

ઈ.સ. ૧૯૭૨માં ૩૪,૮૭૫ની વસતિ ધરાવતો નાનો સમુદાય સાત સમંદર પાર સફળ કેમ થયો? તે પણ શીખવા જેવી વાત છે. કૃષક કણબી અનુભવે જાણ્યું કે આંબાની કલમ રોપો તેમ ઊગે, ઝડપથી ફળે અને ઝંઝાવાતો સામે ટકે. આ સાદી સમજ કચ્છી લેઉવા પટેલોને ટકી જવાની જડીબુટ્ટી બક્ષી છે. આ અરસામાં આર.આર.પટેલ જેવી વ્યક્તિ નિમિત્ત બની. ઈ.સ. ૧૯૮૮માં કન્યા કેળવણીનો મહાવિષ્ણુયાગ આદર્યો. લક્ષ્મીઓ પ્રગટી અને જ્ઞાતિને સંસ્કાર-સમજની સમૃદ્ધિથી લબાલબ કરી દીધી.

ઈ.સ.૧૯૭૩માં જે સમાજ સંગઠનનું વાર્ષિક બજેટ ૨૫૦ થી ૩૦૦ રૂપિયા હતું, તે સમુદાય વાર્ષિક ૩૫ કરોડ રૂપિયાનું ટર્નઓવર વાળી ૧૫૦ બેડની હોસ્પિટલનો નાયક છે. વિનાયક છે. માવજી રૂડા

પાંચાણી, પરબતરાય કાનજી હીરાણી, કાનજી પ્રેમજી દબાસિયા, જાદવા પરબત વરસાણી પાયાના દાતા છે. હરજી કરશન દબાસિયા 'કણબી સાહેબ', વી.કે.પટેલ જેવા તટસ્થ વ્યક્તિ પાક્યા.. એટલે જ્ઞાતિએ છત્ર સ્વીકાર્યું.. નિઃસ્વાર્થ યાત્રા થઈ. તેને સુવર્ણ જયંતીનો અવસર મળ્યો. સફળતાની યશોગાથાના ગુણગાન કરવા નહીં. છૂટી ગયેલી ફરજો, થઈ શકતી પ્રવૃત્તિઓ ન થઈ શકવાનું આત્મમંથન કરવાની.. ઘણું કરવાનું બાકી છે. જૂની પેઢી આપવામાં માને છે, નવી પેઢીને જોડી રાખવી પડકાર છે. સેવાકાર્યો, દાન-ધર્મમાં દેખાતી એકતા અન્ય ક્ષેત્રોમાં જળવાઈ નથી. કચ્છી લેવા પટેલ સમાજને ૧૯૬૫, સ્થાપનાથી અત્યાર સુધી ૧૭ સમાજ પ્રમુખોનું છત્ર મળ્યું છે. વખતોવખતની ત્રણેય પાંખની સમિતિઓએ સમર્પણ ભાવથી કામ કર્યું છે. કૃષિમોલ અને સમાજની પ્રથમ આવાસ યોજના 'નાનજી એવેન્યુ' ના કાર્યો થયાં છે. તો બીજીબાજુ આરોગ્ય સેવામાં કિડની, કેન્સર, કાર્ડિયાક, આયુર્વેદની સુપર સ્પેશિયાલિટી સેવાઓ કચ્છની ૨૧ લાખની માનવવસ્તીને આપવાની જરૂર ઊભી થઈ છે. હાર્ટએટેક આવે કે તરત અમદાવાદ, રાજકોટ જવું પડે..આ દર્દ જ એવું છે કે ઘણી વખત દર્દી છતે પૈસે ૩૦૦-૪૦૦ કિ.મી. પહોંચી ન શકે, રસ્તામાં જ દમ તોડી નાખે. કચ્છ જેવો વિશાળ જિલ્લો પૂર્વ-પશ્ચિમ ૪૦૦ કિ.મીના અંતરે ફેલાયેલો છે. દૂર્ગમ અંતરીયાળ વસ્તી છે. સરકાર ધારે તોય પહોંચી શકે નહીં. એક સેવાભાવી ટ્રસ્ટ તરીકે લોકોએ આવી હોસ્પિટલની આશા આપણી પાસે રાખી છે. સમય સમય બળવાન છે એક સમયે આપણે ખૂદ અન્યો પાસે સેવા લીધી છે. હાલ સેવા આપવાનો અવસર છે. માતૃભૂમિનું ઋણ ચૂકવવાની તક છે. દેશ-વિદેશ વસતા દાતાઓને આ લાગણી-આવશ્યકતા અંગે વખતોવખત જણાવતા રહેવાયું છે. ઈ.સ. ૨૦૧૮, ડિસેમ્બર પહેલાં ગામ સામત્રાના કાનજીભાઈ કુંવરજી વરસાણી કે.કે.પટેલ (નાઈરોબી) એ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ માટે ભૂમિદાન અને નામકરણ પેટે સંપૂર્ણ બાંધકામ કરી આપવાની લાગણી રજૂ કરી, સમાજે માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના મુખ્ય દાતા પરિવારને નવી હોસ્પિટલના નામકરણ માટે સૌપ્રથમ અપીલ કરી, મોમ્બાસા જઈ વાત જણાવી, હસમુખભાઈ કાનજી ભુડિયાએ સ્વયં મતપ્રગટ કર્યો કે સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના નામકરણની સેવા કે.કે.પટેલ પરિવારને આપો. હસમુખભાઈ ભુડિયા એક દૃષ્ટિવંત ઉદ્યોગપતિ અને સાહસનું પ્રતિક છે. તેમણે સમાજના નૂતન શૈક્ષણિક સંકુલમાં કન્યા રતનધામ અને સૂરજ શિક્ષણધામ સાકાર કર્યાં છે. તે માટે તેમણે લક્ષ્મીના ભંડાર સમાજ માટે ખોલ્યા છે. નર્સિંગ કોલેજનું કામ પ્રગતિમાં છે. આખું નૂતન સંકુલ તેમની દિલેર દાતારી અને દિકરીઓ પ્રત્યેના પિતા વાત્સલ્યના કારણે સમાજને અર્પણ થયું છે. આ સંકુલ અનેક દાયકાઓ સુધી શિક્ષણનો પ્રકાશ પાથરતું રહેશે. હસુભાઈનું આ સૂચન સ્વીકારી સમાજ આગળ વધ્યો. ડિસેમ્બર, ૩૦ના રોજ જ્ઞાતિજનોની હાજરી, ગરિમા મહોત્સવની સાક્ષીએ ભૂમિ અર્પણ અને શિલાન્યાસ વિધિ સંપન્ન થયો. આ સાથે હસમુખભાઈ ભુડિયા પરિવાર દ્વારા દાન અપાયેલું નૂતન શૈક્ષણિક સંકુલ પણ સમાજસેવામાં અર્પણ થયું. જ્ઞાતિમાં નવા ઉત્સાહનો સંચાર થયો. કે.કે.પટેલ હોસ્પિટલના નિર્માણ માટે ૭૫ કરોડ જેટલી નિદાન- સારવાર મશીનરીની જરૂર પડશે. તે માટે વિભાગવાર નામકરણની વાત જ્ઞાતિ સમક્ષ મુકવામાં આવી. હંમેશા સમાજના સેવાકાર્યોમાં સાથે રહેનાર ભુજશ્રી સ્વામિનારાયણ મંદિર અને મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાને અનુક્રમે ૫ કરોડ (કેથલેબ માટે), ૨.૫ કરોડનું દાન (CVTS OT)અને આશીર્વાદ આપ્યા. તે સાથે કરોડોના સાથ સહકાર સાથે દાતાઓ આગળ આવ્યા. બિઝનેસ એક્ઝિબીશન, ફૂડ સ્ટોલ, કૃષિ મોલ, કૃષિ ગુજરી, સ્કીલ ડેવલપમેન્ટ, આવાસ યોજના સહિતના નવા સોપાન બંધાયા.. આ બધું એક એક જ્ઞાતિજનના સાથ સહયોગના કારણે શક્ય બન્યું છે. સમાજે મહિલા અને યુવા સંગઠન માટે પ્રયાસ કર્યો છે. જ્ઞાતિના ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત છાત્ર-છાત્રાઓને સરકારી નોકરીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓના વર્ગ ચલાવી સજ્જ કરવા પ્રયાસ કર્યો છે. જો કે આ ક્ષેત્રમાં હજુ ઘણું કરવાનું બાકી છે.

સતત પ્રગતિની ખેવના સાથે અમુક ગમા-અણગમા પણ વ્યક્ત થતા રહ્યા છે. જો કે તે પ્રગતિયાત્રાનો ભાગ છે.

સંસ્થા મહાન છે. વ્યકિત ગૌણ છે. સમાજ અને સેવાના સ્નેહે કે.કે.પટેલે ગત ડિસેમ્બર-૨૦૧૮માં આપેલ ભૂમિદાન અને નામકરણ પેટે માળખું ઊભું કરી આપવાની વાત સાકાર થઈ. ૮ ડિસે. ૨૦૧૯ના ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તથા આગેવાનોના હસ્તે ખાતમુર્હૂત સંપન્ન થયું. આજે આ બાંધકામ મહત્તમ ઝડપે પ્રગતિમાં છે. બેઝમેન્ટ ઉપર એક માળનું RCC કામ પૂર્ણ થવામાં છે.

દરમ્યાન જુલાઈ અને સપ્ટેમ્બર-૨૦૧૯, ધાર્મિક અને યુ.કે.કોમ્યુનિટીના પ્રસંગે ઈંગ્લેન્ડ જવાનું થયું સાથે સમાજ ઉપપ્રમુખ માવજીભાઈ રાબડિયા, સમાજ સંદેશના તંત્રી વસંતભાઈ પટેલ સાથે રહ્યા. સમાજ પ્રવૃત્તિઓથી જ્ઞાતિજનોને અવગત કરવામાં આવ્યા. સામાન્ય રીતે મોટા દાન આફ્રિકાવાળા ભાઈઓ નોંધાવતા આવ્યા છે. પણ આ વખતે યુ.કે.માં વ્યવસાય કરતા આપણાં માધાપર ગામના ભાઈઓ અને અન્ય ગામોના બંધુઓએ માતબર રકમ નોંધાવી એ વાતની પણ નોંધ લઈએ છીએ.

યુ.કે. તથા આફ્રિકા કોમ્યુનિટી અને સ્થાનિકે મજબૂત સાથ મળ્યો છે. કાર્ય આગળ ધપી રહ્યું છે. એક બાજુ કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, નાનજી એવેન્યુ (સમાજ આવાસ યોજના) અને બીજુ બાજુ હસમુખભાઈ કાનજી ભુડિયાના નેજા હેઠળ સમગ્ર પ્રેમજી જેઠા ભુડિયા પરિવાર દ્વારા નૂતન શિક્ષણ સંકુલ (કન્યા રતનધામ અને સુરજ શિક્ષણધામ)બાંધકામ પ્રગતિમાં છે. કોરાના જેવી મહામારી વિશ્વ પર આફત બનીને ઉભી છે એવા સંજોગોમાં આ વિશેષાંક આપ સૌના હાથમાં મુકી રહ્યા છીએ. આશા છે કે નવી પેઢી માટે આ અંક આપણા વડિલોના પુરુષાર્થની પ્રેરકગાથા બની રહેશે. સર્વેસન્તુ નિરામયા.....

www.sklpsbhuj.com/e-magazin

# કચ્છી લેવા પટેલ સંદેશ

(કચ્છી લેવા પટેલ જ્ઞાતિનું મુખપત્ર)

વર્ષ : ૪૮ | અંક : ૧ | ઓગષ્ટ - ૨૦૨૦

:: તંત્રી ::
વસંત પટેલ (હાલાઈ)
Editor : Vasant Patel (Halai)
Mo.: 99258 94603

:: સહતંત્રી :
રવજી ખેતાણી
Ass. Editor : Ravji Khetani
Mo.97277 25330

:: પરામર્શક :
વેલજીભાઈ પીંડોરિયા
પ્રમુખશ્રી, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ
Veljibhai Pindoriya
President : Shri Kutchi Leva Patel Samaj

ગોપાલભાઈ માવજી ગોરસીયા
પ્રમુખશ્રી, શ્રી ક.લે.એજ્યુ. એન્ડ મેડી. ટ્રસ્ટ
Gopalbhai Mavji Gorsiya
President : SKLP Edu. & Medi. Trust

ગોપાલભાઈ વેકરિયા
મંત્રી, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ
Gopalbhai Vekaria
Secretary : Shree Kutchi Leva Patel Samaj

કેશરાભાઈ પીંડોરીયા
મંત્રી, શ્રી ક.લે.એજ્યુ. એન્ડ મેડી. ટ્રસ્ટ
Keshrabhai Pindoriya
Secretary : SKLP Edu. & Medi. Trust

:: પ્રકાશક ::
કચ્છી લેવા પટેલ યુવક સંઘ
સરદાર પટેલ સંકુલ,
મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.
પીન : ૩૭૦ ૦૦૧

:: વિતરણ વ્યવસ્થા ::
ગોવિંદભાઈ હાલાઈ
મંત્રીશ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ-ભુજ
Mob. + 91 9909071400

: પંચવર્ષિય લવાજમ :
દેશમાં રૂા. ૫૦૦
વિદેશમાં રૂા. ૧૫૦૦

: લવાજમ :
'કચ્છી લેવા પટેલ સંદેશ'
શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ
સરદાર પટેલ સંકુલ,
મુન્દ્રા રોડ, ભુજ - કચ્છ. ૩૭૦ ૦૦૧

:: ફોન સંપર્ક ::
(02832) 231177,
Mob. 99258 94603

www.sklpsbhuj.com
Email : info@sklpsbhuj.com
F : sklpsbhuj

"Kutchi Leva Patel Sandesh" Subscription
In UK Community - London
0044 7734845336 info@sklpc.com
In Africa - Bhimjibhai Halai
00254 726774140

## ચિંતન કણિકા

૪૦૦ મીટરની રેસમાં કેન્યાનો રનર અબેલ મુત્તાઈ સૌથી આગળ હતો. ફિનિશિંગ લાઈનથી ચાર-પાંચ ફૂટની દુરી પર એ અટકી પડ્યો. એને લાગ્યું કે આ દોરેલો પટ્ટો જ ફિનિશિંગ લાઈન છે અને મૂંઝવણમાં અને ગેરસમજમાં એ ત્યાં જ અટકી પડ્યો. તેની પાછળ બીજા નંબર પર દોડી રહેલ સ્પેનિશ રનર ઈવાન ફર્નાન્ડિઝે આ જોયું અને તેને લાગ્યું કે આ કંઈક ગેરસમજ છે. તેણે પાછળથી બૂમ પાડી અને મુત્તાઈને કહ્યું કે તે દોડવાનું ચાલુ રાખે.

પરંતુ મુત્તાઈને સ્પેનિશ ભાષામાં સમજ ના પડી. આ આખો ખેલ માત્ર ગણતરીની સેકન્ડનો હતો. સ્પેનિશ રનર ઈવાને પાછળથી આવી અને અટકી પડેલા મુત્તાઈને જોરથી ધક્કો માર્યો અને મુત્તાઈ ફિનિશરેખાને પાર કરી ગયો.

ખૂબ નાનો પણ અતિ મહત્ત્વનો પ્રસંગ

આ રેસ હતી. અંતિમ પડાવ પૂરો કરી વિજેતા બનવાની રેસ. ઈવાન ધારત તો પોતે વિજેતા બની શકત. ફિનિશ રેખા પાસે આવીને અટકી પડેલા મુત્તાઈને અવગણીને ઈવાન વિજેતા બની શકત. આખરે વિજેતા મુત્તાઈને ગોલ્ડ મેડલ મળ્યો અને ઈવાનને સિલ્વર.

એક પત્રકારે ઈવાનને પૂછ્યું. ''તમે આમ કેમ કર્યું...? તમે ધારત તો તમે જીતી શકત. તમે આજે ગોલ્ડ મેડલને હાથથી જવા દીધો.''

ઈવાને સુંદર જવાબ આપ્યો. ''મારું સ્વપ્ન છે કે ક્યારેય આપણે એવો સમાજ બનાવીએ જ્યાં વ્યક્તિ બીજા વ્યકિતને ધક્કો મારે પરંતુ પોતે આગળ જવા માટે નહિ પરંતુ બીજાને આગળ લાવવા. મદદ કરવા. એની શકિતને બહાર લાવવા ધક્કો મારે એવો સમાજ જ્યાં, એક બીજાને મદદ કરી ને બંને વિજેતા બને.

પત્રકારે ફરીથી પૂછ્યું. ''તમે એ કેન્યાના મુત્તાઈને કેમ જીતવા દીધો...? તમે જીતી શક્ત.''

જવાબમાં ઈવાને કહ્યું, ''મેં એને જીતવા નથી દીધો. એ જીતતો જ હતો. આ રેસ એની હતી. અને છતાં જો હું એને અવગણીને ફિનિશ લાઈન પાર કરી જાત, તો પણ મારી જીત તો કોઈ બીજા પાસેથી પડાવેલી જીત જ હોત. આ જીત પર હું કેવી રીતે ગર્વ કરી શકત..? આવો જીતેલો ચંદ્રક હું મારી માને શી રીતે બતાવી શકું...?
હું મારા અંતરાત્માને શું જવાબ આપું.?''

સંસ્કાર અને નીતિમતા એ વારસામાં મળેલી ભેટ છે. એક પેઢીથી બીજી પેઢીને મળતો વારસો છે. આમ થાય અને આમ ના જ થાય આ જ પુણ્ય અને પાપ છે. આ જ ધર્મ છે. આપણે જ નક્કી કરશું કે કાલનો સમાજ કેવો હશે. નીતિમત્તા અને સંસ્કારના કોઈ ઈન્જેક્શન કે ટેબ્લેટ નથી આવતાં.

- સંકલિત

:: Owner and Published By ::
Kutchi Leva Patel Yuvak Sangh, Sardar Patel Sankul, Mundra Road, Bhuj.

તંત્રીશ્રી,

અંક મળ્યો વાંચી આનંદ થયો. સમાજની દરેક પ્રવૃત્તિના દર્પણ જેવો અંક મોડો મળે તો દુઃખ થાય છે. સૌ વિદ્યાર્થીઓને અંતરના આશીર્વાદ.

*- ખીમજીભાઈ પિંડોરીયા*

કચ્છી લેવા પટેલ સંદેશમાં મહિલા-બાળ વિભાગ નિયમિત શરૂ કરવો જોઈએ આ અંક ત્રિમાસિક ન રહેતા પ્રતિમાસ પ્રસિદ્ધ થાય તો સમાચારો તાજા રહે. ઈન્ટરનેટના યુગમાં ત્રણ માસનો ગાળો ઘણો કહેવાય.

-દક્ષા હાલાઈ(કુન્દનપર)

માનકુવા ખાતે સમાજની પ્રથમ વસાહતના શ્રી ગણેશ થઈ રહ્યા છે. તે બદલ અભિનંદન, તેના ટેન્ડર પારદર્શિ રીતે સૌને જોવા ખૂલ્લા રાખ્યા તે ઘણું આવકાર્ય કદમ છે.

- રામજી ગામી (મોમ્બાસા)

વિધવા સહાય વધારવા બદલ સમાજને અમારા આશીર્વાદ છે. જમણો આપે તો ડાબાને ખબર ન પડે તેવી રીતે અમને દરમાસે સહાય પહોંચાડી દેનાર સમાજનું ઋણ અમો ક્યારેય નહીં ભૂલીએ અમારા ખાતામાં ડાયરેકટ રકમ જમા થાય છે તેથી અમને સુગમતા રહે છે.

- એક વિધવા બહેન

(ઓળખ જાહેર ન થાય તે માટે નામ છાપેલ નથી)

કોરાના સમયે અમને લંડન પરત આવવું હતું. ફ્લાઈટ ન હતી તેવા સમયે ભુજ સમાજના કાર્યકર્તાઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશનની સેવા શરૂ કરી માર્ગદર્શન આપ્યું હતું.

- ધનુબેન જેસાણી(બળદિયા)

કોરોનામાં લેવા પટેલ હોસ્પિટલે કરેલ સેવા ખરેખર અદ્ભૂત છે. આવી સેવા કરવા વાળા ઓછા છે. સમાજે જ્ઞાતિનું નામ રોશન કર્યું છે.

- રમીલાબેન રામજી

કચ્છી લેવા પટેલ સમાજ ભુજે જિલ્લાની સૌ પ્રથમ સંસ્થાકિય સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ શરૂ કરવા ખાતમુર્હૂત કર્યું છે. તે બદલ અમારા અભિનંદન - આભાર

- વિશ્રામ રૂડા - રત્ના વરસાણી

- આનંદ ગામી - કરશન હાલાઈ

જુલાઈ ૨૦૧૯ નૂતન શૈક્ષણિક સંકુલ શિલાન્યાસ વિશેષાંક વાંચ્યો, દાતા હસમુખભાઈ ભુડિયા સમગ્ર પરિવારની વિશેષ સખાવતોની વિગત જાણી હૃદય ગદ્ગદ્ થયું.

- મેઘબાઈ રાબડીયા(નાગલપર)

હૃદય, કિડની, કેન્સર અને આયુર્વેદની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના ખાતમુર્હૂત પ્રસંગે દાનવીર કે.કે. પટેલ તથા તેમનો પરિવાર તેમજ અન્ય સર્વે દાતારોને સંદેશ સમાજ મારફતે હાર્દિક અભિનંદન

- વેલજીભાઈ વેકરીયા

અધ્યક્ષ, કચ્છી લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે.

કચ્છી લેવા પટેલ સમાજની હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વધતાં અમને ખૂબ જ લાંબી રાહ જોવી પડે છે. અને યોગ્ય સારવાર થતી નથી. આપ યોગ્ય કરશો. હું તો નિમિત્ત છું અન્યોને પણ આ સમસ્યા છે.

- બોલ્ટન

***(આપની નારાજગી પ્રત્યે ધ્યાન અપાયું છે, અન્ય જ્ઞાતિજનોની પણ આવી લાગણી છે. એપોઈન્ટમેન્ટ સિસ્ટમ દાખલ કરાઈ છે.)***

અંક વાંચ્યો, ગમ્યો, જુલાઈ ૨૦૧૯ના અંક પછી લાંબો ઈંતેજાર કર્યો છતાં હજુ અંક હાથમાં આવ્યો નથી. નિયમિત મળે તેવું ગોઠવો તો સારું.

*- વિલાસબેન વિશ્રામ (બળદિયા)*

***(કોરોનાના કારણે લોકડાઉન હોવાથી પ્રિન્ટીંગ પ્રેસ સહિતના પ્રશ્નો હતા તેથી વિલંબ થયો છે તે બદલ દીલગીરી વ્યક્ત કરીએ છીએ.)***

I am proud to be Kutchi! In my life time I have our community progress from two pairs of clothing made from coarse cloth to one wearing finest outfits that world can offer. Once members struggled to find resources to see doctors for ailments now is building state of the art hospitals for the community at large.Some of our living elders studied in gaam schools on sand floors with no roof above their heads. Now we have facilities to educate our daughters. We have graduates, professionals in every family.Once we relied on traders and businesses from others. Now our community has businesses of every nature.No community on earth can claim to have achieved this transformation in one generation. Let us all be proud and walk this earth with our heads high. I remember in my school days when others turned up their noses and looked down because I was Kutchi. It was the hard work and self belief of our elders that we are here at this happy juncture.

***- Manjibhai Kara - London***

## ભુજની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ માટે અન્ય સમાજ પણ આગળ આવે

તાજેતરમાં ભુજ ખાતે કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું ખાતમુહૂર્ત થયું. કચ્છની ૨૧ લાખની માનવ વસ્તીની સેવાનો સંકલ્પ થયો છે. કચ્છ જેવા પ્રદેશમાં આધુનિક અદ્યતન મોટી હોસ્પિટલની ખાસ જરૂર હતી. હવે મુંબઈ, અમદાવાદ, બેંગ્લોર જેવી જ સગવડ ભુજ ખાતે પણ મળશે. પૈસા અને સમયની મોટી બચત થશે. કચ્છના દરેક સમાજોને આમંત્રણ આપીને કચ્છી લેવા પટેલોએ સમરસતાના દર્શન કરાવ્યાં. તેવી જ રીતે કચ્છના દરેક સમાજોની ફરજ છે કે, તેમાં મહાદાન, અનુદાન આપવા આગળ આવવું. કચ્છીયત બતાવીને તમામ સમાજ સાથે છે તેવી પ્રતીતિ કરાવવી જોઈએ. આ હોસ્પિટલમાં તમામ સમાજના લોકો લાભ લેવાના છે. કચ્છ હંમેશાં પ્રેરણાદાયી કામ માટે પ્રખ્યાત છે. તમામ સમાજો આ માટે ગંભીરતાથી વિચારીને આગળ આવી યોગદાન આપી શકે.

-બલરાજ આઈ. જોષી

# સર્વે સન્તુ નિરામયા...

સૌ કોઈનું ભલુ ઈચ્છવું.. કચ્છી કણબીનો હાર્દિક સ્વભાવ છે. સંઘર્ષ-વિપદા સહન કરવી અન્યના મુખે સ્મિત ફેલાવનાર આ જાત છે. દુ:ખ જોયું છે. સહ્યું છે. આપ્યું નથી. જાત મહેનત ઝીંદાબાદ મુદ્રાલેખ છે. જાતે કરવું, જાતે ઝૂજવું જાત વિના સૌ જૂઠું જી... સ્વાવલંબન સ્વભાવ છે. સ્વચ્છતા, અપરિગ્રહ, ઈમાનદારી, નસનાડમાં છે. એટલે આ સમુદાય અનેક અવરોધો સામે ટકયો, વિકસ્યો અને પ્રગટ્યો છે. આજે કોરોના રૂપી વધુ એક આપત્તિ છે. જો કે તે વૈશ્વિક અને સૌ કોઈ માટે છે. માનવહાની આપણને પણ થઈ છે. યુ.કે.માં આપણા વૃધ્ધવડિલો-યુવાનો ભોગ બન્યા છે. આફ્રિકા, મસ્કત, શિશલ્સ અને વતન કચ્છ ચોવીસીમાં આવી ઘટનાઓ ઘટી છે. સૌ પ્રથમ આ સૌને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

આમ તો ૨૦૧૮ અને ૧૯ નું વર્ષ કચ્છી લેવા પટેલ સમાજ ભુજના વિકાસ માંગલ્ય નું વર્ષ બન્યું હતું. ગામ ફોટડીના હસમુખભાઈ કાનજી ભુડિયાના મોટા સહકારથી કન્યા રતનધામ અને સૂરજ શિક્ષણધામ, નર્સિંગ કોલેજ, દિકરીઓ - દિકરાના છાત્રાલય આવાસ સહિતનું નૂતન શૈક્ષણિક સંકુલ સમાજને અર્પણ થયું તેની વિગતો અગાઉના વિશેષાંકમાં સમાવિષ્ટ છે. બીજી બાજુ ડિસેમ્બર - ૧૯ માં કચ્છની સૌ પ્રથમ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું ખાતમુર્હૂત રાજ્યના શિર્ષ નેતૃત્વની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું છે. ઈ.સ. ૨૦૦૦માં હાલની MMPJ હોસ્પિટલનું ખાતમુહૂર્ત તત્કાલિન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની ઉપસ્થિતિમાં નામકરણ દાતા કેશવલાલ પ્રેમજી ભુડીયા હસ્તે થયું હતું. તે વખતે ફોટડીના ભુડીયા પરિવારે જ્યારે હાલ સામત્રાના કે.કે. પટેલ પરિવારે ઐતિહાસિક સાથ આપ્યો છે. અન્ય અનેક દાતાઓ પણ જોડાયા છે. કામ પ્રગતિમાં છે. બેઝમેન્ટનું સિમેન્ટ કાર્ય પૂર્ણ થવામાં છે.

કોરોનાએ વૈશ્વિક મંદીને વધુ ઘેરી બનાવી છે. ધંધારોજગાર મંદ છે, ખેતપેદાશના ભાવ તળીએ છે. આપદાઓ આપણા હોંસલાને ન હરાવી શકે ન હટાવી શકે... આપણા વડિલોએ ખૂબ કષ્ટ સહન કરી ઉજ્જવળ ભવિષ્ય તૈયારી કરી આપ્યું છે.

વડિલોની દીર્ઘદ્રષ્ટિના પાયા પર આ સમાજની ઈમારતના કાંગરા ચમકી રહ્યા છે. ટાંચા સંશાધનો વચ્ચે થયેલ સાધના ફળીભૂત થઈ છે.

કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું ખાતમુર્હૂત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના હસ્તે થયું. દાતાઓએ કરોડોના દાનની ગંગા વહેવડાવી પણ સૌથી અગત્યની અને નોંધપાત્ર વાત એ રહી કે, હજારોની સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિતિ રહ્યા, જ્ઞાતિગંગાએ પ્રત્યક્ષ આશીર્વાદ આપ્યા તે બહુમુલ્ય છે. કચ્છી લેવા પટેલ સમાજ ભુજની દરેક પાંખમાં ત્રણ મહિલા સભ્યો સહિત કારોબારી સભ્યની વરણી થઈ. સમાજના ચુંટાયેલા આ સભ્યોએ ખૂબ મહેનત કરી છે. જ્ઞાતિજનોના મન જોડવા જાગૃત રહ્યા છે. સંગઠન-જાગૃતિ સભાઓ દ્વારા ચેતના આણવા પ્રયાસ કર્યા છે. યુવક સંઘે સરકારી સેવામાં વધુને વધુ યુવક-યુવતીઓને જોડવા પ્રયાસ શરૂ કર્યો છે. કૃષિમોલ એક વિશિષ્ટ પ્રયોગ છે. દવા, ખાતર, બિયારણ તેમજ કૃષિ આનુષાંગિક જરૂરીયાતો વિશ્વસનિય અને ઓછા દરે પૂરાં પાડવાની લાંબી યાત્રા આરંભાઈ છે. હુન્નર વિકાસ માટે અલાયદો વિભાગ શરૂ થયો છે.

ગામોગામ ગરીબ-જરૂરતમંદોને શિક્ષણ-આરોગ્ય માટે માવજત લેવાઈ રહી છે. જ્ઞાતિજનોના સાથ-સહકારથી નવા પ્રોજેક્ટ આગળ ધપી રહ્યા છે. દાતાઓએ આપેલુ યોગદાન અમુલખ છે. હૃદય, કીડની, કેન્સર, આયુર્વેદની હોસ્પિટલના પાયા નાખતાં પૂર્વે થયેલ સર્વેક્ષણ, સંપર્ક અને અભ્યાસની વિગતો નોંધપાત્ર છે. કચ્છમાં હૃદય, કેન્સર અને કિડની ઉપરતાં આર્યુવેદની સુપર સ્પેશિયાલિટી સેવા શરૂ કરવી નાની વાત નથી. ખૂદ નાયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલે ખાતમુહૂર્ત કાર્યક્રમમાં બોલતાં કહ્યું; કે ભારત સરકાર મને કચ્છમાં આવી હોસ્પિટલ શરૂ કરવાનું કહે તો હું અસમર્થતા વ્યક્ત કરૂં... નિષ્ણાંત તબીબોની ઉપલબ્ધી મોટો સવાલ છે. સાધનો-માળખું નાંણાથી ઊભું કરી શકાય. વિશ્વાસ ઊભો કરવા લાંબા ગાળાની સમતોલ સેવા જોઈએ. સમાજ પાસે MMPJ ના અનુભવની જમીન છે. તેના આધારે આ મોટું કાયમ હાથ ધરાયું છે. અહીં કે.કે. પટેલ અને હસુભાઈ ભુડિયાના ધન ઔદાર્યની પણ નોંધ લેવાવી જોઈએ તથા સમાજના નાના મોટા દરેક દાતા યશાધિકારી છે. મંચ ઉપર વાત થઈ કે કે.કે. પટેલ પાસે તો વિદેશ ગયા ત્યારે કપડા રાખવા બેગ ન હતી કોથળામાં ગોદડું વીંટીને આફ્રિકામાં પગ મુક્યો, બે પાંદડે થયા, બીજ વટવૃક્ષ બન્યુ. જાત ઘસીને એક ડાળ માદરે વતન કચ્છમાં 'નિરામયા' બનીને મ્હોરી, છાયડો બની છે. ખાસ નોંધવા જેવી વાત એ પણ છે કે કે.કે. પટેલે અગાઉ પણ સમાજને ભરપુર સાથ-સહયોગ આપ્યો છે. કોરા ચેક ધર્યાના ઈતિહાસ સાક્ષી છે.

નિરામય માનવાતા માટે થયેલા પ્રયાસના પ્રતિકસમ આ દસ્તાવેજી સંકલન 'નિરામયા' આપના હાથમાં મુક્તાં આનંદ અનુભવીએ છીએ.



**ક્ષમાયાચના**

વર્તમાન સમયે કોરોના કારણે લોકડાઉન તેમજ અન્ય અસામાન્ય સંજોગો ઉભા થતાં અંક પ્રસિદ્ધ કરવામાં વિલંબ થયો છે તે બદલ સર્વે વાચક મિત્રોની દિલગીરી સહ ક્ષમાયાચના....

# બે બોલ અંતરના.....



કેશરાભાઈ રવજી પિંડોરીયા,
મંત્રી શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન
અને મેડિકલ ટ્રસ્ટ, ભુજ

વિકાસ અમાપ ક્ષિતિજોની શક્યતાઓનું ભૂગોળ છે. જેટલું વિસ્તારો...વિસ્તરે.. હા, શરત માત્ર એટલી કે ઈતિહાસના સંઘર્ષ, વડીલોના પ્રદાન અને જનજનના સાથને શ્વાસની જેમ સિદ્ધાંતમાં વણવો રહ્યો. આજે જ્યારે સમાજ સેવાની ક્ષિતિજો વિસ્તરવાનો કાળખંડ સામે છે ત્યારે સાડા ત્રણ દાયકાની એક અદભૂત સહયાત્રાના કેટલાક સંસ્મરણો અંતરની સરવાણીએ સહેજે સર્યા છે...કેટલીક સ્મૃતિ શબ્દ પામી.. કેટલીક સ્મૃતિ છૂટી પણ છે. સમાજ શબ્દ સાથેનું તાદાત્મય એટલું સઘન સહજ છે જેટલું શરીરનું શ્વાસ સાથે છે. સાથે સાથે સદૈવે છે. ક્ષણ ક્ષણ છે છતાં એકબીજાને અંતરાય નથી. તનનું અસ્તિત્વ જેમ શ્વાસ છે તેમ આ સેવકનું અસ્તિત્વ સમાજ છે.!! આત્મનિવેદનના આટલા શબ્દો સાથે મારા અંતરની વાણી કહી રહ્યો છું..

આજે એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટની વાત છે. શિક્ષણ અને આરોગ્ય મૂળભૂત બાબત છે. ત્યારે મૂલ્યનિષ્ઠ શિક્ષણથી સમાજનો સર્વાંગી વિકાસ સાધવાના સિદ્ધાંતો પર આ ટ્રસ્ટની સ્થાપના થઈ. દીકરીને ભણાવવી એ વાત જ કપરી હતી. ત્યારે ઈ.સ.૧૯૮૮થી સમાજની આધારશિલા સમાન કન્યા કેળવણીના પાયા મંડાયા. આ નાનું કદમ આજે વિરાટ બની સમાજ માટે દેદીપ્યમાન બન્યું છે. નાની-મોટી અનેકવિધ પ્રવૃત્તિઓમાં રાજ્ય, રાષ્ટ્રના સીમાડા ઓળંગી વિશ્વના આંગણે આકાશને આંબે તેવી અવિરત સિદ્ધિઓના હીર દીકરીઓએ ઝળકાવ્યા છે. આજે કન્યા સંસ્કારધામ આ શિક્ષણ સંસ્થા પ્રગતિના ત્રણ દાયકા વટાવી જ્ઞાનની જ્યોત જલતી રાખી અનેક દીકરીઓના જીવનને ઉજ્જ્વલ બનાવ્યા છે. એ પણ સમાજ માટે ગૌરવપૂર્ણ બાબત છે. સમાજરથના બે પૈડા સમતોલ કરવા અને કુમારોમાં શિક્ષણના અભાવને દૂર કરવા ઈ.સ. ૧૯૯૮થી કુમાર વિદ્યાધામનું સ્વપ્ન સાકાર થયું. કુમારોના શિક્ષણક્ષેત્રે ગૌરવપૂર્ણ પ્રેરણાદાયી પ્રતિસાદ મેળવ્યો. કેળવણી માનવજીવનની બુનિયાદ છે. એ વાત કુમારો અને કન્યાના ધોરણ ૧૨ સુધીના શિક્ષણ દ્વારા શ્રેયકારી તેમજ જ્વલંત સફળતા અપાવનારી બની છે. ધોરણ ૧થી૧૨ ગુજરાતી માધ્યમનું સંપૂર્ણ સંકુલ છે. અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરલે છે. શિક્ષણ યાત્રાના સહપંથી શિક્ષકો અને વ્યવસ્થાપકો ગૃહમાતા અને ગૃહપતિ તેમજ રસોડું સંભાળતા કર્મચારીઓ સૌનો સાથ મળ્યો છે. આજે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની પણ શરૂઆત થઈ છે. આજે અંદાજીત ૨૦૦૦ની સંખ્યામાં દિકરા દિકરીઓ કેળવણી લઈ રહ્યાં છે. શિક્ષણયાત્રાની આ ઉજળી સફર નિરંતર, ગતિશીલ, વિકાસશીલપંથે આગળ વધતી જ રહી છે. દાનેશ્વરી કેશવલાલ પ્રેમજી ભુડિયા પરિવારના મોભી શ્રી હસુભાઈ ભુડિયા તરફથી ટપકેશ્વરી રોડપર માતબર દાન સાથે ભૂમિદાન મળેલ છે. જ્યાં અગામી સમયમાં 'સૂરજ શિક્ષણધામ', 'કન્યા રતનધામ' તેમજ દીકરા-દીકરીઓ માટે કોલેજ, યુવાનો માટે ધંધાકીય તાલીમકેન્દ્ર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ, નર્સીંગ કોલેજ જેવી શૈક્ષણિક સંસ્થાઓનો નિર્માણ થવા જઈ રહ્યું છે. એજ સમયે પટેલ સમાજના શુભચિંતકોને આરોગ્ય ક્ષેત્રે ઉત્કર્ષ સેવાકીય કાર્ય કરવાનો વિચાર આવ્યો. હસમુખભાઈ ભુડિયા દૃષ્ટિવંત સાહસી ઉદ્યોગપતિ હોવા સાથે સંવેદનશીલ ઉમદા ઈન્સાન છે મદદ કરવામાં આ વ્યકિતને કોઈ આંબે તેમ નથી. સમાજ આજે એમના ભરોસે આગળ વધી રહ્યો છે.માનવસેવા એ જ પૂજા છે આ વાતને સાકાર કરવા તેમજ સમાજમાં જ્યારે સ્વસ્થ અને કરુણાસભર આરોગ્યની અછત વર્તાતી હતી. એ સમયે મેડિકલક્ષેત્રે તંદુરસ્ત સેવાનો અભાવ જણાતો હતો. જ્ઞાતિજનોનું અવારનવાર શોષણ થતું હતું. યોગ્ય માર્ગદર્શનનો અભાવ વર્તાતો હતો. આરોગ્યક્ષેત્રે યોગ્ય સુવિધાના અભાવમાં જ્ઞાતિજનોને પસાર થવું પડતું હતું. ઘણીવાર અનેક જગ્યાએ આરોગ્યની સત્ય બાબતમાં છેતરપીંડીનો પણ ભોગ બનવું પડ્યું હતું. તેથી તંદુરસ્ત સમાજના નિર્માણના શુભઆશયથી ઈ.સ. ૨૦૦૦નીસાલમાં MMPJ હોસ્પિટલનો શુભારંભ કરવામાં આવ્યો. ઈ.સ.૨૦૦૦ના સમયમાં છેવાડાના કચ્છ જિલ્લામાં આરોગ્ય સેવાઓ સાવ અપૂરતી હતી. અદ્યતન સ્પેશ્યાલિસ્ટ, વિશ્વસનીય નિદાન આપવાના હેતુથી કરોડોના ખર્ચે આ હોસ્પિટલની સ્થાપના થઈ. સેવાને વરેલી પટેલ જ્ઞાતિના પાયાના પથ્થરસમા કર્તવ્યનિષ્ઠ, મૃદુભાષી, દયાનિષ્ઠ દાતા અને ટ્રસ્ટીઓના સહયોગથી આ સુંદર કાર્યને સફળ બનાવવામાં આવ્યું. ન્યૂનતમ દરે ચાલતી આ સંસ્થાના નિરંતર વિકાસ, ધ્યેય પ્રાપ્તિના અથાગ પ્રયત્નોની સફળતા બાદ આ હોસ્પિટલમાં સમયાંતરે વિવિધ વિભાગો શરૂ કરવામાં આવ્યા છે. કચ્છની જનતાને કોઈપણ આકસ્મિક ઘટના વખતે રાજકોટ, અમદાવાદ, મુંબઈ જેવા દૂર શહેરમાં ન જવું પડે તેમજ ઘરઆંગણે ઉત્તમ સારવાર મળે એ હેતુથી આ હોસ્પિટલમાં મેડિકલ, ડાયાલિસીસ, પેથોલોજી, સર્જિકલ, રેડિયોલોજી, ફિઝીયોથેરાપી, ઈમરજન્સી, એમ્બ્યુલન્સ અને ચોવીસ કલાક ચાલતા મેડિકલ સ્ટોરની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી. વિવિધ નિષ્ણાતો તેમજ વિઝીટર્સ ડોક્ટર્સ દ્વારા ન્યુરોફીઝીશીયન, ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ, યુરોલોજીસ્ટ, નેફ્રોલોજીસ્ટ, ઓર્થોપેડિક, પેડિયાટ્રીક, ન્યુરોલોજીસ્ટ, પ્લાસ્ટિક સર્જરીની સ્પેશ્યાલિસ્ટ સેવાઓ પણ નિયમિતરૂપે અપાતી રહી છે. અત્યાધુનિક ઉપકરણોથી સજ્જ આ સંસ્થામાં ઈકોગ્રાફી, સોનોગ્રાફી, એમ.આર.આઈ, ગાયનેક વિભાગ, બાળ વિભાગ, હાડકાનો વિભાગ, દાંત વિભાગ, રિહેબિલિટેશન વિભાગ, ક્રીટીકલ કેર વિભાગ, બ્લડ બેંક વગેરે જેવી સેવાો તાલીમબદ્ધ ડોક્ટર્સ અને સ્ટાફ સાથે કાર્યરત છે.

આરોગ્યક્ષેત્રની સફરના યશસ્વી બે દાયકામાં આ સંસ્થા ગતિશીલ, પ્રગતિશીલ બની રહી. આરોગ્યક્ષેત્ર જગતમાં કચ્છમાં આ હોસ્પિટલ નમૂનારૂપ અને પ્રેરણારૂપ બની રહી છે. તેનો સમગ્ર શ્રેય પ્રેરણા અને પ્રોત્સાહનનો સ્ત્રોત વહેવડાવનાર કરુણા હૃદયી નિઃસ્વાર્થ સેવા કરનાર દાતાશ્રીઓને ફાળે જાય છે. કચ્છની આરોગ્યક્ષેત્રની આ ઉત્તમ સંસ્થામાં સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર્સ સ્ટાફ, મેડિકલ ઓફિસર દ્વારા દર્દીઓની સઘન સારવાર થાય છે. કુશળ અનુભવી નર્સિંગ તેમજ પેરા-મેડિકલ સ્ટાફ, ટેકનીશીનય સ્ટાફ, ફાર્માસિસ્ટ સ્ટાફ, આઈ.ટી. સ્ટાફ કાર્યરત છે. હોસ્પિટલના સંચાલનમાં ફાયનાન્સ તથા વહીવટ

સ્ટાફ, રીસેપ્સન સ્ટાફ, ઓ.પી.ડી. એટેન્ડન્ટ હેલ્પર, એકાઉન્ટ વિભાગ, સિક્યુરિટી સ્ટાફ સહિત કુલે અંદાજે ત્રણસો વ્યકિતઓ નિર્વ્યાજભાવે, સમર્પણ, નિષ્ઠાથી તમામ દર્દીઓ સાથે વિનયપૂર્વક વર્તન અને સહકારથી કાર્યાન્વિત છે. સફળતાપૂર્વક સંચાલનથી ચાલતી આ સંસ્થાનો વાર્ષિક આશરે સાડાત્રણ લાખ દર્દીઓ લાભ લે છે. જાન્યુઆરી ૨૦૦૦ થી માર્ચ - ૨૦૨૦ સુધીની આંકડાકીય માહિતીની વાત કરીએ તો અત્યાર સુધી આશરે ૩૧,૧૩,૫૩૭ જેટલી જનતાએ આ સંસ્થાની સેવાનો પરિચય કર્યો છે. આ સંસ્થાના મેડિકલ સ્ટોરની સેવાનો લાભ પણ લોકોને ચોવીસે કલાક મળતો રહે છે. દર્દીઓને રાહતદરે એટલે કે MRP ના વીસ ટકા ડિસ્કાઉન્ટમાં આ મેડિકલમાંથી દવાઓ ઉપલબ્ધ થાય છે. હોસ્પિટલની ઉત્કૃષ્ટ કામગીરી, સેવાકીય ઉદેશની ફલશ્રુતિ સ્વરૂપ કચ્છના લોકો માટે આ આરોગ્ય સંસ્થા પ્રથમ પસંદગી પામી છે. ઈ.સ. ૨૦૦૧માં કચ્છમાં આવેલી કુદરતી આપતિ અને જરૂરિયાતમંદોને સહાય થવામાં પણ આ સંસ્થાએ ક્યાંય પાછું પગલું ભર્યું નથી. દરેક સમયે હોસ્પિટલે હિતકારી અને લોકોને સહયોગ આપવામાં જ અગ્રગણ્ય કાર્યો કર્યા છે. શાળાકીય સંસ્થાના નિરંતર વિકાસ, ધ્યેય પ્રાપ્તિના અથાગ પ્રયત્નથી હકારત્મક સફળતા બાદ સંસ્થાની યશકલગીમાં એક પીછું વધુ ઉમેરાયું. શિક્ષણ સંકુલમાં નર્સિંગ કોલેજનો પ્રારંભ ઈ.સ.૨૦૧૧માં કરવામાં આવ્યો આજે નર્સિંગ કોલેજમાં G.N.M અને B.SC જેવા બે કોર્ષ વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે આજે આ નર્સિંગ કોલેજમાં કુલ ૧૫૨ વિદ્યાર્થીઓ આરોગ્ય સેવાના ક્ષેત્રમાં પોતાના સ્વવિકાસને અંકુરિત કરી રહ્યા છે.

'વિકસવું અને વિકસાવવું' એ સૂત્રને પટેલ જ્ઞાતિએ આત્મસાત કરી લીધું છે. વર્તમાન સમયમાં ટેકનોલોજીના યુગ સાથે તાલ મીલાવી કચ્છમાં મેડિકલ ક્ષેત્રે જે સેવાઓ ઉપલબ્ધ નથી એ નવી દિશા તરફ સમાજના મોવડીઓના મનમાં ધ્યેય પ્રાપ્તિના પગરવ માંડાવનો એક નવો વિચાર સ્ફૂર્યો: કચ્છની જનતાને આરોગ્યપ્રદ લાભ અપાવવા કોઈ સામાજિક સંસ્થા કે સરકાર તરફથી પ્રતિસાદ ન મળ્યો ત્યારે ત્યારે લેવા પટેલ સમાજ દ્વારા ભગીરથ કાર્યના મંડાણ થયા છે.. સમાજસેવાની ઉદાત ભાવના સાથે કચ્છની જનતાને સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલનો લાભ મળે એ હેતુથી આ કાર્યના બીજરોપણ થયા છે. કચ્છીઓને ગૌરવ અપાવે એવી આ સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલના કાર્યને સફળ પુરવાર કરનાર તેમજ આ કાર્યમાં પ્રેરકબળ અને પ્રોત્સાહન પૂરું પાડનાર શ્રી કે.કે.પટેલનો આભાર માનીએ તેટલો ઓછો છે. આ ધ્યેયને પરિપૂર્ણ કરવા આ દાતાશ્રીએ ભુજ-મુન્દ્રા રોડ પર આવેલી પોતાની કિંમતી જમીન લોકોના કલ્યાણાર્થેના કાર્યમાં અર્પણ કરી દીધી. એટલું જ નહિ બાંધકામનો તમામ ખર્ચ તેમના દ્વારા આપવામાં આવશે. આવી માતબર રકમનું દાન આપી આ સેવાકીય પ્રક્રિયાના સહભાગી બન્યા છે.આ હોસ્પિટલના બાંધકામમાં અતિ આધુનિક પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. બાંધકામ વિભાગના વિવિધ ક્ષેત્રોના નિષ્ણાત અનુભવી લોકોના માર્ગદર્શન કચ્છી લેવા પટેલ સમાજ ભુજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા અને એજ્યુકેશન, મેડિકલ ટ્રસ્ટના પ્રમુખશ્રી ગોપાલભાઈ ગોરસીયાના નેતૃત્વ હેઠળ લેટેસ્ટ બાંધકામ સાથે આ કાર્યને પૂર્ણતાનો આરે પહોચાડવાનું સ્વપ્ન સાકાર કરવાનું કાર્ય કરવામાં આવે છે. આ અભિયાનમાં પોતાનું યોગદાન આપવા ડિસેમ્બર-૨૦૧૮માં કન્યા વિદ્યામંદિર રજત જયંતી મહોત્સવ વખતે સમગ્ર જ્ઞાતિજનો સમક્ષ આ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો. સેવાના આ આરંભકાળની વાત સાથે જ ધાર્મિક સંસ્થા,પ્રેરણારૂપી દાતાઓ એ દાનનો ધોધ વરસાવ્યો. સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલના વિવિધ નામકરણ માટે પણ ઉદાત ભાવના રાખનાર અનેક દાતાઓ આગળ આવ્યા. ડિસે.૨૦૧૯માં સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલના ભૂમિપૂજનના પાવન પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, સમગ્ર લેવા પટેલ જ્ઞાતિના ગુજરાત રાજ્યના અગ્રીમ રાજકીય આગેવાનો, દેશ-વિદેશથી પધારેલ સદાય માતબર દાનનો ધોધ વરસાવતા લેવા પટેલ સમાજના માનવંતા દાતાશ્રીઓ, કચ્છના તમામ રાજકીય આગેવાનો, કચ્છની સર્વ જ્ઞાતિના પ્રતિનિધિઓ, સમગ્ર કચ્છી લેવા પટેલ સમાજની જ્ઞાતિગંગા, વહીવટી તંત્ર, પોલીસ તંત્ર આ ભગીરથ કાર્યમાં ઉપસ્થિત રહી સહભાગી બન્યા હતા. કચ્છના લોકોને વ્યાજબી દરે ગુણવતા યુક્ત આરોગ્યની ઉત્તમ સેવાઓ મળે એ હેતુથી આ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં કેન્સર, હૃદયરોગ, કિડની, ડાયાબિટીસ વગેરે જેવા રોગોની સારવાર ઉપલબ્ધ કરાવવાનો હેતુ સમાયેલો છે. સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં વિવિધ સેવાઓ શરૂ કરવા હાલની ટેકનોલોજી સાથે તાલ મિલાવવા શ્રી કચ્છી લેવા પટેલ સમાજની ત્રણેય પાંખોના સભ્યોએ, દેશ-વિદેશના પ્રવાસો કર્યા.. ઈંગ્લેન્ડ, આફ્રિકા તેમજ ગુજરાતની ઘણી જાણીતી હોસ્પીટલની મુલાકાત લીધી..અભ્યાસો કર્યા સર્વેક્ષણ દ્વારા આ હોસ્પિટલની કામગીરી શરૂ કરવામાં આવી.

વિકાસની કેડીના વટવૃક્ષ સમાન, સદૈવ ચેતનાથી થનગનતા ટ્રસ્ટના પૂર્વાધ્યક્ષ આર.આર.પટેલ, પૂર્વામંત્રી આર.એસ.હિરાણી, પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયાના યોગદાનને પણ ભૂલાય નહી. તેમની અનુભવવાણી અને જ્ઞાનસંપદાથી તો આજે સમાજે વિકાસના કાર્યોનું ઉત્તમભાથું પ્રાપ્ત કર્યું છે. તેમના પ્રેરણા અને પ્રોત્સાહન જ મક્કમતાભેર દરેક કાર્યમાં આગળ વધવાનું જોમ પૂરું પાડે છે. કર્મને ધર્મ માની સામાજિકભાવથી આ વિરાટ કાર્યો સિદ્ધાંતો સાથે કરતા રહીએ એવી નેમ રાખું છું. વિકાસ અને પ્રગતિના કેન્દ્રમાં છેવાડાનો ઈન્સાન છે. હક્ક અને સ્વાભિમાન માટે ઝઝૂમનારને હૂંફ આપવામાં આવી રહી છે. જે કિસ્સા ધ્યાને આવ્યા છે કે લવાયા છે તેને ગરિમાપૂર્ણ સાથ અપાયો છે અંતે સમાજ કે સંસ્થાનો અંતિમ ઉદેશ્ય માનવને મદદરૂપ બનવાનો છે. એના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો છે. આ યાત્રા એકાંકી નથી સમાજ સૌનો છે. સૌનો હોય એ જ સમાજ છે. એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ સમાજનું એક અંગ છે. સમાજ હૃદય છે. આત્મા છે. જનજનનો વિશ્વાસ સમાજનો શ્વાસ છે. ચાલો આ શ્વાસને દીર્ઘ બનાવી આપણે પ્રાણ બની રહીએ.

આજે વિશ્વભરમાં કોરાનાનો કોપ છે. આ જીવલેણ વાયરસની ઉત્પતિ ન માત્ર વિજ્ઞાન માટે પણ તેના પાછળના મનોવેગ અને મનુષ્યની જીવનચર્યા રઘવાટની છાયા છે ત્યારે આ પડકાર સામે ઝઝૂમવાના નિર્ધાર સાથે આ વિશેષાંક.. 'નિરામયા' આપના હાથમાં મુકી રહ્યા છીએ.

# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, ભુજ
# શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ, ભુજ
# શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ, ભુજ




એનિમેશન કે.કે.પટેલ હોસ્પિટલ

## આરોગ્ય સેવાનો નૂતન અધ્યાય

૧૯૯૮, માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરની સ્થાપના; એક ઐતિહાસિક કાર્ય થયું ગામ ફોટડીના કેશવલાલ પ્રેમજી ભુડિયા અને કરશન પ્રેમજી ભુડિયા(સુખપર-રોહા)ની પ્રત્યક્ષ સખાવત અને સમગ્ર પરિવારનો સાથ મળ્યો આ ઈતિહાસ જાણીતો છે. અને સમાજે આલેખ્યો પણ છે. એમ.એમ.પી.જે.ના ટૂંકા નામથી ઓળખાતી ભુજ સ્થિત આ હોસ્પિટલને લોકજીભે લેવા પટેલ હોસ્પિટલ નામકરણ મળ્યું છે. વર્ષે ત્રણેક લાખ દર્દીઓની સારવાર થઈ રહી છે. ૧૪ વિભાગ છે. બે વખત વિસ્તરણ થયું છે છતાં હોસ્પિટલ નાની જ પડે છે. દર્દીને સાવ ઓછા દરે સારી ગુણવત્તાયુક્ત સારવાર આપવી તે દાતાઓની નેમ છે જેને સાકાર કરવા પ્રયત્નશીલ છે.

## સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ શા માટે?

કચ્છ પ્રતિકૂળતાનો પ્રદેશ છે. અંદાજીત ૨૧ લાખની વસતી (સરકારી વસતી ગણતરી-૨૦૧૧ મુજબ) ધરાવતા આ પ્રદેશનું પૂર્વ-પશ્ચિમ અંતર લગભગ ૪૦૦ કિ.મી છે અને ઉત્તર-દક્ષિણ ૩૦૦કિ.મી.નું અંતર છે લોકોને અંતરીયાળ વિસ્તારમાંથી અમદાવાદ, મુંબઈ, રાજકોટ જવું શક્ય નથી. તેથી મૃત્યુનું પ્રમાણ આવા કિસ્સામાં વધુ છે.

કેન્સર, હૃદયરોગ અને કિડની જેવા મહત્ત્વના માનવ ઓર્ગન(અવયવ) ની સારવાર કચ્છમાં ઉપલબ્ધ નથી. લોકોની મુશ્કેલીઓ જોતાં કચ્છી લેવા પટેલ સમાજ ભુજ દ્વારા સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ બનાવવાની પહેલ કરાઈ છે. કચ્છ જેવા વિસ્તારમાં આવી સેવા સાકાર કરવી કઠિન કામ છે. તેમ છતાં પડકારને ભરી પીવા સમાજની ત્રણેય પાંખો જ્ઞાતિ ગંગાના બળે ભેઠ બાંધી છે. કચ્છના એકવીસ લાખ લોકો મીટ માંડીને બેઠા છે. કોણ બને છે તારણહાર...

## પ્રારંભિક સર્વેક્ષણ

અભ્યાસ માટે એમ.એમ.પી.જે. હોસ્પિટલના ટ્રસ્ટીઓ, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજની ત્રણેય પાંખોના કારોબારી સભ્યો, ડોક્ટરોના જૂથ સાથે દેશની જાણીતી હોસ્પિટલોની મુલાકાત લીધી અને વર્ષ ૨૦૧૮માં સર્વેક્ષણ કર્યું. આંકડા મેળવ્યા હતા. આ સર્વેક્ષણના આધારે ટ્રસ્ટે કેન્સર, કાર્ડિયાક, કિડની તેમજ આયુર્વેદની સુવિધાવાળી ૧૦૦ બેડની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ કચ્છમાં ભુજ ખાતે શરૂ કરવાની ભલામણ કરી હતી. (અભ્યાસ ટીમના પ્રવાસની વિગતો અન્યત્ર સમાવિષ્ટ છે.)

## ટ્રસ્ટે નિર્ણય લીધો

ઈ.સ.૨૦૧૮, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજની ત્રણેય પાંખોની એક બેઠકમાં પ્રારંભિક સર્વેક્ષણના આધારે ભુજ સમાજે સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ શરૂ કરવી જોઈએ કે નહીં તે અંગે પ્રતિભાવ મંગાયા હતા. ત્રણેય પાંખોના સભ્યોએ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયાનો પ્રસ્તાવ સર્વાનુમતે બહાલ રાખ્યો. તે સમયના સમાજ પ્રમુખ હરિભાઈ કેશરા હાલાઈએ પણ માનવતાની સેવા કરવાના બંધારણ ઉલ્લેખિત સંકલ્પને દોહરાવતાં હામી ભણી અને એક ઐતિહાસિક નિર્ણય પર મહોર મરાઈ..એ તારીખ હતી. તા.૦૯/૦૧/૨૦૧૯ નવા ઈતિહાસ સાથે નવા સોપાન માંડવા સમાજની નવી પેઢી સજ્જ હતી. વડીલોનું માર્ગદર્શન અને યુવાનોની ધગશ સફળ પુરવાર થઈ એક પછી એક વિચાર થતા ગયા અને તેને સાર્થક કરવા હજારો હાથ જોડાયા. હૈયું મસ્તક અને હાથ બહુ દઈ દીધું નાથ જા હવે ચોથું નથી માંગવું. કચ્છી લેવા પટેલ સમાજે કયારેય યાચના કરી નથી. પ્રોજેક્ટ જ્ઞાતિને સમજાવ્યો છે દાયકાઓથી હૃદય, કિડની, ફેફસા, કેન્સર સહિતના રોગોમાં પારાવાર ખુવારી સહન કરી છે. એટલે આ પરિણામ છે. આયુર્વેદ આપણો ઉપચાર વારસો છે.

## હસુભાઈ ભુડિયા પરિવારને દરખાસ્ત

હાલની માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર જે પરિવારના નામકરણ અને પાયાના દાનથી છે તેવા મોમ્બાસા સ્થિત હસમુખભાઈ કાનજી ભુડિયા (ફોટડી) પરિવારને કચ્છમાં સુપર સ્પેશિયાલીટી સેવાઓ શરૂ કરવાની જરૂર છે. આપ સમાજના આરોગ્ય વિભાગના મોટાદાતા છો. કિડની, કેન્સર,કાર્ડિયાક હોસ્પિટલ કરવી હોય તો આપના વિચાર જણાવો.. આવી વિનંતી કરવા એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ માવજી ગોરસીયા અને પૂર્વાધ્યક્ષ અરજણભાઈ ગાંગજી પીંડોરીયા મોમ્બાસા ખાતે રૂબરૂ ગયા હતા. અને વિચાર વિમર્શ કર્યો હતો.

## દાતાશ્રીનો ઐતિહાસિક નિર્ણય



ભુજ સમાજના આધારસ્તંભ દાતાઓ પૈકીના હસમુખભાઈ ભુડિયાએ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના નિર્માણ માટે દૂરદેશી ભર્યો નિર્ણય જણાવતાં કહ્યું કે; અમારા પરિવારના મુખ્યદાનથી હાલની હોસ્પિટલ સારી ચાલે છે. અમે એના ઉપર વધુ ધ્યાન આપશું. આખું નૂતન શિક્ષણ સંકુલ અમારા પરિવાર તરફથી બનાવી આપશું તમે કિડની, કેન્સર અને કાર્ડિયાક હોસ્પિટલની સેવા મૂળ સામત્રાના નાઈરોબી નિવાસી કાનજીભાઈ કુંવરજી વરસાણી (કે.કે.પટેલ) પરિવારને આપો તે કરી શકે એમ છે. આમ હસમુખભાઈ ભુડિયાના કહેવાથી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના મુખ્ય દાતા તરીકેની સેવાનો લાભ ટ્રસ્ટે કે.કે.પટેલ પરિવારને આપવા નિર્ણય કર્યો હતો. અને નિર્માણ કાર્યની ગતિવિધિ આગળ વધી હતી.

## ભૂમિની શોધ : ઠરાવ

સામત્રાના કે.કે.પટેલ પરિવારે થોડા વર્ષો પહેલાં ભુજ મુંદરા માર્ગે કચ્છ યુનિવર્સિટી બાજુમાં ભૂમિ ખરીદેલ હતી. હસુભાઈ ભુડિયાએ વ્યક્ત કરેલ લાગણી કે.કે.પટેલ પાસે રજૂ કરવામાં આવી. આ પરિવારે ઉદાત્ત ભાવનાથી ભૂમિ દાન અને માળખું બનાવી આપવા માટે નામકરણદાનની દરખાસ્ત ભુજ સમાજને મોકલી, ત્રણેય પાંખોએ પુખ્ત વિચાર કરી આ સેવા કે.કે. પટેલ પરિવારને આપવા ઠરાવ્યું. અને હોસ્પિટલનું નામ મુખ્યદાતા તરીકે શ્રી કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નક્કી કરાયું.

## નામકરણ દાતા પરિવાર

કાનજીભાઈ કુંવરજી વરસાણી (કે.કે.પટેલ કે.સોલ્ટ કેન્યા) ગામ સામત્રા ધ.પ. ધનુબેન કાનજી પટેલ, પૂત્ર દિપકભાઈ કે.પટેલ, પૂત્રવધૂ અમૃતબેન પૂત્રીઓઃ નંદાબેન નીતેશભાઈ વેકરીયા, હસ્મિતા ગોવિંદ પિંડોરીયા, સ્વ. સપનાબેન નવિનભાઈ કેરાઈ, પૌત્રીઓઃ દિયા અને ભુવી એવમ્ સમગ્ર વરસાણી પરિવાર

## ગરીમા મહોત્સવ ૨૦૧૮: આરોગ્ય સેવાનું પ્રથમ સોપાન

કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર શાળાના રજતજયંતી મહોત્સવને ગરિમા મહોત્સવનું નામ અપાયું હતું. ચાર દિવસીય ઉત્સવની વિગતો જે તે વર્ષ-માસના સંદેશમાં પ્રગટ થઈ હતી. આ મહોત્સવમાં જ આરોગ્યસેવાઓની જાહેરાત થઈ, જ્ઞાતિએ આશીર્વાદ સાથે સહમતી આપી હતી. એટલે આ મહોત્સવની આ પ્રોજેક્ટને લગતી અમુક બાબતો અહીં વીણીને મુકી છે.

તા.૨૮/૧૨/૨૦૧૮, શુક્રવાર સવારે ૮:૩૦ થી ૧ કૃષિમેળો, ફૂડ સ્ટોલ, કૃષિમોલ પ્રારંભ, કૌશલવર્ધન કેન્દ્ર, ઉદ્‌ઘાટન કરાયું હતું. તે દિવસે સાંજે વિશ્વ ઐક્ય મંચ સાંજે ૭ કલાકે નૂતન શૈક્ષણિક સંકુલ ટપકેશ્વરી માર્ગે યોજાયો હતો. તા.૨૯/૧૨/૨૦૧૮, શનિવારે મહિલામંચ જેને ગરિમા સત્ર, જ્ઞાતિ અધિવેશન તા.૩૦/૧૨/૨૦૧૮ રવિવારે, ધંધા સાહસિકોનું પ્રદર્શન તા.૩૧/૧૨ સોમવાર બપોરે રખાયું હતું. ફુડ સ્ટોલનો પ્રારંભ સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈના હસ્તે થયું.

આ ચાર દિવસીય કાર્યક્રમનો ત્રીજો દિવસ લેવા પટેલ સમાજના આરોગ્ય સેવાના ઈતિહાસમાં ચિરસ્મરણિય બની રહ્યો જેમાં MMPJ હોસ્પિટલની નૂતનવિંગનું ઉદ્‌ઘાટન થયું તો કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ અને સૂરજ શિક્ષણધામ અને કન્યા રતનધામને સમાવતા નૂતન શૈક્ષણિક સૂચિત સંકૂલની ભૂમિ અર્પણ કરવામાં આવી.

આ વિશેષાંકમાં સમાજના આરોગ્ય ઈતિહાસનું આલેખન છે. નવી પેઢીને આ સંઘર્ષ-સમર્પણની કથા નસનાડમાં ઉતરે તે હેતુથી વિસ્તૃત વિગતો અત્રે પ્રસ્તુત છે. તે સિવાય ઉત્સવના પ્રસંગોના મુખ્ય મુદ્દા સ્મૃતિ રહે તે માટે અત્રે નોંધ્યા છે.

- તા.૨૭/૧૨/૨૦૧૮ના ચોવીસીની રંગોળી સ્પર્ધા પણ યોજાઈ હતી તે ઉપરાંત વકૃત્વ, નિબંધ, વાર્તાલેખન જેવી અનેક સ્પર્ધાઓ ભૂતપૂર્વ દિકરીઓ તથા ખૂલ્લી સ્પર્ધા રૂપે ચોવીસીની દિકરીઓ વચ્ચે યોજાઈ હતી. ઈનામો અપાયા હતા. આ તમામ વિગતો અગાઉના અંકમાં સમાવિષ્ટ કરાઈ હતી.

## નેશન ફર્સ્ટ



ગરીમા મહોત્સવ પ્રારંભ : કચ્છી લેવા પટેલ કન્યાવિદ્યામંદિર રજત જયંતી મહોત્સવમાં યોજાયેલ જ્ઞાતિ અધિવેશનનો પ્રારંભ ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલે રાષ્ટ્ર ધ્વજ ફરકાવીને કર્યો હતો. અગ્રણીઓ જોડાયા હતા. રાષ્ટ્રગીત ગવાયું હતું.

# આરોગ્ય સેવાનો દીપ દિકરીઓના ગરિમામય આશિષ સાથે



## ગરિમા મહોત્સવના દીપપ્રાગટ્ય સાથે સમાજની સાર્વજનિક આરોગ્ય સેવાનો નવો અધ્યાય સ્થપાયો

દીપપ્રાગટ્ય કરતા ભુજ સ્વામિનારાયણ મંદિર મંહત ધર્મનંદનદાસજી સ્વામી, પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી,કોઠારી પાર્ષદ જાદવજીભગત, શાસ્ત્રી પુરૂષોત્તમસ્વરૂપદાસજી સ્વામી, શાસ્ત્રી નારાયણમુનિદાસજી સ્વામી, સમાજના પ્રમુખ હરિભાઈ કેશરા હાલાઈ, એજ્યુકેશન મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ માવજી ગોરસીયા ભુજ સમાજના સ્થાપક ધનજીભાઈ ભંડેરી દાતા શ્રેષ્ઠી મુરજીભાઈ લાલજી પિંડોરીયા, દાતા નાનજીભાઈ કાનજી પિંડોરીયા,હિરજીભાઈ વાલજી હિરાણી વગેરે તસ્વીરમાં દેખાય છે.





# સંઘ શક્તિ કલૌયુગે...

**માતૃશ્રી આર.ડી. વરસાણી કુમાર વિદ્યાલય અને શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર / સંસ્કારધામની સંયુક્ત પરેડ**
**તા. ૨૮-૧૧-૨૦૧૮ શુક્રવાર સવારે ૯:૦૦ કલાકનું ગૌરવવંતુ દ્રશ્ય**







# જગમાં તુજ સરીખું મુજ કોઈ ના હોય : માતૃ પિતૃ વંદના

## માતૃશ્રી આર.ડી. વરસાણી કુમાર વિદ્યાલય અને શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર દ્વારા માતૃ-પિતૃ વંદના







# શિક્ષણક્ષેત્રે સમાજનો નૂતન સૂર્યોદય











૧૯૮૮, માં આપણા વડિલોએ અથાગ સંઘર્ષ વેઠી આપણી દિકરીઓને ભણાવી છે. સ્વમાનભેર સ્થિતિ સર્જી છે. તે પછી કુમાર શિક્ષણ માટે વ્યવસ્થાઓ કરી છે. જેમાં માતૃશ્રી આર.ડી. વરસાણી કુમાર વિદ્યાલયના માધ્યમે દાતા રામજીભાઈ દેવજી વરસાણી (આર.ડી.)નું મોટું યોગદાન છે. આ ક્રમે અંગ્રેજી માધ્યમ શાળા, ગુજરાતી માધ્યમ પ્રાથમિક શિક્ષણ આપણે શરૂ કર્યું છે. અવિરત આ પ્રવાહમાં ૨૦૧૮, ડિસેમ્બરના રોજ હસમુખભાઈ કાનજી ભુડીયા (મોમ્બાસા-ફોટડી)એ સમાજને ટપકેશ્વરી રસ્તે વિશાળ સંકુલ દાનમાં આપ્યું છે.

અહીં સમાજની દિકરીઓ માટે શિક્ષણ સાથે છાત્રાલય ફ્લેટની સગવડ ઊભી કરાશે. દાતા હસમુખભાઈની લાગણી છે કે મારી દિકરીઓ બે-બે, ત્રણ-ત્રણના જૂથમાં અલગ-અલગ ફ્લેટમાં રહે જેના કારણે તેને વાંચવા-લખવામાં વધુ સુવિધા પ્રાપ્ત થાયે. ફ્લેટ ફ્લેટ વચ્ચે સ્પર્ધા વધતા શિક્ષણની ગુણવત્તા અને વ્યાપ વધશે. અક ડ્રીમ પ્રોજેક્ટ તરીકે હસુભાઈના સીધા માર્ગદર્શનમાં અહીં હાલ નર્સિંગ કોલેજના બિલ્ડિંગનું કાર્ય ઝડપભેર આગળ ધરી રહ્યું છે.

દ્વિતિય ચરણે અહીં છાત્રાલય આવાસનું કાર્ય પણ આરંભાશે. કન્યા રતનધામ અને સૂરજ શિક્ષણધામ લેવા પટેલ સમાજના ભવિષ્યને વધુ ઝળકાવશે. યુવક-યુવતીઓ માટે અહીં સ્પધાત્મક પરીક્ષાઓ માટેનું સંકુલ વિકસાવાશે. જેમાં આઈ.એ.એસ., આઈ.પી.એસ., સનદી-બેંકીંગ, શિક્ષક, ઈજનેર, મામતલાદર, તાલુકા વિકાસ અધિકારી જેવા હોદા માટે આપવી પડતી કઠીન પરીક્ષાઓની તૈયારી કરાશે. તે ઉપરાંત પણ આ સંકુલમાં ખુટતી તમામ સગવડ કરાવી આપવા દાતા પરીવારે સૌત્વના આપી છે.

## સમાજના દાનવીર હસમુખભાઈ ભુડીયા કહે છે. ભુજ સમાજ અમારૂં હૃદય છે...



શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજના આધાર સ્થંભ દાતાઓ પૈકી હસમુખભાઈ કાનજી ભુડિયાએ નૂતન શૈક્ષણિક સંકુલના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં બોલતાં કહ્યું કે, આપણે સૌ સંપ રાખવો પડશે. નાના મોટા મતભેદ સંસ્થાઓમાં હોય પણ ખરા પણ સૌને વિશ્વાસમાં લઈને આરંભાયેલા કાર્યો હંમેશા સફળ થાય છે. યુગાન્ડામાં પ્રોજેક્ટ ચાલુ છે. યુ.કે. વાળા શરૂ કરવાના છે આમ સમાજની પ્રગતી થતી રહેવાની છે. વડીલોની દીર્ઘ દ્રષ્ટિ કેટલી હશે કે તેમણે તે વખતે બાંધેલા સમાજ અને ઉભી કરેલી સગવડ આટલા વર્ષો પછી પણ આપણે ને કામ લાગે છે. એવું નથી કે અમે દિકરીઓનું જ કરશું. દીકરાઓ પણ અમારે માટે સરખા જ છે. સમાજ દ્વારા હજી પણ ખેડુતો માટે અને મોટી હોસ્પિટલ માટે પ્રયત્ન થઈ રહ્યા છે. અમે ભલે આફ્રિકામાં હોઈએ પણ અમારું દિલ ભુજ સમાજ સાથે છે. (નૂતન શિક્ષણ સંકુલ કાર્યક્રમ : તા. ૩-૧૧-૨૦૧૯)

# કે.કે.પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલના નામકરણ દાનવીર દાતાશ્રી પરિવાર



સ્વ.પિતાશ્રી કુંવરજીભાઈ વરસાણી | સ્વ.માતૃશ્રી પ્રેમબાઈ વરસાણી | સ્વ. સપનાબેન નવીનભાઈ પુત્રી | કે.કે.પટેલ | ધનબાઈ કે.પટેલ | દિપકભાઈ કે.પટેલ પુત્ર | અમૃતબેન દીપકભાઈ પુત્રવધુ | નંદાબેન નીતેશ વેકરિયા પુત્રી | હસ્મિતાબેન ગોવિંદ પુત્રી

શ્રી કે.કે.પટેલ (કાનજી કુંવરજી વરસાણી) કે-સોલ્ટ કેન્યા ગામ સામત્રા, ધ.પ. ધનુબેન, પૂત્ર દિપકભાઈ, પૂત્રવધૂ અમૃતબેન પૂત્રીઓ: નંદાબેન નીતેશભાઈ વેકરીયા, હસ્મિતાબેન ગોવિંદ પિંડોરીયા, સ્વ.સપનાબેન નવિનભાઈ કેરાઈ, પૌત્રીઓ : દિયા, ભૂવી એવમ્ સમગ્ર વરસાણી પરિવાર. (ગામ સામત્રા હાલે નૈરોબી-કેન્યા.)

## દાનની સરવાણી

કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ માટે દાનના શ્રી ગણેશ સમાજ સાથે સંકડાયેલી બે મોટી ધાર્મિક સંસ્થાઓએ કર્યા હતા. તા.૨૮/૧૨/૨૦૧૮ ના સવારે ૧૦:૪૫ કલાકે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામીએ પાંચ કરોડ રૂપિયાનું માતબર દાન કાર્ડિયાક વિભાગની કેથલેબ માટે જાહેર કર્યું અને રૂા.૨.૫ કરોડ રૂપિયાનું દાન મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્યશ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીએ જાહેર કર્યું. આ બે મહાદાનના પાયા ઉપર દાનની સરવાણી ફૂટી.. આ બંન્ને સંસ્થાઓની પહેરામણી કરાઈ હતી.

## વક્તવ્ય-શાસ્ત્રી નારાયણમુનિદાસજી સ્વામી




મિત્રો, આજે જ્યારે ગરિમા મહોત્સવ પ્રારંભ થયો છે ત્યારે કહેવાનું મન થાય કે સંસ્કાર મહત્ત્વના છે. સત્સંગ અને સમાજ એક થઈ કાર્ય કરે છે ત્યારે શિક્ષણ અને સંસ્કાર પ્રગટ થાય છે.

આજે નારી શક્તિને આહ્વાન છે. સંકલ્પ કરજો કે અમે અમારા બાળકને એવી રીતે તૈયાર કરશું કે આ સ્ટેજ ઉપર જેમ દાતાઓ બેઠા છે તેમ અમારા ઘર ઘરના દાતાશ્રીઓ હશે. કચ્છી લેવા પટેલ સમાજ ભુજની જ્યારથી શરૂઆત થઈ ત્યારથી ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતો એકબીજા સાથે એવી રીતે સ્નેહભાવથી સંકળાયેલા છે કે ન ભુજ મંદિરને સમાજ વિના ચાલે અને ન સમાજને ભુજ મંદિર વિના ચાલે...

પૂ. સદ્‌ગુરુ ધર્મજીવનદાસજી આદિક સર્વે સંતો એ ભુજ સમાજને પુરો સહયોગ આપ્યો હતો તે સમયના ભુજ સમાજના કાર્યકર્તાઓ શ્રી વી.કે.પટેલ આદિક સર્વેએ બીજ રોપ્યા એટલે આજે આ સંસ્થા વટવૃક્ષ થઈ છે. કન્યા શાળાની શરૂઆત થઈ ત્યારે પુરાણી હરિસ્વરૂપદાસજી સ્વામી, પૂ.મોરલી મનોહરદાસજી સ્વામી, પૂ. ધર્મકિશોરદાસજી સ્વામી, પાર્ષદવર્ય સામજી ભગત સહિતના સર્વે સંતોએ આપને સહયોગ આપ્યો હતો. વર્તમાન મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી, પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, પાર્ષદવર્ય જાદવજીભગત આ સંતો તમારી સાથે છે. એમ.એમ.પી.જે હોસ્પિટલમાં મેડિકલ કેમ્પથી લઈ એમ.આર.આઈ.જેવા મશીન લેવડાવવામાં ભુજ સ્વામિનારાયણ મંદિરે પહેલ કરી છે. જેટલા કાર્ય ભગવાન અને સંતના સથવારે થશે એ કાર્ય સફળ થશે. નરનારાયણદેવ અને તેમના સાધુનો આશરો લઈ આગળ વધશો તો ભગવાનશ્રી સ્વામિનારાયણ આપની ઉપર રાજી થશે.

સમાજના વાહકો સારા મળ્યા છે. આર.આર.પટેલ, ગોપાલભાઈ ગોરસીયા, અરજણભાઈ પિંડોરીયા જેવા કાર્યકર્તાઓ અર્જુન જેવા છે. તેમના માર્ગદર્શનથી આપ આગળ વધો તેવાં આશીર્વાદ....

## સ્વાગત પ્રવચન : કે.કે.હિરાણી



જો આકાશ મે નજર આતે હૈં સિતારે,
આપ સબ અતિથિઓં કે આને સે,
સારે હો ગયે ન્યારે,
સભી યહાં પર પધારે, હમે લગા
ઐસા, જૈસે સુદામા કે ઘર પર ક્રિષ્ન
પધારે..

ગરિમા મહોત્સવમાં પધારનાર સર્વેનું સ્વાગત કરતાં સમાજના તત્કાલિન ઉપપ્રમુખ કે.કે.હિરાણી (તા.૨૮/૧૨/૨૦૧૮)એ ઉપસ્થિત વ્યક્તિ વિશેષ, સંતો મહંતો, આગેવાનો, કાર્યકર્તાઓ, છાત્રો સૌનો ઉલ્લેખ કર્યો હતો અને યથોચિત શાયરી સાથે સૌને સપ્રેમ આવકાર્યા હતા.

## પ્રસંગ પરિચય : સભા સંકલન

૧૯૬૫, સમાજના જન્મથી લઈ ૧૯૮૭ કન્યા સંસ્કારધામ, ૧૯૯૨ કન્યા વિદ્યામંદિર સ્થાપના થઈ ૨૫ વર્ષ પૂર્ણ થયા. અરજણભાઈએ કહ્યું: ભુજ મંદિરના હરિસ્વરૂપદાસજી સ્વામીના વરદ્ હસ્તે શિક્ષણપ્રેમી દાતા આર.ડી.વરસાણીના યજમાન પદે કન્યા વિદ્યામંદિરના બીજ રોપાયા હતા. વી.કે.પટેલ, જાદવાબાપા, કેશવલાલ પ્રેમજી ભુડિયા, કરશન પ્રેમજી ભુડિયા, લક્ષ્મણભાઈ રાઘવાણી, બુટાણી બંધુ, દેવશીભાઈ કરશન હાલાઈ, કે.કે.પટેલ સહિતના દાતાઓએ લાખોના દાન આપ્યા તેના કારણે સમાજની શિક્ષણયાત્રા આગળ વધી રહી છે. અરજણભાઈએ ચારેય દિવસ સાત સત્રનો વિગતો આપી હતી. કૃષિ મેળો, ફૂડ સ્ટોલ, નવી યોજનાઓ, કૃષિમોલ, ગરિમા ઉત્સવ માટે આખું વર્ષ ચાલેલી સ્પર્ધાઓની વાત કરી હતી. પ્રસંગ પરિચય પછી મહંત સ્વામીના હસ્તે દીપ પ્રાગટ્ય થયું હતું.

# કે.કે.પટેલ દ્વારા ભૂમિદાન અને સંપૂર્ણ બાંધકામની જાહેરાત પછી દાનનો ધોધ વછૂટ્યો હતો. (૨૮ ડિસેમ્બર ૨૦૧૮)

## આરોગ્યયાત્રા નામકરણ જાહેરાત



અરજણભાઈ પિંડોરીયાએ અસ્ખલિતવાણીમાં સમાજની આરોગ્યયાત્રા વર્ણવી ૨૦૦૧ થી માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર શરૂ કરી અત્યાર સુધી ૨૯ લાખ દર્દીઓની સારવાર થઈ ચૂકી છે. કીડની, કાર્ડિયાક, કેન્સર અને આયુર્વેદ હોસ્પિટલની જરૂર ઊભી થઈ છે. મોટા દાતાઓને નામ જોગ યાદ કરતાં કરોડ કે તેથી વધુની રકમ સમાજ સેવાના ચરણે ધરનારનું ગૌરવ લેવાયું હતું. નૂતન અધ્યાયરૂપે સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નામકરણ જાહેર કર્યું હતું. તે સાથે જ કચ્છી લેવા પટેલ સમાજનો ભુજ-કચ્છમાં નવો આરોગ્ય અધ્યાય આલેખાયો હતો. કે.કે.પટેલ તરફથી હોસ્પિટલનું માળખું બનાવી દેવા જાહેરાત કરાઈ હતી.

## કે.કે.પટેલના ઓવારણા



ભૂમિદાન-ભુજ મુંદરા માર્ગે કચ્છ યુનિ.સામે કે.કે.પટેલ (સામત્રા) ના અંગત માલિકીની ભૂમિ એમણે કચ્છી લેવા પટેલ સમાજ ભુજને દાન આપવાની જ્ઞાતિગંગા સમક્ષ જાહેરાત કરતાં મહંત સ્વામી ધર્મનંદનદાસજી સ્વામીના હસ્તે વિશેષ ઓવરણા લેવાયા હતા. ભુજ સમાજે દાતાનું દાન સ્વીકાર્યું હતું. અને જ્ઞાતિએ આ સેવાને અદ્‌કેરા ઉત્સાહથી વધાવી લીધી હતી.



**૧.૫૧ કરોડ**

માવજીભાઈ દેવરાજ ગોરસીયા,અમરબેન માવજી ગોરસીયા, ગોવિંદભાઈ માવજી ગોરસીયા, રામબાઈ ગોવિંદ ગોરસીયા, ગોપાલભાઈ માવજી ગોરસીયા,રીટાબેન ગોપાલભાઈ ગોરસીયા (બળદિયા) સમગ્ર પરિવાર તરફથી ૧.૫૧ કરોડ રૂપિયાનું પ્રથમદાન



**૧ કરોડ રૂપિયા**

કલ્યાણભાઈ રવજી મેઘજી વેકરીયા (બળદિયા) ધ.પ. અમૃતબેન, સુપૂત્ર હર્ષિલભાઈ સમગ્ર રવજીભાઈ મેઘજી વેકરીયા પરિવાર તરફથી એક કરોડ રૂપિયા જાહેર કરાયા હતા. આ પરિવાર તરફથી અગાઉ પણ સમાજ સેવા શિક્ષણ ક્ષેત્રે કરાઈ હતી.





(૧)ડાબેથી રીટાબેન ગોપાલ ગોરસીયા,રામબાઈ ગોવિંદ ગોરસીયા (૨) અમૃતબેન કલ્યાણભાઈ વેકરીયાની પહેરામણી કરતા સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈ








ધનજીભાઈ કરશન વરસાણી 'દરબાર',ધ.પ. વેલબાઈ ધનજી વરસાણી સુપૂત્રો કિશોરભાઈ અને હરીશભાઈ સમગ્ર પરિવાર તરફથી હાલની MMPJ હોસ્પિ. ના દાતાવીંગના આઈસીસીયુ માટે ૧ કરોડ રૂપિયાની જાહેરાત કરાઈ હતી. ત્યારે પુત્રવધૂ પ્રભાબેન ઉપસ્થિત રહ્યા હતા. આઈ.સી.યુ વિભાગનું ઉદ્દ્ઘાટન ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ, બિનઅનામત આયોગ ચેરમેન હંસરાજભાઈ ગજેરા, કે.કે.પટેલ, વિશ્રામભાઈ જાદવા વરસાણી તથા અન્ય દાતાઓની ઉપસ્થિતિમાં રેબીન કાપીને દાતા પરિવારના પુત્રવધુ પ્રભાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે યજમાન પરિવારની પહેરામણી ધનજીભાઈના પૌત્રે સ્વીકારી હતી.

## નાઈરોબી સમાજ તમારી સાથે : પ્રમુખશ્રી



ભીમજીભાઈ હાલાઈ

પ્રસંગમાં ખાસ હાજર રહેલા પ્રમુખ ભીમજીભાઈ હાલાઈએ અભિનંદન આપતાં કહ્યું; નવી હોસ્પિટલનું આયોજન થયું છે તેમાં કેન્યાના દાતાઓનું મોટું યોગદાન છે તે આનંદની વાત છે. નાઈરોબી લેવા પટેલ સમાજ હંમેશા ભુજ સમાજ સાથે રહ્યો છે અને હજી પણ રહેશે. નાઈરોબી લેવા પટેલ સમાજની માતૃસંસ્થા ભુજ સમાજ છે. જ્યારે આપણી સ્થિતિ નબળી હતી ત્યારે આપણે એકબીજાને પુરો સાથ આપતા આવ્યા છીએ. આજે જ્યારે ભુજ સમાજ શૈક્ષણિક અને આરોગ્ય તેમજ કૃષિ-રોજગારના પ્રચાર કરી રહ્યું છે ત્યારે અમારા સૌની શુભેચ્છા આપની સાથે છે.

## મંચ ઉપરથી ઈતિહાસ રચાયો

બરોબર ૧૧નો સમય, વિજયમૂહૂર્ત સચવાયું, સંતકૃપા સમાજ ઉપર વરસી, મહંત સ્વામી પ.પૂ.ધર્મનંદનદાસજી સ્વામી, પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, મંદિરના કણબી જ્ઞાતિના કોઠારી રામજીભાઈ દેવજી વેકરીયા ઉપકોઠારી મુરજીભાઈ કરશન સિયાણીએ પ્રસંગના મંચ ઉપર જ ચર્ચા વિચારણા કરી, દાતા કે.કે. જેસાણીને જાદવજીભગતે ફોન ઉપર વાત કરી અને ઐતિહાસિક નિર્ણય જાહેર કરતાં મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજી સ્વામીએ કેથલેબ માટે પાંચ કરોડ રૂપિયા જાહેર કર્યા હતા. આ જાહેરાતથી આખાય પ્રોજેક્ટને બળ મળ્યું હતું.

કચ્છી લેવા પટેલ જ્ઞાતિ બહુધા સાંપ્રદાયિક રીતે બે સંસ્થાઓ જ્યારે અનેક પરિવારો પણ છે. ભુજ સ્વામિનારાયણ મંદિરે પાંચ કરોડ રૂપિયા કચ્છની આરોગ્યસેવાના ચરણે ધરવા જાહેરાત કરી તો સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણીનગરે પણ ઐતિહાસિક દાન જાહેર કરી સમાજ સેવાને સુવર્ણાક્ષરે લખી દીધી રૂપિયા ૨.૫ અઢી કરોડ આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીની આજ્ઞા-આશીર્વાદથી સંસ્થાનના મેનેજીંગ ટ્રસ્ટી જાદવજીભાઈ વરસાણીએ જાહેર કર્યા હતા. સમાજે આ બંન્ને મહાન સંસ્થાઓનો આભાર માન્યો હતો. આ દિવસે અનેક નાના-મોટા દાન જાહેર થયાં હતાં તેની યાદી આ સાથે સામેલ છે.

## સમાજ સત્સંગ વચ્ચે સેતુ કે.કે.જેસાણી



બળદિયા ગામના સત્સંગી અગ્રણી કે જેઓ એક સમયે જીવનકાળમાં ત્યાગી જીવન માટે ઘરથી નીકળી ગયા હતા પણ ભાગ્યે સંસાર સેવા હતી. શ્રીજી મહારાજની ઈચ્છા સર્વોપરી માની આખી જીંદગી સેવારત રહેનાર કાનજી ખીમજી જેસાણી (કે.કે.જેસાણી) એક એવું વ્યક્તિત્વ છે કે જેણે સત્સંગ અને સમાજને સાથે સેવા કરવા એક પ્લેટફોર્મ આપવા સફળ પ્રયાસ કર્યો છે. ઈ.સ.૨૦૧૦, નૂતન મંદિર મેડિકલ કેમ્પની સેવા સમાજની MMPJ હોસ્પિટલ સાથે રહી કરવાની ભાવના એમની હતી. મેડિકલ કેમ્પ પછી બચત રકમમાં બે કરોડ રૂપિયા ઉમેરી સાડાચાર કરોડ રૂપિયાનું MRI મશીન સમાજ હોસ્પિટલને આપવા માટે તેમણે હરિભક્તોને સહમત કર્યા હતા તો ડિસે.૨૦૧૮માં કે.કે.પટેલ હોસ્પિટલની કેથલેબ માટે પાંચ કરોડ રૂપિયા ભુજ મંદિર આપે તે માટે વાતાવરણ તૈયાર કરવામાં કે.કે.જેસાણીની ભૂમિકા સેતુરૂપ રહી છે. તે પછી પણ યુ.કે.માં દાતાઓને આરોગ્ય સેવાની જરૂરીયાત સમજાવી દાનનો પ્રવાહ જાળવવામાં તેમની ભાવના નોંધપાત્ર રહી છે.



# સમાજની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ભુજ સ્વામિનારાયણ મંદિરના પાંચ કરોડની જાહેરાત

**કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલની કલ્પના કરવી પણ એક સમયે અશક્ય હતી. કિડની, કાર્ડિયાક અને કેન્સરની સ્પેશ્યિાલિટી હોસ્પિટલ સર્જવી સંભળાય, વંચાય તેવડું સરળ કામ નથી. જમીનની જાહેરાત સાથે ભુજ સ્વામિનારાયણ મંદિરે પાંચ કરોડ રૂપિયા જેટલી મોટી રકમ દાન આપી કાર્યને બળ આપ્યું. હરિભક્તોને સંદેશો આપતાં પરમપૂજ્ય મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજી સ્વામીએ આપેલા આશીર્વચન અહીં શબ્દશઃ પ્રસ્તુત છે. (તા.૨૮/૧૨/૨૦૧૮, શુક્રવાર, સવારે ૧૧:૧૭)**




'' આજનો શુભપ્રસંગ ખૂબ આનંદદાયક થયો. કચ્છી લેવા પટેલ સમાજ આગળ વધી રહ્યો છે, દાતાઓ કેવી સેવા કરી રહ્યા છે તે જોઈ ખૂબ આનંદ થાય છે. એ પ્રમાણ છે કે પુરુષોત્તમ ભગવાન આપણા પર રાજી છે. આપણી સાથે છે. તેથી જ આવા દાનેશ્વરી દાતાઓ મળી રહે છે. નારાયણમુનિદાસજી સ્વામીએ વાત કરી કે નરનારાયણદેવના આશ્રયે રહેજો, શ્રીજીમહારાજે સ્વહસ્તે નરનારાયણદેવ પધરાવી આપ્યા છે. એણે કહ્યું છે ; આ મૂર્તિમાં હું પ્રગટ રહીશ. તમે આશરો કરજો, આપણાં વડીલો નરનારાયણદેવના આશરે સુખીયા થયા છે. આપણે સુખી છીએ. ભગવાને સંપતિ આપી છે. આપણું કચ્છી લેવા પટેલ સમાજ હંમેશા આગળ રહ્યું છે. હજીપણ આગળને આગળ રહે તેવા આશીર્વાદ છે. સમાજ દિકરા-દિકરીઓ માટે શિક્ષણકાર્ય કરે છે. મંદિર પણ દિકરીઓ માટે સંસ્થા ઊભી કરી છે. સારા સંસ્કાર સાથે શિક્ષણ મેળવે છે. સમાજના કાર્યકર્તાઓ બુદ્ધિશાળી છે. શક્તિશાળી છે. દેશ-વિદેશમાં જ્યારે પણ સમાજને કામ પડે મંદિર હંમેશા સાથેને સાથે રહ્યું છે અને ભવિષ્યમાં પણ રહેશે. કન્યા સંસ્કારધામના પાયા નંખાયા ત્યારે , સ્કૂલ કરી, હોસ્પિટલમાં દરેક વખતે ભુજ મંદિરે સમાજને ફંડ ફાળો આપ્યો છે. કરી આપ્યો છે. સૌ હરિભક્તોને અમારો અનુરોધ છે, આજ્ઞા છે કે સમાજ અને સત્સંગનું જૂદાપણું રાખવાનું નથી જો આ બે સંસ્થા એકમેકના પૂરક બની કાર્ય કરશે તો મોટાં કામો પણ જરૂર પાર પાડી શકાશે. આમ જોઈએ તો ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતો મોટાભાગે એક જ સમાજના છે. તમારા દિકરા છે. સાંખ્યયોગી ફઈઓ તમારી જ દિકરીઓ છે. અને વિશેષ તો આપણે સૌ ભગવાન શ્રી સ્વામિનારાયણના એકબાપના દિકરા છીએ. આજે આફ્રિકા નીકળવાનું છે. રજા લઈશું.''..એમ કહી પ્રવચનને વિરામ આપી પરત ફરી રહ્યા હતા ત્યારે ભુજ મંદિરના કોઠારી રામજીભાઈ દેવજી વેકરીયા(નારણપર) અને ઉપકોઠારી મુરજીભાઈ કરશન સિયાણીએ મહંત સ્વામી સાથે ચર્ચા કરી..મહંત સ્વામી પરત માઈક પર આવ્યા અને ઐતિહાસિક જાહેરાત થઈ..

### હૃદયનું પાંચ કરોડનું મશીન ભુજ મંદિર તરફથી : પૂ.મહંત સ્વામી

સમાજમાં હોસ્પિટલ જેવું સારું કામ થતું હોય, હૃદય, કેન્સર, કિડનીની હોસ્પિટલનું ઉદ્‌ઘાટન થતું હોય તો ભુજ મંદિરે અગાઉ પણ મશીન આપ્યું હતું. એવી જ રીતે પાંચ કરોડ રૂપિયાનું હૃદયનું મશીન (કેથલેબ) ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી આપવામાં આવશે.

## કણબી કોઠારીઓની ભાવના



લેવા પટેલ સમાજની દાન દરખાસ્ત ફોલ્ડર પર વિચાર કરતા મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત તથા વરિષ્ઠ સંત શા. સ્વામી ભગવદ્‌જીવનદાસજી સાથે વહિવટી કોઠારી રામજીભાઈ દેવજી વેકરીયા, ઉપકોઠારી મુરજીભાઈ કરસન સીયાણી

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર જેવી વૈશ્વિક મહાસંસ્થાના કોઠારી-ઉપકોઠારી જેવા ચાવીરૂપ પદે આજે કણબીપુત્રો ખૂબ જ સજ્જતાથી વહીવટ સંભાળી રહ્યા છે. સમાજપ્રેમ સ્વાભાવિક છે. તેમના સકારાત્મક વલણે આ મોટી સેવા થઈ એની ઉપસ્થિત હરિભક્તોએ નોંધ લીધી હતી. આ તસ્વીરમાં ભુજ સ્વામિનારાયણ મંદિર તરફથી કેટલી સેવા કરવી તેની મંચ પર ચર્ચા થઈ રહી છે. પાંચ કરોડની ઐતિહાસિક સેવા થઈ તેમાં મંદિરના કોઠારી અને ઉપકોઠારીની સકારાત્મક ભાવના ઉપસ્થિતોએ નોંધી હતી.



રામજીભાઈ દેવજી વેકરીયા - કોઠારી શ્રી સ્વા.મંદિર,ભુજ (નારણપર)

મુરજીભાઈ કરશન સિયાણી -ઉપકોઠારી શ્રી સ્વા.મંદિર,ભુજ (રામપર વેકરા)



# શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણિનગર દ્વારા આચાર્યશ્રી પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ દ્વારા ૨.૫ કરોડની સેવા



મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન હંમેશા શ્રી કચ્છી લેવા પટેલ સમાજની આરોગ્યસેવામાં સહયોગી રહ્યું છે. અગાઉ ૭૫ લાખ રૂપિયાના ખર્ચે આઈ.સી.સી.યુ નું નામકરણ તેમના દ્વારા થયું હતું. કોઈપણ ધાર્મિક સંસ્થા દ્વારા અપાયેલું તે સૌથી મોટું દાન હતું. તે પછી અન્ય સંસ્થાઓ પણ આગળ આવી પ્રેરણા સર્જી હતી. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીએ હંમેશા કચ્છી હરિભક્તો ઉપર હેત વરસાવ્યું છે.જીવનપ્રાણ અબજીબાપાશ્રી કણબી કુળ ગૌરવ છે તેમના કારણ સત્સંગને દુનિયામાં ઉજાગર કરનાર ગાદી સંસ્થાને ૨.૫ અઢી કરોડ રૂપિયા જેટલું મોટું દાન પ્રથમદિને બપોરના સત્રમાં જાહેર કરી ભુજશ્રી સ્વામિનારાયણ મંદિરે જાહેર કરેલા પાંચ કરોડના હેમમાં સ્નેહ સુગંધ ભેળવી દીધી હતી. આ કાર્યમાં સેતુ બનનાર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણિનગરના મેનેજીંગ ટ્રસ્ટી જાદવજીભાઈ વરસાણી (જે.વી.)નું સમાજે ઋણ સ્વીકાર્યું હતું. તેમણે જ સ્વમુખે આ દાનની મોટી જાહેરાત કરી હતી.

## ગરિમા ઉત્સવગીત



કીર્તિ વરસાણી
સંગીતકાર

કન્યા વિદ્યામંદિરને ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજતજયંતી પ્રસંગે નારીશકિતના ગુણગાન ગાતું ઉત્સવગીત બનાવાયું હતું જે ત્યારે જનપ્રિય બન્યું હતું. આ ગીતને કમ્પોઝ કરવા કણબી યુવાગૌરવ સંગીતકાર કીર્તિ વરસાણીએ સેવા કરી હતી. ગીતના શબ્દો વસંત પટેલે પરોવ્યા હતા.

હેજી રે...હેજી રે...હે..હે..હે.. જી રે...હે....
હાલો રે.... હાલો ગરિમા ઉત્સવ આવ્યો આજ,
સૌનો મનમોરલિયો નાચે આજ (૨)
હો..ગરિમા ઉત્સવ આવ્યો આજ..
સૌનો મન મોરલિયો નાચે આજ (૨)
આનંદ કેરી હેલી થાય... રોમે રોમે હાં છવાય..(૨)
દિલડું થન થનક થનક થાય..
સૌનો મન મોરલિયો નાચે આજ..
ગરિમા ઉત્સવ આવ્યો આજ,
સૌનો મન મોરલિયો નાચે આજ..(૨)
હો..કન્યાના વિદ્યામંદિરે, બાલિકાના જ્ઞાન મંદિરે (૨)
રજત જયંતી આવી, ખૂશીના અંબારો લાવી (૨)
હે..પ્રેમને પુરુષાર્થ કેરો ઉત્સવ ઉજવાય છે (૨)
દિલડું થન થનક થનક થાય,
સૌનો મન મોરલિયો નાચે આજ (૨)
ઓ ગરિમા ઉત્સવ આવ્યો આજ (૨)
સૌનો મન મોરલિયો નાચે આજ (૨)
હો, અંતર ઉજાલા લાવી, સંસ્કારોના દીપ જલાવી (૨)
વિનય વિવેકની શીખી, ટેક કણબીની રાખી (૨)
નારીની શક્તિ કેરો ઉત્સવ ઉજવાય છે (૨)
દીલડું થન થનક થનક થાયે.. સૌનો મન મોરલીયો નાચે આજ (૨)
ગરિમા ઉત્સવ આવ્યો આજ (૨)
હો..લોકો સૌ નાચી રહ્યા, સૂર તાલે ઝૂમી રહ્યા (૨)
મસ્તીમાં મસ્ત બની, જૂઓ કેવા ડોલી રહ્યા(૨)
ઢોલને શરણાઈના સ્વરો કાને ગૂંજતા (૨)
દિલડું થન થનક થાએ, મન મોરલિયો નાચે આ જ
આનંદ કેરી હેલી થાએ, રોમે રોમે હાં છવાયે
દિલડું થન થનક થનક થાએ..
સૌનો મન મોરલિયો નાચે આજ...(૨)

# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ પ્રથમ આવાસ યોજના "નાનજી એવન્યુ" નામકરણ



ગામ માનકુવાના લંડન નિવાસી મેઘબાઈ નાનજી હિરાણીએ ભુજ સમાજની આવાસ યોજના માટે ત્રણ એકર ભૂમિદાન કરતાં પ્રોજેક્ટ લોન્ચ કરાયો હતો. ગરિમા મહોત્સવની સાક્ષીએ દાતા પરિવારવતી લાલજીભાઈ નારાણભાઈ ભુડિયાએ જમીનના દસ્તાવેજ સમાજની ત્રણેય સમિતિઓને સોંપ્યા હતા. આવાસ યોજનાનું નામકરણ 'નાનજી એવેન્યુ' રખાયું હતું. આ ભૂમિ માનકૂવામાં આવેલી છે જેમાં ૯૨ પ્લોટ પડશે, સમાજ વચ્ચે રહી મકાન બાંધી લાભાર્થી જ્ઞાતિબંધુને આપશે. જો ચોવીસીના અન્ય ગામો ભૂમિદાન માટે આગળ આવશે તો સમાજ તે ગામ માટે પણ આવાસ યોજના બનાવશે. આ મકાનો ન નફો ન નુકશાનના ધોરણે યોગ્ય કરકસર કરી બનાવાશે જેથી સમાજના ભાઈઓને સસ્તા, સારાં મકાન મળી રહે.

# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ આવાસ યોજનાનો લે-આઉટ પ્લાન







શ્રી કચ્છી લેવા પટેલ સમાજની પ્રથમ આવાસ યોજનાનો હેતુ જ્ઞાતિના જરૂરતમંદ પરિવારોને પડતર ભાવે આવાસ ઉપલબ્ધ કરાવવાનો છે. જરૂરિયાતો અનુસાર માનકુવા ખાતે ગામથી સામત્રા રોડટચ ૩ એકર ભુમિ જેના સર્વે નંબર ૨૧૯ ઉપર ૮૯ જેટલા મકાન બનાવવામાં આવશે. જેના પ્લોટનું ક્ષેત્રફળ ૧૦૦ ચો. વાર છે. અને ૧૬૦૦ ચો. ફુટ ૩ BHK બાંધકામ કરવામાં આવશે. ૨ માળનું આ મકાન ઉપરની તસવીર મુજબ રખાયું છે. હાલ ગામમાં ૨૨૫ ચો. વાર પ્લોટના ભાવ ૩૦ થી ૩૫ લાખ છે. તે સામે લેવા પટેલ સમાજ આખે આખુ મકાન પ્લોટ સહિત અંદાજે ૧૮ લાખ રૂપિયામાં ઉપલબ્ધ કરાવશે. આ માટે ૫૫ અરજીઓ આવી ચુકી છે. અને આજની તારીખ સુધી ૨૫ મકાનના રૂપિયા પણ ભરાઈ ગયા છે. તેવું ભુજ લેવા પટેલ યુવક સંઘના ટ્રસ્ટી આ કાર્ય સંભાળતા ઘનશ્યામ પુંજાણી (વરસાણી) એ વિગતો આપતાં જણાવ્યું હતું. સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયાના કહ્યા અનુસાર આ પ્રોજેક્ટ માટે જાહેર ટેન્ડરથી રામજી લાલજી પિંડોરીયા અને જયેશ દેવજી વરસાણીને બાંધકામ અને વિકાસનું કામ અપાયું છે. વધુ વિગત માટે ૯૯૧૩૮ ૩૯૦૩૫ કે સમાજના મુખ્ય કાર્યલયનો સંપર્ક કરી શકાશે.

## નાનજી એવન્યુ મકાનનો નકશો




## લેવા પટેલ સમાજની પ્રથમ આવાસ યોજના સ્થળ નિર્દેશ




## યુ.કે.કોમ્યુનિટી (સમાજ) નો મજબૂત સાથ



માવજીભાઈ વેકરીયા
પૂર્વ પ્રમુખશ્રી
કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે.
(૨૦૧૮,ડિસેમ્બર)

કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે. દ્વારા નોર્થહોલ્ટ ખાતે એકર ભૂમિમાં 'ઈન્ડિયા પ્રોજક્ટ' શરૂ કરાયો છે ૧૨૦ કરોડ રૂપિયાનો આ મેગા પ્રોજેક્ટ કેવો, કેટલો છે તેની વિગતો પ્રમુખ માવજીભાઈ વેકરીયાએ આપી હતી. તેમણે કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં યુ.કે. કોમ્યુનિટીના પૂરા સાથ સહકારની ખાત્રી આપી હતી.

## કે.કે.પટેલ દ્વારા થયેલ મહાદાન યજ્ઞના ઓવારણા..



નરેશ પટેલ
(ચેરમેન, ખોડલધામ)

આ કચ્છની ખુમારી છે, આફ્રિકામાં સંઘર્ષ કરનાર વ્યકિત માતૃભૂમિની હાકલ પડતાં આટલું સમર્પણ કરે તે ઐતિહાસિક ઘણી શકાય, કે.કે.પટેલની સેવાની નોંધ લેતાં તેમને ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી પદે નીરવાની જાહેરાત કરે છે.






# MMPJ હોસ્પિટલ ડોનરવિંગ (દાતા વિભાગ)માં રૂમના દાતાઓ





શ્રી ધનજીભાઈ કરસન રામજી પરસાણી ICCU, 1,00,00,000 નારાણપર


દેવશીભાઈ કરસન હાલાઈ (ગોડપર)નર્સિંગ રૂમ 5,00,000


સ્વ. દેવરાજ વાલજી હાલાઈ DELUX ROOM, 15,00,000 સુખપર


સ્વ.કેશરા દેવરાજ હાલાઈ DELUX (ROOM-1), 10,00,000 સુખપર


સ્વ.શીવજી દેવરાજ, મનજી શીવજી હાલાઈ, DELUX (ROOM-2), 10,00,000 સુખપર


ડો.જે.કે.દબાસીયા SPECIAL ROOM-7, 5,00,000 ભુજ


વેલજી રામજી પિંડોરિયા પરિવાર SPECIAL (ROOM-1), 5,00,000 નારાણપર

# MMPJ હોસ્પિટલ ડોનરવિંગ (દાતા વિભાગ)માં રૂમના દાતાઓ



શશીકાન્તભાઈ કરસન પિંડોરીયા SPECIAL ROOM-4 (નારણપર) 5,00,000



અરજણ ભીમાલાલ પિંડોરીયા SPECIAL ROOM-5, 5,00,000, સુખપર



સ્વ.મુરજી દેવરાજ હાલાઈ હસ્તે વિશ્રામભાઈ-સુરજપર DELUX ROOM 10,00,000



કરશન દેવરાજ હાલાઈ DELUX ROOM, 10,00,000 સુરજપર



કુરજીભાઈ દેવરાજ વેકરિયા-નારણપર SPECIAL ROOM-1 & 2 10,00,000



યશોદાબેન પ્રવિણ વરસાણી MED.OFF.ROOM, 5,00,000 કેરા



રામજી રવજી વેકરિયા હસ્તે ધીરજભાઈ SPECIAL ROOM, 5,00,000 સુરજપર



ફિઝીયોથેરાપી યુનિટ ઉદ્દઘાટન

## દાતાઓ સમાજની રિઝર્વ બેંક..




આર.આર.પટેલ
પૂર્વાધ્યક્ષ

‘‘બે-ત્રણ વર્ષ પહેલાં સંસ્કારધામનો રજતજયંતી મહોત્સવ ઉજવાયો આજે કન્યા વિદ્યામંદિરનો ઉજવાઈ રહ્યો છે. જાડેજા સાહેબે આ સમાજની પ્રવૃત્તિઓને ઘણા સર્ટીફિકેટ આપી દીધા..આજે રજત કાલે સુવર્ણ સર્ટીફિકેટ સાથે પ્રગતિ કરો તેવી શુભેચ્છા..હું માનું છું કે સાહેબ, જ્યારથી અમારો સમાજ ભણવા લાગ્યો ત્યારથી પ્રગતિ શરૂ થઈ છે. સમાજને ઓળખ શિક્ષણના આધારે થઈ છે.

બે મુરબ્બી ધનજીભાઈ રામજી ભંડેરી અને વેલજીભાઈ રાબડિયા અહીં ઉપસ્થિત છે. તેમને સમાજની સ્થિતિની પુરેપુરી ખબર છે. ૧૯૬૫-૬૬માં જૂજ દીકરા-દીકરી ભણતા હતા. સમાજે શિક્ષણ સંસ્થા શરૂ કરી ત્યારથી સમાજને એક ઓળખ પ્રાપ્ત થઈ છે. હોસ્ટેલમાં કઠણાઈ વચ્ચે કેમ જીવવું? સ્વાવલંબન, સમાનતાના ગુણ કેળવાય છે.

આ સમાજના સદ્‌ભાગ્ય છે કે યોગ્ય સમયે આર.એસ.હીરાણી અને હેમલતાબેન ભોજક જેવા કાર્યકર્તાઓ સાંપડ્યા તે પછી અરજણભાઈ પિંડોરીયા, ગોપાલભાઈ ગોરસીયા, વીરૂબેન ભુડિયા જોડાયા. હું ઈશ્વરની કૃપા માનું છું ૧૯૯૦માં પ્રથમવાર સમાજમાં ધનવર્ષા થઈ, તે પહેલાં આટલા મોટા આંક અપાતા ન હતા. મને યાદ છે. સમાજને આર્થિક સહયોગની જરૂર હતી. ૧૯૯૦માં ઉત્સવ હતો. વી.કે.પટેલે કાનજીભાઈ વરસાણી કે.કે.પટેલને વિનંતી કરી. જ્યારે બે પાંચ લાખ ખૂબ મોટી રકમ કહેવાતી તેવા સમયે કે.કે.પટેલે કોરાચેક આપ્યા હતા. અમને બીક લાગી કેટલા રૂપિયા ભરીએ? પાંચ લાખ ભર્યા એણે કહ્યું; બસ, આટલી જ હિંમત? અમે કહ્યું; જોઈશે ત્યારે માંગી લેશું, દાતાઓ અમારી રિઝર્વ બેંક છે. અમારા દાતા વિશાળ હૃદયના છે. આટલા મોટાં દાન આપે છે પણ વહીવટમાં ક્યાંય જરા સરખી દખલગીરી કરતા નથી. સમાજની સંસ્થાઓ સારી ચાલે છે એનો અર્થ એ નથી કે માત્ર કાર્યકરો સારા છે. અમારા દાતાઓ સારા છે. એટલે બધું સારું ચાલે છે. દાતાઓનો વિશ્વાસ ન ડગવો જોઈએ. કાર્યકર્તાઓમાં આવડત ઓછી હશે તો ચાલશે ઈમાનદારી જોઈશે. નીતિ જોઈશે.

આજે દાનની ધનવર્ષા થતી જોઈ, ગદ્‌ગદીત થઈ ગયો છું. માતૃપિતૃ પૂજનનો કાર્યક્રમ સારો છે. બાળકો આપણે આપણા માતા-પિતાને ક્યારેય ન ભૂલીએ..આજે દિલ સંતૃપ્ત થઈ ગયું.. હાલના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા સાહસી છે. કૃષિમોલ શરૂ કર્યો એ સારી પહેલ છે. મારી એક ભલામણ છે. આ સમાજ છે તેમાં સૌને સાથે રાખી ચાલવું જોઈએ. પણ આપણાં જ્ઞાતિજનો નિર્દોષ છે. પૂછીએ બોલોભાઈ તમારો મત શું છે. બસ આટલું પૂછતાં જ શાંત થઈ જશે. દાતા દાન આપે છે તેના ખર્ચનું સરવૈયું દરવર્ષે તેમની પાસે રજૂ કરવું જોઈએ.

## કૃષિમોલ : સમાજની આવકાર્ય પહેલ




વિશ્રામભાઈ જાદવા વરસાણી
શ્રેષ્ઠીવર્યશ્રી

એક સમય હતો. આપણે અભણ હતા. એટલે લોકો આપણને નીચા સમજતા.. સમય બદલાયો આફ્રિકા પહોંચ્યા, મજૂરી કરી, કોઠાસૂઝ હતી. અમુકે સાહસ કર્યું. ધંધો શરૂ કર્યો, કણબી અભણ જરૂર હતા પણ અક્કલ ઘણી હતી. તે સમયે એવી રીતિ હતી કે પૂત્ર ૧૦-૧૫ વર્ષનો થાય કે પિતા આફ્રિકા લઈ જાય. એ ક્રમે હું સાડાદસ વર્ષની વયે આફ્રિકા પહોંચ્યો, એ.બી.સી.ડી ન આવડે, ભણવા લાગ્યા, પિતાને શિક્ષણનું મહત્ત્વ હતું. મને ભણવા દીધો, સિવિલ એન્જીનિયર થઈ ગયો. તે વખતે મેટ્રીક પાસ થવાય તો ઘણું એવું મનમાં હતું. પણ જેમ જેમ ભણતા ગયા તેમ તેમ મહત્ત્વ સમજાવવા લાગ્યું. અત્યારે ચેતવા જેવું છે. આફ્રિકાની સંસ્કૃતિ આપણને આકર્ષતી નથી. અંગ્રેજોની આકર્ષે છે. બ્રિટનમાં ત્રીજીપેઢી કચ્છને ભૂલી જશે. લોકલ થઈ જશે. તેથી આપણી ફરજ છે. સંતાનોને સ્થળાંતર ન થવા દઈએ એ માટે કૃષિમોલની પહેલ ખરેખર સમયોચિત છે. સંસ્થાઓમાં ખૂબ સારું ચાલતું હોય તેનું કારણ તેના સભ્યો નજર રાખે કે કાંઈ ખોટું તો નથી થઈ રહ્યું ને? બસ એટલી જાગૃતિ રાખવી જોઈએ.

## મિરઝાપરના દાતાના ૧.૫૦ કરોડ



વેલજી રામજી પિંડોરીયા વી.આર.પી.પરિવાર ધર્મપત્ની દેવબાઈ
પુત્ર પ્રવિણભાઈ અને હરિશભાઈ સમગ્ર પરિવાર (મિરઝાપર)

વેલજીભાઈ રામજી પીંડોરીયા(મિરઝાપર) સહપરિવાર દ્વારા ૧.૫૦ કરોડનું યોગદાન નવી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના મેડિકલ સ્ટોર માટે જાહેર કરવામાં આવ્યું. તેમના પૂત્ર હરીશભાઈ અને પ્રવિણભાઈ સહ સમગ્ર પરિવારની તસવીર આ પરિવાર દ્વારા હાલની માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી ભુડિયા હોસ્પિટલમાં પણ મેડિકલ સ્ટોર માટે દાન મળેલું હતું. વેલજીભાઈ શ્રી કચ્છી લેવા પટેલ સમાજના ટ્રસ્ટીપદે છે.

# સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ માટે સર્વેક્ષણ હાથ ધરાયું (કાર્યકરોએ માહિતી એકત્ર કરી)



તા.૩૦/૧૧/૨૦૧૮,રવિવાર અમદાવાદની SGVP હોસ્પિટલ

પ્રથમ દ્રષ્ટિએ અશક્ય લાગે તેવું કાર્ય શ્રી કચ્છી લેવા પટેલ સમાજે સાકાર કરવા નિર્ણય લીધો તે સાથે ચર્ચાનો દોર શરૂ થવો સ્વાભાવિક હતો કે આપણે આ હોસ્પિટલ ચલાવી શકશું કે કેમ? માત્ર નાંણા ભેગા કરી પ્રોજેક્ટ ઊભો કરી લેવો પુરતું નથી. તેને ચલાવવો અઘરો છે.

## ડોક્ટર કેમ મળશે?

હૃદયની એન્જ્યોગ્રાફી, બાયપાસ માટે કાર્ડિયોલોજીસ્ટ મેડિસીન સર્જનની જરૂર પડે તે ભુજમાં ઉપલબ્ધ થશે કેવી રીતે? કિડનીના નેફ્રોલોજીસ્ટ-સર્જન, કેન્સર નિષ્ણાંતો મેળવવા, ટકાવવા સહેલું કાર્ય નથી. આ પ્રશ્ન પૂછાય તે સ્વાભાવિક છે. જરૂરી પણ છે. સમાજના કાર્યકરોને સતત વિચાર રહ્યો છે કે પ્રોજેક્ટ શરૂ કરતાં પહેલાં તેની બારીકાઈ તપાસી લેવી, ચકાસી લેવી જરૂરી અભિપ્રાય લઈ પ્રોજેક્ટ રિપોર્ટ રજૂ કરવો. તે માટે સમાજના શીર્ષ કાર્યકર્તાઓએ જે કામ કર્યું છે તેની વિગતો અહીં જાણકારી માટે પ્રસ્તુત છે. કાર્યકરો એ જે કર્યું તે તેની ફરજ સમજીને કર્યું છે. તેની પ્રશસ્તીની વાત કે પ્રયાસ નથી.



જ્ઞાતિબંધુઓ જાણી શકે કે પ્રોજેક્ટની ગંભીરતા નજરે બધું ચકાસાયા પછી નિર્ણય થયો છે તે વિશ્વાસ માટે વિગતો રજૂ કરી છે.

અભ્યાસ ટીમના સાત સભ્યો તા.૩૦/૧૧/૨૦૧૮ ના વહેલી સવારે ભુજથી રવાના થઈ અમદાવાદ એસજીવીપી ગુરુકુલ સંચાલિત સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલની મુલાકાત લીધી હતી. સંચાલક સંતે સૌને આવકાર્યા, એક પછી એક વિભાગો જોયા, મોટા ઉપકરણથી લઈ બાંધકામની નાની-નાની બારીકાઈ જોઈ તપાસી, નોંધી લેવાઈ.

## સર્વેક્ષણ ટીમ

કે.કે.પટેલ સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ શરૂ કરવી કે કેમ તે કેટલી પ્રેક્ટિકલ છે. કેટલા વિભાગો? દર્દીની ઉપલબ્ધી, તબીબોની ઉપલબ્ધી, પગાર ખર્ચ, ઉપકરણ ખર્ચ, બાંધકામ સહિતની અભ્યાસ સમિતિની રચના કરવામાં આવી તેણે પ્રોજેક્ટ અભ્યાસ અને દાતા સંપર્કનું અભિયાન ચલાવ્યું. પરિણામ આપણી સામે છે. આ સર્વેક્ષણ ટીમમાં ગોપાલભાઈ માવજી ગોરસીયા - ભુજ, ડૉ. જે.કે. દબાસીયા - ભુજ, કેશરાભાઈ રવજી પિંડોરીયા - ભુજ, અરજણભાઈ ગાંગજી પિંડોરીયા - નારણપર, વસંતભાઈ ગોપાલ પટેલ - કુન્દનપર, ડૉ. ચિંતન મહેતા - ભુજ. આ છ સદસ્યી કમિટીએ રાજ્ય અને રાજ્ય બહાર હોસ્પિટલોની મુલાકાત લીધી, ટ્રસ્ટ-સંચાલકો સાથે ચર્ચા-વિમર્શ કરી અનુભવ જાણ્યા. છ મહિના સુધી સતત અભ્યાસ કર્યો અને નિષ્કર્ષ સમાજની ત્રણેય પાંખો સમક્ષ રજૂ કર્યો. જુદી જુદી હોસ્પિટલોનો તલસ્પર્શી અભ્યાસ ભવિષ્યના પડકારો અને તૈયારીઓ માટે અગત્યનો બની રહેતો હોય છે. સામાન્ય રીતે જ્યા પણ કિડની કેન્સર અને કાર્ડિયાક જેવા રોગોમાં સુપર સ્પેશિયાલિટી સારવારની વાત કરીએ કે તરત ડૉક્ટર ક્યાંથી લાવશો, બાયપાસ, એન્જીયોપ્લાસ્ટી માટે નિવાસી ડૉક્ટર ઉપલબ્ધ થશે? આપણે આ હોસ્પિટલ ચલાવી શકશું? જેવા પ્રશ્નો સતત ઉપસ્થિત થતાં રહ્યા છે અને એ જરૂરીપણ છે. આ વાતની ગંભીરતા સમાજની ત્રણેય પાંખોને રહી છે. તે અનુસંધાને આ સર્વે કરાયો હતો. અને તેનો રીપોર્ટ અભ્યાસ માટે રજુ કરાયો હતો. એ પરથી એટલું તો જરૂર ફલિત થયું હતું કે દર્દીની ઉપલ્બધી અવશ્ય થઈ રહેશે. જ્યારે સેવા ભાવી તબીબ ટીમ માટે તૈયારી રાખવી પડશે.



દેશની અગ્રિમ શૈક્ષણિક સંસ્થા T.I.S.S. (મુંબઈ) હોસ્પિટલ મેનેજમેન્ટ વિભાગના ચેરપર્સન પ્રોફેસર ડૉ. એમ. મરીયપ્પને લેવા પટેલ સમાજ અને એમ. એમ. પી.જે હોસ્પિટલની મુલાકાત લીધી હતી. અને સર્વેક્ષણ ટીમ તથા હોસ્પિટલ સંચાલન બાબતે સમાજના અગ્રણીઓ સાથે ચર્ચા કરી હતી. કિડની, કેન્સર, કાર્ડિયાકની સેવાઓ અને ડૉક્ટર ઉપલબ્ધિ અંગે અભિપ્રાયો લેવાયા હતા.

## એચ.સી.જી સાથે બેઠક



કેન્સર ઉપચાર માટે ખ્યાત એચ.જી.સી.અ'વાદ હોસ્પિટલમાં રેડિયોલોજી મશીનોની ગુણવત્તા, કિંમત, ઉપલબ્ધી, તે માટેના બંકર, ડોક્ટર અને કેટલા દર્દી મળે, આઈસીયુની ગોઠવણ સહિતની વિગતો રૂબરૂ જોઈ, જાણી, અભ્યાસ કર્યો, તેમના સંચાલક મંડળ તેમજ વહીવટી સભ્યો સાથે બેઠકો કરી માહિતી એકત્ર કરી હતી. અભ્યાસ ટીમે અગાઉથી પ્રશ્નબેંક તૈયારી કરી હતી તે પ્રમાણે ઉત્તરો મેળવવા સંપૂર્ણ તૈયાર કર્યો.

## ઝાયડસ સાથે વિમર્શ



અ'વાદ પશ્ચિમ ભારતનું મેડિકલ હબ બની ચૂક્યું છે. નવી નવી મલ્ટી સ્ટાર હોસ્પિટલો બંધાઈ રહી છે. અહીં એપોલોથી લઈ બે-પાંચ તબીબો દ્વારા સંયુક્ત સાહસથી દવાખાના છે. દર્દીઓને દાખલ કરતા હોસ્ટેલ ટાઈપ માળખાં પણ છે. આમ વૈશ્વિક ટચ ધરાવતી આ સુપર ડુપર હોસ્પિટલોમાં ઝાયડ્સ પણ એક છે. તેના માલિક પટેલ છે. ભુજમાં સુપરસ્પેશ્યાલિટી વિભાગોમાં સેવાનું ધોરણ સચવાય તો ઝાયડ્સ સાથે અનુબંધ કરાર થાય કે કેમ? એ વિશે ચર્ચા કરવામાં આવી. અભ્યાસ ટીમે હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લીધી. ઝાયડ્સ દર્દી સાઈન(દિશા-નિર્દેશ) ચિન્હો માટે અનુકરણીય છે ભોંયતળીયે ત્રણ રંગના કે ચાર રંગના પટ્ટા હોય જે દર્દીને યોગ્ય જગ્યાએ લઈ જાય જેથી અભણ દર્દી પણ મુંઝાય નહીં. આમ તો આ દવાખાના પાંચ-સાત માળ૧૦૦થી વધુ રૂમના હોય છે તેથી સહજ રીતે વિભાગ શોધવો કઠિન પડે છે.

## કેન્સર સર્જન સાથે ચર્ચા



અમદાવાદના જાણીતા કેન્સર સર્જન ડો.સંદિપ શાહ કે જેઓ ગુજરાત કેન્સર રિસર્ચ સોસાયટીના પ્રાધ્યાપક રહી ચૂક્યા છે. તેઓ પ્રમાણમાં સેવાભાવી છે. દર્દીને કેમ ઓછો ખર્ચ થાય તે માટે પ્રયત્નશીલ રહે છે. ભુજ સમાજની અભ્યાસ ટીમે અમદાવાદ ખાતેની તેમની વેદાંતા હોસ્પિટલમાં મુલાકાત લીધી હતી.

## સીમ્સ સાથે સઘન બેઠક



વ્યવસાયિક રીતે નામાંકિત અમદાવાદની સીમ્સ હોસ્પિટલની રચના, વિવિધ વિભાગો, સ્વચ્છતા, સ્ટાફ, પદ્ધતિનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો તેમના ચેરમેન ડો.કેયુર પરીખ નામાંકિત કાર્ડિયોલોજીસ્ટ છે. તેમની સાથે ખાસ ચર્ચા સત્ર યોજ્યું. ડો. ધીરેનશાહ, ડો.મિલન ચગ, પી.આર.ઓ કેતન આચાર્ય સાથે પણ ચર્ચા-વિમર્શ કર્યો.

## સમસ્ત લેઉવા પટેલ સમાજ સંચાલિત કિરણ હોસ્પિટલ સુરતની મુલાકાત





૧ ડિસેમ્બર ૨૦૧૮ના ભુજ સમાજની અભ્યાસ ટીમ સુરત ખાતે સમસ્ત લેઉવા પટેલ સંચાલિત કિરણ હોસ્પિટલની મુલાકાતે પહોંચી હતી.

પાંચ માળની આ હોસ્પિટલ ૫૦૦ બેડની છે. એર એમ્બ્યુલન્સની સગવડ ધરાવતી કિરણ હોસ્પિટલ પર હેલિપેડ છે. પશ્ચિમી રાષ્ટ્રોમાં જે રીતની આરોગ્ય ભૌતિકતા છે તેવડી-તેવી સુવિધા કિરણ હોસ્પિટલ ધરાવે છે. ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં પદ્મશ્રી મથુરભાઈ એમ. સવાણી એ ભુજ સમાજ અભ્યાસ ટીમને આવકાર્યા, આખી હોસ્પિટલ બતાવી. વિચાર જાણ્યા. સૌરાષ્ટ્રમાં નર્મદા જલ અવતરણ અને તળાવ- ડેમ દ્વારા જળસંચયના કાર્યો કરનાર મથુરભાઈ સવાણીને દેશે પદ્મશ્રી એનાયત કર્યો છે. આવા સેવાભાવી વ્યક્તિ પાસેથી વિચારો જાણ્યા, નોંધ્યા અને અમલ કર્યા.

ડિસેમ્બર,૨૦૧૮ ના પ્રથમ અઠવાડિયા સુધી અભ્યાસ ટીમે સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ ભુજમાં વ્યવહારુ છે કે નહીં, સંસ્થાકીય ધોરણે ચલાવી શકવાની ઝીણવટ ભરી વિગતો એકત્ર કરી સમાજની ત્રણેય પાંખોને અહેવાલ સુપરત કર્યો.

# કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને સામાન્ય સભાની બહાલી : સમાજના નૂતન વિકાસનો જનસંકલ્પ

## જૂન-૨૦૧૯,નિર્ણાયક દોર 'સેવા મેવ જયતે'

સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના પાયા નાખવા જ્ઞાતિજનો સમક્ષ આખી વાત લઈ જવામાં આવી. જ્ઞાતિનો વિશ્વાસ એના અભિપ્રાયો જાણવામાં આવ્યા અંતે સામાન્ય સભાની મંજૂરી લેવામાં આવી. લોકમત એકત્ર કરવામાં આવ્યો. નવા બંધારણ, કોર કમિટી પર મ્હોર મારી દેવાઈ, મહિલા-યુવા સંગઠન, ગામોગામની સંગઠક સમિતિઓ રચાઈ, જ્ઞાતિજનો જાગૃત સમજુ અને શાણા હતા. છે અને રહેશે તેણે સ્પષ્ટ નિર્ણય જણાવ્યો. સામાન્ય સભા સર્વોપરી છે. તેણે સૌને આદરિણ ગણ્યા, સૌને સાથે રાખવા મત પ્રગટ કરીને ત્રણેય પાંખમાં કારોબારી સભ્ય તરીકે સક્રિય રાજકારણમાં હોય તેવાની સેવાઓ અંદરથી લેવા કરતાં બહારથી લેવા નિર્ણય જણાવ્યો. ભુજ સમાજની કોર કમિટીએ પસંદ કરેલા સભ્યો ચુંટાયા, સંખ્યાબળ ૩૬ થયું. ૧૮ નવા ચહેરા અને મહિલાઓની સંખ્યા વધી, ત્રણેય પાંખમાં ત્રણ-ત્રણ મહિલા સભ્યો ફરજીયાત બનાવાયા.. ઈશ્વરે 'સવા મેવ જયતે' નો નિયમ પુનઃ પળાવી બતાવ્યો. નિર્ણાયક દોર શરૂ થયો.

**૩૦ જૂન, ૨૦૧૯ની આ સામાન્ય સભા ઐતિહાસિક રહી મોટી સંખ્યામાં લેવા પટેલ જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા. સમાજની વર્તમાન ત્રણેય પાંખોની કારોબારી દ્વારા લેવાયેલ નિર્ણયોને બહાલ રખાયા. સૌએ બહુમતીથી કોરકમિટી દ્વારા મુકાયેલ દરખાસ્ત મંજુર રાખી, જનસામાન્ય અને વ્યકિતગત અભિપ્રાયો સાંભળ્યા...સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ, નૂતન શૈક્ષણિક સંકુલ, કૃષિમોલ, સ્કીલ ડેવલપમેન્ટ સમાજની આવાસ યોજના, નર્સિંગ કોલેજ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ સહિતના નૂતન અધ્યાય ઉપર સામાન્ય સભાએ સહમતી વ્યક્ત કરી હતી.**



દેશ-વિદેશના સમાજ શુભેચ્છકો, શ્રેષ્ઠીવર્ય મોટા દાતાઓથી લઈ ગામોગામના નાના દાતાઓ, વ્યક્તિઓ, જનસામાન્ય જ્ઞાતિજનોના અભિપ્રાયો સમાજની અભ્યાસ ટીમે જાણ્યા છે. કિડની, કેન્સર અને કાર્ડિયાકની હોસ્પિટલ બને એમાં સૌ રાજી હતા પણ તેને આપણે ચલાવવા સક્ષમ છીએ કે કેમ? એ પ્રશ્ન સૌને કનડતો હતો. કાર્યકરો માટે સૌથી મોટી દ્વિધા દાતાઓને સહમત કરવાની હતી. એના વિશ્વાસ પર કાર્ય આગળ વધવાનું હતું. આ કાર્ય સમાજની ટીમે કર્યું. ગોપાલભાઈ ગોરસીયાના નેતૃત્ત્વમાં કુલ બાંધકામ ખર્ચ નામકરણ દાતા કે.કે.પટેલ (સામત્રા-નાઈરોબી) આપે તો બાકીની મશીનરીના અંદાજ કાઢવામાં આવ્યા. એક એક વિભાગનો અભ્યાસ કર્યો. ૭૫ થી ૮૦ કરોડના ઉપકરણ અલગ તારવાયા, તેની એક ફોલ્ડર બુક બનાવાઈ જેમાં વિભાગ અને નામકરણ દાન (વિભાગવાર) નક્કી કરવામાં આવ્યાં, આ ફોલ્ડરને લોકો સમક્ષ લઈ જઈ પુરતી સમજ અપાઈ, લોકો પ્રોજેક્ટ આત્મસાત કરી લે તે ખ્યાલ રખાયો એક વર્ષના પ્રલંબ પ્રયાસ પછી જ્ઞાતિજનો આખાય પ્રોજેક્ટને સમજતા થયા, એક સ્વીકાર ભાવ પ્રગટ્યો, કાર્ય ગૌરવવંતુ છે તે લાગણી બહાર આવવા લાગી, માત્ર સમાજ નહિ, એક એક જ્ઞાતિ ગામ આ કાર્ય પોતાનું છે તે આશ સર્જાઈ અને ખૂટતું કાર્ય ઈશ્વરીય શક્તિએ કરી આપ્યું, અંતે આ કાર્ય ઈશ્વરીય જ છે..!! સમાજ ટીમે રાત-દિ જાગૃત રહી પરિશ્રમ ચાલુ રાખ્યો.

# કન્યા રતનધામ અને સુરજ શિક્ષણધામ - નૂતન શૈક્ષણિક સંકુલની ભૂમિ અર્પણની ઐતિહાસિક તવારીખી તસવીરો




તા. ૮-૧૨-૨૦૧૯




તા. ૩-૧૧-૨૦૧૯

નામકરણ દાતાઓના સન્માન (૧) નૂતન શૈક્ષણિક સંકુલ (કન્યા રતનધામ, સૂરજ શિક્ષણધામ) માટે પહેરામણી સ્વીકારતા રતનબેન કેશવલાલ ભુડિયા (૨) નૂતન શૈક્ષણિક સંકુલ ભૂમિદાતા : સન્માન સ્વીકારતા હસમુખભાઈ કાનજી ભુડિયા (દિવાળી સ્નેહમિલન ૨૦૧૯)





તા. ૩૦-૧૨-૨૦૧૮ની તસવીરો



(૧) કન્યા રતનધામ અને સૂરજ શિક્ષણધામ નૂતન શૈક્ષણિક સંકુલ કે જ્યાં કચ્છી લેવા પટેલ સમાજની દિકરી દિકરાનું ભવિષ્ય ઘડાવાનું છે તે શારદા સાધનાની ભૂમિ અર્પણ કરતાં પ્રેમજીભાઈ જેઠા ભુડિયા પરિવારના સભ્યો, આ પરિવારના પ્રતિનિધિઓ તેમજ મિત્રવર્તુળ, યોગા ફાઉન્ડેશનના સભ્યો વાજતે ગાજતે ભૂમિ અર્પણનો પત્ર લાવી રહ્યા છે. (૨) ભુડિયા પરિવારના વડીલ અજુભાઈ ભુડિયા આ પત્ર માતૃશ્રી રતનબેન કેશવલાલ ભુડિયાને આપી રહ્યા છે. અને રતનબેન ભુડીયા આ પત્ર સમાજની દિકરીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે સમર્પિત કરી રહ્યા છે. (૩) આ ભૂમિ નાના નાના બાળકો માટે શૈક્ષણિક હેતુથી વપરાવાની છે. તેથી તેના પ્રતિક તરીકે સમાજની છાત્રાઓને અર્પણ થઈ રહી છે. આ ક્ષણના સાક્ષી બનતા ચોવીસીના સર્વે લેવા પટેલ ભાઈ-બહેનોએ દાતા પરિવારની સખાવતના ઓવારણાં લીધા હતા. (ગરિમા મહોત્સવ ડિસેમ્બર ૨૦૧૮નો ફોટો)

# શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર રજતજયંતી ગરિમા મહોત્સવ વિશેષાંક વિમોચન - ૨૦૧૮

તા. ૨૮-૧૨-૨૦૧૮



કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિરના ૨૫ વર્ષની સંઘર્ષ-સાફલ્યગાથાને સમાવતો વિશેષાંક પ્રગટ કરાયો હતો. તંત્રી ગોવિંદભાઈ ખોખાણીના માર્ગદર્શન હેઠળ અંક મીડિયા ટીમે સંકલિત કર્યો હતો. અંક વિમોચીત કરતા મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજીભગત, પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, તથા અન્ય સંતો બીજી બાજુ કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ હરિભાઈ કેશરા હાલાઈ, એજ્યુકેશન મેડિકલ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, શ્રેષ્ઠી વર્ય કે.કે. પટેલ, નાનજીભાઈ પિંડોરીયા શ્રેષ્ઠીવર્ય મુરજીભાઈ પિંડોરીયા, સંપાદક વસંત પટેલ, ધનજીભાઈ ભંડેરી, કે.કે. હિરાણી, હિરજીભાઈ હિરાણી, તંત્રી ગોવિંદ ખોખાણી, અરવિંદ પિંડોરીયા. ઈન્સેટમાં ડાબેથી જે.કે. દબાસીયા, કે.કે. જેસાણી, પુરુષોત્તમ હિરાણી, વિનોદ પિંડોરીયા, કેશરાભાઈ પિંડોરીયા, વેલજીભાઈ પિંડોરીયા, દેવજીભાઈ છભાડીયા, હરિશ ભંડેરી સહિતના નજરે પડે છે.

## હોસ્પિટલના શિલા પૂજનની તવારીખી તસવીરો

ભૂમિઅર્પણ સમારોહ તા.૩૦/૧૨/૨૦૧૮, સવારે ૧૧ કલાકે







(૧) કન્યા રતનધામ અને સૂરજ શિક્ષણધામ નૂતન શૈક્ષણિક સંકુલ કે જ્યાં કચ્છી લેવા પટેલ સમાજની દિકરી દિકરાનું ભવિષ્ય ઘડાવાનું છે તે શારદા સાધનાની ભૂમિ અર્પણ કરતાં પ્રેમજીભાઈ જેઠા ભુડિયા પરિવારના સભ્યો, આ પરિવારના પ્રતિનિધિઓ તેમજ મિત્રવર્તુળ, યોગા ફાઉન્ડેશનના સભ્યો વાજતે ગાજતે ભૂમિ અર્પણનો પત્ર લાવી રહ્યા છે. (૨) ભુડિયા પરિવારના વડીલ અજુભાઈ ભુડિયા આ પત્ર માતૃશ્રી રતનબેન કેશવલાલ ભુડિયાને આપી રહ્યા છે. અને રતનબેન ભુડીયા આ પત્ર સમાજની દિકરીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટે સમર્પિત કરી રહ્યા છે. (૩) આ ભૂમિ નાના નાના બાળકો માટે શૈક્ષણિક હેતુથી વપરાવાની છે. તેથી તેના પ્રતિક તરીકે સમાજની છાત્રાઓને અર્પણ થઈ રહી છે. આ ક્ષણના સાક્ષી બનતા ચોવીસીના સર્વે લેવા પટેલ ભાઈ-બહેનોએ દાતા પરિવારની સખાવતના ઓવારણાં લીધા હતા. (ગરિમા મહોત્સવ ડિસેમ્બર ૨૦૧૮નો ફોટો)

# કે.કે.પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ અને નૂતન શૈક્ષણિક સંકુલ માટે યુ.કેનો પ્રવાસ જુલાઈ ૨૦૧૯ : સંસ્મરણો

▪ વસંત પટેલ

જૂન-૨૦૧૯માં જ્ઞાતિ ગંગાએ વર્તમાન અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયાના નેતૃત્ત્વમાં અખંડ વિશ્વાસ વ્યકત કર્યો તે સાથે નવા પ્રોજેક્ટ શરૂ કરવાની જવાબદારી એક કસોટી રૂપે ઉતરી આવી, કાર્યકરોએ જ્ઞાતિના ભરોસે પ્રયાસ શરૂ કર્યા. સતરમી જુલાઈ-૨૦૧૯ના એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા અને યુવક સંઘના પૂર્વ મંત્રી વસંત પટેલ વિલ્સડન સ્વામિનારાયણ મંદિરમાં ભક્તિ-ધર્મ કેર કેન્દ્રના ઉદ્ઘાટનમાં ભાગ લેવા યુ.કે.ના પ્રવાસે પહોંચ્યા. તેમણે આ અવસરને સમાજ જાગૃતિ સંપર્ક તરીકે પરિવર્તિત કર્યો.

## યુ.કે. પ્રવાસનું પહેલું ચરણ : ૧૧ જુલાઈ ૨૦૧૯થી ૨૧ જુલાઈ ૨૦૧૯



સપ્ટેમ્બર ૨૦૧૯ ના કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કેએ પોતાનો બહુહેતુક ઈન્ડિયા ગાર્ડન પ્રોજેક્ટ લોંચ કરવાનું જાહેર કર્યું હતું. આ પ્રોજેક્ટ ૧૨૦ કરોડ ભારતીય રૂપિયાનો છે. મેગા છે. બહુહેતુક અને આવકાર્ય છે. સ્થાનિકે આવડો મોટો પ્રોજેક્ટ હોય અને માતૃભૂમિ કચ્છ માટે દાન ભેગું કરવું તે અવ્યવહારુ બાબત ગણાય એમ સમજી વિચારી ને ભુજ સમાજે યુ.કે.માં જાહેર ફંડ કર્યો ન હતો. પરંતુ ૨૧/૭/૨૦૧૯ના સાંજે નોર્થ હોલ્ટ પરિસરમાં મિલન યોજ્યું હતું. જેમાં ભુજ સમાજના પ્રવાસી પ્રતિનિધિઓને આમંત્રિત રખાયા હતા. જેમણે ભુજ સમાજની પ્રવૃત્તિ-પ્રગતિથી સૌને અવગત કરાવવા પ્રયત્ન કર્યો હતો.

વિલ્સડન સ્વામિનારાયણ મંદિરના પાંચ દિવસીય ઉત્સવમાં ભાગ લેવા ભુજ સમાજના સભ્યો જોડાયા. તા.૧૯/૭/૨૦૧૯ના રોજ ભુજ સમાજ દ્વારા તૈયાર કરાયેલ કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલની પ્રોજેક્ટ ડોક્યુમેન્ટરી રજૂ કરવામાં આવી, અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયાએ માહિતી આપી, મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજી સ્વામી અને કોઠારી પાર્ષદવર્ય જાદવજીભગતે આશીર્વાદ આપ્યા. ખાસ તો સભાપતિ શાસ્ત્રી અક્ષરપ્રકાશદાસજી સ્વામીએ શ્રદ્ધાળુ હરિભક્તોને સમજાવ્યું સમાજ દ્વારા કેટલાં મોટાં કામ હાથ ધરાયાં છે તેમણે સપ્રેમ વિગતો જાહેર કરી હતી.



ડાબેથી કે.કે.જેસાણી, માવજીભાઈ વેકરિયા (કેન્ફોર્ડ), વેલજીભાઈ વેકરિયા, ગોપાલભાઈ ગોરસીયા, શશીકાન્તભાઈ વેકરિયા, શામજીભાઈ ડબાસીયા, કલ્યાણભાઈ વેકરિયા યુ.કે કોમ્યુનિટી ખાતે તા. ૨૧/૭/૨૦૧૯ સાંજે ૬:૩૦ કલાકે લંડન. આ તસવીરમાં પાંચ દાતાઓ સમાજને ૧ કરોડથી વધુ દાન આપ્યું છે.

## શામજીભાઈ શીવજી દબાસીયાના ત્રણ કરોડ




અમે તા. ૧૭/૭/૨૦૧૯ સવારે 'જે સામ' કંપનીના ડાયરેક્ટર શામજીભાઈ શીવજી દબાસીયાને મળવા એપોઈન્ટમેન્ટ યુ.કે. કોમ્યુનિટીના પૂર્વાધ્યક્ષ માવજીભાઈ ધનજી વેકરીયા (કેન્ફોર્ડ) મારફતે લીધી હતી. અમારી સાથે યુ.કે કોમ્યુનિટીના બે ટ્રસ્ટીઓ કલ્યાણભાઈ રવજી મેઘજી વેકરીયા, વિનોદભાઈ હરિભાઈ હાલાઈ તેમજ વિલ્સડન સ્વામિનારાયણ મંદિરના ટ્રસ્ટી કાનજીભાઈ ખીમજી જેસાણી ( કે.કે.જેસાણી) જોડાયા હતા. અમે સવારે ૧૧ વાગ્યે જે-સામ, ૧૪ ઓક્સફોર્ડ રોડ પહોંચ્યા ત્યારે તે ઓફિસમાં અમારી રાહ જોતા હતા. અમે પ્રોજેક્ટ વિશે વાત કરી હજી પાંચ જ મિનિટમાં તેમણે ત્રણ કરોડ રૂપિયા જેટલી માતબર રકમનું દાન અમને નોંધવા કહ્યું; યુ.કે.નું આ સૌથી મોટું દાન હતું.અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા આશ્ચર્યમાં મુકાઈ ગયા. સમાજ પ્રેમ સોળેકળાએ ખીલ્યો.. નેતૃત્વને મોટું અનુમોદન મળ્યું આત્મવિશ્વાસ વધ્યો જે આજપર્યંત જળવાયો..

## મુલાકાત


નારણભાઈ શિયાણીના પુત્રોએ સમાજને આરોગ્ય સેવામાં ખાત્રી આપી હતી.


વિલ્સડન સ્વામિનારાયણ મંદિરના મંત્રી શિવજીભાઈ હિરાણી(ફોટડી)

યુ.કે.માં કચ્છના આઠ સ્વામિનારાયણ મંદિરો છે. તેમાં સૌથી જુનું વિલ્સડન સ્વામિનારાયણ મંદિર, કેન્ટન હેરો, સ્ટેનમોર, વુલ્વિચ, કાર્ડિફ, બોલ્ટન, ઓલ્ડહામ, ઈસ્ટ લંડનનો સમાવેશ થાય છે. કચ્છના અમુક હરિભક્તો સનાતન મંદિરે પણ દર્શન કરવા જાય છે. બહુધા સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનતા કચ્છી ભાઈઓને સહજતાથી મળવા અમે આ મંદિરોમાં ગયા હતા.

## એવર ગ્લેડ ગ્રુપના પચાસ લાખ


એવરગ્લેડ વિન્ડોઝ લી.યુ.કે. લંડન વતી વિનોદભાઈ વેલજી ગોપાલ (હિરાણી)-માધાપર રવજી લાલજી પટેલ(વરસાણી)-સામત્રા, રામજી શીવજી પટેલ (દબાસીયા)-માધાપર

એ પહેલાં તા.૧૫/૭/૨૦૨૦ના રોજ અમે એવરગ્લેડ કાચના વ્યવસાય કરતા વિનોદભાઈ, રવજીભાઈ, રામજીભાઈને મળવા એની ઓફિસે લંડન સમય મુજબ ૩:૧૫ વાગ્યે પહોંચ્યા. પ્રથમ તેમના વ્યવસાયને લગતી વાત કરી ફેક્ટરીની વિશેષતા જાણી એક એક વિભાગ જોયો, માહિતી મેળવી, પછી એક ઓફિસમાં બેસી ભુજ સમાજની પ્રગતિ અને પ્રોજેક્ટની ડોક્યુમેન્ટરી બતાવી થઈ રહેલા અને થનાર કાર્યોથી અવગત કરાવ્યા. સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ પ્રોજેક્ટ અને ઉપકરણો ખરીદવા અને ફંડનું વિભાગવાર ફોલ્ડર બતાવ્યું માહિતી આપી.તેમણે કહ્યું ; પછી જણાવશું. બાદમાં આ ગ્રુપે ૫૦ લાખ રૂપિયાનું દાન ક્રિટીકલકેર બે એમ્બુલન્સ માટે નોંધાવ્યું.





સાંજે ૪:૩૭ વાગ્યે અમે અલેકમેક પ્લમ્બીંગવાળા પુરુષોત્તમભાઈ ગામીની દુકાને પહોંચ્યા એમના પુત્રને વિગત સમજાવી માહિતી આપી હતી. પુરુષોત્તમભાઈ પોતે ન મળ્યા, બાદમાં અમે તેમને મળ્યા હતા.

તા.૧૭/૭/૨૦૧૯ સાંજે અમેઝીંગ ટાઈલ્સવાળા ગામ બળદિયાના ગોવિંદભાઈ ને તેમના વેર હાઉસ જઈ મળ્યા. ભુજ સમાજના પ્રોજેક્ટ વિશે માહિતી આપી.

ત્યાંથી ટફ ગ્લેઝ નામથી મોટો વેપાર ધરાવતા ગામ માધાપરના અશોકભાઈ વરસાણી,તથા તેમના ભાઈ ભરત વરસાણીની ફેક્ટરીએ ગયા. મોટાભાઈ અશોકભાઈ ભારતમાં હતા. તેમના



નાનાભાઈ ભરતભાઈ હતા. તેમને પ્રોજેક્ટ સમજાવ્યો અમારી સાથે કેરાના દેવેન્દ્રભાઈ વાઘજીયાણી પણ હતા. ૧૭ તારીખ અમારા માટે ઉત્સાહવર્ધક રહી, કલ્પના પણ નહોતી કરી કે એક વ્યકિત પાંચ-સાત મિનિટની વાતચીતમાં ત્રણ કરોડનું દાન સમાજને આપશે. શામજીભાઈ દબાસીયાએ અમને વાતવાતમાં કહ્યું, હું એમ.એમ.પી.જે હોસ્પિટલ આવતો રહું છું. સમાજની સેવા વિશે માહિતગાર છું. તમે સારું કરો છો દર વર્ષે પાંચેક કરોડનું સેવા બજેટ હોય છે, હવેથી તમને આપીશ.

બીજા દિવસે તા.૧૮/૭/૨૦૧૯ ના વહેલી સવારે આ લખનાર એટલે કે વસંત પટેલને કે.કે.જેસાણીના ઘરેથી લેવા ગોપાલભાઈ ગોરસીયા આવ્યા અને શામજીભાઈએ સહજતાથી આપેલ દાન વિશે ચર્ચા કરી, માણસની નિઃસ્પૃહતા, વિનમ્રતા વાગોળી, ગોપાલભાઈ ગોરસીયા તેમના મિત્ર કલ્યાણભાઈ વેકરીયા (બળદિયા)ના ઘરે ઉતર્યા હતા અને હું કે.કે. જેસાણીના ઘરે.. આ બને ભાઈઓએ અમને સામાજીક નાતે બહુ સાચવ્યા. અમારે આજે સુખપરના નારાણભાઈની ફેક્ટરી જોવા પૂર્વ બ્રિટનના ક્રોલી શહેરમાં જવાનું હતું. પ્લાસ્ટીકની ફેક્ટરી જોઈ પ્રગતિ નિહાળી, ત્યાં નાસ્તો કરતાં કરતાં ભુજ સમાજના પ્રોજેક્ટની ડોક્યુમેન્ટરી તેમના બે પુત્રો અને પરિવારને દર્શાવી પ્રવૃત્તિથી અવગત કરાવ્યા. ત્યાં રજવાડાંનો મહેલ કે જેને હવે પર્યટન સ્થળમાં ફેરવી નખાયો છે તે જોયો.

## તા. ૧૯-૭-૨૦૧૯ વાસ્ક્રોફ્ટ પરિવાર સાથે


યુ.કે. સમાજના પૂર્વપ્રમુખ સ્વ.અરજણભાઈ વેકરિયાના કર્મ સ્થાને સદ્ગતને અંજલિ આપતા ગોપાલ ગોરસીયા



શ્રેષ્ઠીવર્ય શશીકાન્તભાઈ વેકરિયાના પુત્ર મિતુલભાઈ વેકરિયા વાસ્ક્રોફ્ટ હાઉસ લંડન ખાતે કે.કે.પટેલ હોસ્પિટલ પ્રોજેક્ટની ડોક્યુમેન્ટરી નિહાળી રહ્યા છે.

તા.૧૯/૭/૨૦૧૯ના અમે સમાજના અગ્રણી અને પારિવારીક દાતા મૂળ માધાપરના શશીકાંતભાઈ કરશનદાસ વેકરીયાના વાસ્ક્રોફ્ટ હાઉસ

પહોંચ્યા. આ પરિવારે સમાજ માટે જાત ઘસી છે. દાદા કરશનદાસ વેકરીયા જીવનના અંતિમ દિવસોમાં ભુજ સમાજની કન્યાશાળામાં આવતા, બેસતા અને દિકરીઓને શિક્ષણ મેળવતી જોઈ સંતોષ અનુભવતા આ વાતો થઈ શશીકાંતભાઈના પુત્ર મિતુલભાઈ, પુત્રી ચાંદની બહેનને મળ્યા. સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલની વિગતો સમજાવી. ચાંદની બહેને વિશેષ રસ લીધો. ખાત્રી આપી કે અમારા બાપા જે સંસ્થાને દિલથી ચાહી છે એ સંસ્થા અમારા લોહીમાં છે. અમે એને ક્યારેય નહીં ભૂલીએ.

આમ તો આપણે સૌ જાણીએ છીએ કે અરજણભાઈ કરશનદાસ વેકરીયા આ પરિવારના મોભી અને કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે.ના વર્ષો સુધી અધ્યક્ષ રહી સમાજસેવાને વરેલા હતા. હૃદયરોગના હુમલાથી ભારતમાં સ્વર્ગવાસી થયા ત્યારે ન માત્ર તેમના પરિવારને પણ કચ્છી લેવા પટેલ સમાજને કદિ ન પુરાય તેવડી મોટી ખોટ પડી છે જે ક્યારેય પુરાશે નહીં. કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે.ના અધ્યક્ષ રહી ચૂકેલા અરજણભાઈ વેકરીયા બાહોશ વ્યકિત હતા. બ્રિટન હિન્દુ ફોરમના ચેરમેન પદે હિન્દુ વાત કરતા. સત્સંગને સમજતા. ભુજ સમાજના અડીખમ દાતા હતા. તેઓ લંડન ખાતે વાસ્કોકટ હાઉસની જે ઓફિસમાં બેસી કાર્ય કરતા ત્યાં હાલ એનો ફોટો મુકાયો છે અને યાદગીરી રૂપે એ ઓફિસ એમની એમ રખાઈ છે. ત્યાં જઈ ભુજ સમાજવતી અમે શ્રદ્ધાંજલિ અર્પી હતી ત્યારે તેમના પરિવાર સાથે અમારી આંખ પણ નમ થઈ ગઈ..

## તા.૨૧/૭/૨૦૧૯ યુ.કે.લેવા પટેલ કોમ્યુનિટીમાં મિલન



અમારા જુલાઈના પ્રવાસનો અંતિમ દિવસ હતો. યુ.કે. કોમ્યુનિટી નોર્થ હોલ્ટ સંકુલમાં અધ્યક્ષ વેલજીભાઈ વેકરીયાએ બેઠક યોજી હતી જેમાં યુ.કે. કોમ્યુનિટીના સભ્યો, ગામોગામના પ્રતિનિધિઓ પૈકીના હાજર હતા. ત્યાં સૌ પ્રથમ કણબી પાઘથી આગતા-સ્વાગતા થઈ. બાદમાં કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયાએ ભુજ સમાજના તમામ પ્રોજેક્ટની માહિતી આપી અને ૩ નવે. ૨૦૧૯ હસુભાઈ પરિવાર દ્વારા નૂતન શૈક્ષણિક સંકુલ અને ડિસેમ્બર, ૮ ના યોજાનાર કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના ખાતમુહૂર્તનું આમંત્રણ આપ્યું. યુ.કે.કોમ્યુનિટી એ પોતાનો 'ઈન્ડિયાગાર્ડન' પ્રોજેક્ટ સમજાવ્યો. અલ્પાહાર પછી અમે છૂટા પડ્યા.બીજા દિવસે અમે પરત ભારત આવવા રવાના થયા.

ભારત આવી યુ.કે. પ્રવાસની ખાટી-મીઠી વાતો અને અનુભવો વાગોળ્યા એમ લાગ્યું કે આપણે પુરતી તૈયારી સાથે નથી ગયા. પ્રોજેક્ટની ઝીણી ઝીણી માહિતી જોઈએ. એક ફોલ્ડરમાં એ ટુ ઝેડ બધું જ સમાઈ જાય. ગોપાલભાઈએ મને કામ સોંપ્યું. કેશરાભાઈ પીંડોરીયાના માર્ગદર્શન હેઠળ એક દરખાસ્ત (પ્રપોઝલ) બુક તૈયાર કરવામાં આવી જેમાં ઈતિહાસ, ઉદ્દેશ્ય, સુપર સ્પેશિયાલિટી સારવાર શા માટે? હૃદય, કેન્સર, કિડની અને આયુર્વેદ હોસ્પિટલ કેમ બનશે. કેમ ચાલશે..વગેરે..વગેરે તમામ વિગતો આવરી લેતું એક ૧૬ પૈજનું ફોલ્ડર બનાવાયું આ ફોલ્ડર સાથે અમે તા.૨૨/૯/૨૦૧૯ થી ૫/૧૦/૨૦૧૯, ૧૪ દિવસનો બીજો યુ.કે.પ્રવાસ કર્યો.

## દ્વિતિય યુ.કે.પ્રવાસ તા.૨૨/૯/૨૦૧૯ થી ૫/૧૦/૨૦૧૯

કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે.ના અધ્યક્ષ વેલજીભાઈ વેકરીયા, પૂર્વાધ્યક્ષ માવજીભાઈ (કેન્ફોર્ડ) ધનજી વેકરીયા, ટ્રસ્ટી કલ્યાણભાઈ રવજી મેઘજી વેકરીયા, વિનોદભાઈ હરીભાઈ હાલાઈ તથા સહયોગી સભ્યોના અનુરોધથી યુ.કે. કોમ્યુનિટીના મેગા પ્રોજેક્ટ 'ઈન્ડિયાગાર્ડન' ના પ્રારંભ પ્રસંગે તા.૨૦/૯/૨૦૧૯ થી ૫/૧૦/૨૦૧૯, ૧૪ દિવસનો સમાજ સંપર્ક પ્રવાસ કરવામાં આવ્યો. આ પ્રવાસમાં કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ માવજી ગોરસીયા, સમાજ ઉપપ્રમુખ માવજીભાઈ ધનજી રાબડિયા અને સમાજ મેગેઝીનના તંત્રી વસંતભાઈ ગોપાલ પટેલ જોડાયા હતા. આ પ્રવાસની તારીખવાર વિગત આ પ્રમાણે છે.

### તા.૨૨/૯/૨૦૧૯,રવિવાર, યુ.કે. કોમ્યુનિટી 'ઈન્ડિયા ગાર્ડન પ્રોજેક્ટ'

કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે દ્વારા નોર્થહોલ્ટ ખાતે ૧૭ એકર સમાજભૂમિમાં પ્લાનિંગ મંજૂર થયેથી બાંધકામની વિગતો દર્શાવતો પ્રોજેક્ટ ૬ થી ૭ હજાર જ્ઞાતિજનોની હાજરીમાં પ્રસ્તુત કર્યો હતો. આ પ્રસંગે ભુજ સમાજના પ્રતિનિધિ તરીકે ત્રણ સભ્યો હાજર રહ્યા હતા. જેમાં ગોપાલભાઈ ગોરસીયાએ કંપની તરફથી ૫૦ લાખ રૂપિયાનું દાન નોંધાવ્યું હતું.



વસંતભાઈ પટેલે ૧૦૦૦ પાઉન્ડ જાહેર કર્યા હતા. ૧૨૦ કરોડ રૂપિયાના અંદાજીત ખર્ચવાળા આ પ્રોજેક્ટ માટે યુ.કે.વાસી જ્ઞાતિજનો ને ઘર દીઠ ૨૦૦૦-૨૦૦૦ પાઉન્ડ દાન કરવા અપીલ કરાઈ હતી. અહીં રમતગમત, સાંસ્કૃતિક- સામાજિક હોલ, વડીલો માટે આરામ કક્ષ, જીમ, રેસ્તોરાં, ભોજનાલય સહિતની સુવિધાઓ થનાર છે. આ દિવસે હીરજીભાઈ હીરાણી (કિંગ્સબરી ફ્રુટ એન્ડ વેજ) ને પ્રસંગનું આમંત્રણ અપાયું તેમણે ૨૦૧૮ ગરિમા મહોત્સવની સાક્ષીએ કે.કે.પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ માટે ૭૫ લાખ રૂપિયાનું દાન આપ્યું છે.






ભુજ સમાજના નૂતન શૈક્ષણિક સંકુલ અને કે.કે.પટેલ હોસ્પિટલ ખાતમુહુર્તનું આમંત્રણ યુ.કે ખાતે દાતા હિરજીભાઈ હિરાણી (કીંગ્સબરી ફ્રુટ એન્ડ વેજ)ને આપી રહેલા સમાજના શ્રેષ્ઠીવર્ય વડિલ દેવશીભાઈ કરશન હાલાઈ(ગોડપર) લંડન નોર્થ હોલ્ટ ખાતે. ઈન્સેટમાં વિગતો દર્શાવતી પ્રપોઝલ બુક

## તા.૨૩/૯/૨૦૧૯ શશીકાન્તભાઈ વેકરિયાની મુલાકાત ૨.૫ કરોડ રૂપિયાની આરોગ્ય સેવા જાહેર કરી.



યુ.કે વાસ્ક્રોફ્ટ ખાતે ડાબેથી વસંત પટેલ, દાતા પરિવારના યુવા બિઝનેશમેન મિતુલ વેકરિયા મહિલા શક્તિ પ્રોજેક્ટ ચેરમેન (ફાઈનાન્સ) ચાંદની વોરા (વેકરિયા) ગોપાલ ગોરસીયા, ભુજ સમાજના ઉપપ્રમુખ માવજી રાબડિયા

અગાઉથી નક્કી થયા મુજબ અમે કોઈપણ જાહેર ફંડ ન કર્યો પણ ઘર ઘર (ડોર ટુ ડોર) જઈ, ઓફિસે-ઓફિસે જઈ એક એક વ્યકિતનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો તે ક્રમે ૨૩/૯/૨૦૧૯ના સવારે અમે સમાજના મૂળભૂત દાતા કરશનભાઈ વેકરીયાના પૂત્ર શશીકાંતભાઈ કરશનદાસ વેકરીયા, પૂત્ર મિતુલ, પૂત્રી ચાંદનીબહેનને વાસ્ક્રોફ્ટ હાઉસમાં મળવા ગયા. આ લખનાર એટલે કે વસંત પટેલ, અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા અને સમાજના ઉપપ્રમુખ માવજીભાઈ રાબડીયા અને યુ.કે. કોમ્યુનિટીના ટ્રસ્ટી કલ્યાણભાઈ રવજી મેઘજી વેકરીયા સાથે હતા. વાસ્ક્રોસ્ટમાં આ અમારી બીજી મુલાકાત હતી. ગત જુલાઈમાં પણ અમે બેઠક કરી હતી. આ વખતે અમારી લાગણી સમજી શશીકાંતભાઈ વેકરીયાએ પુત્રી ચાંદનીબેનને કહ્યું; હા તમે યોગ્ય લાગે તે આંક જાહેર કરો, મારી સહમતી જ છે. ચાંદની બહેને ૨.૫ કરોડ રૂપિયાનો એક વિભાગ ઓન્કોલોજી ઓ.ટી કે જ્યાં કેન્સરની સારવાર થશે એ જાહેર કર્યો આ રીતે યુ.કે.ની અમારી વિઝીટ સફળતાના સોપાન સર કરતી રહી.

આવી રીતે અમે સૌને મળતા રહ્યા, દાનની સરવાણી નોંધાતી રહી, અમારો ધ્યેય નાણાં ભેગા કરવાનો હતો જ નહીં. માહિતી આપવાનો હતો. અમારો એપ્રોચ સરળ-નિખાલસ રહ્યો, કોઈને શાબ્દીક આગ્રહ પણ કર્યો નથી. માત્ર ફોલ્ડર આપતાં તેમાં બધી વિગતો લખેલી જ હતી. એવરગ્લેડ વિન્ડોઝ લી.યુ.કે. લંડન વતી વિનોદભાઈ વેલજી ગોપાલ (હિરાણી)-માધાપરરવજી લાલજી પટેલ(વરસાણી) - સામત્રા, રામજી શીવજી પટેલ (દબાસીયા)-માધાપરને અમે એમની ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલ ઓફિસે ફરી મળવા ગયા. તેમણે ૫૦ લાખ રૂપિયાનું દાન નોંધાવ્યું, અમને આટલો વ્યાપક સહયોગ મળ્યો. સાંજ પડી ગઈ હતી અમે જ્યાં ઉતર્યા હતા તેના ઘરે પરત આવ્યા.

### માધાપરે મોટપ બતાવી

ચોવીસીમાં માધાપર ગામ હંમેશા પ્રેરક રહ્યું છે, એનો માહોલ જ તંદુરસ્ત અને સ્વતંત્ર વિચાર સાથેનો છે. ૧૯૬૫માં કચ્છી લેવા પટેલ સમાજ ભુજની સ્થાપના પણ માધાપરમાં જ થઈ હતી. યુ.કે.ની અમારી મુલાકાતમાં મોટું દાન સમાજને માધાપરે આપ્યું હતું. અમારી લાગણીને સમજી, પ્રોજેક્ટ અંગે પૂરતો વિચાર કરી સમજપૂર્વક અપાયેલા આ દાનના પ્રવાહે સંસ્થાના કાર્યકરોનો વિશ્વાસ. જવાબદારી અને જોમ બંન્ને વધારી દીધા.



**૨૯/૯/૨૦૧૯**ના અમે લેક્સકોન હાઉસ પહોંચ્યા. લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી દ્વારા બ્રિટનના સ્થાપિત લેક્સકોન કન્સ્ટ્રકશન કંપનીના ડાયરેક્ટર તેમના પૂત્ર કલ્યાણભાઈ રાઘવાણી છે. તેમને માહિતી આપી. શિક્ષણમાં પણ સમાજ ઓછી ફિ એ ભણાવે છે. તે વાત કરી. હોસ્પિટલ ખાતમુહૂર્તમાં હાજર રહેવા આમંત્રણ અપાયું.

સમાજ સંપર્કની અમારી આ મુલાકાતમાં અમારું ધ્યેય વધુમાં વધુ જ્ઞાતિજનોને રૂબરૂ મળવાનું હતું. જુલાઈ અને સપ્ટેમ્બરના અનુક્રમે ૧૦ અને ૧૫ દિવસના પ્રવાસમાં અમે લંડન બ્રિજ કે કોઈ બાગ બગીચા સુધી પણ નહોતા ગયા. થાક લાગે તો ક્યારેક કોઈ નજીકના શોપીંગમોલમાં બેસતા કાંતો પાર્કિંગ જ કોઈ શોપીંગ મોલમાં મળતી ત્યાં થોડો સમય આરામ કરી લેતા એપોઈન્ટ પ્રમાણે રોકાતા.

**તા.૨૪/૯/૨૦૧૯**

અમે નક્કી કરેલા દાતાઓને વોટ્સએપથી મેસેજ કરતા કે તમને અમે મળવા માંગીએ છીએ જે એપોઈન્ટમેન્ટ આપે તેને મળવા સમયસર પહોંચી જતા હતા. લંડનમાં તો નાના કામ માટે પણ એપોઈન્ટમેન્ટ વગર ન જવાની રીત છે એ અમોએ બરોબર પાડી હતી. સગા કે નજીકના મિત્રને પણ મળવા વિનંતી કરતા એ કહે ત્યારે વિનયપૂર્વક મળતા, કોઈ દાન આપે કે ન આપે અમારો કોઈ જ આગ્રહ-અપેક્ષા હતી જ નહીં. હોસ્પિટલનું કામ ઈશ્વરીય છે, ભગવાન પોતે કર્તા છે એવો અનુભવ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયાને થયો તેમણે વાતવાતમાં કહ્યું; મને કલ્પના પણ નહોતી કે ઈંગ્લેન્ડમાં આપણાં ભાઈઓ આવડું મોટું યોગદાન આપશે. પૂર્વાનુભવ એવો રહ્યો છે કે મોટાં મોટાં દાન આફ્રિકાવાસીઓ જ આપે.. પણ આ માન્યતા ભૂંસાઈ ગઈ. ૨૭/૯ અમારે કાર્ડિફ,માન્ચેસ્ટર, બોલ્ટન, ઓલ્ધામ તરફ જવાનું હતું. દિવસો ઘટતા જતા હતા. આજે ૨૪ તારીખ હતી અમે લંડનમાં જ સૌને મળવા પ્રયત્ન કર્યો. કોઈ એમ કહે કે હું તમને ફ્રી થાઉં એટલે બોલાવીશ. એની રાહમાં અમે કલાકો સુધી તેમની ઓફિસ નજીકના રસ્તાઓમાં રહેતા અને એનો મેસેજ આવે કે તરત પહોંચી જતા હતા.

આમ તો સતત અમારી સાથે રહેનાર, સંભાળ રાખનાર વિનોદ હરિભાઈ હાલાઈ (યુરોકેન) કે જેઓ ભુજ સમાજના પૂર્વ પ્રમુખ હરિભાઈ કેશરા હાલાઈના પુત્ર છે તેમની ઓફિસે મળવા પહોંચ્યા. હરિભાઈ હાલાઈ સમાજના શિર્ષદાતાઓ પૈકીના છે. તેઓનો બહોળો પુત્ર ભાઈ પરિવાર મોમ્બાસામાં છે અને લંડનમાં પણ છે. બાંધકામ સંલગ્ન હાર્ડવેરમાં યુરોકેનનું નામ છે. તેમને મળી વિગતો અપાઈ હતી.



યુરોકેન યુ.કેના ડાયરેક્ટર અને કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કેના ટ્રસ્ટી વિનોદભાઈ હરીભાઈ હાલાઈ, કલ્પેશભાઈ ખીમજી હાલાઈને આમંત્રણ આપતા ભુજ સમાજના કાર્યકરો

## તા.૨૫/૯/૨૦૧૯, શામજીભાઈ દબાસીયાની મુલાકાત



કે.કે.પટેલ હોસ્પિટલે માટે ત્રણ કરોડ રૂપિયાનું ઐતિહાસિક દાન આપનાર શામજીભાઈ શીવજી દબાસીયા (જે-સામ) ને ફરીવાર મળી પૂરતી વિગતો અને ડિસેમ્બરમાં ખાતમુહૂર્તનું રૂબરૂ આમંત્રણ આપવા પહોંચ્યા ત્યારે અમારી સાથે ભુજ સમાજના કારોબારી સભ્ય દેવશીભાઈ કરશન હાલાઈ જોડાયા હતા. તેમણે પણ ૧૦ લાખ રૂપિયાનું દાન રૂમ પેટે નોંધાવ્યું હતું. ગોપાલભાઈ ગોરસીયાએ શામજીભાઈએ હોસ્પિટલ નિર્માણની વિગતો ઝીણવટપૂર્વક સમજાવી હતી અને સૂચનો નોંધ્યા હતા. બાંધકામના વિશાળ પ્રોજેક્ટનો બૃહદ અનુભવ ધરાવતા સામજીભાઈ લંડનના બિઝનેશ વર્તુળોમાં શામ પટેલ તરીકે ઓળખાય છે. તેમના પુત્ર વ્યવસાયમાં તેમની સાથે છે. ખૂબ મોટું ક્ષેત્ર ધરાવનાર માધાપરના આ આગેવાન ખૂબ સંઘર્ષ કરી આગળ આવ્યા છે. જાતે કડીયાકામથી કારકિર્દી શરૂ કરનાર શામજીભાઈ આજે બ્રિટનમાં સૌથી મોટા બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર હોવાનું લોકો કહે છે. તેમણે ભુજ સમાજની આરોગ્ય પ્રવૃત્તિમાં ખૂબ રસ લીધો. પડદા પાછળ મજબૂત સાથ આપનાર સામજીભાઈ દબાસીયા અચ્છા વિચારક, ફિલોસોફર અને ગાઈડની ભૂમિકામાં છે.

## ૨૫/૯/૨૦૧૯

સવારના ૯:૩૦ ની આસપાસ અમે સેન્ટ લ્યૂક્સ કેર હોમની મુલાકાત લીધી હતી. અહીં રામપર-વેકરાના રમેશભાઈ ભંડેરી ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. એમનો આગ્રહ હતો કે અહીંની વ્યવસ્થાઓ જોવી જોઈએ અમે પહોંચ્યા, ત્યાંના સ્થાનિક સંચાલક અંગ્રેજ હતા તેમણે અહીં થતી નિ:શુલ્ક સેવાની વિગતો આપી હતી.




તા. ૨૫/૯/૨૦૧૯

કેન્ટન હેરોમાં આવેલ આ કેર હોમ આમ તો હોસ્પિસ તરીકે સેવારત છે. એમાં અસાધ્ય રોગથી ગ્રસ્ત અને મૃત્યુની રાહ જોતા દર્દીઓને પીડા રહીત અંતિમ દિવસો પસાર કરવાની સગવડ અપાય છે. સેવા થાય છે. રમેશભાઈ ભંડેરીએ કહ્યું; અહીં ચોવીસીના આપણાં ભાઈઓ બહેનો આર્થિક અને તન મનથી સેવા કરવા આવે છે. દર્દી પીડાથી ગુસ્સે થઈ જાય તોપણ સ્ટાફ પ્રેમથી સંભાળ લે છે. આ સેવાનો કોઈપણ ચાર્જ લેવાતો નથી. અહીંની સ્વચ્છતા અને સેવા જોઈ આનંદ થયો. અમે પણ અહીંના કાર્યકરો-સંચાલકોને સમાજની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં થનાર કિડની, કેન્સર, કાર્ડિયાક, આયુર્વેદની વિગતો સમજાવી હતી.



મૂળ કચ્છ ચોવીસીના ભરતભાઈ પિંડોરીયા યુ.કે.માં સોલીસીટર છે. અનેક વિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ભુજ સમાજે નવા પ્રોજેક્ટથી તેમને લંડન ખાતે તેમની ઓફિસે જઈ માહિતગાર કર્યા હતા.

તા.૨૫/૯ના અમે લંડનમાં વકીલ અને સામાજિક-ધાર્મિક સેવામાં પ્રવૃત ભરતભાઈ પિંડોરીયાને મળ્યા.




ગામ કેરાના લંડનવાસી અરવિંદભાઈ લાલજી હાલાઈ (ડાયરેક્ટર GXI) તથા જયંતીભાઈ યુવા બિઝનેશમેન છે તેમને ભુજ સમાજના પ્રોજેક્ટ સમજાવ્યા હતા. એમણે અમારા એપ્રોચને યોગ્ય ગણાવ્યો હતો.



સુખપર ગામના બિઝનેશમેન મુકેશ લાલજી કણબી(ટ્રીપલ સીલ ગ્લાસની)સમાજહિતમાં મુલાકાત લીધી હતી.

## કે.કે. જેસાણી(બળદિયા), કલ્યાણભાઈ વેકરીયા(બળદિયા), કાન્તિભાઈ મેઘજી પટેલ-સુખપર સહયોગ

અમારી યુ.કે. મુલાકાતમાં ત્રણ વ્યકિત અમારો પડછાયો બની સાથે રહ્યા ગોપાલભાઈ ગોરસીયા,તેમના મિત્ર કલ્યાણભાઈ વેકરીયાના ઘરે ઉતર્યા હતા જ્યારે વસંતભાઈ કે.કે.જેસાણીને ત્યાં હતા. આ બન્ને આગેવાનો મૂળ તો કચ્છ સત્સંગના મોભી પિતાના પૂત્રો છે. રવજી મેઘજી વેકરીયા ભુજ સમાજના દાતા રહ્યા છે તેથી સમાજ સેવા નસનાડમાં છે. ખીમજીભાઈ જેસાણી દાયકાઓ સુધી બળદિયાની કરશન ગોપાલ જેસાણી હોસ્પિટલમાં ટ્રસ્ટી પદે કામ કર્યું. સમાજસેવાથી તેઓ પણ ચિરપરિચિત હતા. તેમના પુત્ર કે.કે.જેસાણી વેમ્બલીમાં રહે છે, સત્સંગી દાતા છે. વિલ્સડન સ્વામિનારાયણ મંદિરનું ભક્તિ-ધર્મ કેર હોમ તેમની અથાગ મહેનતે સાકાર થયું છે. કે.કે. જેસાણીએ કે.કે.સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ડે કેર વિભાગ માટે એક કરોડ રૂપિયાનું દાન જાહેર કર્યું હતું. જ્યારે કલ્યાણભાઈ રવજી વેકરીયાએ પણ એક કરોડની સખાવત લેબોરેટરી વિભાગ માટે કરી છે. અમને દરેક જગ્યાએ લઈ જવામાં, પ્રેમથી રાખવામાં અને અમારી સમાજ નાતે સગવડ માટે આ બન્ને આગેવાનોએ સમયનો ઘણો ભોગ આપ્યો હતો. નવા નવા દાતાઓની ઓળખ કરાવી, મળાવ્યા, વાત ગળે ઉતરાવી, પાછળથી સંપર્ક જાળવી રાખ્યો, સેતુ બનનાર આવી અનેક નિઃસ્વાર્થ સેવાથી સમાજનો વિકાસ શક્ય બન્યો છે. કરોડના દાન પણ આપે, અન્યો પાસેથી અપાવે, પોતાની કારથી સમય ફાળવે અને પોતાના ઘરમાં સાચવે, સગવડ કરે આવી તન, મન, ધનની સેવા એમણે કરી છે. અલબત્ત આવા દાતા આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, યુ.કે દેશમાં દરેક જગ્યાએ છે આપણા સમાજની મજબૂતીનું એક કારણ એ પણ છે.

અમારી સપ્ટેમ્બરની મુલાકાત વખતે કે.કે.જેસાણી ભારત હતા. એટલે અમે બળદિયાના જાદવજીભાઈ ગાજપરીયાને વિનંતી કરી તેમણે અને તેમના પત્ની પ્રેમિલાબેને જરા પણ ખચકાટ વગર અમને ૧૫ દિવસ સાચવ્યા એ પણ મોટી સમાજસેવા છે. તેમના પુત્ર વિનોદભાઈ ગાજપરીયા, પ્રવિણભાઈ ગાજપરીયાને અમે પ્રોજેક્ટ સમજાવ્યો, જાદવજીભાઈ સતત માહિતગાર રહેતા હોય છે. ગામ સુખપરના કાન્તીભાઈ મેઘજી પટેલ અમને કાર્ડિફ, બોલ્ટન, ઓલ્ડહામ લઈ ગયા હતા. સમાજના ઉપપ્રમુખ માવજીભાઈ રાબડિયાના અનુરોધથી તેણે આ સેવા કરી હતી.

## હર હર સમાજ ઘર ઘર સમાજ



**''હર હર સમાજ ઘર ઘર સમાજ'' સૂત્ર સાકાર કરતાં યુ.કે વાસી લેવા પટેલોના ઘર ઘર જઈ સમાજની પ્રવૃત્તિ સમજાવાઈ હતી. સમાજ સેવાનો સંદેશ જાણી જ્ઞાતિજનોએ આનંદ વ્યકત કર્યો હતો. યુ.કે. પ્રવાસમાં ભુજ સમાજના કાર્યકરોએ અવિરત સંપર્ક કર્યો હતો.**

## ટફ ગ્લેઝ-લંડનઃ અશોકભાઈ તરફથી એક કરોડ



તા.૨૭/૯/૨૦૧૯





તા.૨૭/૯/૨૦૧૯ વહેલી સવારે વેલ્સ તરફ પ્રયાણ હતું. પણ સવારે ૮:૩૦ વાગ્યે ટફગ્લેઝ અશોકભાઈ વરસાણી (માધાપર)નું એપોઈન્ટમેન્ટ ફિક્સ થયું. ગત મુલાકાતમાં તેઓ અમને મળ્યા ન હતા. માતાની સેવામાં માધાપર હતા. અમે તેમને ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં મળવા પહોંચ્યા. ગરમ કોફી-ચા થી અમને આવકાર્યા મિનરલ વોટરની બોટલના ઢાંકણાં જેવડા કપમાં ચા-કોફી પીવા ટેવાયેલા અમે જગ જેવા મગ ભરીને પીરસાતી કોફી-ચા ક્યારે ખૂટશે તેવી ચિંતામાં વિવેકપૂર્ણ પી જતા. કોઈને ખરાબ ન લાગે તેનું ધ્યાન રાખ્યું, ફેક્ટરીની મુલાકાત લીધી. સંભવતઃ ટફ ગ્લેઝ બ્રિટનમાં પ્રથમ દસ કાચ વેરહાઉસમાં સ્થાન પામે તેવડું છે. બ્રિટનની ખ્યાતનામ બિલ્ડીંગો એમના કાચથી શોભે છે. અનેક પ્રકારની ટ્રીટમેન્ટ સાથેના કાચની દુનિયા જોઈ અમને કણબીઓની પ્રગતિ પ્રત્યે માન થયું. તેમણે તેમના પૂત્ર અને વર્ષોથી વફાદાર નોકર સાથે મળાવ્યા. અશોકભાઈ વૃદ્ધ માતાની સેવામાં એટલા તત્પર છે કે માધાપરમાં રહેતાં માની ખબર રાખવા કેમેરા ફિટ કરાવ્યા છે. લંડનમાં બેઠાં બેઠાં, આપણી સાથે વાત કરતાં કરતાં થોડી થોડીવારે જોઈ લે છે. માતાની આવી સેવા મોટા બિઝનેસમેનના ભાગ્યમાં હોય તે પણ પ્રેરક વાત છે. અશોકભાઈએ અમને સહયોગની ખાત્રી આપી હતી. અમારી સાથે એમના મિત્ર અને અમારા યજમાન કલ્યાણભાઈ વેકરીયા હતા એટલે કામ સરળ રહ્યું, અમે પ્રોજેક્ટ-નકશા સમજાવ્યા. તેમણે એક કરોડની સેવા કરી છે.

અમે પ્રોજેક્ટ સમજાવ્યો તેણે કહ્યું ; કાચનો ઉપયોગ કરતા હો તો હું તમને જોઈએ તેટલો કાચ બ્રિટનથી પહોંચતો કરીશ. સાથ આપવાનો તેમનો ઉત્સાહ અનેરો અનુભવાયો.

# કાર્ડિફ, બોલ્ટન, ઓલ્ધામ તરફ પ્રયાણ

સમાજ સંપર્ક યાત્રાનો અમારો અંતિમ પડાવ કાર્ડિફ, બોલ્ટન, ઓલ્ધામ તરફ હતો. તા. ૨૭/૯/૨૦૧૯ વહેલી પરોઢે અમારે જવાનું હતું. આગળના દિવસોમાં ચર્ચા કરતા રહ્યા કે આપણને વેલ્સ (દક્ષિણ) અને બોલ્ટન ( ઉત્તર)ની૭૦૦ કી.મી. થીવધુની લાંબી યાત્રા કોણ કરાવશે. સમાજ ઉપપ્રમુખ માવજીભાઈ રાબડિયા સુખપરના છે તેના મિત્ર અને ભુજ સમાજના પૂર્વ પ્રમુખ એવા સ્વ. મેઘજી રામજી પટેલના પુત્ર કાન્તીભાઈ પોતાની બી.એમ.ડબલ્યુ લક્ઝરિયસ કાર લઈ સાથે ચાલ્યા તેમણે સતત બે દિવસ કલાકો સુધી ડ્રાઈવિંગ કરી અમારું કામ સરળ બનાવવામાં યોગદાન આપ્યું હતું. પિતાના સમાજસેવાના સદ્ગુણ કાન્તીભાઈએ પચાવ્યા છે એ સાબિત થયું.



૨૭/૯/૨૦૧૯, કાર્ડિફ સમય સાંજે ૭:૧૫ કલાકે

કાર્ડિફ મંદિરમાં કે.કે.પટેલ હોસ્પિટલની માહિતી બુક વિમોચીત કરાઈ હતી તે પ્રસંગે મંદિરના પ્રમુખ મનસુખભાઈ, સભ્ય પ્રદ્યુમનભાઈ, અગ્રણી પ્રવિણભાઈ લાલજી પિંડોરીયા,કાન્તીભાઈ સહિત સ્થાનિક તથા ભુજ સમાજના સભ્યો.

ટફ ગ્લેઝ અશોકભાઈને મળી લીધા પછી અમે કાન્તીભાઈ મેઘજી રામજી પટેલની કારમાં વેલ્સ તરફ હંકાર્યું..હરિયાળા રસ્તા, મીઠો વરસાદ, સુગંધી વાતાવરણ આમેય બ્રિટનમાં વાતાવરણ ઝડપથી બદલ્યા કરે, એટલું ખરું કે લોકોને ખબર જ હોય કે આજે 'વેધર' કેવું રહેશે, કલાક કલાકની જાણકારી સાથે સખત મહેનત કરતા અહીંના લોકો ખરેખર શ્રમને સાધ્યો છે. જે દિવસે તડકો નીકળે તે દિવસને અહીં સારો દિવસ ગણાય છે. લોકો બોલતા સંભળાય કે આજે સારો દિવસ છે. કચ્છમાં જેમ મેઘતૃષ્ણા છે તેમ બ્રિટન અને યુરોપના અમુક દેશોમાં સૂર્યતૃષ્ણા છે.

વાતો કરતાં કરતાં સડસડાટ ઉડતી બી.એમ.ડબલ્યુ કાર વેલ્સના વિશાળ માર્ગો તરફ ગતિ કરતી હતી. વચ્ચે ખેતરોમાં ચરતી ગાયો, ખેતરો ચીરતી કાર ઘઉંના પરાળના ગોળ ચકરડા સારાં દશ્યો સર્જતા હતા. અમે સાંજે ચારેક વાગ્યે કાર્ડિફ પહોંચ્યા, ભૂખ લાગી હતી, વરસાદ વરસતો હતો. ગુગલ મેપમાં ભારતીય રેસ્ટોરાં શોધ્યો, ગોઠવાયા પણ ઠંડો અને વિચિત્ર સ્વાદવાળો નાસ્તો દેખાવમાં સારો પણ ગળે ન ઉતર્યો બે-ત્રણ નાસ્તા



બદલાવ્યા પણ તૃપ્તિ ન થઈ. બાદમાં મૂળ મિરઝાપરના પ્રવિણભાઈ પિંડોરીયા કે જેઓ કાર્ડિફ સમાજના કારોબારી સભ્ય તરીકે સમાજસેવા કરતા આવ્યા છે તેમના ઘરે પહોંચ્યા. ચા-પાણી પી અમે કાર્ડિફની જેટી જોવા ગયા સ્વચ્છ હવા પાણી કુદરતી  પરીવેશમાં રૂપકડું કાર્ડિફ શોભતું શહેર છે. અહીં પાંચસો કણબી રહે છે. મંદિર છે. સમાજ છે. સાંજે કાર્ડિફ સ્વામિનારાયણ મંદિરમાં જ્ઞાતિજનોને મળ્યા. આરતી-પૂજન પછી વિધિવત ચર્ચા થઈ.

ભુજ સમાજે છેલ્લા બે વર્ષમાં સાધેલી પ્રવૃત્તિની વિગતો સમાવતી ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી. ગોપાલભાઈ ગોરસીયાએ કૃષિમોલ, નૂતન સંકુલ, સુપર સ્પે.હોસ્પિટલ, સુવિધાકાર્ડ, દાતાકાર્ડ, અંગ્રેજી માધ્યમ સ્કૂલ સહિતની માહિતી આપી. સૌ પ્રશ્નસત્રમાં જોડાયા. કાર્ડિફ મંદિરના પ્રમુખ મનસુખભાઈ, સભ્ય પ્રદ્યુમનભાઈ, અનુપભાઈ સૌએ સાથ આપ્યો. સભામાં ભાઈ-બહેનોની બહોળી હાજરી હતી. સભા પૂરી કરી અંધારું થવા આવ્યું હતું. પ્રવિણભાઈને ત્યાં ભોજન પતાવી રાત્રીવોક પર નીકળ્યા. કાર્ડિફમાં હર્ષિદાબેન અને નૈષેધ વેકરીયાએ ભુજ સમાજની  MMPJ હોસ્પિટલમાં નર્સિંગ સેવા મુલાકાતી ધોરણે આપવાની ઈચ્છા વ્યક્ત કરી, તેમણે કહ્યું અમારે કચ્છ આવી દર્દીઓની સેવા કરવી છે. અમે તેમની ભાવનાને આવકારી આવવા કહ્યું.

## તા.૨૮/૯/૨૦૧૯, સવારે ૯:૩૦, કાર્ડિફ લેવા પટેલ સમાજની મુલાકાત

બીજે દિવસે સવારે અમારે બોલ્ટન તરફ જવાનું હતું. સવારના કાર્ડિફ લેવા પટેલ સમાજની મુલાકાત લીધી. સમાજ પ્રમુખ રાજેશભાઈ કેરાઈએ માહિતી આપી. નવરાત્રી, સાંસ્કૃતિક કાર્યક્રમોની તૈયારી થઈ રહી હતી. કાર્ડિફમાં આપણું સમાજ સક્રિય છે. સારી વ્યવસ્થાઓ છે. ગોપાલભાઈએ સમાજ વિકાસની માહિતી આપી હતી. મુલાકાત  પૂર્ણ કરી અમે બોલ્ટન તરફ પ્રયાણ કર્યું. લાંબા રસ્તા પણ સારા, ક્યાંય ખાડો નહીં,

# કાર્ડિફ લેવા પટેલ સમાજ સાથે બેઠક

તા. ૨૯-૯-૨૦૧૯ સવારે ૯:૩૦ કાર્ડિફ












ઉપરની પાંચ તસવીરમાં કાર્ડિફ લેવા પટેલ સમાજ ખાતે ભુજ સમાજ કાર્યકર્તાઓની એક બેઠક યોજાઈ હતી. એમાં ભુજ સમાજની તમામ પ્રવૃત્તિઓની માહિતી અધ્યક્ષ ગોપાલભાઈએ આપી હતી. સમાજના કાર્યકરોએ પ્રમુખ રાજેશભાઈ કેરાઈ તથા કારોબારી સભ્યોને ભુજ સમાજના આરોગ્ય અને શૈક્ષણિક અભિયાનમાં સહયોગી થવા અપીલ કરી હતી. અંતિમ તસવીર ગામ મિરઝાપરના પ્રવિણભાઈ લાલજી પિંડોરીયાના ઘરની છે. જ્યાં સમાજ ઉત્થાન માટે કાર્ડિફના સંકલનની ચર્ચા કરાઈ હતી.

યોગ્ય સાઈન બોર્ડ, ક્યાંક વરસાદ તો ક્યાંક તડકો અમે સાંજે બોલ્ટન પહોંચ્યા યજમાન અને મંદિર પ્રમુખ મનજીભાઈ ગાંગજી હાલાઈ (કુન્દનપર) ના ઘરે ચા પીધી ત્યાંથી મંદિરમાં સાંધ્યસભામાં ભાગ લીધો. ડોક્યુમેન્ટરી બતાવી, માહિતી આપી. અહીં રામપર-વેકરાના દાતા લક્ષ્મણભાઈ હિરાણી મળ્યા, મંદિરે સન્માન કર્યુઃ અમે ડિસેમ્બરના ખાતમુહૂર્તનું આમંત્રણ આપ્યું અને નવા પ્રોજેક્ટની માહિતી આપી. અહીંના જ્ઞાતિજનોએ હાલની લેવા પટેલ હોસ્પિટલમાં જગ્યાના અભાવે બિનનિવાસી કણબીઓને ભારે અગવડ પડી રહ્યાનો આક્રોશ વ્યક્ત કર્યો, સુધારાની ખાત્રી અપાઈ, પ્રશ્નોત્તરી થઈ અને આવી જ રીતે ઓલ્ધામ સ્વામિનારાયણ મંદિર પહોંચ્યા, રાત થઈ ગઈ હતી. બોલ્ટન પ્રમુખ મનજીભાઈ હાલાઈ, ઓલ્ધામ પ્રમુખ હિતેશભાઈ ભુડિયા, માન્ચેસ્ટરના માધવજી ભુડિયા સાથે રહી સહયોગ આપ્યો બંન્ને મંદિરોમાં સવિશેષ વિગતો અપાઈ.ઓલ્ધામ મંદિર પ્રમુખ હિતેશભાઈ ભુડિયા પોતે સેનેગલ-ગામ્બીયા હતા પણ તેણે વ્યવસ્થા ગોઠવી આપી હતી.

બોલ્ટન કચ્છીઓ સુખાકારીનું પ્રવેશદ્વાર રહ્યું છે. ૧૯૭૧, પછી બ્રિટન આવતા શરણાર્થી કેમ્પ બોલ્ટન બાજુ વિશેષ હતા. ઘણાં લંડન અહીંથી સ્થળાંતરિત થઈ ગયા. ૮૦ થી ૯૦ના દાયકામાં બોલ્ટન, માન્ચેસ્ટર, ઓલ્ધામમાં કચ્છીઓની સંખ્યા વધુ હતી. પણ ધીમે ધીમે તેઓ મુખ્ય શહેર લંડન બાજુ સ્થળાંતરીત થઈ ગયા. તેમ છતાં હાલ અહીં સારી સંખ્યા છે.

બોલ્ટનમાં કચ્છી લેવા પટેલ સમાજનું મકાન છે. સમાજ સક્રિય છે. નવરાત્રી સમાજહોલમાં થાય છે. અમે પસાર થયા ત્યારે શણગાર કરાઈ રહ્યો હતો.



બોલ્ટન સ્વામિ.મંદિર



ઓલ્ડહામ સ્વામિ.મંદિર

(૧) બોલ્ટન સ્વામિનારાયણ મંદિરમા પ્રમુખ મનજી ગાંગજી હાલાઈ તથા દાતા લક્ષ્મણભાઈ વાલજી હિરાણી ના હાથે સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલની માહિતી બુક ખુલી મુકાઈ હતી. (૨) તસવીર ઓલ્ડહામ સ્વામિનારાયણ મંદિરની છે. ઉપસ્થિત લેવા પટેલ હરિભક્તોને વિગતવાર પ્રોજેક્ટ સમજાવાયો હતો. હાલની આરોગ્ય સેવામાં સુધારો કરવા અને દાતાઓને તેમજ જ્ઞાતિજનોને છૂટછાટ આપવા લાગણી વ્યકત થઈ હતી. ખાસ તો હોસ્પિટલમાં પ્રતિક્ષા વધુ કરવી પડતી હોવાની નારાજગી હતી. તસવીરો તા. ૨૮-૯-૨૦૧૯, સાંજે ૮:૦૦ કલાકે

૨૯/૯/૨૦૧૯ ના અમે લંડન તરફ કાર હંકારી, સાંજે પહોંચ્યા માવજીભાઈ ધનજી વેકરીયાના ઘરે મહેમાન ભોજન હતું. લીધું લાંબી મુસાફરીનો થાક લાગ્યો હતો. પણ કાર્ડિફ, બોલ્ટન, ઓલ્ધામના જ્ઞાતિબંધુઓનો સમાજપ્રેમ, લાગણી અકબંધ હતી. તા.૩૦/૯/૨૦૧૯, લંડન આવ્યા પછી પણ અમારો જ્ઞાતિ સંપર્ક ચાલુ રહ્યો, એક જ લક્ષ્ય હતું કે સમાજની પ્રવૃત્તિઓ વધુમાં વધુ જનસામાન્ય સુધી પહોંચે. અમે ચોવીસીના ગામોના આગેવાનોને મળતા રહ્યા. મેઘપરના યોગપ્રેમી નાનજીભાઈ હાલાઈને મળવા તેમના નિવાસ સ્થાને પહોંચ્યા તેમણે સમાજ આવાસ માટે મેઘપરમાં પોતાનું ખેતર-વાડી દાન આપવાની ઈચ્છા દર્શાવી. ગોપાલભાઈએ આશ્વાસન આપ્યું કે દેશમાં પરત ગયા પછી નિર્ણય કરશું. તા.૧/૧૦/૨૦૧૯, આરામનો દિવસ હતો. સતત પ્રવાસ અને મુલાકાતો થઈ હતી. તા.૨/૧૦/૨૦૧૯ના અમે કેરાના અરવિંદભાઈ લાલજી હાલાઈ (જી.એક્સ.આઈ) ને મળ્યા વિગતો જણાવી અમારા એપ્રોચ કરવાની રીતથી તે ખુશ થયા. અમે કોઈની પાસેથી ક્યારેય ફંડ માંગ્યો નથી. ફક્ત માહિતી આપી પરંતુ જ્ઞાતિનો સમાજ પ્રેમ જૂઓ ૧૦ થી ૧૫ કરોડ રૂપિયાની ઝોળી સેવાર્થે ભરી દેનાર આ જ્ઞાતિને શતઃ શતઃ વંદન. તા.૩/૧૦, સાંજના પરત ફ્લાઈટ હતી. હું અને ગોપાલભાઈ ગોરસીયા એમિરાટ્સ ફ્લાઈટમાં વાયા દુબઈ પરત આવ્યા, શારીરિક થાક હતો પણ અનેક જ્ઞાતિજનોને માહિતી આપ્યાનો સંતોષ હતો. આ રીતે બ્રિટનમાં વસતા ૩૦ થી ૩૫ હજાર જ્ઞાતિજનો સુધી પહોંચવા વિનમ્ર પ્રયાસ કર્યો.

## સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ચાલશે કેમ? : યુ.કેના જ્ઞાતિજનોના હૃદયમાં ઉઠેલા સવાલ અને સમાજના કાર્યકર્તાઓ ઉકેલ માટે કરેલ પ્રયાસ

કચ્છી લેવા પટેલ સમાજ ભુજના કાર્યકરોને માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના સંચાલનનો પ્રલંબ અનુભવ છે. વર્ષે ત્રણેક લાખ દર્દીઓની સારવાર, કરોડોનું ટર્નઓવર, જિલ્લાનો સૌથી મોટો મેડિકલ સ્ટોર, મેડિકલ, પેરામેડિકલ સ્ટાફ, ડોક્ટર, નર્સ, ઓપરેશન સહિતના કાર્યો નિયત આચાર સંહિતા સાથે ચલાવી શકાય છે. ૨૦૦૧ થી ૨૦૨૦, ૧૯ વર્ષના અનુભવ છતાં હૃદય, કિડની, કેન્સરની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ચલાવવી અઘરી છે, ડોક્ટર મળશે કે કેમ? મળશે તો ટકશે કે કેમ? ટકશે તો સફળતાની સરેરાશ કેટલી રહેશે? રાહત દરે આવી સેવાઓ પરવડે કે કેમ? સામાન્ય હોસ્પિટલ ગમે તેટલી મોટી હોય, સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ચલાવવી ખૂદ તબીબો માટે પણ પડકાર છે. આવા પ્રશ્નો જ્ઞાતિ-દાતા અને શુભેચ્છકોને સતત થયા છે. અને દાન યાચવા જનારને મક્કમતાથી પૂછાયા છે. અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા અને ભુજ સમાજ પ્રમુખ વેલજીભાઈ રામજી પીંડોરીયાએ એક જ જવાબ આત્મવિશ્વાસ સાથે આપ્યો છે હા. બધું બરોબર ચાલશે જ. આ મક્કમતા પાછળ એક આખે આખો અભ્યાસ છે. આ હકારાત્મતા કોઈ આગાહી નથી. વૈજ્ઞાનિક પ્રયાસ છે. છેલ્લા બે વર્ષમાં સમાજના અનેક કાર્યકરોએ ખૂબ મહેનત કરી છે. મુલાકાતો લીધી છે. તે સાથે પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયાની દ્રષ્ટિ છે.

## શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ દ્વારા યોજાયેલ યુ.કે. પ્રવાસની ફળશ્રુતિ જ્ઞાતિજનોના મન બંધાયા સમાજ પ્રેમે ૧૫ કરોડ રૂપિયાથી વધુનો સહયોગ મળ્યા અને નવી પેઢી સમાજ પ્રવૃત્તિઓથી અવગત થઈ

જુલાઈ અને સપ્ટેમ્બર-૨૦૧૯ ના પ્રવાસની તૈયારી એક માસમાં કરાઈ હતી. મંદિરો અને સમાજને પત્રો પાઠવાયા હતા. ભુજ સમાજની પ્રવૃત્તિઓ બતાવવા ખાસ ડોક્યુમેન્ટરી અને માહિતી ફોલ્ડર તૈયાર કરાયા હતા. નૂતન શિક્ષણ સંકુલ ૩/૧૧/૨૦૧૯ અને કે.કે.પટેલ સુપર સ્પે.હોસ્પિટલ ૮/૧૨/૨૦૧૯ના આમંત્રણ કાર્ડની પ્રતિકૃતિઓ એક એક જ્ઞાતિજનને યોગ્ય હાથોમાં પહોંચાડાઈ હતી

- .બ્રિટનની ઉપરાઉપરી બે સામાજીક મુલાકાતોથી એક વાત એ ધ્યાને આવી કે સંસ્થા મહાન છે. સમાજ મહાન છે. માંગનાર કોઈપણ હોય, સમિતિ, હોદેદાર બદલાયા કરે લોકો સમાજ અને તેની પ્રવૃત્તિઓને જોઈને દાન આપે છે.
- બ્રિટનવાસી જ્ઞાતિજનો કચ્છમાં સગવડતા ભરી આરોગ્ય સેવા ચાહે છે.
- સમાજની પ્રગતિ અને વર્તમાન નેતૃત્વથી બ્રિટનવાસી જ્ઞાતિજનો ખૂશ છે. સંતોષ છે.
- હોસ્પિટલ સહિતની સેવાઓમાં ભૌતિક સ્વચ્છતાનો આગ્રહ છે.
- MMPJ હોસ્પિટલમાં લાંબો સમય રાહ જોવી પડતી હોઈ એપોઈન્ટમેન્ટ સિસ્ટમ દાખલ કરવાની માંગ છે.
- સત્સંગ સાથે મળી સારાં કાર્યો કરવાનો મત છે.
- શિક્ષણની ગુણવત્તા, સરકારી નોકરીમાં સ્પર્ધાત્મક પરીક્ષા સ્કીલ ડેવલપમેન્ટને આવકાર
- કૃષિમોલ, બજાર, દવા, બિયારણ મદદને ખૂબ મોટો આવકાર મળ્યો છે.
- દેશમાં સ્થાઈ મિલ્કતો(સ્થાવર-જંગમ) ની સલામતીની આશા છે.
- વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત અને વિકસિત દેશ બનાવવાનું સ્વપ્ન આકર્ષે છે.
- નર્મદાના પાણી અને કચ્છમાં વરસાદના વાવડ પૂછવાનો ઈંતેજાર વતન પ્રેમનો સાક્ષી છે.
- કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે.નો ઈન્ડિયા ગાર્ડન પ્રોજેક્ટ સફળ કરવા ભુજ સમાજની મુલાકાતી ટીમે પ્રયાસ કર્યા હતા.એને વધુ ગતિ મળે તે માટે પણ સતત પ્રયાસ કર્યા હતા.

## સફળ સંસ્થાઓનો અભ્યાસ : નાસિક અને ઔરંગાબાદમાં આર.એસ.એસ સંચાલિત ડોક્ટર હેડગેવાર રુગ્ણાલયની મુલાકાત

મેડિકલ ક્ષેત્ર અત્યારે ગળાકાપ હરીફાઈ અને ધંધાદારી તરફ ફંટાયું છે પણ અત્યાર સુધી આપણી આરોગ્ય સેવા તદ્દન રાહત દરે અને લાગણી સભર રીતે અપાતી રહી છે. દવામાં ૨૫ થી ૩૫ ટકા ઓછા દર છે તો સ્થાનિક તથા મુલાકાતી તબીબોની તપાસ ફી પણ ઓછી રખાઈ છે. આપણું ટ્રસ્ટ છે. દાતા દાન આપે છે. સેવા કેન્દ્રમાં છે. નાણાં બચાવવા નથી માત્ર ને માત્ર સેવા કરવાનું લક્ષ્ય છે. તેથી આપણી સુપર સ્પેશિયાલિટી સેવાઓ પણ રાહત દરે જ પ્રાપ્ત થાય તે મૂળભૂત હેતુ ને જીવંત રાખવાનો સમાજ ટ્રસ્ટનો નિર્ધાર છે. તેથી સેવાભાવી સંચાલકોની સફળ સેવા શીખવા, અનુભવ વહેંચવા સમાજની અભ્યાસ ટીમે નાસીક અને ઓરંગાબાદમાં ડો.હેડગેવાર ઋગણાલયની મુલાકાત લીધી. આ હોસ્પિટલ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સંચાલિત છે. તેમના ડોક્ટર સેવાભાવી છે અને રાષ્ટ્રસેવાનો રંગ છે. આવા સમર્પિત તબીબો પેદા કરવા પડે, વ્યવસાયિક મેડિકલ કોલેજોમાં ભણતા છાત્રોને તરાસવા પડે.સમાજ સર્વેક્ષણ સમિતિ અને આ ઋગણાલય વચ્ચે કડી બન્યા આપણા સુખપરના યુવા નારણભાઈ વેલાણી એમણે સારી જહેમત ઉઠાવી સૌને મળાવ્યા.

### એક આદર્શ હોસ્પિટલની મુલાકાતે તા.૧૧/૮/૨૦૧૯

**ડો.હેડગેવાર ઋગણાલય-નાસીક-ઓરંગાબાદ**






રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા નાસીક અને ઓરંગાબાદમાં આ હોસ્પિટલ છે. સમાજની અભ્યાસ ટીમના સભ્યો તા.૧૧/૮/૨૦૧૯થી ત્રણ દિવસ આ હોસ્પિટલ જોવા પહોંચ્યા. અદયક્ષ ગોપાલભાઈ માવજી ગોરસીયા, પૂર્વાધ્યક્ષ અરજણભાઈ ગાંગજી પીંડોરીયા, મંત્રી કેશરાભાઈ રવજી પીંડોરીયા, ઉપાધ્યક્ષ ડો.જે.કે.દબાસીયા, સમાજ મેગેઝીન તંત્રી વસંત પટેલ, ડો.ચિંતન મહેતા સેતુ બનનાર સુખપરના આર.એસ.એસ.કાર્યકર્તા નારાણભાઈ વેલાણી સાથે અમે તા.૧૧/૮/૨૦૧૯, સાંજે અ'વાદ-નાસીક ફલાઈટમાં પહોંચ્યા સાંજે શહેરની મધ્યમાં વિશાળ દવાખાનું ધમધમતું હતું. દર્દીઓની આવ-જા હતી. તદ્દન રાહતભાવે એન્જીયોગ્રાફી, બાયપાસ થઈ રહ્યા છે. અહીં સમર્પિત ડોક્ટરો છે એટલે પગાર કે ફેરબદલીની સમસ્યા ઓછી છે. એક એક વિભાગ જોયા, નોંધ્યા, આર.એસ.એસ આદિવાસી વિસ્તારમાં કૃષિ સંવર્ધનનું કાર્ય કરે છે એની પ્રાથમિક જાણકારી દશ્ય-શ્રાવ્ય માધ્યમે મેળવી. રાત્રિ રોકાણ કરી વહેલી સવારે ઓરંગાબાદ જવા પ્રયાણ કર્યુ.

## ઓરંગાબાદ



અહીં અમારી ટીમનું શાબ્દીક સ્વાગત કરાયું. ડો.અશ્વિનકુમાર તુપકરી નામના વ્યકિત અમને મળ્યા આ વ્યકિતનું પાયાનું કામ જાણી આશ્ચર્ય થયું. સંસ્થા ગરીબ અને તેજસ્વી છાત્રોને તબીબ બનાવવા સહયોગી થાય છે. લાગણી જીતે છે અને ધીમેધીમે સેવાના વિચાર વાવે છે, ઉછેરે છે. ક્યારેક ફળ લાગે ક્યારેક ન પણ લાગે છતાં આજે અનેક ડોક્ટર આ ક્ષેત્રે આવ્યા છે સર્જન હોય કે મેડિસીન-ફિઝીશીયન નિભાવ થાય તેટલા પગારે સમર્પિત છે. એટલે જ આ દવાખાના મોટી સેવા શક્ય બનાવી શક્યા છે.૩૦૦-બેડની હોસ્પિટલ માટે તબીબોની ટીમ સજ્જ રહે છે. કોઈને કંઈ કહેવું પડતું નથી અમે વારાફરતી ઘણાં તબીબોને મળ્યા, વિભાગ જોયા, ઉપકરણ નોંધ્યા, જે હોસ્પિટલમાં ગયા હોઈએ ત્યાં તેનું જે સારું લાગે તે અપનાવવા પ્રયાસ કર્યો છે. ડો. હેડગેવાર ઋગણાલય અદ્ભૂત સેવાનું પ્રતીક છે જે રાષ્ટ્રના ચરણે સમર્પિત છે. ઓરંગાબાદ પૈઠણી સાડી માટે ખ્યાત છે.

## સંચાલન માટે પ્રસ્તાવ

સેવાને વરેલી હેડગેવાર હોસ્પિટલના કાર્યકર્તા તબીબોને કે.કે.પટેલ સુપર હોસ્પિટલનું સંચાલન સંભાળવા સામાન્ય ચર્ચા શરૂ કરી હતી. ૮ ડિસે ૨૦૧૯, ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઓરંગાબાદની ટીમના સભ્યો ભુજ આવ્યા હતા. પરંતુ ડોક્ટરની ભૂજમાં ઉપલબ્ધી અને અન્ય કારણોસર તેમણે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.





# શ્રી કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતમુહૂર્ત ૮/૧૨/૨૦૧૯, રવિવાર, સવારે ૯ કલાકથી : પત્રિકા એક સંભારણુ

CARDIOLOGY

ONCOLOGY

UROLOGY NEPHROLOGY

AYURVED

॥ રામ ॥ ॥ ઘનશ્યામ ॥ ॥ શ્યામ ॥

સુજ્ઞ શ્રી,

જાહેર આરોગ્ય ક્ષેત્રે **MMPJ** (લેવા પટેલ) હોસ્પિટલના માધ્યમથી કચ્છ જિલ્લાની ૨૧ લાખની પૂર્વ - પશ્ચિમ ૪૦૦ કી.મી, ઉત્તર - દક્ષિણ ૩૦૦ કી.મી. અંતરીયાળ વસ્તીમાં ઉદાર સેવા ભાવનાથી પરોપકારનો ઉજ્વળ ઈતિહાસ ધરાવતા શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ દ્વારા કચ્છ જિલ્લાની સૌ પ્રથમ સુપર સ્પેશ્યાલિટી (કાર્ડિયાક, કેન્સર, કીડની, આયુર્વેદ) હોસ્પિટલનો ભૂમિપૂજન સહ ખાતમુહૂર્ત સમારોહ **તા. ૮-૧૨-૨૦૧૯, રવિવાર, માગસર સુદ ૧૧ (મોક્ષદા એકાદશી)**ના સવારે ૮:૩૦ કલાકથી યોજાનાર છે. જેમાં કચ્છ-ગુજરાતના શિર્ષ મહાનુભાવો, ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂ. સંતો, સાંખ્યયોગી બહેનો, કચ્છ ચોવીસીના દેશ-વિદેશવાસી દાતાશ્રીઓ, ચોવીસી ગામોગામના સમાજ-સંસ્થાઓ, વિવિધ ક્ષેત્રના આમંત્રિતો અને સમગ્ર કચ્છી લેવા પટેલ જ્ઞાતિજનો, વાગડ લેઉવા પાટીદાર તેમજ કચ્છી કડવા પાટીદાર ભાઈઓની ઉપસ્થિતિ પ્રાપ્ત થશે. આ અવસરે આપશ્રીને સહપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

**પૂજનવિધિ વરદ હસ્તે**

**શ્રી કે.કે. પટેલ સુપર સ્પેશયાલિટી હોસ્પિટલના નામકરણ દાતા પરિવાર**
**શ્રી કાનજીભાઈ કુંવરજી વરસાણી (કે.કે. પટેલ-કે સોલ્ટ-કેન્યા) ગામ સામત્રા**
ધ.પ. ધનુબેન પુત્ર દિપકભાઈ પુત્રવધૂ અમૃતબેન
પુત્રીઓ : નંદાબેન નીતેશભાઈ વેકરીયા, હસ્મિતાબેન ગોવિંદ પિંડોરીયા, સ્વ. સપનાબેન નવિનભાઈ કેરાઈ
પૌત્રીઓ : દિયા અને ભુવી એવમ્ સમગ્ર વરસાણી પરિવાર

**ભૂમિપૂજન સહ ખાતમુહૂર્ત**

| કાર્ડિયાક-કેન્સર વિભાગ | કિડની-આયુર્વેદ વિભાગ |
|---|---|
| માન.શ્રી વિજયભાઈ રૂપાણી<br>મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય | માન.શ્રી નીતિનભાઈ પટેલ<br>નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય |

**આશીર્વાદ સાનિધ્ય**
મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ
એવમ્ વરિષ્ઠ સંત મંડળ-સાંખ્યયોગી બહેનો

**મુખ્ય મહેમાન**

માન.શ્રી આર.સી.ફળદુ
કૃષિમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

માન.શ્રી જયેશભાઈ રાદડીયા
કેબિનેટ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

## મહોત્સવની મુખ્ય આમંત્રણ પત્રિકા

ખાતમુહૂર્ત પ્રસંગનું આયોજન ઐતિહાસિક રહ્યું તેમ તેની પત્રિકા સર્વે સમાવેશક હતી. આમંત્રણ સમિતિના સભ્યોએ ખૂબ ચીવટ સાથે સર્જન કર્યું હતું. વર્તમાન દાતા-આયોજન, દાનને કેન્દ્રમાં રાખી અત્યાર સુધી જેણે જેણે નામકરણદાન કે મોટો સહયોગ આપ્યો છે તે સંસ્થાના ફોટા નામ સહિત ઉલ્લેખ કરાયો હતો. તેના પ્રથમ પાને સરદાર પટેલનું ચિત્ર અને પ્રસંગનું નામ યુ.વી ટેક્નોલોજીથી ઉપસાવાયું હતું. અહીં તેના બધા જ પાના છે. બે પ્રકારની પત્રિકા હતી પણ બંન્નેમાં વિગતો એક સરખી જ હતી.

**: કાર્યક્રમના અધ્યક્ષ :**
માન. ગોપાલભાઈ માવજી ગોરસીયા
અધ્યક્ષશ્રી, શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ ભુજ

**: સમારોહ પ્રેરણા :**
માન. શ્રી વેલજીભાઈ રામજી પિંડોરીયા
પ્રમુખશ્રી, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, ભુજ

**: અતિથી વિશેષ :**
માન.નરેશભાઈ પટેલ
અધ્યક્ષશ્રી,ખોડલધામ ટ્રસ્ટ, કાગવડ
(સમસ્ત લેઉવા પટેલ સમાજની અસ્મિતાનું પ્રતિક)

માન. શ્રી ગોરધનભાઈ ઝડફીયા
લેઉવા પટેલ સામાજીક આગેવાન

માન. શ્રી હંસરાજભાઈ ગજેરા
ચેરમેનશ્રી બિનઅનામત આયોગ

**: સમારોહ સ્થળ :**

**તારીખ : ૮/૧૨/૨૦૧૯ રવિવાર, સવારે ૮:૩૦ કલાકે**
સંવત્ ૨૦૭૬, માગસર સુદ ૧૧, મોક્ષદા એકાદશી

**: સ્થળ :**
**શ્રી કે.કે.પટેલ સુપર સ્પેશ્યિાલિટી હોસ્પિટલ**
કચ્છ યુનિવર્સિટી બાજુમાં, મુન્દ્રા રોડ, ભુજ - કચ્છ.




નોંધ : કાર્યક્રમ બાદ બપોરનું સ્વરૂચિ ભોજન (ફળાહાર) સાથે લઈશું.

**નિમંત્રક**
શ્રી કચ્છી લેવા પટેલ સમાજ,ભુજ
શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ ભુજ
શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ, ભુજ

## OUR PRIDE



Shree Kutchi Leva Patel Samaj First Building - 1970



Shree Kutchi Leva Patel Kanya Sanskardham - 1988



Shree Kutchi Leva Patel Kanya Vidya Mandir-1993



Matrushri Dhanbai Premji Gangji Bhudia Community Hall - 1998



Matrushri Kunvarben Karsan Halai Kumar Vidyadham Wing - 1998
M/s. Laxmanbhai Construction Co. Kumar Vidya Dham Wing-1998



Matrushri Meghbai Premji Jetha Hospital & Research Centre - 2000



Matrushri R.D. Varsani Kumar Vidyalaya - 2004



Shree Kutchi Leva Patel Nursing Institute of Education & Practice (G.N.M.+B.Sc.) - 2011



Matrushri Ratanben Keshvalalbhai Bhudia Kanya Ratan Dham - 2019
Matrushri Bhanuben Arvindbhai Bhudia Suraj Shikshan Dham - 2019



Shree Laljibhai Ruda Pindolia Ramat-Gamat Sankul - 2004





Shree Kutchi Leva Patel Samaj Krushi Mall - 2018



Shree Kutchi Leva Patel Skill Development Centre - 2018



Shree Kutchi Leva Patel Samaj Sardar Patel Vidya Sankul, Main Gate

**શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ, શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ - ભુજ, શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ - ભુજ**

## ભુજ સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાં વિશેષ સેવાના સહપંથીઓ

- સ્વ. કેશવલાલભાઈ પ્રેમજી ભુડિયા તથા સ્વ. કાનજીભાઈ પ્રેમજી ભુડિયા, સ્વ. અરવિંદભાઈ કાનજી ભુડિયા હ. હસમુખભાઈ કાનજી ભુડિયા અને સૂરજભાઈ અરવિંદ ભુડિયા - મોમ્બાસા (કેન્યા)
- શ્રીકાનજીભાઈ કુંવરજી વરસાણી (કે.કે. પટેલ) - સામત્રા (કેન્યા)
- શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ
- શ્રી મણીનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન (શ્રી મુક્તજીવન સ્વામિનારાયણ ગાદી સંસ્થાન) - અમદાવાદ
- મે. લક્ષ્મણભાઈ કંન્ટ્રકશન કું. સહપરિવાર - બળદીયા (કેન્યા)
- શ્રી વિશ્રામભાઈ જાદવા મેઘજી વરસાણી, ભારાસર (શિસલ્સ)
- માતૃશ્રી આર.ડી.વરસાણી હસ્તે રામજી દેવજી વરસાણી સામત્રા-નાઈરોબી
- શ્રી હરીભાઈ કેશરા હાલાઈ - સુરજપર (મોમ્બાસા)
- દબાસીયા અને હાલાઈ પરિવાર હ. શ્રી શામજીભાઈ દબાસીયા જયસામ કોન્ટ્રાકટર લિમિટેડ (લંડન) - માધાપર
- શ્રીમતી અમૃતબેન ભીમજી રામજી વેકરીયા (મિરઝાપર - લંડન) હ. દેવજીભાઈ હાલાઈ
- શ્રી રવજીભાઈ ગોવિંદ વરસાણી (મોશી) ધ.પ. ધનબાઈ પુત્ર કિશન, પુત્રવધૂ બિંદીયા, પૌત્રી મૂર્તિ, પુત્રી શાન્તાબેન, રીનાબેન તથા ડિમ્પલબેન
- સ્વ. અરજણભાઈ કરસન વેકરીયા હ. શશિકાન્તભાઈ કે. વેકરીયા (વાસ્કોફ્ટ) - માધાપર (લંડન)
- સ્વ. કરસનભાઈ પ્રેમજી ભુડીયા હ. સુરેશભાઈ કાનજી ભુડીયા - સુખપર -રોહા (મોમ્બાસા)
- શ્રી દેવશીભાઈ કરસન હાલાઈ - ગોડપર
- સ્વ. માવજીભાઈ દેવરાજ ગોરસીયા હ. શ્રી ગોપાલભાઈ માવજી ગોરસીયા તથા શ્રી ગોવિંદભાઈ માવજી ગોરસીયા - ભુજ
- શ્રી વેલજીભાઈ રામજી પિંડોરીયા (વી.આર.પી.) ધ.પ. દેવબાઈ, પુત્ર શ્રીપ્રવિણભાઈ તથા શ્રીહરિશભાઈ - મિરઝાપર
- શ્રી રામજીભાઈ દેવજી વરસાણી (આર.ડી. વરસાણી) - સામત્રા (કેન્યા)
- શ્રી મુલજીભાઈ લાલજી રૂડા પિંડોલીયા - કુંદનપર (કેન્યા આફ્રિકા)
- રામ ભરોસે - ભારાસર
- અ.સૌ વેલબાઈ ધનજીભાઈ કરશન વરસાણી હ. હીનાબેન હરજી (હરીશ) વરસાણી, પ્રભાબેન કિશોરકુમાર વરસાણી, જશુબેન કુંવરજી આસાણી, કસ્તુરબેન આશિષ હાલાઈ, ગામ- નારણપર (રાવરી), કરશન રામજી એન્ડ સન્સ નાઈરોબી (કેન્યા) હ.શ્રી ધનજીભાઈ કરસન વરસાણી "દરબાર"
- શ્રી નાનજીભાઈ કાનજી પિંડોરીયા - નારણપર
- સ્વ. રવજીભાઈ મેઘજી વેકરીયા હ. શ્રી કલ્યાણભાઈ રવજી વેકરીયા - બળદીયા (લંડન)
- જી.એમ.ડી.સી. ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ - અમદાવાદ
- શ્રી કે.કે. જેસાણી ધ.પ. ધનુબેન - બળદિયા (લંડન-યુ.કે.)
- સ્વ. રતનબેન નારણ હિરાણી, નારણભાઈ પરબત હિરાણી હ. મુકેશભાઈ નારણ હિરાણી ધ.પ. દર્શનાબેન પુત્ર ક્રીશ અને વીર, પુત્રી આંશી અને શ્રેયા (પાવર સીસ્ટમ લી.) - ફોટડી કેન્યા યુગાન્ડા

**શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ, શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ - ભુજ, શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ - ભુજ**

## ભુજ સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાં વિશેષ સેવાના સહપંથીઓ

- સ્વ. જાદવાભાઈ પરબત વરસાણી હ. શ્રી શીવજીભાઈ જાદવા વરસાણી - નારણપર (મોમ્બાસા)
- શ્રી હીરજીભાઈ વાલજી હિરાણી ધ.પ. વનિતાબેન તથા લક્ષ્મણભાઈ વાલજી હિરાણી ધ.પ. રતનબેન (કિન્ગસબરી ફ્રુટી એન્ડ વેજીટેબલ) - રામપર (લંડન)
- શ્રી ગીરધરભાઈ મેઘજી રત્ના પિંડોરીયા - માધાપર (ટાન્ઝાનીયા)
- શ્રી વિશ્રામભાઈ મુરજી હાલાઈ - સુરજપર (મોમ્બાસા)
- સ્વ. કરસનભાઈ મુરજી કેરાઈ ધ.પ. કુંવરબેન હ. સવિતાબેન પ્રેમજી તથા વેલજીભાઈ - લંડન
- શ્રી રવજી મનજી કારા પરિવાર હ. કરસનભાઈ રવજી કારા - દહિંસરા, લંડન
- શ્રી પરબતભાઈ લાલજી પિંડોરીયા - સુખપર -રોહા (કેન્યા)
- શ્રી નારણભાઈ મનજી કેરાઈ - બળદીયા, નૈરોબી
- શ્રી અબજીબાપા છતેડી અને હનુમાન મંદિર ટ્રસ્ટ (બળદિયા) હ. રવજીભાઈ ગાવિંદ વરસાણી - કેરા (મોશી)
- સ્વ. વેલજીભાઈ વિશ્રામ હીરાણી હ. વેલબાઈ વાલજી હીરાણી - લંડન, સુખપર
- શ્રી પ્રેમજીભાઈ વાલજી વરસાણી - બળદીયા (ટાંન્ઝાનીયા)
- સ્વ. કરસનભાઈ લાલજી વેકરીયા પરિવાર - માધાપર (કેન્યા)
- અશોકભાઈ વરસાણી, ભરતભાઈ વરસાણી, ભાવિકભાઈ વરસાણી સમસ્ત પરિવાર (ટફ ગ્લેઝ લંડન) યુ.કે., માધાપર
- વિનોદભાઈ હાલાઈ, રવજીભાઈ હાલાઈ, રમેશભાઈ હાલાઈ (એવર ગ્લેડ વિન્ડોઝ લિ. લંડન) યુ.કે.
- વિનોદભાઈ દેવરાજ હાલારીયા, પ્રકાશભાઈ દેવરાજ હાલારીયા, જનકભાઈ દેવરાજ હાલારીયા (એ.બી.સી. ડેપો લંડન) યુ.કે.
- મુરજીભાઈ વેલજી દબાસીયા પરિવાર - લંડન, માધાપર
- શ્રી ભીમજીભાઈ ગોપાલ વરસાણી ધ.પ. વિજયાબેન ભીમજી વરસાણી પુત્ર રાહુલ તથા મેહુલ - સામત્રા, યુગાન્ડા
- સ્વ. રામજીભાઈ રત્ના વરસાણી ધ.પ. વાલીબેન હ. પુત્ર દિપક તથા પ્રવિણ - વેકરા (કેન્યા)
- સ્વ. લાલજીભાઈ મુરજી કેરાઈ માતૃશ્રી ધનબાઈ હ. લક્ષ્મણભાઈ લાલજી કેરાઈ ધ.પ. અમૃતબેન પુત્ર સંજય પુત્રી દિનાબેન (બર્નટોક ટીમ્બર ગૃપ કું.) નારણપર (લંડન)
- સ્વ. કાનજીભાઈ ભીમજી રામજી રાઘવાણી હ. રવજીભાઈ કાનજી ભીમજી રાઘવાણી - બળદીયા (કેન્યા)
- શ્રી કુંવરજીભાઈ દેવજી નારદાની પરિવાર - કેરા (મોમ્બાસા)
- શ્રી કેશરાભાઈ નારણ હાલાઈ ધ.પ. અમરબાઈ, પુત્ર હરીશભાઈ તથા મુકેશભાઈ પુત્રી લક્ષ્મીબેન તથા અસ્મિતા સહપરિવાર - મેઘપર, લંડન
- શ્રી બચુભાઈ ધરમશીભાઈ આરેઠીયા ધ.પ. સંતોકબેન (રાપર મતવિસ્તાર ધારાસભ્યશ્રી) - રાપર
- શ્રી જાદવાભાઈ રામજી ખીમાણી, કાનબાઈ જાદવા ખીમાણી હ. રવજીભાઈ જાદવા ખીમાણી, ભાવિકા રવજી ખીમાણી પુત્ર દિવ્ય પુત્રી માનસી સહપરિવાર - દહિંસરા, યુગાન્ડા

## CHRONOLOGY OF OUR INCREDIBLE JOURNEY

| | |
|---|---|
| Shree Kutchi Leva Patel Samaj - 1965 | Shree Kutchi Leva Patel Yuvak Sangh - 1972 |
| Shree Kutchi Leva Patel Kanya Sanskardham - 1988 | Shree Kutchi Leva Patel Education & Medical Trust - 1992 |
| Shree Kutchi Leva Patel Kanya Vidhya Mandir - 1993 | Matrushri Dhanbai Premji Gangji Bhudiya Community Hall - 1998 |
| Matrushri Kunvarben Karsan Halai Kumar Vidyadham Wing - 1998 | Mr. Laxmanbhai Construction Co. Kumar Vidyadham Wing - 1998 |
| Matrushri Ratanben Devji Varsani Kumar Vidyalaya - 1998 | Matrushri Meghbai Premji Jetha Hospital & Research Centre - 2000 |
| Shree Laljibhai Ruda Pindolia Ramat - Gamat Sankul - 2004 | Shree Kutchi Leva Patel Nursing Institute & Education & Practice (G.N.M. - 2011, B.Sc. Nursing - 20018) |
| Shree Kutchi Leva Patel Kumar Primary School - 2012 | Shree Kutchi Leva Patel Kanya Primary School - 2012 |
| Shree Kutchi Leva Patel Samaj Suvidha Card (Medical Health) - 2015 | Shree Kutchi Leva Patel Samaj Competitive Exam Centre - 2017 |
| Shree Kutchi Leva Patel Samaj Krushi Mall - 2018 | Shree Kutchi Leva Patel Skill Development Centre - 2018 |
| Shree K.K. Patel Super Speciality Hospital Sankul - 2018 | Matrushri Ratanben Keshvalal Bhudia Kanya Ratan Dham - 2019 |
| Shree Kutchi Leva Patel Samaj English School - 2019 | Matrushri Bhanuben Arvind Bhudia Suraj Shikshan Dham - 2019 |

- SKLPS BHUJ

# કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ અને નૂતન શૈક્ષણિક સંકુલનું આમંત્રણ ગામોગામ અપાયું



















આ ક્રાંતિની શરૂઆત છે. પુરુષાર્થ જોઈશે. સમજપૂર્વકનો પુરુષાર્થ..!! સુરજપર અને બળદિયામાં ભાઈઓની સરખામણીમાં બહેનોની મોટી હાજરી દેખાઈ એ સૂચિતાર્થ છે..માર્મિક ટકોર સાથે ખૂલા અને લાગણી સભર શબ્દો સાથે સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયા, મોભી અરજણભાઈ પિંડોરિયાએ સયંમ સાથે વર્તમાન નબળાઈઓને હિંમતથી કહી છે. સ્વાર્થ, લાલચ, લોભ, બેવફાઈ, ફાચરિયા તત્વોની ઓળખ અને સમાજપ્રેમ જગાડવા સહિતના મુદ્દા, લગ્ન સંબંધી પ્રશ્નો સહિત જરૂરી તમામ મુદા કે જેનો અહીં હાલ ઉલેખ કરવો બિનજરૂરી છે તે તમામને સ્પર્શી લેવાયા છે.. સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, ઉપપ્રમુખ માવજીભાઈ ધનજી રાબડિયા, મંત્રી ગોપાલભાઈ ભીમજી વેકરીયા, એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ પિંડોરીયા, યુવક સંઘના પ્રમુખ મનજીભાઈ પિંડોરીયા, ઉપપ્રમુખ લક્ષ્મણભાઈ રાઘવાણી અને મહેનતકશ મંત્રી ગોવિંદભાઈ હાલાઈ અને ત્રણેય પાંખોની સમગ્ર ટીમ કંઈક ક્ષેત્રે નવા પ્રકલ્પો પ્રગતિમાં છે ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની સંકલ્પના યુવા ટીમને આભારી છે. દાતાઓ માત્રને માત્ર સમાજ માટે દાન આપે છે સમાજની પ્રવૃત્તિઓ જોઈને લક્ષ્મીના ભંડાર ખોલી આપે છે એટલે અહીં વારંવાર કહેવાયું છે કે ''સમાજ મહાન છે, વ્યકિત નહીં. નહીં નહીં'' આ લખનાર એ ઘટના માટે અનેકવાર સાક્ષી છે કે જ્યારે જ્યારે મોટાં દાન કોઈ જાહેર કરે છે ત્યારે સંસ્થા અને સંસ્થાના કામો જોઈને કરે છે આવનાર કોણ છે તે ગૌણ છે. એ સંદેશ કાર્યકરોને છે કે વ્યકિતગત છબી કાંઈ જ નથી જે છે તે સંસ્થા છે સમાજ છે એ જ સર્વસ્વ છે.. ગામોગામ બેઠકોમાં સુરક્ષા સમિતિઓ રચાઈ છે. જેમાં ગામોગામના ૧૫/૧૫ વ્યકિત લેવાયા છે જેમાં મહિલાઓનો પણ સમાવેશ છે જેને આગામી સમયે તાલીમબદ્ધ કરાવની ડિઝાઈન છે યુવાનોની કાર્યકરવાની તત્પરતા ઉમદા છે આત્મવિશ્વાસ બુલંદ છે. જ્ઞાતિએ સહયોગ આપવાની જરૂર છે. જ્ઞાતિએ એ સમજ આત્મસાત કરવાની જરૂર છે કે.. બિનજરૂરી અરાજક ઝડપ નૂકશાન કરે એ ખરું...પણ દાયકાઓ સુધી તેલની ધાર જ જોયા રાખવી..??'' પણ હવે આ સમયે વધુ મોડું કરવું આપણે પરવડે એમ નથી. કાર્ય શરૂ થઈ ચૂક્યું છે એને મજબૂત સમર્થન આપો.. સરદાર સાહેબના વચનો સ્મરો. એમણે કહ્યું ''કાળજું વાઘ સિંહનું રાખો, આપણને પરસ્પર કોઈ બહારના લડાવી ઝઘડાવી ન જાય એટલી સમજ રાખો..''ફરી ફરીને ગામોગામની જ્ઞાતિગંગાને અભિનંદન કે જેણે હર હર સમાજ, ઘર ઘર સમાજ સૂત્રના ધ્વન્યાર્થને.. ઝીલી લીધો... ચોવીસીના ૨૪-૨૪ ગામોમાં બેઠકો પૂર્ણ થઈ છે. સમિતિઓ રચાઈ છે. સમાજ નવા સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે.

### સંગઠન અને જાગૃતિ સભાઓમાં જોડાયા

વેલજીભાઈ પીંડોરીયા, ગોપાલભાઈ ગોરસીયા, કેશરાભાઈ પિંડોરીયા, માવજીભાઈ રાબડીયા, ગોપાલભાઈ ભીમજી વેકરીયા, કાંતિભાઈ વરસાણી, પુરૂષોત્તમભાઈ હિરાણી, દક્ષાબેન પિંડોરીયા, રસીલાબેન હિરાણી, મનીષાબેન પટેલ, કંચનબેન વરસાણી, નીમુબેન વરસાણી, ઘનશ્યામભાઈ વરસાણી (પુંજાણી), સુરેશભાઈ વાઘાણી, હિનાબેન કેરાઈ, ધનસુખભાઈ શીયાણી, લક્ષ્મણભાઈ રાઘવાણી, કાન્તાબેન વેકરીયા, મનજીભાઈ વરસાણી, રમાબેન વરસાણી, કરશનભાઈ મેપાણી, દેવજીભાઈ છભાડીયા, મનજીભાઈ પિંડોરીયા, ગોવિંદભાઈ હાલાઈ, વિનોદભાઈ પિંડોરીયા, સુનિલભાઈ ભુડિયા, કિશોરભાઈ વેકરીયા, રામજીભાઈ સેંઘાણી, રવજીભાઈ ખેતાણી


હરીપર


મિરઝાપર


કોડકી


સુખપર જનોવાસ


માનકુવા


માધાપર


વેકરા


વાડાસર


સામત્રા


સુખપર (રોહા)


સુરજપર


બળદિયા


માંડવી


ભુજ

# તૈયારીનો ધમધમાટ

**પૂર્વ તૈયારીઃ** સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના ખાતમુહૂર્ત મહોત્સવની પૂર્વ તૈયારી આરંભાઈ હતી. ત્રણેય પાંખોની બેઠકોનો દોર શરૂ થયો હતો. દરેકને યોગ્ય જવાબદારીઓ સોંપાઈ હતી. ભુજ-મુંદરા માર્ગે આવેલા હોસ્પિટલ સંકુલને બાવળના ઝૂંડથી મુક્ત કરવાનું, માટી પાથરવાનું કાર્ય આરંભાયું. દેશ વિદેશમાં પત્રો દ્વારા, ઈ-મેઈલ અને સાયબર સંદેશા પાઠવાયા નેહભર્યું નિમંત્રણ દાનવીર દાતાઓને આપવા કેસરવર્ણી કંકોત્રી છપાવાઈ..પત્રિકામાં દરેક સંસ્થાઓને આવરી લેવાઈ હતી. ગામોગામ પ્રતિનિધિઓને જવાબદારી સોંપાઈ, ઘર ઘર આમંત્રણ પત્રિકા અપાઈ હતી. સમાજ દ્વારા સંગઠન પર્વ પ્રગતિમાં હતું. એટલે ગામોગામ રાત્રી બેઠકોનો દોર સંધાયો અને સંદેશો પહોંચ્યો. નૂતન શૈક્ષણિક સંકુલ અર્પણ મહોત્સવ તા.૩/૧૧/૨૦૧૯, ના રોજ પણ જ્ઞાતિને જાહેર આમંત્રણ પાઠવાયું.

- તા.૧૧/૧૧/૨૦૧૯, રાજ્યના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને કૃષિમંત્રીશ્રી સહિતનાને આમંત્રણ આપવા ભુજ સમાજની ટીમ રાજકીય સમિતિના કન્વિનર કૌશલ્યાબેન માધાપરીયાના નેતૃત્વમાં ગાંધીનગર પહોંચી હતી. જ્યાં લેવા પટેલ અગ્રણી ગોરધનભાઈ ઝડફીયાને આમંત્રણ અપાયું હતું.
- તા.૨૨/૧૧/૨૦૧૯, ચોવીસીના ગામોગામની સંગઠન અને જાગૃતિ મંચની બેઠક યોજવામાં આવી હતી. જેમાં રવજીભાઈ ખેતાણીએ સંગઠન જાગૃતિ પર ભાર મુક્યો હતો. કેશરાભાઈ પિંડોરીયા, અરજણભાઈ પિંડોરીયા જોડાયા હતા. ઝોન બનાવાયા હતા.

## ૧૯૭૫૦ પત્રિકા : ડોર ટુ ડોર (ગામોગામ)





ચોવીસીના ઘર ઘર આરોગ્ય ઉત્સવ હોય તેવું વાતાવરણ ખડું થયું અને ઘર ઘર પત્રિકા અપાઈ, ગામોગામ સભાઓ યોજાઈ હતી.ચોવીસીમાં રહેતા લેવા પટેલોના એકે એક ઘરમાં કુલ ૧૯૭૫૦ પત્રિકા અપાઈ હતી.

- જેમ જેમ દિવસ નજીક આવી રહ્યો હતો તેમ તેમ 'રાત ટૂંકીને વેશઝાઝા' જેવો તાલ સર્જાયો. મુખ્યમંત્રીના પ્રોટોકોલના કારણે મંચ પર ઓળખ કાર્ડ ધારક જ બેસી શકે એમ હોવાથી કાર્ડ તૈયાર કરાયા.





- **દરેક સમાજોને આમંત્રણ**

લેવા પટેલ સમાજ સબરસમાં માનનારો વર્ગ છે. કચ્છમાં વસતા નાના-મોટા દરેક સમાજોને આમંત્રણ અપાયું હતું. લોહાણા મહાજન, ક્ષત્રિય, બ્રહ્મ સમાજ, દરજી, સોનીથી લઈ કોલી, જોગી, મેઘવાળ, ગઢવી સહિત એક-એકને યાદ કરી કંકોત્રી અપાઈ હતી. વાગડ લેઉવા પટેલ સમાજ અને કડવા પાટીદાર સમાજને મંચ ઉપર સ્થાન અપાયું હતું.

- **૨૧ લાખની વસ્તીનું ગૌરવ : ઐતિહાસિક પ્રચાર**

કે.કે.પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલના બેનર જિલ્લાના મુખ્ય શહેરો, ભુજ, ચોવીસી ગામોગામ, મંદિરો, સમાજ અને જાહેર સ્થળે લગાડાયા હતા. જ્યુબિલી મેદાન, જયનગર, રિલાયન્સ સર્કલથી છેક યુનિવર્સિટી સુધી વીજસ્તંભ પર ખાતમુહૂર્તની વિગત, મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રીના ફોટાવાળા બેનર, વાવટા આખે આખું પરિસર

## ૨૫ હજાર લોકો માટે ડોમ



૧૦૦ ફૂટ x ૪૦ ફૂટનો વિશાળ મુખ્યમંચ, બે સ્તરીય વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા અલાયદો વિભાગ રખાયો હતો. તે પછી પ્રોટોકોલ સંદર્ભે ૩૦ ફૂટ જગ્યાને બાદ કરી મુખ્ય મહેમાનો માટે કુશન બેઠક, બાદમા ખુરશીઓ રખાઈ હતી. સભામંડપ ૨૫ હજાર લોકો માટે હતો.તેની સામે દાતાવાર નામાવલી વિભાગો દર્શાવતી હતી. સભામંડપની પશ્ચિમ દિશામાં પ્રસાદાલય હતું. ખાતમુહૂર્ત માટે રેમ્પ બનાવાયો હતો. ૧૫૦ વ્યકિત બેસી શકે તેવો જાજરમાન મંચ સજાવાયો હતો.

# ભુજ મંદિરના મહોત્સવમાં હરિભક્તોને આમંત્રણ




ભુજ હમીરસરમાં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ચાલી રહ્યો હતો. આ ઉત્સવમાં ભાગ લેવા દેશ-વિદેશના અનુયાયી પધાર્યા હતા. સભા હતી. અહીં ભુજ સ્વામિનારાયણ મંદિના પ્રખર વક્તા શાસ્ત્રી અક્ષરપ્રકાશદાસજી સ્વામીએ કે.કે.પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલનાતા.૮/૧૨/૨૦૧૯ ના ખાતમુહૂર્ત કાર્યક્રમની જાહેરાત કરી હતી. એમના શબ્દો, વાક્યો અને કહેવાનો ઉત્સાહ કચ્છી લેવા પટેલ સમાજ ભુજ પ્રત્યેના સ્નેહને પ્રતિબિંબિત કરતો હતો. તેમણે સર્વે સત્સંગીજનોને મોટી સંખ્યામાં હાજર રહેવા અનુરોધ પણ કર્યો હતો.

## ૧૯૭ પાસ ઈશ્યુ કરાયા

રાજયના મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી પધારવાના હોઈ તેમની સુરક્ષાના પ્રોટોકોલ પ્રમાણે મંચ ઉપર ઓળખ વગર કોઈ આવી શકે નહીં. તેથી તંત્ર દ્વારા ૧૯૭ કાર્ડ ઈસ્યુ કરાયા હતા. આ કાર્ય માટે સમાજના યુવાનોએ મોટી કસરત કરી હતી. પાસ અપાયા એમાં સૌથી વધુ ૬૨ જેટલા દાતાઓ અને તેમના પ્રતિનિધિ પરીજનોનો સમાવેશ થયો હતો. ૧૨૫ જેટલા પાસ રસોડાં, સર્વિસ, સમાજની રાજકીય અને સંગઠક સમિતિઓ, આમંત્રિત મહેમાનો, ત્રણેય પાંખોના સભ્યો તેમજ ૧૭ જેટલા સંતોનો સમાવેશ થયો હતો. દરેકના ફોટા એકત્ર કરાયા હતા અને પાસ યાદી તૈયાર કરાઈ હતી. આ કાર્યમાં ટ્રસ્ટી પુરુષોત્તમભાઈ હિરાણીએ નોંધપાત્ર સંકલન કર્યું હતું. ત્રણેય પાંખોના સભ્યો સહયોગી રહ્યા હતા.

## રસોડાંની જમાવટ




સાર્વજનિક સેવાનો નૂતન અધ્યાય આલેખવા જઈ રહેલા સમાજે 'ચોવીસી તેડું' કર્યું હતું. કચ્છી લેવા પટેલ સમાજની ત્રણ વિશેષતા છે. દાન,ભજન અને ભોજન તેમાંય આતો જ્ઞાતિભોજન પછી પૂછવું જ શું...સંકુલના પશ્ચિમ બાજુ પ્રસાદાલાયની વ્યવસ્થા હતી. સ્વયંસેવકો- સેવિકાઓ તત્પર હતાં, ભાવતા ભોજનીયાંની સોડમ સમાજ સ્નેહને તત્પર કરતી હતી. મોક્ષદા એકાદશી વ્રત હતું. ફરાળ હતો. અવનવી ફરાળી વાનગીઓએ સેવાના વાતાવરણમાં સ્વાદની સુગંધ ભેળવી દીધી હતી.










કે.કે.પટેલ સુપર સ્પે.હોસ્પિટલમાં ખાતમુહૂર્તની પત્રિકા આપતાં સમાજના અગ્રણીઓ (૧) રતનબેન કેશવલાલ ભુડિયા (૨)મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી(ગાંધીનગર ખાતે) (૩) નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ

## ખાતમુહૂર્ત સ્થળ સજાવાયું.

કે.કે.પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલમાં જ્યાં ખાતમુહૂર્ત થવાનું હતું તે જગ્યાએ રેમ્પ બનાવી બંન્ને બાજુ ફૂલોનો શણગાર ટ્રસ્ટી કાંતાબેન લાલજી વેકરીયાએ નર્સિંગ કોલેજની છાત્રાઓના સહયોગે સજ્યો હતો.

## પ્રસંગનો પ્રચાર

કચ્છની ૨૧ લાખની વસ્તીની સેવા...સૂત્ર સાથે કાર્યક્રમના પ્રચાર-પ્રસાર માટે સમિતિ બનાવાઈ હતી. નખત્રાણા, અબડાસા(નલીયા), માંડવી, ગાંધીધામ, અંજાર, મુંદરા, રાપર સુધી શહેરમાં હોર્ડિંગ્સ લગાવ્યા હતા. ભુજમાં જ્યુબિલી થી આર.ટી.ઓ, સ્ટેશન વાણીયાવાડથી વી.ડી સર્કલ થઈ છેક્ક રિલાયન્સ સર્કલ સુધી હોર્ડિંગ્સ અને પ્રચાર બોર્ડ ટીંગાડાયા હતા. ભુજમાં મોટો પ્રસંગ છે એવી પ્રતીતિ સર્જાઈ હતી. થાંભલે થાંભલે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી ચિત્રોવાળા બેનર ટીંગાડાયા હતા.

## રેડિયો વાર્તા

આકાશવાણી ભુજ પરથી જિલ્લાની પ્રથમ સુપર સ્પશિયાલિટી હોસ્પિટલની વિગત કહેતો રેડિયો વાર્તાલાપ પ્રસારિત કરાયો હતો.

## સાયબર પ્રચાર

ઈન્ટરનેટ, ફેસબુક, યુ-ટ્યુબના માધ્યમથી સાયબર પ્રચાર કરાયો હતો. ખાસ ક્લિપ બનાવાઈ હતી. દિવ્યભાસ્કર, કચ્છમિત્ર, સંદેશ, ગુજરાત સમાચાર સહિત કચ્છમાંથી પ્રસિદ્ધ થતા અખબારો અને ઈલેક્ટ્રીક મીડિયામાં જાહેરાતો અપાઈ હતી.




## બેઠક વ્યવસ્થા

ડોમ ઉત્તરાભિમુખ હતો અને મુખ્ય પ્રવેશ દ્વારથી ડાબી બાજુ હતો. ડોમ પછી બંન્ને બાજુ ત્રણ-ત્રણ ગાળા મંડપના બંધાયા હતા. એકબાજુ બહેનો-ભાઈઓ એમ અલગ અલગ વ્યવસ્થા હતી. બહેનોના વિભાગમાં સૌથી આગળ ભુજ મંદિરના મહંત સાં.યોગી સામબાઈ ફઈ ત્યાગી બહેનો હતાં. સમાજના આમંત્રણે ૫૪ સાંખ્યયોગી બહેનોએ પધરામણી કરી હતી. મંચ ઉપર આગળ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સામે બે રજવાડી ખૂરશી મુકાઈ હતી. તે પછી પરમ પૂજ્ય સંતો માટે બે ખૂરશી મંચના પૂર્વ છેડે ૧૭ સંતો માટે સોફા હતા. અગ્રહરોળમાં રાજ્ય સરકારના મંત્રીઓ, ખોડલધામ ટ્રસ્ટના અધ્યક્ષ નરેશભાઈ પટેલ, હંસરાજભાઈ ગજેરા તથા કરોડોના દાનવીર દાતાશ્રીઓની વ્યવસ્થા હતી. નામકરણ દાતા કે.કે.પટેલ પરિવાર મંચ પર હતો. તો સમાજની ત્રણેય પાંખોના પ્રમુખો હતા. બીજી હરોળમાં સામાજીક-ધાર્મિક દાતાઓ હતા. સમાજની ત્રણેય પાંખોનો એક પણ સભ્ય મંચ પર ન હતા. સમાજ માટે વડીલોએ પ્રસ્તાવિત કરેલ પ્રણાલીનું પાલન સ્વયં કરાયું હતું. મંચ માત્ર દાતા કેન્દ્રિ રખાયો હતો. સંપ્રદાયના ભાઈઓ-બહેનોની મર્યાદા હોતાં દાતા પરિવારના મહિલા સભ્યોને મંચ સામે પ્રથમ હરોળમાં વી.વી.આઈ.પી. બેઠક અપાઈ હતી.

## આયોજન સમિતિની રચના

ખાતમુહૂર્તના આયોજન માટે સમિતિની રચનાઓ કરવામાં આવી હતી. દરેક સમિતિને સુયોગ્ય કામની સોપણી થઈ હતી. દરેકે આ કાર્યને હૃદયથી સમજી નિભાવ્યું હતું.

## સંખ્યાનો સર્વે

કેશરાભાઈ પિંડોરીયાએ ત્રીસ વર્ષના કાર્યકાળમાં ઘણાં અનુભવો સાર્થક કર્યા છે. તેમણે કહ્યું; આપણે વૈજ્ઞાનિક સર્વે કરવો જોઈએ. જુદા જુદા ગામોમાં ૧૦૦ કોલ કરીએ અને જાણીએ કે કેટલાને આમંત્રણ પત્રિકા ઘરઘર પહોંચી, આવવા કેટલા ઉત્સુક છે.૭૦ ટકા જ્ઞાતિજનોએ હકારમાં માથું ધુણાવ્યું તેથી સંખ્યાની ચિંતા ઓછી થઈ.

## બસોની વ્યવસ્થા

નજીકના ગામડામાંથી લોકોને લાવવા સમાજે બસની વ્યવસ્થા ગોઠવી હતી. પણ જ્ઞાતિજનો વધુ સંખ્યામાં પોતાના વાહનથી આવવાનું પસંદ કર્યું હતું.

## ત્રણ પ્રવેશ

વી.વી.આઈ.પી. પ્રવેશમાં મંચાસિન આગેવાનોને પ્રવેશ હતો. જેને કાર્ડ ઈશ્યુ કરાયા હતા તે વ્યકિત જ મંચ પર આવી શકે તેમ હતું. બીજો અને ત્રીજો પ્રવેશ સર્વસામાન્ય હતો.

## મંચ બેનર

મંચના પાશ્રાદ ભૂરાં વિશાળ બેનર હતું જેમાં કે.કે.પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ ખાતમુહૂર્ત લખેલું હતું. વચ્ચે એલ.ઈ.ડી.સ્ક્રીન હતું. જેના ઉપર ડોક્યુમેન્ટરી બતાવાઈ હતી.

## સ્પીચ ટેબલ

મંચના પશ્ચિમ છેડે સ્પીચ ટેબલ હતું. તેના પાછળ સ્ક્રીનમાં ત્રણેય પાંખના લોગો, હોસ્પિટલનું સૂચિત એનિમેશન પ્રિન્ટ હતું. આ બેકગ્રાઉન્ડ સમાજની સ્કિલ ડેવલપમેન્ટ કેન્દ્રના છાત્રોએ સર્જયું હતું.

## વૃક્ષારોપણની તૈયારી




ભુજ-મુંદરા મુખ્ય રાજ્યમાર્ગ ૮ થી અંદાજે ૧૦૦ મીટર અંદર કે.કે.પટેલ સંકુલ શરૂ થાય છે. બંન્ને તરફ વૃક્ષારોપણ કરાયું હતું. સંકુલ અંદરના વૃક્ષો મહંત સ્વામી મુખ્યમંત્રીશ્રી નાયબ મુખ્યમંત્રીશ્રી, કેબિનેટ મંત્રીઓ, આગેવાનો અને દાતાશ્રીઓના હસ્તે વવાયા હતા. દરેક વૃક્ષ સાથે એક કારોબારી સભ્ય સાથે રહ્યા હતા.

## આયોજન માટે નવ મિટીંગો, દૈનિક બેઠક

જ્યારથી ખાતમુહૂર્ત અને નવા પ્રોજેક્ટ આરંભાયા ત્યારથી સમાજ, એજ્યુકેશન-મેડિકલ ટ્રસ્ટ અને યુવક સંઘ ત્રણેયની જુદી જુદી બેઠકો યોજવામાં આવી જેમાં પુખ્ત ચર્ચા-વિચારણા કરીને નિર્ણયો લેવાયા તે પછી પણ આયોજન માટે દૈનિક બેઠકો યોજાઈ, મોટી તૈયારી હતી. નાની વાતનું ધ્યાન રાખવું પડે તેમ હતું.

## સંખ્યાનો પડકાર

ગાંધીનગરથી આખી રાજ્ય સરકાર સમાજની મહેમાન થાય તો સંખ્યા હોવી જોઈએ. લોકોથી મંડપ ન ભરાય કે ઓછો ભરાય તો સારું ન લાગે..એક પડકાર હતો. ગામોગામ સમિતિઓ બનાવાઈ હતી.

## ૨૦૦૦ ફોન કરાયા

સમાજે જ્ઞાતિજનોને સક્રિય કરવા મુખ્ય કાર્યાલયમાંથી દેશ-વિદેશમાં ૨૦૦૦ કોલ કર્યા હતા. અને વ્યકિતગત આમંત્રણ આપ્યું હતું. આ પ્રયાસ સફળ રહ્યો.

# શ્રી કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું ખાતમુહૂર્ત ઐતિહાસિક સમારોહ, તા.૮/૧૨/૨૦૨૦






**ચોક પુરાવો, માટી રંગાવો સમાજના આંગણે**
**સેવાનો અવસર આવ્યો રે...**
**(ચોવીસીની બહેનોએ સૌને કળશ સામૈયે આવકાર્યા)**









# આજની ઘડી તે રળિયામણી આરોગ્ય સેવા તણી વધામણી રે સખી.....















### આગમન

સવારે ૭ વાગ્યાથી જ્ઞાતિજનો અને આમંત્રિતોનો પ્રવાહ કે.કે.પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ સંકુલ તરફ વહેવાનું શરૂ થયું, ભરતી આવતી રહી, ૯...૧૦ વાગ્યે સંકુલ ભરચક થઈ ગયું. ડોમમાં પગ રાખવાની જગ્યા ન બચી. બહાર ઊભવું પડે તેવી સ્થિતિ થઈ. સાઈડ પડદા ખોલી નાખવા પાડ્યા.. જ્ઞાતિજનોએ સમાજનો વિશ્વાસ સાર્થક કર્યો.

### મુખ્યમંત્રીશ્રી પધાર્યા

સવારે ૧૦:૦૭ મિનિટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો કાફલો પરિસરમાં પ્રવેશ્યો. ભુજ મંદિરના મહંત સ્વામી પૂ.ધર્મનંદનદાસજી સ્વામી પહેલાંથી જ હાજર હતા. પ્રવેશ દ્વારા દિકરીઓ દ્વારા સામૈયું સ્વાગત કરાયું.







### વૃક્ષારોપણ

મુખ્યમંત્રી, સંતો અને દાતારોના હસ્તે એક એકની યાદગીરી માટે વૃક્ષ વવાયા. દરેક વૃક્ષને વાવનારની કાયમી સ્મૃતિ રહે તેવી વ્યવસ્થા કરાઈ છે. વૃક્ષારોપણ પછી ખાતમુહૂર્ત તરફ પ્રયાણ.









## મંચ પર કાફલો પહોંચ્યો

રાજકારણીઓની ઉપસ્થિતિવાળા કાર્યક્રમો સમયસર શરૂ થતા ન હોવાની સામાન્ય છાપ ભૂંસતાં કચ્છી લેવા પટેલ સમાજ ભુજનો આ અવસર નિયત સમયે પ્રસ્થાન કરી ચૂક્યો હતો. મુખ્યમંત્રીશ્રીનો કાફલો ખાતમુહૂર્ત સ્થળથી મંચ સુધી પહોંચ્યો. લેઉવા પટેલોના દરબારમાં સરદાર પટેલના જયઘોષ, ભારત માતાની જય નિનાદ વચ્ચે મુખ્યમંત્રી મંચ પર આવ્યા.





# આજની ઘડી તે રળિયામણી આરોગ્ય સેવા તણી વધામણી રે સખી.....



કવર ફોટો તા. ૮-૧૨-૨૦૧૯

## ખાતમુહૂર્ત ૨૧ લાખ લોકોની નિરામયતાનું...

જેનો ન માત્ર જ્ઞાતિને પણ સમગ્ર કચ્છની ૨૧ લાખની જનતાને ઈંતેજાર હતો તે જિલ્લાની સૌપ્રથમ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું ઐતિહાસિક ખાતમુહૂર્ત ભુજ સ્વામિનારાયણ મંદિરના મંહત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી, પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, દિવ્યસ્વરૂપદાસજી સ્વામી સહિતના સંતોની ઉપસ્થિતિમાં ઠાકોરજીની સાક્ષીએ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયા, ખોડલધામના ચેરમેન નરેશ પટેલ, દાતા કે.કે.પટેલ, ધનબાઈ કે.પટેલ તેમના દિકરી તથા જમાઈના હસ્તે ખાતમુહૂર્ત વિધિ કરાઈ હતી. સૌ સાથે હતા.  સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, એજ્યુ.મેડિ.ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયા સમાજના શ્રેષ્ઠીવર્ય દાતા શ્રી શશીકાન્તભાઈ કરસનદાસ વેકરિયા, સામજીભાઈ શિવજી દબાસીયા,ગોરધનભાઈ ઝડફિયા, હંશરાજભાઈ ગજેરા, ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા(અબડાસા) પણ જોડાયા હતા.







# વૈષ્ણવજન તો એને રે કહીએ પીડ પરાઈ જાણે રે.........ખાતમુહૂર્તની ઐતિહાસિક તસવીરો



(૧) ભૂમિપૂજન : ખાતમુહૂર્ત પહેલાં ભૂમિપવિત્ર કરી રહેલા ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી (૨) નામકરણ દાતા કે.કે.પટેલ પૂજનવિધિ કરી રહ્યા છે. મુખ્યમંત્રી શ્રી તેમજ આગેવાનો ઉપસ્થિત છે. (૩) સમગ્ર લેવા પાટીદારોને ગુજરાતભરમાંથી એક તાંતણે બાંધનાર નરેશ પટેલ (ખોડલધામ), ગોપાલભાઈ ગોરસીયા દાતા પરિવાર સાથે પૂજન કરી રહ્યા છે. (૪) કળશને ભૂમિમાં અર્પણ કરતાં દાતા કે.કે.પટેલ વિધિ કરાવી રહેલા મહંત સ્વામી, બ્રાહ્મણો તથા ઉપસ્થિતો









# ।। સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત દુઃખભાગ ભવેત ।।



પ્રગટી આરોગ્યની જ્યોત થશે અજવાસ, રંક કેરા ખોરડે...નિરામય વિશ્વના અખંડ આશિષે પ્રગટશે તમસમાં આશાના અજવાળે.....કાર્યક્રમનો દિપ પ્રગટાવતા મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી,કોઠારી પાર્ષદવય જાદવજી ભગત મુખ્યમંત્રીશ્રી, દાતા કે.કે.પટેલ, કેબિનેટ મંત્રી જયેશ રાદડિયા ઈન્સેટમાં નામકરણદાતા કાનજીભાઈ વરસાણી કરોડોના દાનથી સેવા જ્યોત જલાવતા દેખાય છે.

## રાષ્ટ્રગીતઃનેશન ફર્સ્ટ




ડાબેથી કલ્યાણભાઈ વેકરીયા, જાદવજીભાઈ વરસાણી, શશીકાંતભાઈ વેકરીયા, શામજી શીવજી દબાસીયા, હરિભાઈ હાલાઈ, હંસરાજ ગજેરા, ગોરધન ઝડફીયા નરેશ પટેલ, શ્રી હરિ સ્વામી, પાર્ષદ જાદવજી ભગત, મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દાતા કે.કે.પટેલ, ગોપાલભાઈ ગોરસીયા, જયેશ રાદડીયા, વેલજીભાઈ પીંડોરીયા(મિરઝાપર) દેવશીભાઈ હાલાઈ (ગોડપર), જિલ્લા વિકાસ અધિકારી પ્રભવ જોશી, કાન્તીભાઈ કેરાઈ દ્વિતિય હરોળમાં અગ્રગણ્યનામી વ્યકિત વિશેષો-દાનવીર દાતાશ્રીઓ ઉપસ્થિત હતા.

કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીતથી કરાઈ હતી. આરોગ્યનું કામ તે પણ સરહદી વિસ્તાર, જ્યાં ભારત-પાકિસ્તાન સરહદ છે. હજારો સૈનિકો તૈનાત છે. તે તંદુરસ્ત હશે. સુખી હશે તો રાષ્ટ્ર સુરક્ષિત રહેશે. એક દૃષ્ટિએ રાષ્ટ્રરક્ષાનું આ પવિત્ર કામ છે. રાષ્ટ્ર હંમેશા પ્રથમ છે રાષ્ટ્રગીત તેનું પ્રતિક છે. રાષ્ટડ પ્રથમ (નેશન ફસ્ટ) ની ભાવનાથી રાષ્ટ્રગીત ગવાયું...

## સંતોનું સ્વાગત




સત્સંગ-સમાજની પ્રણાલી મુજબ સૌ પ્રથમ ભુજ મંદિરના સંતોનું સાલ-હારથી સ્વાગત સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયાએ કર્યું. બાદમાં દરેક અગ્રણીઓના સન્માન થયા. મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રી, કેબિનેટ મંત્રીશ્રી, નરેશભાઈ પટેલ, હંસરાજભાઈ ગજેરા, ગોરધનભાઈ ઝડફીયા અને વાસણભાઈ આહિરના સન્માન રજત શિલ્ડ સાથે કરાયા.

# મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલને સમગ્ર સમાજ વતી આવકાર



સમાજની ત્રણેય પાંખોના કારોબારી સભ્યો ડાબેથી ઈશ્વર પિંડોરીયા, સુરેશ વઘાણી, પુરૂષોત્તમ હિરાણી, મનજી પિંડોરીયા, રવજી ખેતાણી, વેલજીભાઈ પિંડોરીયા, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, ના.મુ.શ્રી નિનિતભાઈ પટેલ, દેવશીભાઈ હાલાઈ, કે.કે. પટેલ ગોપાલ ગોરસીયા, માવજી રાબડીયા, જે.કે. દબાસીયા, કરસન મેપાણી, ગોવિંદ હાલાઈ સહિતના દેખાય છે.

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલને જ્ઞાતિના રાજકીય પ્રતિનિધિઓ આવકારી રહ્યા છે.**



ડાબેથી કાંતિલાલ વેકરીયા, નવિન પાચાણી, રવજી કેરાઈ, અરજણ ભુડીયા, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, ના.મુ. શ્રી નિતિનભાઈ પટેલ, અરવિંદ પિંડોરીયા, હરિશ ભંડેરી, લક્ષ્મણ છભાડીયા, ભીમજી જોધાણી, હિરેન વાગડીયા

# મંચસ્થ મહાનુભાવોનું વિશેષ સન્માન



મુખ્ય મંત્રીશ્રીનું સન્માન કરતા
વેલજીભાઈ પિંડોરીયા, ગોપાલભાઈ ગોરસીયા



નાયબ મુખ્ય મંત્રીશ્રીનું સન્માન કરતા
વેલજીભાઈ પિંડોરીયા, ગોપાલભાઈ ગોરસીયા, કે.કે. પટેલ



કેબિનેટ મંત્રી જયેશ રાદડીયાનું સન્માન કરતા
મનજીભાઈ પિંડોરીયા, દાતા લક્ષ્મણભાઈ હિરાણી



રાજ્ય મંત્રી વાસણભાઈ આહીરનું સન્માન કરતા
દાતા શામજીભાઈ દબાસીયા, વેલજીભાઈ પિંડોરીયા (મિરઝાપર)



ખોડલધામ અધ્યક્ષ નરેશ પટેલનું સન્માન કરતા
અરજણભાઈ પિંડોરીયા



સાંસદ વિનોદભાઈ ચાવડાનું સન્માન કરતા
જાદવજીભાઈ વરસાણી (જે.વી.), માવજીભાઈ રાબડીયા

# ૧૨૫ કરોડ પ્રથમ સ્ટેજ : કુલ ૨૦૦ કરોડ રૂપિયા

## કે.કે.પટેલ હોસ્પિટલ પ્રકલ્પ ૨૦૦ કરોડનો છે તેવી વાત મંચ પરથી કરાઈ અને વિગતો અપાઈ હતી

**શાબ્દિક સ્વાગતઃ મંત્રીશ્રી કેશરાભાઈ રવજી પિંડોરીયા (શબ્દશઃ)**



શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ, શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ ભુજ સંચાલિત શ્રી કે.કે.પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલના આજના ભૂમિપૂજન અને ખાતમુર્હૂત પ્રસંગે આપણા સમાજના આમંત્રણને માન આપીને ઉપસ્થિત રહેનાર આપણા ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતો કે જેઓ જ્યારથી ભુજ સમાજની સ્થાપના થઈ ત્યારથી આજદિન સુધી સમાજના સેવાના જે જે કાર્યો થયાં એ દરેક કાર્યોમાં જેની પ્રેરક ઉપસ્થિતિ રહી અને તેમના આશીર્વાદ સ્વરૂપે સમાજની MMPJ હોસ્પિટલને MRIનું મશીન અને આ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને કેથલેબનું માતબર દાન આપનાર સમગ્ર કચ્છના સત્સંગ સમાજના ગુરુ સ્થાને બિરાજમાન પરમપૂજ્ય મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પુરાણી સ્વામી શ્રીહરિદાસજી સ્વામી, પાર્ષદ જાદવજી ભગત, સાથે ઉપસ્થિત તપસ્વી સંતગણ તેમજ બહેનોના સત્સંગમાં ગુરુ સ્થાને બિરાજમાન પૂજ્ય મહંત સામબાઈ ફઈ અને તપસ્વિની સાંખ્યયોગી બહેનો હોસ્પિટલનું આમંત્રણ આપવા ગયા ત્યારે કચ્છની જનતા માટે વર્તમાન સમયે મેડિકલ ક્ષેત્રે કઈ સેવાઓની જરૂર છે તે માટે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપી અને આપણી હોસ્પિટલમાં હૃદય અને કેન્સર વિભાગનું જેણે ખાતમૂહુર્ત કહ્યું તે પ્રજાવત્સલ અને સંવેદનશીલ મુખ્યમંત્રી આદરણીય શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ, સમાજ વિકાસના કોઈપણ કાર્ય હોય તેમાં જેની અનુમતિ પ્રેરણા હોય તેવા અમારા કચ્છી લેવા પટેલ સમાજના આદરણીય પ્રમુખ વેલજીભાઈ રામજી પીંડોરીયા જેમનામાં અદ્મ્ય સાહસ છે સમાજસેવા વિકાસની તીવ્ર ઝંખના છે એવા અને કચ્છની ૨૧ લાખની જનતાને હૃદય, કેન્સર, કિડનીની સારવાર મધ્યે સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલની જરૂર છે તેવી વાત સૌ પ્રથમ જેના હૃદયમાં પ્રગટી છે અને આ કાર્ય માટે સૌનો સાથ સહકાર લઈ આગળ વધી રહ્યા છે એવા એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના દીર્ઘદ્રષ્ટા અધ્યક્ષ માનનીય પ્રમુખ ગોપાલભાઈ ગોરસીયા, જેમના હૃદયમાં ગરીબો પ્રત્યે અપાર કરૂણા છે, સેવા માટે જેણે કોરા ચેક ધર્યા છે એવા ૫૬ની છાતી ધરાવતા અને કચ્છ માટે સુપર સ્પે.હોસ્પિટલ બનાવવાનું સ્વપ્ન સાકાર થતું ત્યારે જોવા મળ્યું જ્યારે તેમણે આ વિશાળ જગ્યા સમાજને આપી અને ફર્નિચર સહિત હોસ્પિટલનું સમગ્ર બિલ્ડિંગ બાંધી આપવાની મહત્ત્વપૂર્ણ જાહેરાત થકી હોસ્પિટલ બનશે એવો વિશ્વાસ જગાડ્યો એવા શ્રી કે.કે.પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલના નામકરણના દાતા અને જેમના પરિવારજનોના હસ્તે ભૂમિપૂજન થયું એવા સામત્રા નિવાસી હાલ આફ્રિકા કેન્યામાં મીઠાં ઉદ્યોગના માંધાતા એવા અમારા શ્રેષ્ઠીદાતા કે.કે.પટેલ સાહેબ, ધર્મપત્ની ધનુબેન અને સમગ્ર પરિવારજનો તેમજ આ કાર્યક્રમમાં ઉપસ્થિત કેબિનેટ કક્ષાના મંત્રી જયેશભાઈ રાદડીયા લેઉવા પટેલ સમાજના સમગ્ર ગુજરાતના હૃદય સમ્રાટ આદરણીય શ્રી નરેશભાઈ પટેલ ગુજરાત રાજ્યના ઝૂંઝારુનેતા અને લેવા પટેલ સમાજના આગેવાન ગોરધનભાઈ ઝડફીયા, સમાજ અને સંસ્થાઓને ગાંધીનગરના દરેક કાર્યો માટે મદદ કરવા હંમેશા તત્પર રહેનાર એવા બિનઅનામત આયોગના ચેરમેન આદરણીય હંસરાજભાઈ ગજેરા, કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા, કચ્છ જિ.પં.પ્રમુખ લક્ષ્મણસિંહ સોઢા, કચ્છ ભાજપ પ્રમુખ કેશુભાઈ પટેલ, માંડવી તાલુકાના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, રાપર મત વિસ્તારના ધારાસભ્ય આદરણીય બહેન સંતોકબેન આરેઠીયા, અબડાસા વિસ્તારના ધારાસભ્ય આદરણીયશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, ભુજ મત વિસ્તારના ધારાસભ્ય આદરણીયશ્રી માલતીબેન મહેશ્વરી, કચ્છ ભાજપના અગ્રણી અને રાજકોટ સહકારી બેંકના શાખા ચેરમેન આદરણિય દીલિપભાઈ ત્રિવેદી તથા વિવિધ સ્તેર ચૂંટાયેલા તમામ રાજકીય સદસ્યો, ધાર્મિક તથા સામાજીક સંસ્થાઓ, આઈ.એમ.એમના તમામ ડોકટર્સ મિત્રો, કચ્છના વિવિધ સમાજોના પ્રમુખ અને મંત્રી તથા લેવા લેઉઆ પટેલ સમાજ વાગડ પ્રમુખ રમેશભાઈ ચૌધરી, અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ પ્રમુખ આદરણીય ગંગારામભાઈ રામાણી, વ્યવસ્થા અધિકારીઓ, કચ્છનું પોલિસ-વહીવટી તંત્રના સૌ અધિકારીઓ, મિડીયા તંત્રના સૌ મિત્રો આપ સૌ અહીં આ કાર્યક્રમમાં પધાર્યા એ બદલ આપનું હાર્દિક સ્વાગત છે. તે ઉપરાંત આ મંચ ઉપર વિવિધ સંસ્થાઓના મહાનુભાવો, મંચસ્થ તથા સામે બેઠેલા દેશ-વિદેશથી પધારેલા અમારી જ્ઞાતિના દાતાઓ, વિશ્વના ખૂણે ખૂણેથી પધારેલ યુ.કે સમાજ, નાઈરોબી સમાજ, મોમ્બાસા સમાજ એવા તમામ સમાજોના આગેવાનો અમારા આમંત્રણને માન આપીને સમગ્ર કચ્છમાંથી ૩૦ થી ૩૨ જૂદી જૂદી જ્ઞાતિના આગેવાન પ્રમુખો-મંત્રીઓ અને સર્વે કાર્યકર્તાઓ અને હવે છેલ્લે જ્યારે આ કાર્યક્રમનું આયોજન થયું છે ત્યારે સત્સંગ હોય કે સમાજ સેવાના દરેક કાર્યમાં જેમણે નેતૃત્ત્વ કરી હંમેશા તન-મન-ધનથી સાથ સહકાર આપ્યો છે એવી અમારી જ્ઞાતિગંગાના સૌ ભાઈઓ-બહેનો આટલી મોટી વિશાળ સંખ્યામાં સમયસર પધારી અને આ કાર્યક્રમની શોભા વધારી છે. અને કાર્યક્રમના અંત સુધી જે જે કાંઈ સુંદર જાહેરાત થાય ઉત્સાહપૂર્વક તાળી વગાડી કાર્યક્રમને આગળ વધારતા રહેશું. આ કાર્યક્રમ બપોર સુધી ચાલવાનો છે બે સેશનમાં કાર્યક્રમ ચાલશે તો આપ સર્વેનું આ પ્રસંગે સૌ કાર્યક્રમમાં પધાર્યા છે એ બદલ અમારી ત્રણેય કારોબારી સમિતિઓ કચ્છી લેવા પટેલ સમાજ, કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ, કચ્છી લેવા પટેલ યુવક સંઘવતી આપ સૌનું ખૂબ ખૂબ હાર્દિક સ્વાગત કરું છું. ધન્યવાદ...

# કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના નામકરણ દાતાનું ઐતિહાસિક સન્માન



મૂળ સામત્રાના અને આફ્રિકામાં મીઠાં ઉદ્યોગ ક્ષેત્રે પ્રગતિ પામનાર કચ્છી દાનવીર કાનજીભાઈ કુંવરજી વરસાણી (કે.કે.પટેલ) પરિવારનું ઐતિહાસિક સન્માન કરાયું હતું. તેમણે કચ્છી લેવા પટેલ સમાજ દ્વારા જે સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું ખાતમુહૂર્ત થયું. તેમનું નામકરણ દાન આ પરિવારે આપ્યું છે જેમાં ભૂમિ અને હોસ્પિટલ માળખાનો સમાવેશ થાય છે. હોસ્પિટલ બાંધકામનો જેટલો પણ ખર્ચ થશે તે કે.કે. પટેલ આપશે.





દાતા કે.કે. પટેલ પરિવારના મહિલા શક્તિ નંદાબેન નિતેશ વેકરીયા અને હસમુખભાઈ ભુડિયા પરિવારના મહિલા શક્તિ રતનબેન કેશવલાલ ભુડિયાનું સન્માન કરતા મુખ્યમંત્રીશ્રી તથા અન્યો સાથે સમાજના મહિલા શક્તિ કાન્તાબેન લાલજી વેકરીયા



## બે હાથે નતમસ્તક

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી મંચ પર આગમન થતાં એમણે ઉપસ્થિતોને બે હાથ જોડી મસ્તક નમાવી વંદન કર્યા હતા. મંચાસીન મહાનુભાવોને પણ પ્રણામ કર્યા હતા. સૌએ ઊભા થઈ મુખ્યમંત્રીનું અભિવાદન કર્યું હતું.



## જનતા જનાર્દને બે હાથ ઊંચા કરી વધાવ્યા

ઉપસ્થિત જનમેદનીએ હાથ ઊંચા કરી તાળીઓના નિનાદથી મુખ્યમંત્રીને વધાવ્યા ત્યારે વિજયભાઈ રૂપાણી ગદ્‌ગદ્ થયા હતા.



વાગડ લેઉવા પટેલ સમાજના પ્રમુખ નારણભાઈ મહાદેવા, ભચુભાઈ આરેઠીયા, સંતોકબેન આરેઠીયા એક પાટીદાર સમાજના કદાવર દાનવીરનું વાગડ સમાજ વતી સન્માન કરી રહ્યા છે.

## ધારાસભ્યોને આવકાર



સંતોકબેન આરેઠિયા -રાપર મત વિસ્તાર



માલતીબેન મહેશ્વરી - ગાંધીધામ મત વિસ્તાર



ડો. નિમાબેન આચાર્ય ભુજ મત વિસ્તાર



શ્રીમતી લતાબેન સોંલકી -પ્રમુખ ભુજ નગરપાલિકા



જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રીમતી નિયતીબેન પોકાર, પૂર્વપ્રમુખ શ્રીમતી કૌશલ્યાબેન માધાપરીયા

# સ્નેહે સજાવ્યા વ્યંજન થાળ સંપ સ્નેહ તણો છે ઓડકાર

## (શ્રી કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જ્ઞાતિ ભોજનની યાદગાર ક્ષણો)



પ્રસંગ ગમે તેટલો મોટો હોય કણબી પરંપરા હાથે રસોઈ બનાવી પીરસવાની રહી છે. મોક્ષદા એકાદશી હોવાથી સાત ફરાળી વાનગીનો રસથાળ ચોવીસીના સેંકડો હાથોએ પીરસ્યો હતો. ફરાળી ચેવડો, ફરાળી કટલેશ, સામો, મીઠાઈ, ફરાળી શાક, ફરાળી સાબુદાણાં સહીતની સાત સાત વાનગીઓ સ્નેહે પીરસાઈ હતી. ચોવીસીના ગામે ગામના સ્વયં સેવકો ઉત્સાહ સાથે જોડાયા હતા. રસોઈ બનાવાથી લઈ વાસણ માંજવા પીરસવું એટલું જ નહીં પરીસરમાં ક્યાંય જરા સરખો કચરો પણ થવા દીધો ન હતો. ખાસ મહેમાનો માટે અલગ વ્યવસ્થા કરાઈ હતી. દરેક વિભાગમાં જરૂરી રસોઈ પહોંચાડવા આયોજન થયું હતું. ગરમા ગરમ અને સ્વાદિષ્ટ ભોજન આરોગી જ્ઞાતિએ સ્નેહસંપનો ઓડકાર માણ્યો હતો. બપોરે ૧૧:૪૫ કલાકે ભોજન શરૂ કરી દેવાયું હતું. ડાયાબિટીશ વાળા વ્યક્તિઓ માટે કાર્યકરોએ અલગ વ્યવસ્થા કરી હતી. અગિયારશનો પવિત્ર ફરાળ સેવાના આચમને વધુ સુપાચ્ય બન્યો હતો. નાયબ મુખ્ય મંત્રી નિતિનભાઈ પટેલ સહિતના ખાસ આમંત્રિતોએ રસોડામાં આવી વ્યવસ્થાઓને અને કાર્યકરોની જહેમતને બિરદાવી



હતી. રસોડા સમિતિના સભ્યોએ ખૂબ મહેનત કરી હતી. જ્યારે તેને મદદ કરનાર ચોવીસીના યુવાનો અને યુવતીઓએ પ્રસંગ દિપાવવામાં યોગદાન આપ્યું હતું.



# સેવા સરીતા ખળ ખળ વહી... લૂછવા આસું દર્દ તણા.. ભઠ્ઠ સુકા રણમાં મધ મીઠા દાન, જાણે મેઘ અષાઢી તણા... તા. ૮-૧૨-૨૦૧૯, સવારે ૧૧:૦૦ કલાકે














સમાજના આંગણે સાગર ઉમટ્યો દાનની સરવાણી વહી આમંત્રણ સ્વીકારી સમાજતણું હૈયે હરખ ન માય... શ્રી કે.કે.પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલના ખાતમુહૂર્તમાં મોટી સંખ્યામા જ્ઞાતિજનો ઉમટી પડ્યા હતા. તેની શાખ પુરતી ઐતિહાસિક ક્ષણો અહીં કચકડે કંડારાઈ છે.



# સેવા સરીતા ખળ ખળ વહી... લૂછવા આસું દર્દ તણા.. ભઠુ સુકા રણમાં મધ મીઠા દાન જાણે મેઘ અષાઢી તણા... તા. ૮-૧૨-૨૦૧૯, સવારે ૧૧:૦૦ કલાકે



**Cath Lab** : શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ
૫ કરોડ રૂપિયા (ગરિમા મહોત્સવ - ૨૦૧૮)



**CVTS OT** : શ્રી મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન (શ્રી મુક્તજીવન સ્વામીબાપા ગાદી સંસ્થાન)
૨.૫ કરોડ રૂપિયા - અમદાવાદ (ગરિમા મહોત્સવ - ૨૦૧૮)



અબજીબાપાની છતેડી અને હનુમાનજી ટ્રસ્ટ ૧.૫ કરોડ રૂપિયા હસ્તે
**Sevek Sadan (Dormetory For Recatives-1 & 2)** : સ્વજી ગોવિંદ વરસાણી(મોસી) ધ.પ. ધનબાઈ
પુત્ર કિસન, પુત્રવધુ બિંદિયા પૌત્રી મુર્તિ, પુત્રી શાન્તાબેન, રીટાબેન, ડિમ્પલબેન -કેરા વતી નવીનભાઈ પાંચાણી (ફાઈલ ફોટો)




**Cardiac ICU** : લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી કન્સ્ટ્રકશન કંપની(નાઈરોબી)
૨.૫ કરોડ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ માટે અને ૧.૫ કરોડ શિક્ષણ હેતુ માટે



**ICU 12 Bed** : દબાસીયા એન્ડ હાલાઈ ફેમિલી
હસ્તે શામજીભાઈ શીવજી દબાસીયા (જેસામ કોન્ટ્રાક્ટર લી.)યુ.કે ૩ કરોડ રૂપિયા



**Land Co-Donor** : અમૃતબેન ભીમજી રામજી વેકરિયા હસ્તે દેવજી લાલજી હાલાઈ
૩ કરોડ રૂપિયા અંદાજે- મિરઝાપર



**Onclology OT** : સ્વ. અરજણભાઈ કરસન વેકરિયા, હસ્તે શશીકાન્તભાઈ વેકરિયા
(વાસ્કોફર્ટ-લંડન) ૨.૫ કરોડ રૂપિયા-માધાપર



**Cancer Treatment Planing Centre** : સ્વ. કલ્યાણ નારણ મનજી કેરાઈ
હસ્તે નારણ મનજી કેરાઈ ૧.૫ કરોડ રૂપિયા - બળદિયા



**Ayurvedic Hospital Room** : મુરજીભાઈ લાલજી પિંડોરીયા (સ્વ. લાલજી રૂડા પિંડોલીયા )
૧ કરોડ રૂપિયા - કુન્દપર (નાઈરોબી) (ગરિમા મહોત્સવ - ૨૦૧૮)



**Day Care Ward** : કે.કે.જેસાણી, ધ.પ. ધનુબેન સહપરિવાર
૧ કરોડ રૂપિયા - બળદિયા (યુ.કે) (ફાઈલ ફોટો)



**Pre Post Operative Ward-1** : અશોકભાઈ વરસાણી, ભરતભાઈ વરસાણી,
ભાવિકભાઈ વરસાણી સહપરિવાર (ટફગ્લેઝ લંડન-યુ.કે)
૧ એક કરોડ રૂપિયા - માધાપર



**OPD Reception** : વિશ્રામભાઈ ધનજી ભુડિયા હસ્તે રાધાબેન વિશ્રામ ભુડિયા, કેશરાભાઈ વિશ્રામ ભુડિયા
લક્ષ્મીબેન કેશરા ભુડિયા સહપરિવાર (સિસલ્સ) ૧ કરોડ રૂપિયા - માનકુવા



**Reception Hall** : હિરજીભાઈ વાલજી હિરાણી ધ.પ. વનિતાબેન
લક્ષ્મણભાઈ વાલજી હિરાણી ધ.પ. રતનબેન (કિસ્સબંરી ફ્રુટ અને વેજીટેબલ) લંડન
૭૫ લાખ રૂપિયા - રામપર (ગરિમા મહોત્સવ - ૨૦૧૮)



**Congerence Hall** : સ્વ. રતનબેન નારણ હિરાણી, નારણભાઈ પરબત હિરાણી
હસ્તે મુકેશભાઈ ધ.પ. દર્શનાબેન પુત્ર ક્રિશ, વીર, પુત્રી આર્ષિ, સિયા માસ્ટર પાવર સિસ્ટમ લી.
૯૯,૭૬,૯૭૬ રૂપિયા - (કેન્યા/યુગાન્ડા)- ફોટડી (ગરિમા મહોત્સવ - ૨૦૧૮)





**Elevator-2** : સ્વ. લાલજી મુરજી કેરાઈ,
માતૃશ્રી ધનબાઈ હસ્તે લક્ષ્મણભાઈ લાલજી કેરાઈ,
ધ.પ. અમૃતબેન, પુત્ર સંજય પુત્રી દિનાબેન સહપરિવાર
(બર્નટોક ટીમ્બર ગ્રુપ કં. લંડન-યુ.કે)
૫૧ લાખ રૂપિયા - નારણપર



**Kitchen and Restaurant** : અ.નિ. રામજી રત્ના વરસાણી ધ.પ. વાલીબેન હસ્તે પુત્ર દિપક, પ્રવિણ
૫૧ લાખ રૂપિયા- વેકરા (ગરિમા મહોત્સવ - ૨૦૧૮)



**Elevator 2** : જાદવજી રામજી ખીમાણી, કાનબાઈ જાદવા ખીમાણી હસ્તે રવજીભાઈ
ધ.પ. ભાવિકા પુત્ર દિવ્ય પુત્રી માનશી પરિવાર-યુગાન્ડા
૫૦ લાખ રૂપિયા - દહિંસરા(તસવીર ગરિમા મહોત્સવ ૨૦૧૮)



**Elevator - 1** : બચુભાઈ ધરમશી અરેઠિયા ધ.પ. સંતોકબેન (ધારાસભ્ય-રાપર મતવિસ્તાર)
૫૦ લાખ રૂપિયા - રાપર(તસવીર ગરિમા મહોત્સવ ૨૦૧૮)



Critical Care Ambulance 2 : એવરગેલ્ડ વિન્ડોઝ લી. યુ.કે લંડન હસ્તે વિનોદભાઈ વેલજી ગોપાલ(હિરાણી) માધાપર- રવજીભાઈ લાલજી પટેલ(વરસાણી)-સામત્રા, રામજીભાઈ શીવજી પટેલ(ડબાસીયા)-માધાપર ૫૦ લાખ રૂપિયા - લંડન(યુ.કે)



Operation Theater Pharmacy : સ્વ. કેશરબાઈ રામજી ગામી હ. રામજી મનજી ગામી વતી સન્માન સ્વીકારતા દેવશીભાઈ દબાસીયા - ૫૧ લાખ રૂપિયા (માધાપર)



Critical Care Ambulance : સ્વ. વિનોદભાઈ શીવજી શીયાણી હસ્તે શીવજી માવજી શીયાણી ૨૫ લાખ રૂપિયા - રામપર-વેકરા (ગરિમા મહોત્સવની તસવીર)



Consulting Room - 6 : સ્વ. ગાંગજી રામજી પિંડોરીયા, સ્વ. રામબાઈ હસ્તે ગોપાલભાઈ ધ.પ. પુરબાઈ પુત્ર માવજીભાઈ ધ.પ. વીરબાઈ પુત્ર નારણભાઈ ધ.પ. રમીલાબેન પુત્ર અરજણભાઈ ધ.પ. પુષ્પાબેન સહપરિવાર ૧૫ લાખ રૂપિયા- નારણપર (ગરિમા મહોત્સવ ૨૦૧૮)



Consulting Room - 7 : વેલજી રામજી પિંડોરીયા ધ.પ. અમરબાઈ પુત્ર ખીમજીભાઈ ધ.પ. લીલાબેન પુત્ર સામજીભાઈ ધ.પ. લક્ષ્મીબેન પુત્ર પ્રવિણભાઈ ધ.પ. ધનુબેન સહપરિવાર ૧૫ લાખ રૂપિયા - નારણપર (ગરિમા મહોત્સવ ૨૦૧૮)



Consulting Room 15 : સ્વ. રામજીભાઈ રવજી વેકરિયા, ધ.પ. સામબાઈ પુત્ર ધીરેન્દ્રભાઈ ધ.પ. વાંસતીબેન પુત્રી કુશા, પ્રિયલ ૧૫ લાખ રૂપિયા - લંડન-યુ.કે - સુરજપર (ગરિમા મહોત્સવ ૨૦૧૮)



**Special Room 8** : ધનજી જાદવા રામજી વેકરિયા હસ્તે અમરબેન પુત્ર માવજીભાઈ (કેન્ફોર્ડ) ધ.પ. સુધાબેન પુત્ર મિતેશ ૧૧,૧૧,૧૧૧ રૂપિયા - બળદિયા યુ.કે (ગરિમા મહોત્સવ ૨૦૧૮)



**Twin Sharing Room 8** : નાનદાસ શામજી વરસાણી ધ.પ. અમૃતબેન પુત્ર મનીષ, સાગર, પુત્રી રોશની, જમાઈ નીતિન, પુત્ર લક્ષ, યુવાન ૧૦ લાખ રૂપિયા - માધાપર



**Special Room 12** : સ્વ. પુંજા દેવજી હિરાણી, ધ.પ. માનબાઈ હસ્તે હિરાલાલ ધ.પ. વાલીબેન પુત્ર મેઘજીભાઈ, શીવજીભાઈ ૧૦ લાખ રૂપિયા - સુરજપર (ગરિમા મહોત્સવ ૨૦૧૮)



**Special Room 15** : વેલજીભાઈ પરબત વેકરિયા સહપરિવાર ૧૦ લાખ રૂપિયા - નારણપર (ગરિમા મહોત્સવ ૨૦૧૮)



**Twin Sharing Room 10** : દેવશી કરસન હાલાઈ, ધ.પ. કેશરબેન, પુત્ર ચંદ્રકાન્ત ધ.પ. ચંદ્રિકાબેન, પૌત્ર સુશીલ ૧૦ લાખ રૂપિયા - ગોડપર (ગરિમા મહોત્સવ ૨૦૧૮)



**Management Office 1** : ગોપાલ ઈન્વેસ્ટમેન્ટ પ્રા. લી. હસ્તે વિશ્રામ લાલજી પિંડોરીયા ૧૦ લાખ રૂપિયા - ઓસ્ટ્રેલિયા-માધાપર (ખાત મુહૂર્ત ૨૦૧૯)



મનજી રામજી આસાણી હસ્તે પુત્ર મેઘજીભાઈ મનજી આસાણી(લંડન)
ભાઈ હરજી મનજી આસાણી-માંડવી - Tween Room - 6 10 Lakhs




સ્વ.વિશ્રામભાઈ કરસન ગોરસીયા ધ.પ.તેજબાઈબેન, પુત્રો જાદવજીભાઈ,પરબતભાઈ,
ભરતભાઈ અને રમેશભાઈ સમગ્ર ગોરસીયા પરિવાર - બળદિયા - સ્વીટરૂમ ૨૧ લાખ (ફાઈલ ફોટો)



**TMT Room** : સ્વ. વિશ્રામભાઈ ધનજી રાઘવાણી, સ્વ. કેસરબેન
પુત્ર લક્ષ્મણ રાઘવાણી પુત્રવધુ કેસરબેન પુત્ર હરીશ પુત્રવધુ ધનલક્ષ્મી,પૌત્ર ચિંતન,
પુત્રી નીતા, ઉર્મિલા અને વનિતા ૨૧ લાખ રૂપિયા - બળદિયા



રામજી ગોપાલ દબાસીયા, લાલજી ગોપાલ દબાસીયા,
શાન્તીલાલ ગોપાલ દબાસીયા પરિવાર ૫ લાખ રૂપિયા



દાતા પરિવારના ધનબાઈબેન કાનજી વરસાણીની
પહેરામણી કરતાં સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈ



દાતા પરિવારના નંદાબેન નિતેશ વેકરીયાની
પહેરામણી કરતા સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈ

# સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાં આધારસ્તંભ દાતાઓના ઓવારણા...



રામજીભાઈ દેવજી વરસાણી(આર.ડી) ધર્મપત્ની મઘીબેન પુત્રવધુ પરિવારનું સન્માન સમાજના રજતજયંતી મહોત્સવ નિમિતે ઈ.સ.૨૦૧૫, ડિસેમ્બર



વિશ્રામભાઈ જાદવા વરસાણીનું સન્માન સમાજના રજતજયંતી મહોત્સવ નિમિતે ઈ.સ.૨૦૧૫, ડિસેમ્બર



ગીરધરભાઈ મેઘજી પિંડોરીયાનું વિશેષ સન્માન કન્યા સંસ્કારધામ રજતજયંતી મહોત્સવ ૨૦૧૩ (ફાઈલ ફોટો)



મુરજી દેવરાજ પરિવારના સભ્યો સૂરજપર-મોમ્બાસા સમાજના રજતજયંતી મહોત્સવ પ્રસંગે (ફાઈલ ફોટો)



રામજી રત્ના વરસાણી (રામપર - વેકરા) અને કરસન લાલજી વેકરીયા - માધાપર (ફાઈલ ફોટો)



ગોવિંદભાઈ માવજી ગોરસીયા -ભુજ (ફાઈલ ફોટો)



નાનજીભાઈ કાનજી પિંડોરીયા પરિવાર -નારણપર (ફાઈલ ફોટો)



અમદાવાદ સમાજ તરફથી દાતાનું સન્માન કરતા પ્રમુખ શીવજીભાઈ માવજી સીયાણી અને ઈશ્વરભાઈ હિરજી પુંજાણી (ખાત મુહૂર્ત ૨૦૧૯)



**General Ward Bed 24** : કુંવરજી અરજણ કેરાઈ,
ધ.પ. ધનુબેન કુંવરજી કેરાઈ સહપરિવાર
૫ લાખ રૂપિયા (વિલ્સડન, લંડન) નારાણપર



**General Ward Bed 03** : સાં.યો. સામબાઈ ફઈ અરજણ હિરાણી
૫ લાખ રૂપિયા



દાતા પરિવાર લક્ષ્મીબેન કેશરાભાઈ ભુડીયા - માનકુવા (સિસલ્સ)



**Consulting Room 1** : કુરજીભાઈ લાલજીભાઈ ગોરસીયા ધ.પ. મેઘબાઈ
હ. પુત્ર કેશરભાઈ સમગ્ર પરિવાર - દહિંસરા રૂા. ૧૫ લાખ



દાતા પરિવારોના વરિષ્ઠ મહિલા સભ્યો



આર.ડી. વરસાણી કુમાર વિદ્યાલયના છાત્રો કળાના રંગ વિખેર્યા હતા.

# કે.કે.પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલના નિર્માણમાં સહભાગી દાનવીર દાતાઓ

(જે દાતાઓ જાહેર કાર્યક્રમમાં મંચ ઉપર સન્માન લેવા ઉપસ્થિત નથી રહી શક્યા તેમના ફોટા અહીં લેવાયા છે. ઉપસ્થિત દાતાઓના ફોટા આ અંકમાં અન્યત્ર સમાવિષ્ટ છે.)




## પ્રિપોસ્ટ ઓપરેટીવ વોર્ડ -૨ (રૂ.૧,૦૦,૦૦,૦૦૦)

કરશનભાઈ રવજી મનજી કારા
ધર્મપત્ની હેમાબેન કરસન કારા દહીંસરા

## 2D ઈકો થીયેટર (રૂ.૫૧,૦૦,૦૦૦)

ભીમજીભાઈ ગોપાલ વરસાણી,
ધ.પ. વિજયાબેન ભીમજી વરસાણી,
પુત્ર રાહુલ તથા નેહલ સામત્રા




## કન્સલ્ટિંગ રૂમ નં. ૮ (રૂ.૧૫,૦૦,૦૦૦)

રામજી કેશરા વરસાણી હસ્તે
નારણભાઈ રામજી વરસાણી,
નીતાબેન નારણભાઈ વરસાણી,
આરતી, હર્ષદ, લાલજી
રામજી વરસાણી,
હિતેશ ફરજી વરસાણી




## ઓપરેશન થીયેટર ફાર્માસી (રૂ.૫૧,૦૦,૦૦૦)




સ્વ. કેશરબાઈ રામજી મનજી ગામી,
હસ્તે રામજી મનજી ગામી
પરિવાર માધાપર

## કન્સલ્ટિંગ રૂમ નં. ૯ (રૂ.૧૫,૦૦,૦૦૦)




રામજી કાનજી હિરાણી,
ધ.પ. માનબાઈ રામજી હિરાણી
ભારાસર

## CSSD (STERILIZATION) (રૂ.૫૦,૦૦,૦૦૦)

કેશરા નારણ હાલાઈ પરિવાર,
ધ.પ. અમરબાઈ સૂત હરીશ
અને મુકેશ, પુત્રી લક્ષ્મીબેન અને
અસ્મિતા સહપરિવાર - લંડન
મેઘપર




## કન્સલ્ટિંગ રૂમ નં. ૧૦ (રૂ.૧૫,૦૦,૦૦૦)

પિતાશ્રી રત્ના હીરા હીરાણી,
માતુશ્રી રામબાઈ રત્ના હીરાણી,
હસ્તે કલ્યાણ રત્ના હીરાણી,
ધ.પ. રાધાબાઈ, પુત્ર નીતિન,
પુત્રવધુ લક્ષ્મી, પુત્ર દિલીપ,
ધ.પ. અંજના સહપરિવાર




## કન્સલ્ટિંગ રૂમ નં. ૩, સ્પેશિયલ રૂમ નં. ૧ (રૂ.૨૫,૦૦,૦૦૦)





સ્વ. લાલજી રામજી હિરાણી,
સ્વ. હીરબાઈ લાલજી હિરાણી,
હસ્તે શિવજી લાલજી હિરાણી
મિરઝાપર

## કન્સલ્ટિંગ રૂમ નં. ૧૧ (રૂ.૧૫,૦૦,૦૦૦)




શ્રી કુંવરજી લાલજી ગોરસિયા,
ધ.પ. મેઘબાઈ હસ્તે પુત્ર કેસરાજ
ધ.પ. મંજુલાબેન સુત દેવેન્દ્ર
ધ.પ. વનીતાબેન સહપરિવાર તરફથી
(ભુજ મંદિરના સદગુરુ
સ્વામીશ્રી માધવપ્રિયદાસજીની
પ્રસનાર્થે દહીંસરા

## સ્પેશિયલ રૂમ નં. ૩-૪ (રૂ.૨૦,૦૦,૦૦૦)

સ્વ. વિશ્રામ મેઘજી ગોરસિયા,
માતા જશુબેન વિશ્રામ
હસ્તે રામજીભાઈ વિશ્રામ ગોરસિયા,
ધ. પત્ની ધનબાઈ પુત્ર હરજીભાઈ,
રવજીભાઈ પરિવાર, પુત્રી વેલબાઈ,
પુત્ર અરવિંદ સુખપર





## કન્સલ્ટિંગ રૂમ નં. ૧૨ (રૂ.૧૫,૦૦,૦૦૦)

પિતાશ્રી નારણ રવજી વેલાણી
ધ.પ. કાંતાબેન હસ્તે
સુત દિનેશ નારણ વેલાણી,
ધ.પ. ધનુબેન સુત રાજભાઈ
ભીમજીભાઈ (હાલે વડોદરા)
સુખપર




## કન્સલ્ટિંગ રૂમ નં. ૫ (રૂ.૧૫,૦૦,૦૦૦)




કરશનભાઈ કલ્યાણ રાઘવાણી
હસ્તે નરેન્દ્રભાઈ અને
રવીલાલભાઈ બળદિયા

## કન્સલ્ટિંગ રૂમ નં. ૧૪ (રૂ.૧૫,૦૦,૦૦૦)

પિતાશ્રી મુરજી માવજી મેપાણી,
ધ.પ. અમરબેન મુરજી મેપાણી
પુત્ર કાન્તી મુરજી મેપાણી,
પુત્રવધુ પૂનમબેન, હાલે
યુગાન્ડા - સુખપર



## કન્સલ્ટિંગ રૂમ નં. ૧૩ (રૂ.૧૫,૦૦,૦૦૦)

ફોટો મળી શકેલ નથી

કરશનભાઈ મનજી વરસાણી
કેશરબેન પરિવાર, ભારાસર

# કે.કે.પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલના નિર્માણમાં સહભાગી દાનવીર દાતાઓ

| 33 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | SHRI VIRJIBHAI MAVJI NARAN PATEL (GANGJIYANI) | DAHISARA | 5,00,000.00 |
| 34 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | LATE VALJIBHAI VISHRAMBHAI HIRANI BY VELBAI VALJI PATEL (HIRANI) | SUKHPAR | 10,00,000.00 |
| 35 | MEDICAL RELIEF FUND | RAMBAI JADVA VELJI VARSANI | SUKHPAR | 50,000.00 |
| 36 | ORDINARY DONATION | SHRI MAVJIBHAI DHANJI JADVA VEKARIYA | BALADIA | 2,00,000.00 |
| 37 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | LATE BHIMJI KUNVARJI HALAI BY SHANTABEN BHIMJI HALAI AND SON ASHVINBHAI | MEGHPAR | 20,000.00 |
| 38 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | KANJI RAMJI BHANDERI BY KASTURBEN KANJI BHANDERI | SUKHPAR | 1,11,111.00 |
| 39 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | SMT. RADHABAI KALYAN SHAMJI KERAI BY NITIN KALYAN KERAI | BHARASAR | 1,11,111.00 |
| 40 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | MAVJI LAXMAN HIRANI BY AMRUTBEN HIRANI | KODKI | 1,00,000.00 |
| 41 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | LATE RADHABEN GANGJI DABASIYA BY KANTABEN JINABHAI DABASIYA | MADHAPAR | 1,00,000.00 |
| 42 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | NARAN SAMJI GORASIYA WIFE VALBAI | RAMPAR | 1,00,000.00 |
| 43 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | LATE KARSHAN HIRJI BHUDIA, PREMBAI KARSHAN BHUDIYA BY DAUGHTER RADHABEN PREMJI KUNVARJI SENGHANI & FAMILY | NARANPAR | 5,05,555.00 |
| 44 | FOOD DONATION-KANYA SANSKARDHAM & KUMAR VIDHYADHAM | HARJIBHAI KESHRA HALAI | SURAJPAR | 50,000.00 |
| 45 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | MURIBEN PREMJI BHANDERI | MIRZAPAR | 1,00,000.00 |
| 46 | MEDICAL RELIEF FUND (SPECIALLY FOR CHILDREN) | NILESH PATEL AND JAY HIRANI | MADHAPAR | 25,000.00 |
| 47 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | SHRI NAVINCHANDRA DHANJI PATEL (PINDORIYA) | SURAJPAR | 1,11,011.00 |
| 48 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | LATE MURJIBHAI KANJI HALAI, LATE SHANTABEN MURJI HALAI BY KANJI HARJI DHANANI & MAHESH KANJI DHANANI | MIRZAPAR | 1,00,000.00 |
| 49 | ORDINARY DONATION | HALAI G. S. PLASTIC | BHUJ | 35,000.00 |
| 50 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | VELBAI MANJI VEKARIYA AND SURESH MANJI VEKARIA | RAMPAR | 16,000.00 |
| 51 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | LAXMAN VISHRAM RAGHVANI BY HARISH LAXMAN RAGHVANI | BALADIA | 10,50,000.00 |
| 52 | ORDINARY DONATION | RAMJIBHAI VISHRAM GORASIYA WIFE DHANBAI RAMJI GORASIA | SUKHPAR | 1,00,000.00 |
| 53 | POOR PATIENT RELIEF FUND | SNEH ARTH YOG TRUST | MADHAPAR | 1,25,000.00 |
| 54 | ORDINARY DONATION | KANTABEN RAMESH HALAI | MADHAPAR | 1,00,000.00 |
| 55 | ORDINARY DONATION | SHRI VELJI RAMJI PINDORIYA | MIRZAPAR | 1,00,000.00 |
| 56 | ORDINARY DONATION | SHRI DEVBAI VELJI PINDORIYA, HARISH VELJI PINDORIYA | MIRZAPAR | 1,00,000.00 |
| 57 | ORDINARY DONATION | BHOOMI TRADELINK LIMITED BY PRAVIN VELJI PINDORIYA | MIRZAPAR | 1,00,000.00 |
| 58 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | KANJIBHAI MANJI KHETANI, WIFE RATANBEN AND FAMILY | FOTDI | 5,00,000.00 |
| 59 | POOR PATIENT RELIEF FUND | KANJI MANJI KHETANI | FOTDI | 1,50,000.00 |
| 60 | EDUCATIONAL FUND | LATE PURBAI RAMJI HARJI HALAI BY RAMJI HARJI HALAI | NARANPAR | 2,00,000.00 |
| 61 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | SHIVJI NANJI LACHHANI, NIRMALABEN SHIVJI LACHHANI | SUKHPAR | 1,00,000.00 |
| 62 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | SHRI KESHRABHAI NARAN HALAI WIFE AMRATBEN AND FAMILY | MEGHPAR | 39,00,000.00 |
| 63 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | JADVA LALJI HIRANI & WIFE VALBAI, SON KAUSHIK AND NARESH DAUGHTER BHARTI | VEKRA | 1,11,111.00 |
| 64 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | SHRI MULJI HARJI PATEL (KHETANI), WIFE AMRATBEN | SUKHPAR | 5,00,000.00 |
| 65 | ORDINARY DONATION | SHRI VELUBEN SHAMJI HIRANI & FAMILY | MADHAPAR | 2,00,000.00 |
| 66 | ORDINARY DONATION | KESHAVKAN FOUNDATION | BHUJ | 15,00,000.00 |
| 67 | ORDINARY DONATION | SHRI PREMRADHA SWAMINARAYAN CHARITABLE TRUST | BALADIA | 5,55,555.00 |
| 68 | POOR PATIENT RELIEF FUND | HIRBAI BHOJA BHUDIA BY NARAN HARJI BHUDIA | MADHAPAR | 2,10,000.00 |

## શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુ. અને મેડિકલ ટ્રસ્ટમાં તા. ૧૭-૧૧-૨૦૧૯ થી તા. ૧૨-૮-૨૦૨૦ સુધી
## કે.કે. પટેલ હોસ્પિટલમાં દાતાઓએ જાહેર કરેલ દાનમાંથી જમા કરાવેલ દાનની યાદી અને વિવિધ ઉદેશ્ય માટે આવેલ નિયમીત દાનની યાદી

| | | | | |
|---|---|---|---|---|
| 69 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | SHRI KANJIBHAI KUNVARJI PATEL AND FAMILY | SAMATRA | 3,75,00,000.00 |
| 70 | ORDINARY DONATION | SHRI DEVSHI KARSHAN PATEL & FAMILY | GODPAR | 1,00,000.00 |
| 71 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | SHRI HIRJIBHAI VALJI HIRANI, WIFE VANITABEN, LAXMANBHAI VALJI HIRANI. WIFE RATANBEN | RAMPAR | 75,00,000.00 |
| 72 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | KUNVARJIBHAI LALJI GORASIA, WIFE MEGHBAI KUNVARJI GORASIA SON KESHRAJ, WIFE MANJULABEN , SON DEVENDRA WIFE VANITABEN | DAHISARA | 15,00,000.00 |
| 73 | ORDINARY DONATION | MULJI LALJI RUDA PINDOLIA | KUNDANPAR | 5,00,000.00 |
| 74 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | LATE RAMANLAL PARBAT VARSANI, BY VIRBAI RAMANLAL VARSANI, SON VIPUL, DAUGHTER GEETA, KALPANA | MADHAPAR | 5,00,000.00 |
| 75 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | LATE KESHARBAI KANJI BHUDIA, BY VIRBAI RAMANLAL VARSANI , SISTER HIRBAI, JAYABEN | MADHAPAR | 1,00,000.00 |
| 76 | MEDICAL FUND FOR SUPER SPECIALIST HOSPITAL | RAMBHABEN DEVJI KESHRA HALAI | MADHAPAR | 1,00,000.00 |
| 77 | ORDINARY DONATION | LATE VELBAI MAVJI GORASIA BY SURESH MAVJI GORASIA | MADHAPAR | 30,000.00 |
| 78 | ORDINARY DONATION | N K PINDORIYA CHARITABLE TRUST | NARANPAR | 2,00,000.00 |
| 79 | K.K.PATEL SUPER SPECIALIST HOSPITAL DONATION | LATE MAVJI DEVRAJ GORASIA BY SON GOPALBHAI MAVJI GORASIA AND GOVIND MAVJI GORASIA FAMILY (SAGOMA IMPEX PVT LTD) | BHUJ | 30,00,000.00 |
| 80 | ORDINARY DONATION | LATE KANTABEN DEVJI VORA BY DEVJI KANJI VORA, DURGABEN BHIMJI SENGHANI, JASHUBEN SHIVJI GORSIYA | MADHAPAR | 30,000.00 |
| 81 | K.K.PATEL SUPER SPECIALIST HOSPITAL DONATION | JADVA MURJI SAVANI CHARITABLE TRUST | KERA | 5,00,000.00 |
| 82 | K.K.PATEL SUPER SPECIALIST HOSPITAL DONATION | LATE KUVARBEN MAVJI VARSANI BY MAVJI HARJI VARSANI | SUKHPAR | 1,00,000.00 |
| 83 | K.K.PATEL SUPER SPECIALIST HOSPITAL DONATION | KALYAN RAVJI MEGHJI VEKARIA | BALADIA | 21,00,000.00 |
| 84 | K.K.PATEL SUPER SPECIALIST HOSPITAL DONATION | KARSHABHAI RAVJI MANJI KARA | DAHISARA | 50,00,000.00 |
| 85 | K.K.PATEL SUPER SPECIALIST HOSPITAL DONATION | KANBAI VELJI JADVA VARSANI | BALADIA | 10,000.00 |
| 86 | K.K.PATEL SUPER SPECIALIST HOSPITAL DONATION | LATE GANGJI RAMJI PINDORIA, LATE RAMBAI GANGJI PINDORIA FAMILY BY ARJANBHAI GANGJI PINDORIA | NARANPAR | 7,51,000.00 |
| 87 | ORDINARY DONATION | KANCHANBEN SURESH HIRANI | KERA | 25,000.00 |
| 88 | ORDINARY DONATION | RAMJI ARJAN SENGHANI | NARANPAR | 11,000.00 |
| 89 | SUPER SPECIALITY HOSPITAL FUND | LAXMAN HIRJI VARSANI | BHARASAR | 1,000.00 |
| 90 | ORDINARY DONATION | KANJI DHANJI VARSANI | BHARASAR | 51,000.00 |
| 91 | ORDINARY DONATION | LAKHAMANBHAI BHIMJI VEKARIA | BALADIA | 30,000.00 |
| 92 | SUPER SPECIALITY HOSPITAL FUND | LATE RAMBAI MEGHJI MANJI GORASIA, LATE VISHRAM MEGHJI GORASIA, LATE NARAN MEGHJI GORASIA, LATE DEVJI MEGHJI GORASIA BY AMARNATH MEGHJI GORASIA | MADHAPAR | 75,000.00 |
| 93 | EDUCATIONAL FUND | LATE ARJANBHAI KARSHAN VEKARIA BY SHASHIKANTBHAI KARSHAN VEKARIA (VASROFT FOUNDATION) | MADHAPAR | 8,98,900.00 |
| 94 | SUPER SPECIALITY HOSPITAL FUND | KESHARBEN RAMJI MANJI GAMI BY RAMJI MANJI GAMI | MADHAPAR | 51,00,000.00 |
| 95 | CONSTRUCTION FUND FOR SURAJ SIKHSHANDHAM ANDKANYA RATANDHAM | LATE KESHAVLALBHAI PREMJI BHUDIA, LATE KANJIBHAI PREMJI BHUDIA, LATE ARVINDBHAI KANJI BHUDIA BY HASMUKHBHAI KANJI BHUDIA AND SURAJBHAI ARVIND BHUDIA AND FAMILY-MOMBASA (KENYA) | FOTDI | 16,00,00,000.00 |
| 96 | SUPER SPECIALITY HOSPITAL FUND | GOPAL INVESTMENT PVT LTD BY VISHRAMBHAI LALJI PINDORIA | MADHAPAR | 10,00,174.00 |
| 97 | KAYAMI TITHI KANYA | LATE VIRBAI RAVJI VAGADIA BY BHIMJI RAVJI VAGADIA AND FAMILY | MADHAPAR | 25,000.00 |
| 98 | SUPER SPECIALITY HOSPITAL FUND | ARVIND DHANJI VARSANI, BHARTI ARVIND VARSANI | MADHAPAR | 50,000.00 |
| 99 | SUPER SPECIALITY HOSPITAL FUND | LATE MEGHJI BHIMJI HALAI BY MANJIBHAI MEGHJI HALAI | SURAJPAR | 2,00,000.00 |
| 100 | DONATION FOR AMBULANCE | PREMJI DEVJI HIRANI | MADHAPAR | 4,75,000.00 |

## શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુ. અને મેડિકલ ટ્રસ્ટમાં તા. ૧૭-૧૧-૨૦૧૯ થી તા. ૧૨-૮-૨૦૨૦ સુધી
## કે.કે. પટેલ હોસ્પિટલમાં દાતાઓએ જાહેર કરેલ દાનમાંથી જમા કરાવેલ દાનની યાદી અને વિવિધ ઉદેશ્ય માટે આવેલ નિયમીત દાનની યાદી

| | | | | |
|---|---|---|---|---|
| 101 | SUPER SPECIALITY HOSPITAL FUND | LALJI KARSAN BHUDIA WIFE KANBAI LALJI BHUDIA, SON DEEPAK, HARESH, SUNIL, KISHOR AND FAMILY | MADHAPAR | 5,00,000.00 |
| 102 | SUPER SPECIALITY HOSPITAL FUND | SHREE SWAMINARAYAN STEEL- MANJI HARJI PINDORIYA | MIRJAPAR | 1,50,000.00 |
| 103 | SUPER SPECIALITY HOSPITAL FUND | MANJI KANJI RAGHWANI | BALADIA | 50,00,000.00 |
| 104 | SUPER SPECIALITY HOSPITAL FUND | DHANJI LAXMAN BHIMJI RAGHWANI | BALADIA | 1,50,00,000.00 |
| 105 | SUPER SPECIALITY HOSPITAL FUND | DEVRAJ PARBAT HALAI AND FAMILY | DAHISARA | 51,000.00 |
| 106 | SUPER SPECIALITY HOSPITAL FUND | KANJI VISHRAM PATEL | BHUJ | 1,11,111.00 |
| 107 | SUPER SPECIALITY HOSPITAL FUND | LATE GOVIND VELJI HALAI BY JASHUBAI DEVJI VARSANI | MADHAPAR | 1,51,000.00 |
| 108 | HOSPITAL MACHINERY FUND | KHIMJI NARAN SENGHANI | NARANPAR | 6,30,000.00 |
| 109 | SUPER SPECIALIST HOSPITAL FUND | SHREE SWAMINARAYAN MANDIR - OLDDHAM ( PREMJI HARJI GORASIA) | NARANPAR | 1,00,353.45 |
| 110 | SUPER SPECIALIST HOSPITAL FUND | PREMJIBHAI NARAN CHHABHADIYA, KARSHANBHAI NARAN CHHABHADIYA BY KHIMJI KARSHAN CHHABHADIYA | MANDVI | 10,00,000.00 |
| 111 | SUPER SPECIALIST HOSPITAL FUND | LATE RATNA HIRA HIRANI, LATE RAMBAI RATNA HIRANI BY KALYAN RATNA HIRANI | MANKUVA | 15,00,000.00 |
| 112 | SUPER SPECIALIST HOSPITAL FUND | KHIMJI VELJI PINDORIYA C/O SWAMI INDIA INTERNATIONAL LTD. | NARANPAR | 10,00,000.00 |
| 113 | ORDINARY DONATION | PREMBAI LAXMAN BHIMJI RAGHWANI BY LAXMANBHAI BHIMJI RAGHWANI | BALADIA | 50,00,000.00 |
| 114 | ORDINARY DONATION | VELBAI KANJI BHIMJI RAGHWANI, MANJI KANJI RAGHWANI | BALADIA | 50,00,000.00 |
| 115 | ORDINARY DONATION | RADHABAI PREMJI KESRA RAGHWANI BY RAVIBHAI PREMJI KESRA RAGHWANI | BALADIA | 49,99,900.00 |
| 116 | SUPER SPECIALIST HOSPITAL FUND | NARAN SHIVJI VELJI GORASIA | MADHAPAR | 1,00,000.00 |
| 117 | SUPER SPECIALIST HOSPITAL FUND | RAMJI LALJI VARSANI, WIFE DEVBAI, SON HARISH, BHARAT AND DAUGHTER HANSA | MADHAPAR | 1,00,000.00 |
| 118 | SUPER SPECIALIST HOSPITAL FUND | LATE VISHRAMBHAI KARSHAN GORASIA, WIFE TEJBAI BY SON JADAVJI VISHRAM GORASIA D/L BHARTIBEN, PARBAT VISHRAM GORASIA D/L SHANTABEN, BHARAT VISHRAM GORASIA D/L ANITABEN, RAMESH VISHRAM GORASIA D/L AVNITABEN AND DAUGHTER ANITA DIPAK RAGHWANI FAMILY | BALADIA | 21,00,000.00 |
| 119 | EDUCATION AND MEDICAL FUND | VALJI LALJI VEKARIA, WIFE LALIBEN | MADHAPAR | 18,730.00 |
| 120 | MEDICAL RELIEF FUND | LATE KANJI HARJI PINDORIYA BY SON JADVABHAI, LAXMANBHAI, KURJIBHAI AND VIRJIBHAI | SAMATRA | 1,50,000.00 |
| 121 | MEDICAL RELIEF FUND | LATE DEVJI NATHA PINDORIYA BY SON VINOD DEVJI PINDORIYA AND VISHRAM DEVJI PINDORIYA | MADHAPAR | 50,000.00 |
| 122 | ORDINARY DONATION | NARAN RAVJI SIYANI | SUKHPAR | 1,00,000.00 |
| | | Total Amount | | 28,88,20,490.45 |

| SHRI KUTCHI LEVA PATEL SAMAJ | | | | |
|---|---|---|---|---|
| DONATION LIST FOR THE PERIOD OF 17-11-19 TO 13-08-20 | | | | |
| SR. | DONATION TYPE | DONOR NAME | VILLAGE | AMOUNT |
| 1 | ORDINARY DONATION | SWAMINARAYAN SARVJIV HITAVAH CHARITABLE TRUST | NARANPAR | 11,000.00 |
| 2 | ORDINARY DONATION | DHANJIBHAI KARSHAN VARSANI | NARANPAR | 1,00,000.00 |
| 3 | K.K.PATEL SUPER SPECIALIST HOSPITAL DONATION | LATE MAVJI DEVRAJ GORASIA BY SON GOPALBHAI MAVJI GORASIA AND GOVIND MAVJI GORASIA FAMILY | BHUJ | 30,00,000.00 |
| 4 | ORDINARY DONATION | KALYAN RAVJI MEGHJI VEKARIA | BALADIA | 6,00,000.00 |
| 5 | ORDINARY DONATION | KARSHANBHAI RAVJI MANJI KARA | DAHISARA | 20,75,000.00 |
| 6 | ORDINARY DONATION | GOKULA CHARITABLE TRUST BY K.K. HIRANI | BHUJ | 1,00,000.00 |
| | | Total Amount | | 58,86,000.00 |

# કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતમુર્હૂત અહેવાલ

## પ્રસંગ પરિચયઃ શ્રી અરજણભાઈ ગાંગજી પિંડોરીયા પૂર્વાધ્યક્ષ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ ભુજ



કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના પૂર્વાધ્યક્ષ અરજણભાઈ ગાંગજી પિંડોરીયાએ પ્રસંગ પરિચય આપતાં ઐતિહાસિક વક્તવ્ય આપ્યું હતું. તેમણે સમાજની સ્થાપનાથી લઈ સેવાકીય કાર્યોનો ચિતાર જણાવતાં કહ્યું: આ સંસ્થાએ ૨૦૦૦ની સાલમાં માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર શરૂ કર્યું ત્યારે પ્રથમ વાર્ષિક બે હજાર દર્દીઓ પગથીયા ચડ્યા હતા. આજે બે દાયકાની યાત્રા તમામ વિભાગો સાથે વાર્ષિક ત્રણ લાખ દર્દીઓની સારવાર થઈ રહી છે. ૧૪ વિભાગોનો નામજોગ ચિતાર આપતાં સમાજના આ સિનીયર અને નીવડેલા આગેવાને કચ્છની જનતા લેવા પટેલ સમાજ ઉપર કેટલો આશારો અને ભરોસો રાખે છે તે જણાવ્યું હતું. ૨૧ લાખ કચ્છીઓ આરોગ્ય સેવા માટે લેવા પટેલ સમાજ પર આશા છે. કિડની, કેન્સર, કાર્ડિયાક સુપર સ્પેશિયાલિટી સેવાઓ કચ્છમાં પુરી પાડવી નાનું કામ નથી. તે માટે હિંમત જોઈએ, સૌનો સાથ જોઈશે. પ્રથમ તબક્કે ૧૨૫ કરોડનો આ પ્રોજેક્ટ છે. તેવું કહેતાં અરજણભાઈએ પોતાની આગવી અને અસ્ખલિત વાણીમાં ૧.૫ લાખ ચોરસ ફૂટ જેટલું માળખું ૨૦૨૧ સુધીમાં પૂર્ણ થશે તેવી વાત પણ કરી હતી.

### સત્સંગનો સાથ

કચ્છી લેવા પટેલ સમાજ ભુજ અને સ્વામિનારાયણ સંપ્રદાય વિશેષ સંબંધ ધરાવે છે. તેમના પાયામાં ભુજ સ્વામિનારાયણ મંદિર છે કે જેમાં કચ્છી લેવા પટેલ સમાજના ૮૦ ટકાથી વધુ લોકો જોડાયેલા છે. અરજણભાઈ પિંડોરીયાએ આ સંબંધોના આધાર પર કહ્યું કે અમે મહંત સ્વામી પૂજ્ય ધર્મનંદનદાસજી સ્વામીને આ હોસ્પિટલ વિશે માહિતી આપી. ત્યારે મહંત સ્વામીએ કહ્યું કેથલેબ કે જેની કિંમત પાંચ કરોડ રૂપિયા છે તે સેવા અમે ભુજ સ્વામિનારાયણ મંદિર તરફથી કરશું.

### ગાદી સંસ્થાન અને અબજીબાપા છત્રી

વિકાસગાથા વર્ણવતાં મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન અધ્યક્ષ પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીએ પણ ૨.૫ કરોડ રૂપિયાની સેવા કરી છે. અને પ્રકલ્પને આશીર્વાદ પાઠવ્યા છે. તો અબજીબાપા છતરડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ બળદિયા સંસ્થા તરફથી પણ દોઢ કરોડની સેવા ગામ કેરાના રવજી ગોવિંદ વરસાણી મારફતે થઈ હોવાની વાત શ્રી પિંડોરીયાએ કરી હતી.

### વિદેશવાસી દાનવીરોનો ઉલ્લેખ

કચ્છી લેવા પટેલ સમાજ ભુજનો આધાર તેમના દાતારો છે. તેમાં પણ વિદેશના દાતાઓએ કરોડોની સરવાણી વહેવડાવી છે તેની ખાસ નોંધ લેવાઈ હતી. દાતાઓના દાન મળે જનતાના મન મળે અને સરકારનો સહારો મળે તો કાર્ય સફળ થાય.

### ૧૮ કરોડ સરકાર આપે : શ્રી પિંડોરીયા

ઈ.સ. ૧૯૯૮માં જ્યારે હાલની MMPJ હોસ્પિટલના બીજ રોપાતા હતા ત્યારે તે સમયે જી.એમ.ડી.સી. ચેરમેન મુકેશભાઈ ઝવેરીએ તત્કાલિન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના આદેશથી એક કરોડ રૂપિયાનું સી.ટી.સ્કેન મશીન આપ્યું હતું. તેમાં ૧ હજાર રૂપિયામાં સતત સેવા થઈ છે. આજે આ ઘટનાને ૧૮ વર્ષ થયા ૧૮ કરોડ રૂપિયાનો કિંમતનું રેડિયેશન થેરાપી ઉપકરણ સરકાર આપે તેવી માંગણી સમાજ વતી અરજણભાઈએ કરી ત્યારે સભા આનંદથી તાડીઓમાં ફેરવાઈ ગઈ પુત્રની માંગ પિતા ક્યારેય ઠૂકરાવતો નથી એમ કરી લાગણીની ભીનાશ ઉમેરી હતી.

### કચ્છ વિકાસ માટે વેણ

જાહેરમંચ પરથી વિશાળ જનસમુદાયની ઉપસ્થિતિમાં રાજ્યના ટોચના નેતાઓને જાહેરમાં સત્ય સુણાવવું બહુ કઠીન કામ છે. કહેવા માટે શુદ્ધ ચારિત્ર્ય, દ્રઢ સમર્પણ, દિન-રાત સંસ્થા માટે જીવવાની પ્રતિબદ્ધતા જોઈએ. જીવનના પાંચ દાયકા સમાજને અર્પી દેનાર અરજણભાઈ પિંડોરીયાએ કામ કર્યું. તેણે જે કહ્યું તે ભલભલા રાજનેતાને પસીનો છૂટવી દે તેવું હતું.

તેમણે કચ્છની ચાર માંગણીઓ દોહરાવી હતી. જેમાં નર્મદાના જળ નહેર વાટે કચ્છમાં ન પહોંચ્યા હોવાની વાત બેધડક સુણાવી હતી. પીવાના પાણીની જેમ કૃષિનીરના કામ ખૂબ વિલંબમાં હોવાનું જણાવ્યું હતું. કચ્છ અને વિદેશનો આવો મજબૂત નાતો છે. અવરજવર છે પણ ફલાઈટની યોગ્ય અને પૂરતી કનેકટીવીટી નથી. તે આપવા માંગણી કરી હતી. કચ્છને કાર્ગો હવાઈમથક આપવાની માંગણી સાથે ભુજોડી અને ભચાઉના ઓવરબ્રિજના લટકેલા કામ હજુ પણ કાચબા ગતિએ થઈ રહ્યાંની ટકોર કરતાં આ પીઢ આગેવાને મધુરમ ભાષામાં પ્રવચનને સમાપ્ત કરતાં કવિ હૃદય છલકાવ્યું કહ્યું;'માટીનું પૂતળું છું, તમથી કાંઈ જુદો નથી, ભૂલ થઈ હોય તો માફ કરશો, ઈન્સાન છું ભગવાન નથી.તેમના ૧૦ મિનીટના અસ્ખલિત વાણી પ્રવાહ અને વાક્છટાથી પ્રસંગનો માહોલ મઘમઘી ઉઠ્યો હતો. કચ્છી લેવા પટેલ સમાજમાં અગાઉ આ રીતે સત્યવચન જાહેરમાં આર.આર.પટેલે કહ્યા હતા અને સમાજ વિકાસમાં ગતિ આવી હતી તે પછી અરજણભાઈએ નિખાલસ નેતૃત્ત્વનો સંદેશ આપ્યો હતો.

### મેડિકલ કોલેજ

અરજણભાઈએ એ વાત પણ યાદ કરી કે આમંત્રણ આપવા ગયા ત્યારે વિજયભાઈએ કહ્યું હતું કે ૫૦૦ બેડની હોસ્પિટલ બનાવો, મેડિકલ કોલેજ આપી દવું. પણ સાહેબ હાલ હજી એ કામ માટે અમારા પગ ભાર ઝાલે એમ નથી. જ્યારે પગ ભાર ઝાલશે ત્યારે મેડિકલ કોલેજ પણ શરૂ કરશું. રાજ્ય સરકાર ના સાથ- સહકારની પણ તેમણે નોંધ લીધી હતી.

## કે.કે.પટેલનો સંઘર્ષકાળ

કોથળામાં ગોદડું વીંટીને ગયેલો માણસ... ૧૯૬૬માં સામત્રાથી આફ્રિકા જવા નીકળ્યો ત્યારે કપડાં ભરવા બેગ નહોતી એ પ્રતિભા મોમ્બાસા બંદરે ઉતરી, ખૂબ સંઘર્ષ કર્યો. ઘરમાં નળ નહોતો જાહેર નળમાં સ્નાન કરતા, રહેવા ભાડે મકાન, ફાનસના અજવાળે અંગ્રેજી ભણ્યા.. હાર્ડવર્ક કર્યું.. આ હાર્ડવર્કને આજે સેવાના ફળ લાગ્યાં છે. મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીને પ્રોટોકોલ તોડી એક સ્ટેપ આગળ આવી કે.કે.પટેલ સાહેબનું સન્માન કર્યું હતું.

## પત્ની, પુત્રી,પુત્ર, જમાઈનું સન્માન

કે.કે.પટેલના પુત્ર દિપકભાઈ, અમૃતબેન, દીકરીઓ-પુત્રી હસ્મિતાબેન નિલેશ વેકરીયા દંપતિ તેમજ કે.કે.પટેલના અર્ધાંગિની ધનબાઈ કાનજી પટેલ મંચ ઉપર આવ્યા અને માતબર દાન આપવાની હકારાત્મકતામાં પૂરક બનવા બદલ આખાય પરિવારનું સન્માન કરાયું હતું.પૂત્ર દિપકભાઈ પરિવારે નાઈરોબીથી શુભેચ્છા પાઠવી હતી.

## સાલ, શિલ્ડ, કણબી પાઘ

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સાલથી સન્માન કર્યું અને કણબી પાઘ પહેરાવી હતી. તો નીતિનભાઈ પટેલે રજત શિલ્ડ આપી વિશિષ્ટ સન્માન કર્યું ત્યારે સમગ્ર માહોલ ગાજી ઉઠ્યો હતો. સભામંડપમાં ઉપસ્થિત સર્વે ઉભાં થઈ 'સ્ટેડિંગ એવિએશન' આપ્યું હતું ત્યારે ન માત્ર કચ્છ ચોવીસી પણ વિશ્વનો કણબી સમાજ ગદ્‌ગદ્ થઈ ગયો હતો.

## સંપતિને સાર્થક કરી શ્રીની પ્રાપ્તિ..સમગ્ર કચ્છના દાતા

ભગવાન લક્ષ્મીની મહેરબાની કરે..પણ અન્યો માટે વાપરવી કઠિન છે. દાનેશ્વરી કર્ણ જેવા મહારથીની ભારતભૂમિ ભામાશા અને જગડુશાની જન્મદાત્રી છે. જેણે જેણે પરોપરકારાર્થે લક્ષ્મીનું દાન કર્યું એણે માનવતા મહેકાવી છે કે.કે.પટેલ ઐતિહાસિક દાન સાથે ન માત્ર કણબી પણ કચ્છી દાનવીર તરીક પુનર્જન્મ પામ્યા. દાયકાઓથી કોરાચેક ધરનાર સમાજ પૂત્ર કાનજીભાઈનું સ્વપ્ન સાકાર થયું. દેર આયે પર દુરસ્ત આયે..નિયતિએ ન્યાય કર્યો..કચ્છની ૨૧ લાખની વસ્તીને સુપર સ્પેશિયાલિટી સેવાઓનો માણેક સ્તંભ રોપાયો.

## રજતકળશઃ માંગલ્યનું પ્રતીક

કચ્છી લેવા પટેલ સમાજ ભુજે કે.કે.પટેલ પરિવારના સન્માનમાં પણ માંગલ્યનો સંદેશ આપ્યો હતો. જેમાં રજતકળશ માંગલ્યનું પ્રતીક હતું. દરેકના જીવનમાં મંગળ થાઓ, સૌનું કલ્યાણ થાઓ..ની ભાવના માંગલ્ય કળશમાં છે. જે દાન આપે છે તેનું પણ કલ્યાણ થાઓ..જે દાન પામે છે તેનું પણ કલ્યાણ થાઓ. જય જય થાઓ એવી ધ્વનિ આ પ્રતિકમાં છે. કણબીપાઘ કે.કે.પટેલના માતા પ્રેમબાઈના સ્નેહનું પ્રમાણ છે. કણબી ગોદ, ગર્ભ, ગરીમા માતાની દેન છે. અપાર સંમોહિત કળા વાતાવરણમાં હજારો જનમેદની વચ્ચે જનતા જનાર્દનના આશિષ રજતકળશરૂપે અર્પણ કરાયા હતા.

## રજવાડી માહોલ

ગરિમાપૂર્ણ સાદા છતાં જાજરમાન વિશાળ મંચ ઉપર રજવાડી માહોલ બંધાયો હતો. દાતાઓ, અગ્રણીઓને ત્રણ પ્રકારના સાફા બંધાયા હતા. બાંધણી કોરના લાલ-કેસરી, ગુલાબી સાફાએ માત્ર માથાં નહીં મન પણ બાંધ્યા અને સર્જયો અનોખો માહોલ.

### કચ્છનો લેઉવા પટેલ સમાજ ઈશ્વરીય કાર્ય કરી રહ્યો છે; મુખ્યમંત્રીશ્રી



**સંતો-મહંત સ્વામી, આગેવાનોના નામોઉલ્લેખ સાથે ઉદ્‌બોધન શરૂ કર્યા બાદ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કરેલું સંબોધન અક્ષરશઃ અહીં પ્રસ્તુત છે.**

સૌ પ્રથમ કચ્છના લેઉવા પટેલ સમાજને લાખ લાખ અભિનંદન આપું છું. જે કામ સરકારે કરવાનું છે એ કામ સરકારની રાહ જોયા વગર કચ્છી લેવા પટેલ સમાજ વર્ષોથી કરે છે. અને આજે કેન્સર, હાર્ટ સર્જરીઓ, કિડની આયુર્વેદ સહિતની સગવડ ઊભી થાય એટલા માટે એક ભવ્ય હોસ્પિટલના નિર્માણનું ખાતમુર્હૂત થયું છે. ૧૨૫ કરોડનો અંદાજીત ખર્ચ થવાનો છે. પ્રોજેક્ટ આરંભાયો છે તે બદલ સમાજને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

લેવા પટેલ સમાજ દિલદાર સમાજ છે. ભોળો સમાજ છે. મહેનતુ અને સંસ્કારી સમાજ છે. સ્વબળે આગળ વધનારો સમાજ છે. અહીં વાત થઈ બેગ ન હતી. પોટલુંવાળીને વિદેશ ગયેલા કે.કે.પટેલ આજે ૨૦ કરોડ રૂપિયાનું દાન આપી રહ્યા છે. તેનો મતલબ એ કે જે ઈમાનદાર વ્યકિત છે એ સમાજ અને રાષ્ટ્રના ચરણે સ્વબળે કમાયેલું ધન વખત આવ્યે અર્પણ કરે છે. પૈસા તો ઘણાની પાસે હોય છે પણ આ પૈસાનો ઉપયોગ સમાજ અને દેશ માટે થાય એ વાત જેને સમજાય તેનું મન અને હૃદય વિશાળ હોય છે. કે.કે.પટેલ અને અન્ય સૌ દાતાઓ આજે વતનનો પોકાર સાંભળીને દાન આપ્યું છે. જેણે જેણે આ પ્રોજેક્ટમાં દાન આપ્યું છે તે સર્વેને હું રાજ્ય સરકાર અને રાજ્યવતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

નરેન્દ્રભાઈ વડાપ્રધાન બન્યા પછી પહેલું કામ ઉપાડ્યું કે લોકોનું આરોગ્ય સુરક્ષાચક્ર પુરું પાડવું. છેવાડાના માનવીને આરોગ્ય સેવા પહોંચાડવા રિમોર્ટ એરિયામાં સુપર સ્પેશિયાલિટી ફેસિલીટી વધે અને દરેક પ્રકારના રોગોના એક્સપર્ટ ડોક્ટર પ્રાપ્ત થાય તે આવશ્યક હોય છે. એટલે કેન્દ્ર અને રાજ્ય સરકારે વ્યાપ વધારવા હેલ્થ પોલિસી બહાર પાડીને આરોગ્ય સુવિધા માટે પ્રયત્ન કરી રહી છે. ઈ.સ. ૨૦૦૦ પહેલાં એટલે કે બે દાયકા પહેલાં ગુજરાતમાં ૯ મેડિકલ કોલેજ હતી જે ૨૦ વર્ષમાં ૨૯ થઈ છે. હવે દર વર્ષે એકલા ગુજરાતમાં ૫૫૦૦ ડોક્ટરની તાલિમી બેઠક છે. ડોક્ટરની ખાધ પુરાઈ છે. આઝાદી પછી ગુજરાતને એઈમ્સ મળી નહોતી, નરેન્દ્રભાઈ મોદીએ એઈમ્સ આપી છે. પ્રસંગ પરિચયમાં હોસ્પિટલની કલ્પના કરીને, ૫૬ ની છાતીની વાત

૫૬ની છાતી થઈ બનાવીને સમાજ આગળ વધી રહ્યો છે. ત્યારે રાજ્ય સરકાર વતી હું માત્ર એટલું જ કહેવા માંગુ છું વ્યવસ્થામાં પૈસાની ચિંતા કરતા નહીં. સરકાર તમારી સાથે છે. સારું કોઈપણ કામ આપણે અટકવા દેવું નથી. સારામાં સારું થાય તે કરો. પાંચ-પચ્ચીસ કરોડ વધુ વપરાય તેથી ચિંતા કરતા નહીં. દુનિયાની બેસ્ટમાં બેસ્ટ હોસ્પિટલનું કચ્છમાં નિર્માણ થાય તે માટે આગળ વધો.

## ઈશ્વરીય કાર્ય

કચ્છનો લેવા પટેલ સમાજ ઈશ્વરીય કાર્ય કરી રહ્યો છે. હોસ્પિટલનું કામ ભગવાનનું કામ છે. અને ભગવદીય કાર્ય હોય તો કાંઈ અટકતું નથી. ઈશ્વરના આશીર્વાદ પણ આપણી સાથે છે. અને સરકાર પણ તમારી સાથે જ છે.

૧૯ કરોડ રૂપિયા સરકાર આપે એવી વાત થઈ..બસ આટલું જ? આમંત્રણ આપવા આવ્યા ત્યારે અમે સમજી જ ગયા હતા કે અમને એમને એમ બોલાવતા નથી. મેં અગાઉ પણ કહ્યું; આ સરકારનું કામ સંસ્થા કરી રહી છે. ત્યારે સરકારની અનેક નીતિઓ છે તે દિવસે કહ્યું હતું અને આજે પણ કહું છું નવી સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલમાં નિદાન- ઉપચાર ઉપકરણ ખરીદવા રાજ્ય સરકાર ૨૫ ટકા સબસીડી આપે છે. કોઈ કહેતું હતું.૬૦ કરોડના સાધનો વસાવવા છે. બીજી વાત આ હોસ્પિટલ નજીવા દરે કે મફત જેમ સિવિલ હોસ્પિટલ પ્રમાણે સારવાર કરે તો સરકારની નીતિ મુજબ આવી હોસ્પિટલોનો નિભાવ ખર્ચ સરકાર આપે છે પણ 'મફત' શબ્દ ફરજિયાત હોવો જોઈએ.

ખૂબ આનંદની વાત છે કે સમાજ બધાનો વિચાર કરીને બીજાને સુખ શાતા ઉપજે તેવું કામ કરી રહ્યો છે. છેવાડાનો ગરીબમાં ગરીબ માણસ સારવાર વગરનો ન રહે તે સંસ્થા જોઈ રહી છે. આપણા રાજ્યમાં ૧૦૦,૨૦૦, ૫૦૦ કરોડના કામ સમાજો દ્વારા થતા રહે છે. મા ખોડિયારના આશીર્વાદ, ભોજલબાપાના આશીર્વાદ મળશે. ૧૦૦ ટકા સફળતા મળશે. કચ્છનું ખમીર છે. કચ્છી ક્યારેય ડઘાયો નથી. કચ્છના ખમીરે આ કામ કરી સરકારને પણ વિચારતા કર્યા છે. તે માટે આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ફરીથી રાજ્ય સરકાર વતી ખાત્રી આપું છું.

ચલો જલાયેં દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈં...
સૌનો સાથ, સૌનો વિકાસ

આપે અહીં આજે અમારું સન્માન કર્યું, અમને પ્રોત્સાહિત કર્યા, નવી ઉર્જા આપી છે. ખૂબ ખૂબ આભાર.



માતૃછાયા કેબલ મારફતે મહોત્સવની લાઈવ સેવા નિઃશુલ્ક આપતા ગામ મિરઝાપરના વિનોદભાઈ લાલજી વરસાણી તથા પુત્ર ધિરેન વિનોદભાઈ વરસાણી

## પૂ.મહંત સ્વામીના શુભાશિષ (શબ્દશઃ)



સર્વેને અમારા જયશ્રી સ્વામિનારાયણ, મંચ ઉપર રહેલા આપણાં નીતિનભાઈ તથા હમણાં પ્રસ્થાન કરી ગયેલા વિજયભાઈ, મંચસ્થ રહેલા અમારા સત્સંગી ભાઈઓ તમને સૌને ઘણા ઘણા જયશ્રી સ્વામિનારાયણ.

વિશેષમાં આજે શ્રી કે.કે. પટેલ ઉસુપર હોસ્પિટલ કે જેનું આયોજન થઈ રહ્યું છે. ખૂબ ખૂબ અમે રાજી છીએ કે આજે કચ્છી લેવા પટેલ સમાજે આવું કાર્ય કરતા હોય તો બીજી મોટી વાત કઈ છે. ખરેખર આપણાં કે.કે.પટેલે આટલું જે યોગદાન આપેલું છે એ કોઈ સામાન્ય વાત નથી. કારણ કે એની પરિસ્થિતિની આગળ વાત થઈ ગઈ કે જ્યારે દેશમાંથી બહાર ગયા ત્યારે એની કેવી પરિસ્થિતિ હતી અને અત્યારે ભગવાનની એમના ઉપર ખૂબ કૃપા દૃષ્ટિ થઈ છે અને ખૂબ એણે મહેનત કરેલી છે. તો એના કારણે આજે આવાં સારા દાન આપી શકે છે. અને અમને પણ એમ સંતોષ છે. કે અમારા આવા લેવા પટેલના ભાઈઓ દેશ વિદેશમાં જઈ કરીને સંતના વચનથી સંતોએ કહ્યું તમે વિદેશમાં જાઓ. સંતોના વચનોમાં વિશ્વાસ રાખી કરીને વડીલો બધા વિદેશમાં ગયા અને એના કારણે કચ્છની પ્રજામાં ઘણો સંતોષ થયેલ છે અને ભગવાને આર્થિક સ્થિતિએ ખૂબ સુખીયાં કરેલાં છે અને એવાં સુખીયાં કર્યાના કારણે આવાં ખૂબ કાર્ય કરી શકે છે. આ કાર્ય કરવાં હોય તો સહેલી વાત નથી અગાઉ પણ લેવા પટેલ સમાજે હોસ્પિટલનું નિર્માણ કર્યું છે. તેમાં નથી પણ પ્રેમજી જેઠા તેમની પત્નીનું નામ રાખી કરીને હોસ્પિટલ શરૂ કરી ત્યારે તે આજ દિવસ સુધી સારી રીતે હોસ્પિટલ ચાલે છે કચ્છમાં હાલ એનું નામ બહુ આગળ છે અને એમાં ઘણાં બધા દર્દીઓએ લાભ લીધેલો છે તે સિવાય એજ્યુકેશનમાં પણ ખૂબ આગળ આગળ વધી રહ્યા છે. એવી રીતે લેવા પટેલ સમાજે એજ્યુકેશન અને દરેક બાબતે જે આગળ કામ કરી રહ્યા છે તે પ્રમાણે સ્વામિનારાયણ મંદિર પણ એજ્યુકેશનમાં ખૂબ ખૂબ સારો લાભ લઈ રહ્યા છે. આપણા દિકરાઓ પણ સારો લાભ લે છે. વિશેષમાં કન્યા વિદ્યામંદિર ભુજમાં ૧૦૦૦ થી ૧૨૦૦ દિકરીઓ પણ સારો લાભ લઈ રહેલ છે. માંડવીમાં કન્યા વિદ્યામંદિરમાં પણ લગભગ ૫૦૦-૮૦૦ છોકરીઓ આજે ખૂબ ખૂબ સારો લાભ લઈ રહેલ છે. વિશેષમાં કહેવાનું એટલું જ કે સ્વામિનારાયણ સંપ્રદાય પણ આવાં શુભ કાર્ય કરવા માટે તત્પર છે. હાલ કરી રહ્યું છે. કોઈપણ રીતે આપણી પ્રજાને સુખ શાંતિ મળે એજ્યુકેશનમાં ખૂબ આગળ આવે એવા ભાવથી આજે સ્વામિનારાયણ મંદિર પણ ખૂબ ખૂબ દરેક ઠેકાણે પ્રવૃત્તિ કરી રહેલ છે. ખાલી મંદિર કરવા એટલું જ નથી આપણી પ્રજાને કેમ સુખ શાંતિ મળે કેમ આગળ આવે તે માટે આવાં દરેક કાર્યમાં પણ અમે આગળ રહેલા છીએ. ધરતીકંપ થતો હોય કે ભૂકંપ હોય કે બીજી દરેક સેવામાં આગળ રહ્યા છીએ. જ્યારે જ્યારે કલેક્ટરની માંગણી આવે કે આ ઠેકાણે તકલીફ છે. મદદ કરો..આવાં દરેક કાર્યમાં મંદિર આગળ રહે છે જે રીતે લેવા પટેલ સમાજ સેવા કાર્યોમાં આગળ છે તેવી જ રીતે ભુજ મંદિર પણ આગળ રહે છે. તમે વિચાર કરો આજે આપણાં કચ્છી સત્સંગીઓ જ્યાં જ્યાં પણ ગયેલા છે ત્યાં ત્યાં પણ

મંદિરો કરી સત્સંગનો વિકાસ થયો છે. સત્સંગનો વિકાસ કરે છે તેની સાથે સંસ્કાર પણ પ્રાપ્ત કરે છે. એટલે એવી રીતે યુ.કે., ઓસ્ટ્રેલિયા, યુગાન્ડા જ્યાં જ્યાં પણ જાઓ મંદિરો કરેલાં છે. ત્યાં સત્સંગિઓ વ્યવહાર સાઈડ પણ સારી પ્રગતિ કરે છે. આર્થિક સ્થિતિએ પણ ખૂબ બધાને સુખિયાં કર્યાં છે. એને કારણે આપણે કચ્છની પ્રજાને લાભ મળે છે આવાં શુભ કાર્યો હંમેશા થતા રહે છે. વિશેષમાં મારે વધારે કહેવાનું નથી પણ આજે કે.કે.પટેલે આજે જે આ કામ કર્યું છે તેમને જેટલા જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે અને તેના પરિવારમાં પણ આવાને આવા શુભકાર્યો થતાં રહે એવી અમારી ભગવાન પાસે પ્રાર્થના છે. અને સરકારના આગેવાનો જે હમણાં સભામાં બેઠેલાં છે. એને પણ અમારી વિનંતી છે કે લેવા પટેલ સમાજે આવું જે શુભ કાર્ય કર્યું છે. તેમાં પણ આર્થિક સ્થિતિએ પણ તમે મદદ કરતા રહેજો એવી અમારી માંગણી છે કારણ કે આ કાર્ય સાધારણ નથી બહુ વિશાળ કાર્યનું આયોજન કરેલું છે. આ કાર્યને આગળ ચલાવવું એ પણ કઠીન કામ છે છતાં પણ હરિભક્તોની ખૂબ હિંમત છે. બધાનો સાથ છે. અમે પણ સાથે સહકારમાં રહેલા છીએ આ કામમાં કોઈ દિવસ આંચ નહીં આવે એવી ભગવાન પાસે પ્રાર્થના. વિશેષમાં કંઈ કહેવાનું નથી. સર્વેને ઘણા ઘણા અમારા જયશ્રી સ્વામિનારાયણ.

## પૂ. આચાર્ય પુરૂષોત્તમ પ્રિયદાસજીસ્વામીના આશિષ (વિડિયો ક્લિપ દ્વારા)



બંધુઓ, જયશ્રી સ્વામિનારાયણ

ભુજમાં કચ્છી લેવા પટેલ સમાજ દ્વારા બંધુઓ જે સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું કામ થવાનું છે એમાં ભગવાન, સ્વામીબાપા, ભેગા ભળે અને કાર્ય સાકાર થાય. ૨૧ લાખ કચ્છીઓ જેનો લાભ લેવાના છે. બંધુઓ... એમા કાર્ય કરનાર સર્વે કાર્યકર્તા બંધુઓને ભગવાન ખૂબ શક્તિ આપે એવી પ્રાર્થના...

## મહાદાનની સરવાણી (જાહેર થયેલાં દાનની કાર્યક્રમ ક્રમે વિગતો અહીં સમાવિષ્ટ છે.) દાતાઓના પુરા નામ દાનની યાદી પ્રમાણે છે.

લક્ષ્મણભાઈ કન્સ્ટ્રકશન કંપની-નાઈરોબી સમગ્ર રાઘવાણી પરિવાર દ્વારા જાહેર થયેલા દાનની પહેરામણીએ સ્વીકારી હતી બંધુ પ્રેમજીભાઈ કેશરા રાઘવાણી-બળદિયા. આઈ.સી.સી.યુ-૧૨ બેડ : ૩ કરોડ રૂપિયા શામજીભાઈ શીવજી દબાસીયા (જયસામ કન્સ્ટ્રકશન) ધ.પ. વિજ્યાબેન યુ.કે. દ્વારા ત્રણ કરોડ રૂપિયા ICCU :૧૨ બેડ માટે અપાતાં સન્માન કરતા રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય પ્રધાન નીતિનભાઈ પટેલ-શામજીભાઈ શીવજી દબાસીયા ગામ માધાપરના છે અને લંડનમાં બાંધકામ અને ડેવલપમેન્ટનો મોટો બિઝનેશ છે. યુ.કે.માં સૌથી મોટું દાન તેમના નામે છે. દબાસીયા એન્ડ હાલાઈ ફેમિલી. અમૃતબેન ભીમજી વેકરીયા પરિવાર દ્વારા અપાયેલા સહસહયોગવતી દહિંસરાના દેવજીભાઈ હાલાઈનું સન્માન મહંત સ્વામીના હસ્તે કરાયું હતું.

### ૨.૫ કરોડ રૂપિયાઃ ઓન્કોલોજી ઓપરેશન થીયેટર

અ.નિ. અરજણભાઈ કરશનદાસ વેકરીયા ગામઃમાધાપર તરફથી ૨.૫ કરોડ રૂપિયા હ. શશીકાંતભાઈ વેકરીયા, મિતુલ અને ચાંદની બહેન સમગ્ર પરિવાર દ્વારા. ઓન્કોલોજી ઓપરેશન થીયેટર માટે દાન જાહેર થતાં નીતિનભાઈ પટેલના હસ્તે સન્માન કરાયું. શશીકાંતભાઈ વેકરીયા બ્રિટીશ હિન્દુ ફોરમના અધ્યક્ષ રહી ચૂક્યા છે.

### ડે-કેર વિભાગઃ એક કરોડનું દાન

કે.કે.જેસાણી, ધ.પ. ધનુબેન કે. પટેલ પૂત્રી-જમાઈઓ સર્વે પરિવાર બળદિયા-લંડન તરફથી રૂપિયા ૧ કરોડનું દાન જાહેર થયું હતું. પોતે લંડન હોવાથી આગામી પ્રસંગોમાં તેમની પહેરામણી કરવામાં આવશે. કે.કે.જેસાણી સમાજ અને સત્સંગ વચ્ચે ઈ.સ.૨૦૧૦થી મોટી અને મજબૂત કડીરૂપ બની રહ્યા છે. તેમની આગેવાનીમાં સેવાના કાર્યો થતા રહ્યા છે.

### પ્રિ-પોસ્ટ ઓપરેશન વોર્ડ-૧ : એક કરોડ રૂપિયા

શામજીભાઈ વરસાણી, અશોકભાઈ વરસાણી, ભરતભાઈ વરસાણી ટફ ગ્લેઝ લંડન દ્વારા એક કરોડ રૂપિયાનું દાન જાહેર થયું હતું. દાતા પરિવારના બંધુ શામજીભાઈની પહેરામણી મહંત સ્વામીના હસ્તે કરાઈ હતી.

### સેવક સદન માટેઃ ૧.૫ કરોડનું દાન

રવજીભાઈ ગોવિંદ વરસાણી, ધ.પ. ધનબાઈ પૂત્ર કિશન પૂત્રવધૂ બિંદિયા તથા સમગ્ર પરિવાર વતી કેરાના અગ્રણી નવીનભાઈ પાંચાણીની પહેરામણી કરાઈ હતી.

## નરેશભાઈ પટેલ



કચ્છી લેવા પટેલ સમાજના આજના કાર્યક્રમમાં હમણાં જ જેણે વિદાય લીધી એવા રાજ્યના મુખ્યમંત્રી માનનીય ભાઈશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ, આખા પાટીદાર સમાજનું ગૌરવ અને ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી એવા વડિલ ભાઈશ્રી નીતિનભાઈ પટેલ, આજના મુખ્યદાતા ભાઈશ્રી કે.કે.પટેલ સાહેબ બંન્ને પ્રમુખ ગોપાલભાઈ અને વેલજીભાઈ, પૂજનીય સંત ગણ મંચસ્થ મહાનુભાવો આપશ્રી ભાઈઓ અને બહેનો

કચ્છી લેવા પટેલ સમાજ વિશે ઘણી બધી વાતો હમણાં અરજણભાઈ એ કરી જે પણ કાર્યો આ સમાજ હાથમાં ધરે છે એ ખૂબ જ નિષ્ઠાથી અને ખૂબ જ ભોગ આપીને કાર્યપૂર્ણ કરતો હોય ત્યારે આખા સમાજને મારા લાખ લાખ અભિનંદન પાઠવું છું. હમણા મુખ્યમંત્રીશ્રી સરકાર તરફથી જે યોગદાન મળનારું છે તેની વાત મુકતા ગયા છે. એ બદલ ગુજરાત સરકારનો હું આભારી છું. સરકારની જે સ્કીમ છે તેમાં આપણે જરૂરથી ચોક્કસથી લાભ લેશું. અરજણભાઈ પિંડોરીયાએ હમણાં જે થોડી માંગણીઓ કરી નીતિનભાઈ પટેલ સાહેબને રિકવેસ્ટ છે. હું આજે આપને વાત જણાવવા માંગુ છું કે નીતિનભાઈ પટેલ કે જે પાટીદાર સમાજનું ગૌરવ છે. એને ખોડલધામ માટે ૨૦ કરોડના ખર્ચે

ઓવરબ્રિજનું કામ પાસ કરાવ્યું છે. આખા લેવા પટેલ સમાજવતી જાહેરમાં હું એમનું અભિવાદન કરી આભાર માનુ છું અને એટલે જ વસંતભાઈ, અરજણભાઈ આપણે જે યોગ્ય માંગણી મુકશું એ નીતિનભાઈ પટેલ જરૂર પુરી પાડશે. વધુમાં સમય ઘણો ગયોછે. એટલે વધુ ન કહેતાં કે.કે.પટેલ સાહેબના પરિવારને અભિનંદન પાઠવું છું. સૌને જયશ્રી સ્વામિનારાયણ જયશ્રી કૃષ્ણ...

## ૯૯૭૬૯૭૬ રૂપિયા કોન્ફરન્સ હોલ

સ્વ. રતનબેન નારાણ પરબત હિરાણી, નારાણભાઈ પરબત હિરાણી હસ્તે મુકેશભાઈ નારાણ હિરાણી ધર્મપત્ની દર્શનાબેન, પૂત્ર ક્રીષ તથા વીર, પૂત્રી આંશી અને શ્રીયા માસ્ટર પાવર સિસ્ટમ કેન્યા-યુગાન્ડા દ્વારા કોન્ફરન્સ હોલ માટે ૯૯૭૬૯૭૬/- રૂપિયાનું દાન ગત ગરિમા મહોત્સવ સંપન્ન થઈ ગયા પછી થયું હતું તેથી તેની જાહેરાત અત્રેથી કરાઈ હતી.

## સામબાઈ ફઈને અનુરોધ

કાર્ય વિશાળ છે ટીપે ટીપે સરોવર ભરવું પડશે, સાંખ્યયોગી બહેનોના શિર્ષ સ્થાને બિરાજતા મહંત સામબાઈ ફઈને સમગ્ર સમાજે અનુરોધ કરતાં વિનંતી કરી કે આ કાર્યમાં સહયોગ આપવા આપ પણ કર્મયોગી બહેનોને પ્રેરણા કરજો. સામબાઈ ફઈ પોતે પાંચ લાખ રૂપિયા દાન નોંધાવી પહેલ કરી હતી. તેમના હસ્તે દાતા પરિવારના મહિલા સભ્યોના સન્માન-પહેરામણી થઈ હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ત્યાગી બહેનો ઉપસ્થિત રહી કાર્યને અનુમોદન આપ્યું હતું.

## સંતો અને સાંખ્યયોગી માટે અલગ સેવાસદન

સંપ્રદાયના ધર્મ-નિયમ સચવાય તે માટે હાલની MMPJ હોસ્પિટલની જેમ નવી હોસ્પિટલમાં પણ સંતો-સાંખ્યયોગી બહેનો માટે અલાયદા સેવાસદન બનાવાશે. જેમાં ત્યાગીઓ જ દાખલ થઈ શકે અને તેમની સારવારની જવાબદારી સમાજ ઉઠાવી ફરજ પૂર્ણ કરે.

## ૫૧ લાખ

સ્વ. લાલજીભાઈ મુરજી કેરાઈ, માતૃશ્રી ધનબાઈ હ.લક્ષ્મણભાઈ લાલજી કેરાઈ, ધ.પ. અમૃતબેન પૂત્ર સંજય, પૂત્રી લીનાબેન સમગ્ર પરિવાર બર્નટોક ટીમ્બર લંડન દ્વારા ૫૧ લાખ રૂપિયાનું દાન પિતા લાલજીબાપાના સ્મરણાર્થે

## ૫૦ લાખ

વિનોદભાઈ હાલાઈ, રવજીભાઈ હાલાઈ, રમેશભાઈ હાલાઈ, યોગેશભાઈ હાલાઈ એવરુલેઝ વિન્ડોઝ લંડન (યુ.કે.) દ્વારા ૫૦ લાખનું દાન જાહેર કરવામાં આવ્યું હતું. તેમના પ્રતિનિધિ કિશોરભાઈની પહેરામણી કરાઈ હતી.

અ.નિ. પિતાશ્રી વિશ્રામભાઈ ધનજી રાઘવાણી, માતા કેશરબેન વિશ્રામભાઈ હ.લક્ષ્મણભાઈ વિશ્રામ રાઘવાણી, ધ.પ.કેશરબેન લક્ષ્મણ, પૂત્ર હરીશ ધ.પત્ની ધનલક્ષ્મીબેન, પૂત્ર ચિંતન, નિતા, ઉર્મિલા વનિતા પરિવાર તરફથી ૨૧ લાખ રૂપિયાનું દાન જાહેર થતાં પહેરામણી

## ૧ કરોડ રૂપિયા

કેશરાભાઈ વિશ્રામ ભુડિયા (ગામ માનકૂવા) સમગ્ર પરિવાર તરફથી ૧ કરોડ રૂપિયાનું દાન જાહેર કર્યું. યુવા દાતાઓ પણ સમાજ માટે આગળ આવ્યા હતા.(સિસલ્સ-આફ્રિકા)

## યુવાનો દ્વારા દાનને પ્રોત્સાહન

એક એવી માન્યતા અને વલણ ઘણાં સમયથી સમાજ અનુભવતો હતો કે વડિલો કરોડોના દાનની સરવાણી વહેવડાવે પણ નવી પેઢી હાથ નથી ખોલતી. પણ એક પ્રેરક પહેલ દહિંસરાના ૩૫ વર્ષિય યુવાન રવજી જાદવા ખીમાણી એ કરી એણે ૫૧ લાખ રૂપિયાનું દાન જાહેર કર્યું. તો કેશરાભાઈ વિશ્રામ ભુડિયા પણ આવા દાતાઓમાં પ્રેરક બન્યા તે વાતની સગૌરવ નોંધ લેવાઈ કે યુવા દાતાઓ સમાજનું દીર્ઘ ભવિષ્ય છે.

## ગોરધનભાઈ ઝડફીયા(શબ્દશઃ)



મારે તો એક જ વાત કરવી છે કે દાન આપવું એ આપણા સમાજની સૌથી મોટી આદત છે. ઈસાવાસ્ય ઉપનિષદમાં એક પંક્તિ છે તેનું બીજુ વાક્ય છે...હે ઈન્સાન તું.. ત્યાગી ને, ભોગવ..એટલે કે તારી પાસે છે એ ધન પરમાર્થે ત્યાગ કર અને પછી એનો પરમાનંદ તું માણ.. આ વાક્યને કોઈએ ચરિતાર્થ કર્યું હોય તો તે પાટીદાર સમાજે આખા દેશ-દુનિયામાં કર્યું છે. આપ સૌને એટલા માટે અભિનંદન છે. અને દાન માંગવાવાળાએ ક્યાંય મુંઝાવું નહીં, ઈતિહાસનું એક એવું ઉદાહરણ આપું છું આપને કે સમાજનું કામ કરતા હો, ઈશ્વરીય કાર્ય છે. આ કામ કરવું એ અઘરું કામ પણ છે પરંતુ આઝાદી પહેલાં સૌથી પહેલાં આ દેશમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી બની હતી અને એ વખતે એ સમયના મોઘલ બાદશાહો બધાએ દાન આપી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી બનાવી કે તે પછી મદનમોહન માલવીયાએ વિચાર કર્યો આપણે બનારસમાં હિન્દુ યુનિવર્સિટી બનાવવી છે. યાદ રાખવા જેવું આ ઉદાહરણ છે.

હિન્દુ યુનિવર્સિટી માટે મદનમોહન માલવીયા હિન્દુસ્તાનના રાજા રજવાડાં પાસે દાન ઉઘરાવવા નીકળ્યા, રામપુરના નવાબ પાસે ગયા, માંગણી કરીને કહ્યું; અલીગઢ મેં મુસ્લિમ યુનિવર્સિટી બની તબ હિન્દુ રાજા-મહારાજાઓને ચંદા દીયા, અબ હમ બનારસમેં હિન્દુ યુનિવર્સીટી બના રહે હૈ તો આપ હમેં કુછ ચંદા દીજીએ, નવાબ સા'બ કો ગુસ્સા આયા, અને એણે મોજડી પહેરી હતી તે મોજડી પંડિત મદનમોહન માલવીયાના લમણામાં, માથામાં મારી, મદનમોહન માલવીયાએ શું કર્યું..કે હે..નવાબ સાબ દુસરી મોજડી ભી દે દેતે તો કીસી કે કામ આ જાતી આ બન્ને મોજડી લઈ માલવીયા બનારસમાં જઈ અખબારમાં જાહેરાત આપી કી રામપુર કે નવાબ કી મોજડી કી લીલામી હો રહી હૈ..ઉસ મેસે જો રકમ મીલેગી બનારસ હિન્દુ યુનિવર્સિટી કે

કામ મેં લગેગી..નવાબ સાહેબ મુંઝાયા એમના મંત્રીને મોકલ્યા. મોજડી વાપસ દેવા વિનંતી. ચંદા લે લીજીએ. ૨૫ લાખ રૂપિયા આપ્યા..

અને આ સમાજ માટે હું એટલું કહી શકું તમારી હથેળી ચોખ્ખી હોય તો ખૂટે નહી એવો આ લેવા પટેલ સમાજ છે. સવાલ છે હથેળી ચોખ્ખી હોવી..

આ સમાજ હંમેશા દાતાની ભૂમિકામાં છે. દરેક પરિસ્થિતિમાં આપતા આવ્યો છે. યહુદીઓની જેમ આખા વિશ્વમાં આર્થિક સામ્રાજ્ય ઊભું કર્યુ છે. હોસ્પિટલ દરેકને કામ આવશે. ભાવનગર જિલ્લામાં સ્વામી નિર્દોષાનંદ એ પૂર્વાશ્રમમાં લેઉવા પાટીદાર કૂળનામાંથી સંન્યાસ લીધો. નિર્ધાર કર્યો આ વિસ્તારમાં વિના મૂલ્યે સારવાર આપતી હોસ્પિટલ કરીએ આજે દૈનિક ૧૦૦૦ OPD થાય છે. આ હોસ્પિટલ ઉમરાળા પાસે છે સમાજ ચલાવે છે. ૨૫ સર્જરી થાય છે. કોઈ ચાર્જ નહી. મફત સારવાર થાય છે. માનવ સેવા છે. માનવસેવા પાટીદાર સમાજની સૌથી મોટી જ્યોત છે. હું તમને વિશ્વાસ સાથે કહું છું. આપણા દાતાઓ વિદેશ વસે છે એને અહીંની કોઈ સુવિધાનો સ્વાર્થ નથી છતાં આપે છે. તે વાત વંદન કરવા યોગ્ય છે.

આયુષ્માન યોજના હેઠળ પાંચ લાખની મફત સારવાર રાજ્ય સરકાર તરફથી મળે છે તેને આપણી હોસ્પિટલમાં લાગુ કરશું. દરેક સમાજ, દરેક જ્ઞાતિ, પંથ, સંપ્રદાય માનવમાત્ર માટે થયેલા આરોગ્યના શિલાન્યાસને વધાવી વીરમું છું.

કૃષ્ણ-સ્વામિનારાયણ જેના પિતા હોય તે પ્રજા તેજસ્વી જ હોય..

## ૧.૫ કરોડ રૂપિયાનું દાનઃટ્રીટમેન્ટ પ્લાનિંગ રૂમ

બળદિયાના નારાણભાઈ મનજી કેરાઈ અ.નિ. ધર્મપત્ની વાલબાઈ બહેન હાલના ધર્મપત્ની વાલબાઈ બહેન, અ.નિ. કલ્યાણભાઈ નારાણ કેરાઈ, ધ.પ. કાન્તાબેન, પૂત્ર ઉમેશભાઈ અને નંદુભાઈ અ.નિ. સંગીતાબેન લાલજી, હસ્તે કાન્તીભાઈ નારાણ કેરાઈ, તરફથી કેન્સર ટ્રીટમેન્ટ પ્લાનિંગ રૂમ ૧.૫ કરોડ રૂપિયાનું દાન

## સાંસ્કૃતિક કાર્યક્રમ

માયા લગાડી મોરારી..

સમાજનું ગૌરવ આર.ડી.વરસાણી કુમાર વિદ્યાલયના છાત્રોએ.. કૃષ્ણ ભગવાન હાલ્યા.. ગીત પર ગુજરાતી કેડિયા સાથે નૃત્ય કલાના કામણ પાથર્યાં હતા. અને ઉપસ્થિતોના હજારો હાથ તાડી બની વરસ્યા હતા.



રામજીભાઈ મનજી ગામી સહપરિવાર હસ્તે દેવજી કરશન દબાસીયા તરફથી ૫૧ લાખ રૂપિયાનું દાન

અ.નિ.વિશ્રામભાઈ કરશન ગોરસીયા, સહપરિવાર તરફથી ૨૧ લાખ રૂપિયાનું દાન જાહેર થયું હતું.

## રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલનું વક્તવ્ય



ભારત માતા કી જય... વંદે માતરમ, સ્વામિનારાયણ ભગવાન કી જય.

આજે કચ્છ જિલ્લો વિકાસના પંથે છે. આમ તો અમે અમારા વિસ્તારમાં સરહદી જિલ્લા તરીકે ઓળખીએ છીએ. મોટો રણ ધરાવતો આ જિલ્લો ભગવાનના આશીર્વાદથી અને દાતાઓના સહયોગથી, કચ્છના ખેડૂતો, જનતા, મહેનત પરીશ્રમથી આજે સમગ્ર ગુજરાતમાં પ્રગતિશીલ બન્યો છે. ધરતીકંપ થયો.. મોટાભાગના લોકોને ખબર નહીં હોય કે તે વખતે આરોગ્ય પ્રધાન તરીકે અશોકભટ્ટ હતા તે પ્લેનથી ભુજ આવ્યા હતા. હું તે દિવસે મહેસાણા બાજુ હતો ત્યાં પણ મોટું નુકશાન થયું હતું. ત્યાં ત્યારના મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની સૂચના મળી કે મારે તાત્કાલિક કચ્છ જવાનું છે. હું કચ્છ આવ્યો ભચાઉ.. મોટર માર્ગે કચ્છ આવનાર હું પ્રથમ મંત્રી હતો. કચ્છીઓ હિજરત શા માટે કરે છે? વરસાદનો અભાવ, દાયકા પહેલાં સ્થળાંતર થયેલા કચ્છીઓની સાહસીક પ્રવૃત્તિઓની કોઈ મર્યાદા નહોતી. તેના ફળ સ્વરૂપ આ મંચ પર કરોડોના દાનવીર છે. સામે પણ દાનનો સાગર ઘુઘવે છે. કચ્છમાં દુકાળ પડ્યા, હિજરત શરૂ થઈ કચ્છીઓ આફ્રિકા ગયા. ત્યાં બીક લાગે તેવું વાતાવરણ હતું છતાં રહ્યા, ટક્યા, બે પાંદડે થયા. ઈદી અમીને ૧૯૭૧માં હાંક્યા. ઈંગ્લેન્ડ ગયા આ ઈતિહાસ છે. બીજી બાજુ કચ્છને ધરતીકંપમાં ટેકસ હોલીડેનો લાભ મળ્યો. આપત્તિ અવસરમાં પલટાઈ.. કચ્છ બેઠું થયું આજે દોડતું થયું.

વાત સાંભળીને આંખમાં આંસુ આવી જાય.. અહીં સંચાલકભાઈ કહી રહ્યા હતા. કે.કે.પટેલ પાસે બેગ નહોતી ગોદડાંમાં કપડાં વીંટી ગયેલો માણસ કેટલી મહેનત કરી હશે આજે વતન સામું જોયું છે. કચ્છી લેવા પટેલ સમાજે સાર્વજનિક સેવાનું મોટું કામ સંતોના આશીર્વાદથી ઉપાડ્યું છે. મને પહેલીવાર જ પરીચય થયો અને અમે મોબાઈલ નંબરની લેવડ દેવડ કરી લીધી. મે પૂછ્યું આંક કહો કેટલું દાન આપ્યું. વિવિધ રીતે ૪૦ કરોડ રૂપિયાની સખાવત એમની છે. વિચાર કરો ૧૫૦ કરોડમાં ૪૦ કરોડ એકલા એમના છે. આ મોટું દાન છે. આ શક્તિશાળી સમાજની નિશાની છે. પોટલું બાંધીને ગયા આજે પરિશ્રમે ટ્રક, ડમ્પર નહીં ટ્રેલર ભરીને પાછા લઈ આવ્યા છે. કે.કે.પટેલે આજે પાટીદાર સમાજનું ગૌરવ વધાર્યું છે.

ભુજ લેવા પટેલ સમાજના કાર્યકરો આમંત્રણ આપવા આવ્યા મેં ના પાડી.. ગુજરાતમાં અનેક જગ્યાએ કાર્યક્રમ હોય દરેક જગ્યાએ જઈએ તો સરકારી કામો બાકી રહી જાય. પણ અહીં આવી મેં જોયું તે વિશ્વાસ ન આવે તેવડું મોટું કામ છે. અમે પુરતો સાથ આપશું જરૂર

જણાશે તો કાયદામાં સુધારો પણ કરશું. સમગ્ર ભારતમાં પાટીદાર એકતા માટે નરેશ પટેલે સારું કામ કર્યું છે. લેવા-કડવા ઉમા-ખોડલ એક છત્રે લાવ્યા છે નરેન્દ્રભાઈ મોદીએ આપણાં ગૌરવ સરદાર સાહેબને ન્યાય કર્યો છે. વિશ્વનું સૌથી ઊંચું સ્ટેચ્યુ બનાવી ગૌરવ કર્યું છે. હંસરાજ ગજેરાએ સંકલન કર્યું. તેનો આભાર માનું છું.

કચ્છના લેઉવા પાટીદાર સમાજે શરૂ કરેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું કાર્ય વિશાળ છે અને અઘરું પણ છે. હું રાજ્યનો આરોગ્ય પ્રધાન છું. જો ભારત સરકાર મને કચ્છમાં આવી હોસ્પિટલ શરૂ કરવાનું કહે તો હું ના પાડી દઉં.. ડોક્ટર મળવા મુશ્કેલ છે પણ ભુજના લેઉવા સમાજે અશ્વિનીકુમાર જેવા સંઘના વ્યકિત સાથે રહી ચિંતન કર્યું છે. અને સંચાલન તથા નિષ્ણાંત ડોક્ટર ઉપલબ્ધી વિશે હોમવર્ક કર્યુ છે.

## રાષ્ટ્રસેવા

કચ્છમાં લશ્કાર છે, અર્ધ લશ્કરી દળ છે. સીમા સુરક્ષા દળ પણ છે. આપણાં દેશના દુશ્મનો સરહદપાર છે. યુદ્ધ થઈ ચૂક્યા છે ત્યારે આ હોસ્પિટલના માધ્યમે રાષ્ટ્રસેવાનું ભગીરથ કાર્ય પણ થવાનું છે. હાલ કચ્છમાં દરેક રાજ્યના મજુરો કામ કરે છે તેની સારવાર પણ અહીં થશે એટલે આ રાષ્ટ્રસેવાનું મહાકાર્ય છે. એ માટે પણ હું તમામ દાતાઓ- ટ્રસ્ટના પ્રમુખ અને સંચાલકો સૌનો રાજ્ય સરકાર વતી આભાર માનું છું.

## ઓવરબ્રિજનો જવાબ

અરજણભાઈ પિંડોરીયાએ ચોખ્ખા શબ્દોમાં મોરચો ખોલી નાખ્યો હતો તેણે ભુજોડી અને ભચાઉના ઓવરબ્રિજના પ્રશ્નો ઉઠાવતાં માર્ગ અને મકાન વિભાગ જેમની પાલે છે એ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જવાબ આપતાં કહ્યું; કોન્ટ્રાક્ટર નાદારી નોંધાવતાં બીજા ને કામ આપી દીધું છે ક્યાંક જમીન અધિગ્રહણની તકલીફ હતી ત્યાં નીવડો લાવેલ છે. આમ આ બે કામોને બાદ કરી રાજ્યભરમાં મોટો વિકાસ થયો હોવાની વાત નિતીન પટેલે કરી હતી.

આ મહાન કાર્ય કરવા બદલ કચ્છી લેવા પટેલ સમાજ અને દાતાઓને લાખ લાખ અભિનંદન.

## સમાજોનું વિશેષ સન્માન







કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે.નું સન્માન નીતિનભાઈ પટેલના હસ્તે કરાયું હતું. પ્રમુખ વેલજીભાઈ વેકરીયા પૂર્વ પ્રમુખ માવજીભાઈ વેકરીયા(કિન્ફોર્ડ) તસવીરમાં દેખાય છે. કણબી પાઘ પહેરાવાઈ હતી. કચ્છ લેવા પટેલ સમાજ નાઈરોબીનું સન્માન પ્રમુખ ભીમજીભાઈ હાલાઈએ સ્વીકાર્યું હતું. કણબી પાઘ પહેરાવાઈ હતી.

## કે.કે. પટેલ હોસ્પિટલના બાંધકામમાં અનુભવ કામે લગાડતા શ્રેષ્ઠીવર્ય ગિરધરભાઈ પિંડોરીયા



*ગિરધરભાઈ મેઘજી પિંડોરીયા*
*શ્રેષ્ઠીવર્ય દાતાશ્રી*
*શ્રી કચ્છી લેવા પટેલ સમાજ*
*(ફાઈલ ફોટો)*

વ્યવસાયે ઈજનેર અને ટાન્ઝાનિયામાં સિવિલ કાર્યમાં નામના ધરાવતા મૂળ માધાપરના સમાજના શ્રેષ્ઠીવર્ય દાનવીર ગિરધરભાઈ મેઘજી પિંડોરીયાએ કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું સ્ટ્રકચર બહારની અને આંતરીક ડિઝાઈન માટે અમૂલ્ય માર્ગદર્શન પુરૂં પાડયું. તે માટે તેમણએ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા અને મંત્રી કેશરાભાઈ પિંડોરીયા સાથે વિચાર વિમર્શ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે હોસ્પિટલનું સ્ટ્રકચર કચ્છ ભૂકંપ ઝોન પાંચમાં આવતું હોઈ વિષેશ મજબૂતી જોઈશે. બહારની ડીઝાઈન સાથે સ્થાનિક સંસ્કૃતિનો અનુબંધ જરૂરી છે. આ નિવડેલા અને અનુભવી કોન્ટ્રાકટરએ હોસ્પિટલના સ્ટ્રકચરમાં કેટલું લોખંડ, કઈ રીતે બાંધવું, સિમેન્ટની માત્રા, મજબૂતી, એક ને બીજા વિભાગ સાથે જોડવાની પદ્ધતિ તથા એલીવેશન ઉપરાંત કુંદરતી પ્રકાશ અને ધ્વનીનું સામંજસ્ય સુચારુ સેનિટેશન સહિતના અનેક ઝીણવટ ભર્યા નિર્ણયોમાં સકારાત્મક વિચારો આપ્યા હતા.

ટાન્ઝાનિયામાં બહોળો અનુભવ ધરાવતા આ આગેવાનના માર્ગદર્શનથી હોસ્પિટલના બાંધકામની વિશેષતા બેવડાઈ હતી.

# સમાજની હોસ્પિટલ બની... કે.કે.પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ




દાતાએ આપેલ માતબર દાનના નામકરણની તકતી નાયબ મુખ્યમંત્રી તથા આગેવાનોએ ખૂલી મૂકી એ સાથે કચ્છની સૌ પ્રથમ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ કે.કે.પટેલના નામ સાથે જોડાઈ અને એક મહાઈતિહાસ રચાયો. આ તસવીરમાં જમણેથી ડાબે કે.કે.પટેલ નીતિનભાઈ પટેલ, વાસણભાઈ આહિર, હંશરાજભાઈ ગજેરા, અશ્વિનીકુમાર તુપકારી(નાસિક), ધનબાઈ બેન, દિકરી નંદાબેન નિતેશ વેકરિયા, અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા સાથે નજરે પડે છે.

## કન્યા સંસ્કારધામની સાંસ્કૃતિક રજૂઆતઃ હલ રે હલ જેડલ..









કચ્છજી ધીંગી ધરા, ધીંગા માડુ, બોલી અને ધીંગોપાણી ના દર્શન કરાવતાં હલ રે હલ જેડલ મુકે કચ્છડો સંભરીયો રજૂઆત કરવામાં આવી હતી. જેમાં કચ્છી જંઘર, માલધારી સંસ્કૃતિ છવાઈ હતી. દિકરીઓએ કચ્છી વેશભૂષામાં કરેલી શાનદાર રજૂઆતે ઉપસ્થિતોના દિલ જીત્યા હતા. મડઈ જો ધરીયો, કચ્છ મુલકજી ધરા અસાંજી આન શાન..ભરતખંડજો પ્રાગવડજો...કોમ કોમ જે રોમ રોમ મેં રામવસન અસાંજો કચ્છડો નંદનવન, માડુ મઠા લગન..

## શ્રી કચ્છી લેવા પટેલ નર્સીંગ ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્રેકટીસની સાંસ્કૃતિક રજૂઆત







એવો આવ્યો આવ્યો અસવાર.. એની ડમરીની ધૂળ બની.. તુજે પલક પલક વઠી તારીયાં મુંજા.. છલડે યાદ આયી.. એક સાથે સળંગ ગીતોની રજૂઆત આકર્ષક રહી.

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર રજૂઆત






કચ્છજી ધીંગીધરા. ના કોડીલું ગીત ભુજ સ્વામિનારાયણ મંદિર સંચાલિત કન્યા વિદ્યામંદિરે રજૂ કરી જોડીયા પાવા, ઢોલકની થાપથી વાતાવરણ જમાવ્યું હતું.

## આભાર વિધિ



યુવક સંઘના પ્રમુખ મનજીભાઈ પિંડોરીયાએ આભારવિધિનો દોર સંભાળતાં એક એક મહેમાન, રાજકીય મહાનુભાવો, દાતાઓ, સહયોગીતંત્ર, સાંસ્કૃતિક રજૂઆત કરનાર સંસ્થાઓ, છાત્રો, શિક્ષકો, સરકારી વિભાગો, મંડપ, રસોડું, વ્યવસ્થા સાચવનાર સૌ કોઈનો આભાર માન્યો હતો.

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ, શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ ભુજ, શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ ભુજ ત્રણેય સંસ્થાઓ વતી આભાર વિધિ કરાઈ હતી.

## ભોજન પ્રસાદમાં કાર્યકરોની સેવા

મોક્ષદા એકાદશી હતી. વિવિધ ફરાળી વાનગીઓનો રસથાળ હતો. સેવાકાર્યોનો સંતોષ અને જ્ઞાતિભોજનના ઓડકાર વચ્ચે રાત-દિવસનો શ્રમ સંધાયો હતો. ચોવીસીના મહિલા-યુવા કાર્યકરોએ વિભાગવાર સ્વયંસેવક તરીકે પુરુષાર્થ કર્યો હતો. તેથી જ પ્રસંગ શોભ્યો, દીપ્યો તે વાતની પણ જ્ઞાતિએ નોંધ લીધી હતી.

## સમાજસેવી કાર્યકરોની નોંધ લેવાઈ

કચ્છી લેવા પટેલ સમાજ ભુજના પાયાના પથ્થર એવા રામજીભાઈ ભંડેરી, વેલજીભાઈ રાબડિયા, શ્રી વી.કે.પટેલ, આર.આર.પટેલ, આર.એસ.હિરાણી સહિતના વખતોવખતના તમામ કાર્યકરોની સગૌરવ નોંધ લેવાઈ હતી. સમાજના પાયાના નાના મોટા સર્વે દાતારોને યાદ કરાયા હતા.

## ભુજ સભામાં હજારો પટેલોએ સંગઠનનો 'કરંટ' બતાવ્યો

કચ્છી લેવા પટેલ સમાજ-ભુજ દ્વારા છેલ્લા બે વર્ષમાં આણેલા ગામોગામ સંગઠનને સક્રિય રાખવાની નીતિ રંગ લાવી હોય તેમ ચોવીસીના કાર્યકરોએ સમાજનો સેવા સંદેશ ઘર ઘર સુધી પહોંચાડવામાં સફળતા મેળવી હતી.

પ્રથમ કોઠો પાર કર્યો હોય તેમ કે.કે.પટેલ સુપર સ્પે.હોસ્પિટલના ખાતમુહૂર્ત બાદ જાહેરસભામાં હજારો જેટલા જ્ઞાતિજનો હાજર રહી જુદા-જુદા વર્તુળોમાં ચમકારો ફેલાવી દીધો હતો. સામાજિક સ્તરે વિશાળ સભાની નોંધ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રીએ લેવી પડી હતી.

કચ્છી લેવા પટેલ સમાજ ભુજે છેલ્લા વર્ષોમાં સ્વતંત્ર રાજકીય સમિતિ બનાવી જ્ઞાતિજનોની આકાંક્ષા પ્રમાણે કર્યું હતું અને સમાજમાં ચૂંટણી લડનાર રાજકીય વ્યકિત સીધો સક્રિય રીતે કારોબારીમાં ઉમેદવારી ન નોંધાવે તેવો સિદ્ધાંત અપનાવી ઉચ્ચ સમજદારીના દર્શન કરાવ્યા હતા. તે પછી મહિલા સમિતિની રચના, ગામેગામમાં સંગઠન સમિતિ અને જાગૃતિ સમિતિઓ બનાવી ઝોનવાર વ્યવસ્થિત કાર્ય આરંભ્યુ હતું. છેલ્લા બે માસમાં યુવક સંઘના સંગઠનમાં પરિવર્તક વિષયો મૂકવાનું આરંભ્યું હતું. તમામ સમિતિઓ મળી કુલ્લ ૮૦૦થી ૯૦૦ યુવા-યુવતીઓ, વડીલોનું ચાલકબળ સમાજને પ્રાપ્ત થયું હતું. તેના પરિણામ રવિવારની સભામાં દેખાયા હતા. એકબાજુ સ્વતંત્ર રાજકીય સમિતિમાં દરેક પક્ષના કાર્યકરોએ એકસાથે શીર્ષ રાજકીય નેતૃત્વને આવકાર્યા હતા અને સમાજ હજારોની હાજરી વચ્ચે આ કાર્યકરોને યોગ્ય સ્થાન આપવા ઉપરાણું લીધું હતું. સમાજના મોભીઓ સાથે રાજ્યના શીર્ષ નેતૃત્વે સંપર્ક અને હજારોની મેદનીએ આવનારા સમયમાં ઈચ્છાશક્તિના દર્શન કરાવ્યા હતા. 'એક દિવસ સમાજ માટે'ની અપીલ સમાજે સ્વીકારી હતી. હવે લેવા પટેલ રાજકીય આગેવાનો કેટલા એક રહે છે તેના પર આગામી પગલાંનો આધાર રહેશે તેવું જાણકારો ચર્ચી રહ્યા છે.

બીજીબાજુ કચ્છના દરેક સમાજોને આમંત્રણ આપી કચ્છી લેવા પટેલોએ સમરસતાના દર્શન કરાવ્યા તે વાતની પણ નાયબ મુખ્યમંત્રીએ નોંધ લીધી હતી. સેવાના આ ઈશ્વરીય કાર્યનો લાભ દરેક સમાજ લઈ રહ્યો છે. દર વર્ષે ત્રણ લાખ દર્દીઓ લાભાર્થી છે. તેમાં પટેલો માંડ સાત ટકા જ છે. નવી હોસ્પિટલના ખાતમુહૂર્તમાં વધુ ૨૪.૩૯ કરોડના મહાદાન નોંધાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં આવકાર અને દાતાઓનો પરિચય એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ પિંડોરિયાએ આપ્યો હતો.



## સભાનું શબ્દ સંકલન

કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતમુહૂર્ત કાર્યક્રમનું શબ્દ સંકલન શ્રી કચ્છી લેવા પટેલ સમાજ સંદેશના તંત્રી વસંત પટેલે સંભાળ્યું હતું.

## રાજ્યના કૃષિમંત્રી અને લેવા પટેલ અગ્રણી





પ્રસંગમાં હાજર ન રહી શકેલા કૃષિ મંત્રી આર.સી. ફળદુએ કચ્છી લેવા પટેલ સમાજના પ્રસંગ અને હોસ્પિટલ કાર્યની સફળતાનો સંદેશ પાઠવ્યો હતો.

# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ દ્વારા જ્ઞાતિજનો માટે સુવિધાકાર્ડનો પ્રારંભ



તા. ૩૧-૧૨-૨૦૧૫ બપોરે ૩:૩૨ મિનિટે

ડાબેથી મનજીભાઈ પિંડોરીયા, ભાવેશભાઈ આર. પટેલ, લાલજીભાઈ વેકરીયા, કે.કે. હિરાણી, અરજણભાઈ પિંડોરીયા, હરીભાઈ હાલાઈ, ધનસુખભાઈ ભીખાલાલ સીયાણી નિલેશભાઈ હિરાણી, રામજીભાઈ સેંઘાણી (સમાજની સુવર્ણજયંતી પ્રસંગનો ફોટો)

## સુવિધા કાર્ડ

**લેવા પટેલ સમાજે જ્ઞાતિજનોને આપેલ ખાસ રાહત (૨૦૧૭ થી અત્યાર સુધી)**

**સુવિધા કાર્ડની સંખ્યા : ૪૬૪૯૨**

**સુવિધા કાર્ડ મારફતે કુલ રાહત (જ્ઞાતિજનોને) : રૂા. ૨,૦૩,૫૦,૫૧૧**

(દવાઓમાં : રૂા. ૧,૨૪,૦૬,૧૫૮ / ઓ.પી.ડી.માં : રૂા. ૭૯,૪૪,૩૫૩)

# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ દ્વારા દાતાકાર્ડનો પ્રારંભ, તા. ૩૦-૧૨-૨૦૧૮, બપોરે ૨:૦૬ મિનિટે



શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર ગરિમા મહોત્સવ ૨૦૧૯ પ્રસંગે ફોટો



શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર ગરિમા મહોત્સવ ૨૦૧૯ પ્રસંગે ફોટો

# દાતાઓના ઓવારણા : ગરિમા મહોત્સવની ફાઈલ તસવીરો



વિશ્રામભાઈ મુરજી હાલાઈનું ઋણ સ્વીકારતા આગેવાનો




બિઝનેશ એક્ઝીબિશન - ૨૦૧૮



નંદુભાઈ કરસન રાઘવાણીને સન્માનતા આગેવાનો




કૃષિ પ્રદર્શન ગરિમા મહોત્સવ ૨૦૧૮ની તસવીર



કુરજીભાઈ દેવજી નારદાણીનું સન્માન કરતા આગેવાનો




ફૂડ સ્ટોલ ગરિમા મહોત્સવ ૨૦૧૮ની તસવીર



સમાજના બે સમર્થ કાર્યકરો આર.એસ. હીરાણી અને અરજણભાઈ પિંડોરીયા નું સન્માન ગરિમા મહોત્સવ ૨૦૧૮માં કરાયું હતું.




કૌશલ્ય વર્ધન કેન્દ્ર અને કૃષિ મોલનો પ્રારંભ ૨૦૧૮

## શ્રી કચ્છી લેવા પટેલ સમાજ કન્યા કેળવણીના ભીષ્મપિતામહની સ્મૃતિ...



જાદવાભાઈ પરબત વરસાણી
નારણપર

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજના વર્તમાન વિકાસ અને સાડા પાંચ દાયકાની અવિરત યાત્રામાં દરેક પ્રસંગે નારણપરના શ્રેષ્ઠીવર્ય આદરણીય વડીલ દાનવીર જાદવાભાઈ પરબત વરસાણીને યાદ કરાય છે. કન્યા કેળવણીના પાયામાં તત્કાલિન કાર્યકર્તાઓને શ્રી જાદવાબાપાનો અવિરત સાથ મળ્યો હતો. વખતો વખત સમાજના વિવિધ કાર્યક્રમોમાં વડીલોએ જાદવાબાપાને અચુક સ્મર્યા છે. સમાજના વિકાસમાં આવા અડીખમ દાનવીરોએ પોતાના લક્ષ્મીના ભંડાર ખોલી આપ્યા છે. એટલે જ લેવા પટેલ સમાજ આજે પ્રગતિની દિશામાં ગતિ કરી રહ્યો છે. નૂતન શૈક્ષણિક સંકુલ, કે.કે. પટેલ હોસ્પિટલ સંકુલ, કૃષિ મોલ, હુન્નર કુશળતા, રમત ગમત કોઈપણ આયામથી આગળ વધી રહેલા સમાજના કાંગરા જાદવાબાપા જેવા ભામાશાઓથી ચમકી રહ્યા છે. વડીલોએ વારંવાર આ વાત જણાવી છે. કચ્છી લેવા પટેલ સમાજ ભુજના વર્તમાન પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયાએ જિલ્લાની સૌપ્રથમ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના ખાતમુહૂર્તમાં જાદવાબાપાને યાદ કરી સૌ માટે પ્રેરણારૂપ ગણાવ્યા હતા. નારણપર ખાતે ચોવીસીની પ્રથમ કન્યા હાઈસ્કૂલ શરૂ કરવામાં જાદવાબાપા પાયાના પથ્થર હતા. ભુજ સમાજના કન્યા કેળવણી પ્રકલ્પના મહાયજ્ઞમાં આવા દાનવીરો ભીષ્મપિતામહથી કમ નથી. વંદન...

## કે.કે. પટેલ હોસ્પિટલમાં મળેલ દાનના દાતાઓનું સન્માન



કેસરાભાઈ નારણભાઈ હાલાઈ ધ.પ. અમરબાઈ સુત હરિશ અને
મુકેશ પુત્રી લક્ષ્મીબેન અને અસ્મિતા સહપરિવાર લંડન - મેઘપર
CSSD (STERILIZATION) રૂા. ૫૦,૦૦,૦૦૦
(ગરિમા મહોત્સવ પ્રસંગે થયેલ સન્માનનો ફોટો - ૨૦૧૮)



ભીમજીભાઈ ગોપાલ વરસાણી ધ.પ. વિજ્યાબેન ભીમજી વરસાણી
પુત્ર રાહુલ તથા નેહુલ - સામત્રા
2D ECO ROOM રૂા. ૫૧,૦૦,૦૦૦
(ગરિમા મહોત્સવ પ્રસંગે થયેલ સન્માનનો ફોટો - ૨૦૧૮)



શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજના સ્થાપકો પૈકીના એક
વડીલ ધનજીભાઈ રામજી ભંડેરી રામપર - વેકરાનું
દાતા તરીકે સન્માન કરતા આગેવાનો
ગરિમા મહોત્સવનો ફોટો



શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજનું બંધારણ ઘડનાર
વડીલ વેલજીભાઈ રાબડીયા (વકીલ) સુખપર, તા. ભુજનું
દાતા તરીકે સન્માન કરતા આગેવાનો
ગરિમા મહોત્સવ ૨૦૧૮નો ફોટો

# MMPJ હોસ્પિટલમાં સાંખ્યયોગી બહેનો અને સંતો માટે અલગ સારવાર સદનનો પ્રારંભ : કે.કે.પટેલ હોસ્પિટલમાં આવી સુવિધા અપાશે.




ત્યાગીના ધર્મ નિયમ સચવાય તેમને સારવારમાં કોઈ તકલીફના પડે તે માટે શ્રી કચ્છી લેવા પટેલ સમાજે હાલની હોસ્પિટલમા સંત સેવાસદન અને સાંખ્યયોગી સેવા સદનની વ્યવસ્થા કરી છે. તેનો પ્રારંભ કરાવતા સાંખ્યયોગી બહેનો




સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈ ઠાકોરજી સાથે સેવા સદન પાસે



ઉદ્‌ઘાટનની આરતી કરતા ગોપાલભાઈ ગોરસિયા, ડો.જે.કે.દબાસીયા, ડો. મહાદેવ પટેલ, વસંત પટેલ



દર્દીને નિરામય જીવનની આશિષ આપતા સાંખ્યયોગી બહેનો



પરિચારિકા બહેનોને પ્રોત્સાહન આપવા પધારેલા ત્યાગી બહેનો

## એમ.એમ.પી.જે. માં ફરજ બજાવતાં તબીબ મિત્રોએ માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા ભુડિયા પરિવારનું ઋણ સ્વીકાર્યું તે ક્ષણ



તા. ૨-૧૧-૨૦૧૯

## તંદુરસ્તીના સંવાહક તબીબી મિત્રોનું અભિવાદન... આપ પણ આ યાત્રાના સહપંથી છો.ગરિમા મહોત્સવ ૨૦૧૮ની તસવીરો



ડો. મહાદેવ પટેલ મેડિકલ ડાયરેક્ટર



ડો. સુરેશ હિરાણી ગેસ્ટ્રોલોજીસ્ટ



ડો. તારેક ખત્રી ન્યુરોસર્જન



ડો. ઈલા પટેલ રેડિયોલોજીસ્ટ



ડો. આશિષ માંકડીયા ફીઝીશીયન



ડો.વિનીત ઠક્કર -ફીઝીશીયન



ડો.રાહુલ ત્રિવેદી એનેસ્થેટીક



ડો. દિપ કોઠારી - પીડીઆટ્રીક

## તંદુરસ્તીના સંવાહક તબીબી મિત્રોનું અભિવાદન... આપ પણ આ યાત્રાના સહપંથી છો.ગરિમા મહોત્સવ ૨૦૧૮ની તસવીરો



ડો. અજય કલોતરા  જનરલ સર્જન



ડો. આનંદ હિરાણી ઓર્થોસર્જન



ડો.ધવલ શાહ ઓપ્થેલમોલોજીસ્ટ



ડો. સમીરા ખત્રી ગાયનેક



ડો. નવીન પટેલ પેથોલોજીસ્ટ



ડો.દિવ્યરાજ જાડેજા રેડીયોલોજીસ્ટ



ડો.ભુમીબા જાડેજા રેડિયોલોજીસ્ટ



ડો. મનસુખ પાંચાણી ફિઝીયોથેરેપીસ્ટ

## તંદુરસ્તીના સંવાહક તબીબી મિત્રોનું અભિવાદન... આપ પણ આ યાત્રાના સહપંથી છો.ગરિમા મહોત્સવ ૨૦૧૮ની તસવીરો



ડો. ચિંતન મહેતા મેડિકલ એડમીનીસ્ટેટર



અશ્વિનભાઈ પિંડોરિયા એડમીનીસ્ટ્રેટર(વ્યવસ્થાપક)



યાશિકા હિરાણી -H.R.



પ્રભવ અંતાણી પી.આર.ઓ



ભાવના હાલાઈ- મેટ્રન



કસ્તુર પિંડોરીયા - મેટ્રન




## મુલાકાત

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજના કુમાર શિક્ષણ માટે બે દાયકા પહેલાં ગામ સામત્રાના નાઈરોબી નિવાસી રામજીભાઈ દેવજી વરસાણીએ માતૃ શ્રી રતનબેન દેવજી વરસાણીના નામથી માતૃશ્રી આર.ડી.વરસાણી કુમાર વિદ્યાલયનું પ્રારંભ કરાવ્યો હતો. આજ પર્યંત હજારો કુમારોનું ભવિષ્ય અહીં ઘડાયું છે. તે વખતે માતબર દાન આપનાર રામજીભાઈના સુપુત્ર મેહુલભાઈ વરસાણી દાદીના નામથી સેવારત આ શૈક્ષણિક મહાશાળાની મુલાકાત લઈ અવગત થયા હતા. સંતોષ વ્યક્ત કર્યો હતો

# ભુજમાં સુપર સ્પે. હોસ્પિટલનું બાંધકામ પૂરજોશમાં


તા. ૧૩-૧-૨૦૨૦


તા. ૨૫-૨-૨૦૨૦


તા. ૧૪-૩-૨૦૨૦


તા. ૨૦-૬-૨૦૨૦


તા. ૧-૮-૨૦૨૦


તા. ૧-૮-૨૦૨૦


તા. ૧૦-૮-૨૦૨૦

## (લેવા પટેલ ટ્રસ્ટ કહે છે; ૧૮ માસમાં માળખું; અઢી વર્ષમાં સેવા શરૂ કરાશે.)

# કચ્છ યુનિ. પાસે હોસ્પિટલનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

માનવતાને વરેલા કચ્છી લેવા પટેલ સમાજ ભુજ હેઠળના એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ દ્વારા ભુજમાં કિડની, કેન્સર, કાર્ડિયાક હોસ્પિટલનું બાંધકામ પૂરજોશમાં આગળ ધપી રહ્યું છે. ટ્રસ્ટ કહે છે; નિર્ધારિત ૧૮ માસમાં બાંધકામ પૂર્ણ કરી લેવાશે અને બે થી અઢી વર્ષના ગાળામાં કચ્છને આ સેવાઓ મળતી કરી દેવાશે. કામની પ્રગતિથી દાતાઓએ સંતોષ વ્યક્ત કર્યો છે.

ગત ડિસેમ્બરમાં મુખ્યમંત્રીશ્રીએ જેનું ખાતમુહૂર્ત કર્યું હતું તે જિલ્લાની પ્રથમ કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું બાંધકામ પાયામાંથી બહાર નીકળી ચૂક્યું છે. અન્ડરગ્રાઉન્ડ માળના કોલમ નંખાઈ ચૂક્યા છે. રેડિયેશન વિભાગની તોતીંગ દિવાલ સઘન કોંક્રીટથી બંધાઈ છે. તો ભૂકંપ પ્રતિરોધક મજબૂતાઈ સાથે જમીન અંદરનો માળ પૂર્ણ થવામાં છે. કાર્ય પર દેખરેખ રાખતા સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા કહે છે કે સમય સોપના મુજબ કાર્ય આગળ ધપી રહ્યું છે. કામને કુલ ત્રણ વિભાગમાં વહેંચી ત્રણ અલગ-અલગ કોન્ટ્રાક્ટરને ફાળવાયું છે. એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા સાથે પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયા અને કારોબારી સભ્યો કામની ગુણવત્તા અને ઝડપ નિયંત્રિત કરી રહ્યા છે. તાજેતરમાં હોસ્પિટલના મુખ્ય દાતા કે.કે.પટેલ એ કાર્યની મુલાકાત લઈ સંતોષ પ્રગટ કર્યો હતો. સંપૂર્ણ બાંધકામ એમના તરફથી કરાવાઈ રહ્યું છે. તેમણે કાર્યકર્તાઓમાં વિશ્વાસ પ્રગટ કર્યો હતો અને જેટલું બાંધકામ કરવાની જરૂર જણાય લાંબા વિચાર સાથે કરી આપવા તૈયારી દર્શાવી હતી. ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ રવજી પીંડોરીયાએ કાર્યની પ્રગતિનો ચિતાર તમામ દાતાઓ સુધી પહોંચાડ્યો હતો. અત્રે ઉલ્લખનીય છે કે ઘણાં દાતાઓએ આ પ્રકલ્પમાં મોટા અનુદાન જાહેર કર્યાં છે. કાર્યની પ્રગતિ-ઝડપથી સંબંધિત સહયોગીઓએ સંતોષ પ્રગટ કર્યો છે. દરમ્યાન હોસ્પિટલના સુચારુ સંચાલન અને દર્દીલક્ષી સેવાઓ માટે લેવા પટેલ ટ્રસ્ટે ગતિવિધિ આરંભી છે.

# શ્રી કચ્છી લેવા પટેલ નર્સીંગ ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્રેકટીસ

## નવી બિલ્ડીંગ બાંધવાનું કામ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે.







## Assured Donation
## નોંધાઈ ગયેલ સેવા

| | | |
|---|---|---|
| CATH LAB | ₹: 5,00,00,000 | ✓ |
| ICU-12 BED | ₹: 3,00,00,000 | ✓ |
| CVTS OT | ₹: 2,51,00,000 | ✓ |
| ONCOLOGY - OT | ₹: 2,50,00,000 | ✓ |
| CARDIAC SURGICAL ICU | ₹: 2,50,00,000 | ✓ |
| CANCER TREATMENT ROOM | ₹: 2,00,00,000 | ✓ |
| EMERGENCY DEPT. | ₹: 1,50,00,000 | ✓ |
| PHARMACY | ₹: 1,50,00,000 | ✓ |
| RADIOLOGY | ₹: 1,25,00,000 | ✓ |
| ODP RECEIPTION | ₹: 1,00,00,000 | ✓ |
| LABORATORY | ₹: 1,00,00,000 | ✓ |
| CON. HALL | ₹: 1,00,00,000 | ✓ |
| PRE POST OPERATIVE WORD -1 | ₹: 1,00,00,000 | ✓ |
| PRE-POST OPERATIVE WORD - 2 | ₹: 1,00,00,000 | ✓ |
| DAY CARE CENTER | ₹: 1,00,00,000 | ✓ |
| SEVAK SADAN - 1 | ₹: 1,00,00,000 | ✓ |
| RECEPTION HALL | ₹: 75,00,000 | ✓ |
| KITCHEN & CANTEEN | ₹: 51,00,000 | ✓ |
| CSSD (STERILIZATION) | ₹: 51,00,000 | ✓ |
| ECHO CARDIOGRAPHY | ₹: 51,00,000 | ✓ |
| OPERATION THEATER PHARMACY | ₹: 51,00,000 | ✓ |
| SEVAK SADAN -2 | ₹: 50,00,000 | ✓ |
| ELEVATOR - 1 | ₹: 50,00,000 | ✓ |
| ELEVATOR - 2 | ₹: 50,00,000 | ✓ |
| ELEVATOR - 3 | ₹: 50,00,000 | ✓ |
| AMBULANCE CRITICAL CARE 1 | ₹: 25,00,000 | ✓ |
| AMBULANCE CRITICAL CARE 2 | ₹: 25,00,000 | ✓ |
| AMBULANCE CRITICAL CARE 3 | ₹: 25,00,000 | ✓ |
| SUIT ROOMS 1 | ₹: 20,00,000 | ✓ |
| TMT (STRESS TEST) | ₹: 20,00,000 | ✓ |
| TWIN SHARING ROOM 1 TO 10 (EACH 1000000) | ₹: 10,00,000 | ✓ |
| ROOM 1 MANAGEMENT OFFCE | ₹: 10,00,000 | ✓ |
| OFFICE 2 | ₹: 10,00,000 | ✓ |
| CONSULTING ROOM - 1 TO 15 | ₹: 15,00,000 | ✓ |
| SPECIAL ROOM TOTAL - 22 | ₹: 10,00,000 | ✓ |
| BOARD ROOM | ₹: 10,00,000 | ✓ |
| GENERAL WARD 1 TO 31 | ₹: 5,00,000 | ✓ |



## KUTCH'S FIRST SUPER SPECIALITY HOSPITAL
## આપણી હોસ્પિટલમાં આપણી સેવા
(આપ આપની સેવા નીચે દર્શાવેલ વિભાગોમાં નામકરણ દાન રૂપે નોંધાવી શકો છો.)



RADIOTHERAPY MACHINE (LINAC)
₹: 180000000 (18 Cr)

ONCOLOGY CT - SIMULATOR
₹: 50000000 (5 Cr)





SUPER SPECIALITY ICU
₹: 2,50,00,000 (2.5 Cr)

SOLAR LIGHT PANELS
EACH ₹: 10,00,000 (30kv)





SEVA SAHAYOG DEPARTMENT
₹:5100000 (51 Lac)

SANT SEVA SADAN
₹: 5100000

SANKHYYOGI SEVA SADAN
₹: 5100000

CENTRAL OXYGEN AND VACCUM PLANT NETWORK
₹: 2,50,00,000





DIALYSIS UNIT
₹: 11,00,000 (EACH)

VENTILATORS
₹:11,00,000 (EACH)





RO PLANT
₹: 50,00,000

LAUNDRY
₹: 50,00,000





ISOLATION ROOM
₹: 50,00,000

SEVA SAHYAOGI VIBHAG
₹: 5,00000 (EACH)





SEVA SAHAYOGI KHAND (LAGHU)
₹: 2,50000 (EACH)

| Particular | Amount ₹ | ✔ |
|---|---|---|
| GENERATOR SET *1 | 7500000 | |
| GENERATOR SET *2 | 7500000 | |
| ELEVATOR *4 | 5000000 | |
| ELEVATOR *5 | 5000000 | |
| ELEVATOR *6 | 5000000 | |
| AMBULANCE CRITICAL CARE 4 | 2500000 | |
| DOSIMETRY ROOM (RADIATION ROOM) | 2500000 | |
| MOULD WORKSHOP (RADIATION) | 2500000 | |
| SUIT ROOMS 2 | 2000000 | |
| MOKSH KAKSH(MORTUARY) | 2000000 | |
| MEDICAL RECORD | 2000000 | |
| **OPD** | | |
| CONSULTING ROOM 16 (Radiation) | 1500000 | |
| **ADMINISTRATION ROOMS** | | |
| MEDICAL DIRECTOR OFFICE | 1000000 | |
| SEVA SAHAYOG KHAND 1 | 1000000 | |
| SEVA SAHAYOG KHAND 2 | 1000000 | |
| SEVA SAHAYOG KHAND 3 | 1000000 | |
| SEVA SAHAYOG KHAND 4 | 1000000 | |
| SEVA SAHAYOG KHAND 5 | 1000000 | |

Super Speciality Hospital Seva Sahyog Department (66 Rooms)

સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ સેવાસહયોગ વિભાગ પ્લાન (કુલ ૬૬ રૂમ)






## LEGEND

| No. | ELEMENT | SIZE (LxW) | In sq.mt. |
|---|---|---|---|
| 1 | FOYER | | |
| 2 | RECEPTION | | |
| 3 | WAITING | | |
| 4 | DOCTOR/CONSULTANT | 4.25x3.45 | 14.66 |
| 5 | MOULD/PT. PREPARE | 4.65x3.45 | 16.00 |
| 6 | WORKSHOP & STORE | 9.15x2.40 | 22.00 |
| 7 | TPS ROOM | 5.0x4.10 | 20.50 |
| 8 | CHANGING ROOM | 3.05x4.10 | 12.50 |
| 9 | CONSOLE | 7.73x2.90 | 22.40 |
| 10 | BUNKER FOR RADN. ONCOLOGY | 10.40x7.60 | 79.04 |
| 11 | DOSIMETER ROOM | 2.50x3.50 | 8.75 |
| 12 | UPS | 2.25x2.25 | 5.06 |
| 13 | TECHNOLOGIST ROOM | 3.0x3.0 | 9.00 |
| 14 | MEDICAL PHYSIST ROOM | 4.25x3.40 | 14.45 |

## LEGEND

| No. | ELEMENT | SIZE (LxW) | In sq.mt. |
|---|---|---|---|
| 15 | NURSING STATION | 3.20x3.40 | 10.88 |
| 16 | STAFF LOCKERS/CHANGE | 3.45x3.45 | 11.90 |
| 17 | PATIENT LOCKERS/CHANGE | 3.80x2.70 | 10.26 |
| 18 | DOCTOR/CONSULTANT | 3.74x3.85 | 14.40 |
| 19 | POST AD. WAITING FOR GC | 4.90x3.60 | 17.64 |
| 20 | ADMIN FOR GC | 4.90x3.0 | 14.70 |
| 21 | HOT LAB FOR GC | 3.0x3.15 | 9.45 |
| 22 | TECHNOLOGIST ROOM | 3.74x2.30 | 8.60 |
| 23 | RADIOACT. WASTE STORAGE | 2.65x2.25 | 5.96 |
| 24 | DECONTAMINATION ROOM | 2.10x2.25 | 4.72 |
| 25 | GAMMA CAMERA ROOM | 7.45x5.0 | 37.25 |
| 26 | HOT LAB FOR PET-CT | 3.0x3.15 | 9.45 |
| 27 | ADMIN FOR PET-CT | 4.90x3.0 | 14.70 |
| 28 | POST AD. WAITING FOR PET-CT | 4.90x3.60 | 17.64 |

## LEGEND

| No. | ELEMENT | SIZE (LxW) | In sq.mt. |
|---|---|---|---|
| 29 | PET-CT ROOM | 7.45x5.15 | 38.36 |
| 30 | COMMON CONSOLE | 7.45x2.0 | 14.90 |
| 31 | UPS FOR PET-CT & GC | 2.0x3.0 | 6.0 |
| 32 | CENTRAL STORE | 19.0x12.15 | 230.85 |
| 33 | AHU FOR AC PLANT | | |
| 34 | MORGUE | 3.75x11.85 | 44.43 |
| 35 | ADMIN TOILET BLOCK | 3.33x6.50 | 21.64 |
| 36 | PANTRY | 2.60x3.45 | 8.97 |
| 37 | DIRECTOR'S OFFICE | 3.65x4.55 | 16.60 |
| 38 | STRONG ROOM | 5.50x2.0 | 11.00 |
| 39 | CENTRAL SEC. CCTV CONTROL | 5.30x5.80 | 30.74 |
| 40 | CONFERENCE ROOM | 13.10x12.55 | 164.40 |
| 41 | MANAGEMENT OFFICE – 2 | 5.40x8.40+5.80 | 76.10 |
| 42 | BOARD ROOM | 7.10x9.70 | 68.87 |

## LEGEND

| No. | ELEMENT | SIZE (LxW) | In sq.mt. |
|---|---|---|---|
| 43 | RECEPTION & WAITING | 5.45x3.65 | 19.90 |
| 44 | ENGINEERING & MAINTENANCE | | 131.00 |
| 45 | SERVER ROOM | 7.45x5.25 | 39.25 |
| 46 | MRD | 9.0x7.0-4.0x2.25 | 54.0 |
| 47 | TOILET BLOCK | 6.77x7.25 | 49.08 |
| 48 | RECEPN. & WAITING – RADIOLOGY | 7.70x3.60 | 27.72 |
| 49 | RADIOLOGIST | 4.50x3.45 | 15.52 |
| 50 | SONOGRAPHY | 3.80x4.77 | 18.12 |
| 51 | MAMMOGRAPHY | 3.90x5.50 | 21.45 |
| 52 | X-RAY ROOM | 5.0x6.05 | 30.25 |
| 53 | CHANGING ROOM | 2.80x2.80 | 7.84 |
| 54 | CT-SCAN ROOM | 6.97x4.54 | 31.64 |
| 55 | CONSOLE & EQUIPMENT RM. | 3.90x4.80 | 28.00 |
| 56 | CENTRAL COURTYARD (GREEN) | 23.20x11.0 | 332.20 |

TITLE:

**BASEMENT PLAN**

PROJECT:

**K. K. PATEL SUPER SPECIALITY HOSPITAL**

**SHRI KUTCHI LEVA PATEL EDUCATION & MEDICAL TRUST SANCHALIT**

AT SUB PLOT No. 05, SURVEY No. 103, MIRJAPAR, NEAR KUTCH UNIVERSITY, MUNDRA ROAD, BHUJ, KUTCH-370001 GUJARAT.

SCALE: NTS DATE: 24/05/2019




**SHEET No. 04**

/. DT.: 30/06/2019

| No. | ELEMENT | SIZE (LxW) | In sq.mt. |
|---|---|---|---|
| 1 | FOYER | | |
| 2 | RECEPTION | | |
| 3 | WAITING | | |
| 4 | SECURITY | 5.0x3.0 | 15.00 |
| 5 | ACCOUNTS & BILLING | 8.0x3.0 | 24.00 |
| 6 | PHARMACY | | 135.00 |
| 7 | STRETCHER & WHEELCHAIR BAY | | |
| 8 | EMER. STAFF/DOCTOR ROOM | 2.70x3.38 | 9.12 |
| 9 | EMER. PROCEDURE ROOM | 5.20x5.15 | 26.78 |
| 10 | EMERGENCY WARD | 13.70x5.20 | 71.24 |
| 11 | NURSING STATION (EMER.) | | |
| 12 | STORE (EMER.) | 2.35x3.55 | 8.34 |
| 13 | TOILET BLOCK (PUBLIC) | 3.77x13.0 | 49.00 |
| 14 | PATHOLOGY LAB COUNTER | 3.15x5.10 | 16.06 |
| 15 | LAB SAMPLE COLLECTION | 4.50x5.60 | 25.20 |
| 16 | LABORATORY TESTING | 11.0x7.25 | 79.75 |
| 17 | BLOOD STORAGE ROOM | 5.15x2.40 | 12.36 |
| 18 | TOILET & WASHING ROOM | 3.0x2.75 | 8.25 |
| 19 | PATHOLOGIST | 4.0x2.75 | 11.00 |
| 20 | BLOOD DONATION ROOM | 3.60x4.80 | 17.28 |
| 21 | DAY CARE NURSING | 3.60x2.80 | 10.08 |
| 22 | OPD CASES & ACCOUNTS | 5.90x3.00 | 17.70 |
| 23 | OPD PANTRY | 3.75x2.20 | 8.25 |
| 24 | OPD STORE | 3.75x3.20 | 12.00 |
| 25 | OPD STAFF CHANGE & LOCKERS | 7.45x3.0 | 22.35 |
| 26 | SOCIAL COUNSELLOR ROOM | 5.90x3.20 | 18.88 |
| 27 | PHYSICIAN | 3.60x6.25 | 22.50 |
| 28 | PROCEDURE ROOM | 3.77x6.25 | 23.56 |
| 29 | ONCOLOGIST | 5.15x3.60 | 18.54 |
| 30 | NEFROLOGIST | 5.15x3.60 | 18.54 |
| 31 | URO SURGEON | 5.15x3.60 | 18.54 |
| 32 | DRESSING ROOM | 5.15x3.60 | 18.54 |
| 33 | ONCO SURGEON | 5.15x3.60 | 18.54 |
| 34 | SURGEON | 5.15x3.60 | 18.54 |
| 35 | DRESSING ROOM | 5.15x3.60 | 18.54 |
| 36 | CVTS SURGEON | 5.15x3.60 | 18.54 |
| 37 | 2D ECHO ROOM | 5.15x3.65 | 18.79 |
| 38 | TMT ROOM | 5.15x3.65 | 18.79 |
| 39 | CARDIOLOGIST | 5.15x3.40 | 17.51 |
| 40 | ECG ROOM | 3.50x3.67 | 12.84 |
| 41 | VISITOR'S OPD | 4.0x4.50 | 18.00 |
| 42 | VISITOR'S OPD | 4.0x4.50 | 18.00 |

**GROUND FLOOR PLAN**

PROJECT:

**K. K. PATEL SUPER SPECIALITY HOSPITAL**
**SHRI KUTCHI LEVA PATEL EDUCATION & MEDICAL TRUST SANCHALIT**

AT SUB PLOT No. 05, SURVEY No. 103, MIRJAPAR, NEAR KUTCH UNIVERSITY, MUNDRA ROAD, BHUJ, KUTCH-370001 GUJARAT.

SCALE: NTS DATE: 24/05/2019




## LEGEND

| No. | ELEMENT | SIZE (LxW) | In sq.mt. |
|---|---|---|---|
| 1 | FOYER | | |
| 2 | RECEPTION | | |
| 3 | WAITING | | |
| 4 | DOCTORS & STAFF LOUNGE-2 | | 38.35 |
| 5 | STAFF CHANGING & LOCKERS-2 | | 42.62 |
| 6 | PRE & POST OPERATIVE WARD-2 | | 95.00 |
| 7 | CENTRAL STERILE STORAGE DEPT. | | 82.00 |
| 8 | DIRTY UTILITY LOADING | 7.60x2.13 | 16.18 |
| 9 | CLEANING | 7.60x2.51 | 19.07 |
| 10 | DISINFECTIONING & PACKING | 7.60x2.51 | 19.07 |
| 11 | STERILE GOODS STORAGE | 7.60x2.13 | 16.18 |
| 12 | TSSU - 2 | | 30.52 |
| 13 | COUNSELLING ROOM | 4.0x4.50 | 18.00 |
| 14 | TROLLEY BAY | 4.90x1.70 | 8.33 |
| 15 | STORE | 3.0x1.55 | 4.65 |
| 16 | CATH LAB | 9.80x7.28 | 71.34 |
| 17 | CONSOLE & VIEWING ROOM | 5.0x2.25 | 11.25 |
| 18 | EQUIPMENT ROOM | 4.65x2.25 | 10.46 |
| 19 | STORE & EQUIPMENT ROOM | 4.07x4.35 | 17.70 |
| 20 | ANESTHETIST ROOM | 4.07x3.50 | 14.24 |
| 21 | O T – 1 (CVTS) | 9.80x7.45 | 73.01 |
| 22 | SCRUB | | |
| 23 | DIRTY UTILITY | | |
| 24 | O T – 2 (ONCO-URO) | 9.80x7.45 | 73.01 |
| 25 | OT PHARMA | 4.32x5.0 | 21.60 |
| 26 | O T – 3 | 9.80x7.18 | 70.35 |
| 27 | FUTURE PROVISION | 7.45x4.65 | 37.44 |
| 28 | STRETCHER & WHEELCHAIR | | |
| 29 | ANTE ROOM | | |
| 30 | EQUIPMENT BAY | | |
| 31 | DOCTORS ON DUTY (ICU) | 3.85x3.95 | 15.20 |
| 32 | STAFF LOUNGE (ICU) | 3.63x3.09 | 11.21 |
| 33 | NURSING STATION (ICU) | 5.00x3.60 | 18.00 |
| 34 | PANTRY | | |
| 35 | STORE (ICU) | 5.25x2.15 | 11.28 |
| 36 | TOILET BLOCK (RELATIVE LOUNGE) | 4.54x4.95 | 22.47 |
| 37 | DOCTORS ON DUTY (ICCU) | 3.50x3.0 | 10.50 |
| 38 | STAFF LOUNGE (ICCU) | 3.50x3.0 | 10.50 |
| 39 | NURSING STATION (ICCU) | 3.20x4.10 | 13.12 |
| 40 | STORE (ICCU) | 1.85x2.35 | 4.34 |
| 41 | GENERAL TOILET | | 30.36 |
| 42 | EMERGENCY EXIT (RAMP) | | |

**SHEET No. 05**

ALTERNATE No.: 06 REV. DT.: 30/06/2019

TITLE:

**FIRST FLOOR PLAN**

PROJECT:

**K. K. PATEL SUPER SPECIALITY HOSPITAL**
**SHRI KUTCHI LEVA PATEL EDUCATION & MEDICAL TRUST SANCHALIT**

AT SUB PLOT No. 05, SURVEY No. 103, MIRJAPAR, NEAR KUTCH UNIVERSITY, MUNDRA ROAD, BHUJ, KUTCH-370001 GUJARAT.

SCALE: NTS DATE: 24/05/2019




| No. | ELEMENT | SIZE (LxW) | In sq.mt. |
|---|---|---|---|
| 1 | FOYER | | |
| 2 | RECEPTION | | |
| 3 | WAITING | | |
| 4 | STAFF CHANGING & LOCKERS-2 | 2.63x5.75 | 43.87 |
| 5 | DOCTORS ON DUTY – 3 | | 75.19 |
| 6 | NURSE LOUNGE – 2 | | 31.01 |
| 7 | NURSING STATION – 3 | | 40.78 |
| 8 | RELATIVES' LOUNGE | 11.10x8.50 | 94.35 |
| 9 | PHARMACY | 7.85x8.0 | 62.80 |
| 10 | STORE (WARD) | 3.50x3.50 | 12.25 |
| 11 | EQUIPMENT STORE (WARD) | 3.50x4.75 | 16.62 |
| 12 | STAFF TOILETS (WARD) - 2 | 1.40x3.0 | 8.40 |

| No. | ELEMENT | SIZE (LxW) | In sq.mt. |
|---|---|---|---|
| 13 | GENERAL WARD – 4 | 10.0x7.25 | 290.00 |
| 14 | TOILET BLOCK – 2 (WARD) | 4.90x1.70 | 34.71 |
| 15 | PANTRY | 1.95x2.40 | 4.68 |
| 16 | STAFF TOILET – 2 | 3.45x4.12 | 28.42 |
| 17 | STRETCHER & WHEELCHAIR BAY | | |
| 18 | PATIENT ROOM (DOUBLE) – 10 | 3.75x6.25 | 234.37 |
| 19 | PATIENT ROOM (SINGLE) – 22 | 3.60x5.15 | 407.88 |
| 20 | PATIENT SUITE ROOM – 2 | 5.15x7.58 | 39.03 |
| 21 | LADIES SAINT ROOM | 7.62x6.25 | 47.62 |
| 22 | GENTS SAINT ROOM | 7.45x11.70 | 87.16 |
| 23 | EMERGENCY EXIT (RAMP) | | |

**SHEET No. 06**

ALTERNATE No.: 06 REV. DT.: 30/06/2019

TITLE:

**SECOND FLOOR PLAN**

PROJECT:

**K. K. PATEL SUPER SPECIALITY HOSPITAL**
**SHRI KUTCHI LEVA PATEL EDUCATION & MEDICAL TRUST SANCHALIT**

AT SUB PLOT No. 05, SURVEY No. 103, MIRJAPAR, NEAR KUTCH UNIVERSITY, MUNDRA ROAD, BHUJ, KUTCH-370001 GUJARAT.

SCALE: NTS DATE: 24/05/2019

# Facilities in Proposed Hospital

## સુચિત હોસ્પિટલમાં સુવિધાઓ



### Cath lab

Cathlab facility for the heart patient will help to do angiography, angioplasty and other procedures

### કેથલેબ

હૃદયના દર્દી માટે કેથલેબ સુવિધા એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી અને અન્ય સારવાર કરવામાં મદદ કરશે.




### Emergency department

24*7 fully equipped emergency department with facility of ventilators, minor OT  and back of ICU ambulances

### ઈમરજન્સી વિભાગ

૨૪ X ૭ સંપૂર્ણ સજ્જ ઈમરજન્સી વિભાગ, જેમાં વેન્ટિલેટર, માઈનોર ઓપરેશન થીયેટર અને સંકલિત આઈ.સી.યુ એમ્બ્યુલન્સની સુવિધા છે.







### Operation theater complex with following facilities

- Cardiac surgery operation theater
- Cancer (oncology) / urology operation theater
- 2 pre and post operative wards
- OT pharmacy
- Counseling room
- Doctor lounge
- Scope is kept for operation theater expansion

### ઓપરેશન થિયેટર સંકુલ

- કાર્ડિયાક સર્જરી ઓપરેશન થિયેટર
- કેન્સર (ઓંકોલોજી) / યુરોલોજી ઓપરેશન થિયેટર
- પ્રિ અને પોસ્ટ ઓપરેટીવ વોર્ડ
- ઓપરેશન થિયેટર ફાર્મસી
- કાઉન્સેલીંગ રૂમ
- ડોક્ટર લોન્જ
- ઓપરેશન થિયેટર વિસ્તરણ અવકાશ રાખવામાં આવ્યો છે.



### RADIATION ONCOLOGY DEPT.

- The department will cover the area of around 5000 sq ft and huge bunker for the radiation treatment
- CT simulator will be used before radiation for precise treatment and radiation.
- We already got approval for site and layout from government authority of atomic radiation (AERB)



### રેડિએશન ઓન્કોલોજી ( કેન્સર માટે શેક સારવાર વિભાગ)

- આ વિભાગ કિરણોત્સર્ગની (શેક) સારવાર માટે આશરે ૫૦૦૦ ચોરસ ફૂટ વિસ્તાર અને વિશાળ બંકરનો વિસ્તાર આવરી લેશે.
- સચોટ સારવાર માટે રેડિયેશન પહેલાં સીટી સિમ્યુલેટરનો ઉપયોગ કરવામાં આવશે.
- રેડીએશનની સારવાર માટે વિભાગ બનાવવા સાઈટ અને લેઆઉટની સરકારી મંજૂરી મળી ગઈ છે.





### CVTS- ICU( 9 BEDS)

Intensive care unit for the cardiac surgical patient with fully equipped 9 beds.

### ICU (12 -BEDS)

ICU for other patients which will accommodate 12 beds including life support systems.

### આઈ.સી.યુ (હાર્ટના દર્દી માટે)

સંપૂર્ણ સજ્જ ૯ પથારીવાળા કાર્ડિયાક સર્જિકલ દર્દી માટે સઘન સંભાળ માટે.

### આઈ.સી.યુ ( ૧૨ બેડ)

અન્ય દર્દીઓ માટે આઈસીયુ જેમાં લાઈફ સપોર્ટ સિસ્ટમ્સ સહિત ૧૨ પથારીનો સમાવેશ થશે.



### DAY CARE CENTRE

To reduce the stay of patients in hospital and their fast recovery, A 9 bedded day care center will help to treat patient on chemotherapy medication.

### ડે-કેર સેન્ટર

હોસ્પિટલમાં દર્દીઓનું રોકાણ ઘટાડવા માટે, ૯ પથારીવાળા ડે કેર સેન્ટરની સ્થાપના કે જે કેમોથેરાપીના દર્દીની સારવાર કરવામાં મદદ કરશે.



### LABORATORY

Laboratory facility with high end machines will help to diagnose the disease precise and earliest.

### લેબોરેટરી

ઉચ્ચ ગુણવત્તાયુક્ત મશીનોવાળી લેબોરેટરીની સુવિધા આ રોગના નિદાન માટે મદદ કરશે.



### PHARMACY

24x7 pharmacy services

### ફાર્મસી

૨૪ X ૭ ફાર્મસી સેવાઓ



### RADIOLOGY

Radiology services with facilities of

- CT scan
- X ray
- Ultrasound

### રેડિયોલોજી

- સીટી સ્કેન
- એક્સ રે
- અલ્ટ્રાસાઉન્ડ



## OPD SERVICES

- Consultation
- 2D ECHO
- TMT
- Minor procedures
- Counseling

## ઓપીડી સેવાઓ

- ઈકો
- ટીએમટી
- માઈનોર પ્રોસીજર
- કન્સલ્ટેશન



## IPD SERVICES

- Suit rooms-2
- Special rooms- 22
- Twin rooms- 20 beds
- General wards - 32 beds
- Sankhya yogi and sant seva sadan
- Dormitory for patient's relative

## આઈ.પી.ડી. સેવાઓ

- સ્યુટ રૂમ -૨
- સ્પેશ્યલ રૂમ -૨૨
- ટ્વીન રૂમ -૨૦ પથારી
- જનરલ વોર્ડ-૩૨ પથારી
- સાંખ્યોગી અને સંત સેવા સદન
- દર્દીના સબંધીને રહેવા માટે વ્યવસ્થા



## DIALYSIS DEPARTMENT

To treat the Kidney Failure patients

## ડાયાલિસીસ વિભાગ

કીડીનીના દર્દીની સારવાર માટે



## NUCLEAR MEDICINE (PET SCAN /SPECT)

The facility will be started phase wise in near future, so scope of expansion is kept

## ન્યુક્લિયર મેડિસિન (PET સ્કેન / SPECT)

સુવિધા નજીકના ભવિષ્યમાં શરૂ કરવામાં આવશે જેથી વિસ્તરણનો અવકાશ રાખવામાં આવશે.



## ADMINISTRATIVE DEPARTMENT

Admin department will be kept in basement with facilities of management office, board room, CEO room, executive's rooms, conference hall etc.

## એડમિનિસ્ટ્રેટિવ ડિપાર્ટમેન્ટ

સંચાલન વિભાગમાં મેનેજમેન્ટ ઓફિસ, બોર્ડ રૂમ, સીઈઓ રૂમ, એક્ઝિક્યુટિવ રૂમ, કોન્ફરન્સ હોલ વગેરે સુવિધાઓ



## CSSD (sterilization department)

For cleaning of surgical instruments, linen etc

## સી.એસ.એસ.ડી વિભાગ

શસ્ત્રક્રિયાના સાધનો, કપડાં વગેરેની સફાઈ તથા બેક્ટેરિયા ફ્રી કરવા માટે

## KITCHEN AND CANTEEN

The facility will help to provide patient centered diet according

## કીચન અને કેન્ટીન

દર્દીઓને ડાયેટીશ્યનની સલાહ પ્રમાણે નાસ્તો તથા ભોજન.

# PLAN FOR HOSPITAL OPERATION

The team had visited many hospitals of Gujarat and done institutional survey and the projected patient load suggest that enough patients' load will be there for self sustainability. According to survey hospital will become self sustainable in near future.

The hospital operation will be done with the help of team of expert doctors and hospital management specialist for initial 3 -5 years. Plan has been prepared to hire expert specialist which is difficult in the kachchh region.

## હોસ્પિટલનું સંચાલન

આપણી ટીમે ગુજરાતની ઘણી હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને સંસ્થાકીય સર્વેક્ષણ કર્યું હતું અને દર્દીઓનો અંદાજ સૂચવે છે કે હોસ્પિટલ સ્વનિર્ભર રાખવા માટે પૂરતા દર્દીઓ લાભ લેશે. સર્વે મુજબ નજીકના ભવિષ્યમાં સ્વનિર્ભર હોસ્પિટલ બનશે. પ્રારંભિક ૩-૫ વર્ષ સુધી નિષ્ણાંત ડોક્ટરો અને હોસ્પિટલ મેનેજમેન્ટ નિષ્ણાતની ટીમની મદદથી હોસ્પિટલનું સંચાલન કરવામાં આવશે. કચ્છ ક્ષેત્રમાં નિષ્ણાત મળવા મુશ્કેલ છે પરંતુ તે માટે આયોજન કરવામાં આવ્યું છે.




## PRIORITY FOR DONORS

Donors are the hidden pillars of the hospital and to prioritize them the donor cards are prepared. This system is initiated in our existing MMPJ hospital. Similarly the donors will be prioritized in this super specialty hospital with help of donor's cards.




## દાતાઓને પ્રાધાન્ય

દાતાઓ હોસ્પિટલના આધારસ્તંભ છે અને તેમને પ્રાથમિકતા આપવા માટે દાતા કાર્ડ તૈયાર કરવામાં આવેલ છે. આ વ્યવસ્થા આપણી હાલની એમ.એમ.પી.જે હોસ્પિટલમાં શરૂ કરવામાં આવી છે. તેવી જ રીતે કાર્ડની મદદથી આ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં દાતાઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

# Shree Kutchi Leva Patel Samaj Bhuj - Nutan Shaixnik Sankul

## KANYA RATAN DHAM & SURAJ SIKSHAN DHAM




**PROJECT CONSULTANT:-**
**HIRANI ENGINEERS**
Structural Designer + Govt.App.valuer
+ Consulting Engineers + Architectural planner

Er.KANTI P. HIRANI
M.E.STRUCTURES
B.E.CIVIL
(O) : (02832) 253299
Mobile : 98252 79918
email:- hiranienginеers@gmail.com

| PROPOSED RESIDENTIAL BUILDINGS FOR YOGA FOUNDATION ON PLOT NO. IN R.S NO. AT:- | JOB NO. | TYPE OF WORK |
|---|---|---|
| SITE DEVELOPMENT PLAN | 00 | PL/01-07-2020 |
| E:\AR. VANITA\2019\NURSING COLLEGE\HOSTEL DESIGN | | |

SITE DEVELOPMENT PLAN

# Shree Kutchi Leva Patel Nursing Institute of Education and Paretics - Bhuj










PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com











## બાંધકામ શ્રેષ્ઠતાનું પ્રતિક : ઈજનેરની કલમે...

# કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ - ભુજ

**Er. Kanti P. Hirani**
M.E. Structures
B.E. Civil
AMIE, Govt. approved valuer

ભૂકંપમાં કચ્છે ભોગવ્યું તે ભાગ્યે જ કોઈ વિસ્તારે ભોગવ્યું હશે. જાપાન જે રીતે પોતાના સ્ટ્રકચરને આંચકા પ્રુફ બનાવ્યું છે તેનો અભ્યાસ કરી તેનો અમલ અહીં ઝોન-પાંચ ક્ષેત્રને અનુલક્ષીને કરાયો છે. શ્રી કે.કે. પટેલ હોસ્પિટલના ૨.૫૦ લાખ ચોરસ ફૂટના મહાકાય માળખામાં કુલ છ માળ છે. જેમાં બે બેઝમેન્ટમાં અને ચાર માળ જમીન બહાર હશે. દરેક માળ અંદાજે ૪૦ હજાર ચો. ફૂટનો હશે. લોઅર બેઝમેન્ટમાં પાર્કિંગ, અપરમાં રેડિયોલોજી ડિપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોરમાં જનરલ કન્સલ્ટીંગ, પ્રથમ માળમાં ઓપરેશન થીયેટર, આઈ.સી.યુ. વગેરે છે. બીજા અને ત્રીજા માળમાં ઈન્ડોર દર્દી માટેના રૂમ હશે. Indian Standard Code IS-1893, IS-13920, IS-456, IS-875 ને ધ્યાનમાં રાખી સંપૂર્ણ બિલ્ડીંગની સ્ટ્રકચર ડિઝાઈન આધુનિક સોફટવેરની મદદથી ધરતીકંપ પ્રતિરોધક કરવામાં આવી છે. અમારી ઈનજેરી દુનિયાના વૈશ્વિક માપદંડ મુજબ સામાન્ય બિલ્ડિંગ કરતાં હોસ્પિટલ કે આરોગ્ય સંકુલમાં Important Factor ૧.૫ એટલે કે લગભગ દોઢા પાસાંનો વિચાર સમાવિષ્ટ કરવો પડે છે, જે કર્યો છે.

### બાંધકામની ટેકનીકલ વિગતો

**વોફલ સ્લેબ તથા પીટી સ્લેબ :** 8mm x 8mm સ્પાનના કોલમબિમની ગ્રીડમાં જરૂર હોય ત્યાં મેક્સફાન સ્લેબ ડિઝાઈન કરવામાં આવી છે. જેથી વધારાના બિમ ને કાઢી સ્લેબની જાડાઈ ઘટાડી શકાય. સ્લેબ અને બિમની જાડાઈ ઘટાડવા માટે પોસ્ટ ટેન્શનીંગ (પીટી) સ્લેબ ડિઝાઈન કરવામાં આવી રહી છે.

**શિયરવોલ :** બિલ્ડિંગ ને ધરતીકંપ પ્રતિરોધક બનાવવા માટે બિલ્ડિંગમાં ૧૨ જગ્યાએ વધારાની શિયરવોલ મુકવામાં આવી છે. જે બિલ્ડિંગને ધરતીકંપથી ઉત્પન થતા બળો સામે લડવાની વધારાની શક્તિ આપે છે.

**કોંક્રીટ ગ્રેડ :** ૨.૫૦ લાખ ચોરસ ફૂટની આ વિશાળ અને જાજરમાન બિલ્ડિંગમાં M40નો હાઈગ્રેડ કોંક્રીટ રેડી ટુ મિક્સ વાપરમાં આવી રહ્યો છે. તેનું સાતત્ય મપાઈ રહ્યું છે. સ્થળ પર Cube Test માટે લેબોરેટરી પણ નિયમિત કરાવાઈ રહી છે. મજબૂતાઈ માપવા ઉચ્ચ દબાણ ધરાવતું કંપ્રેશર મશીન સ્થળ પર ઉપલબ્ધ છે.

**કોલમ :** 600mm x 600mm, 750mm x 750mm સાઈઝના ૧૧૩ કોલમ પર આખું માળખું ગોઠવાયેલ છે.

**સોઈલ :** 65T/m2 ક્ષમતાવાળી મૂળ જમીનનું સંપૂર્ણ સોઈલ ટેસ્ટ કરાયું છે જે યોગ્ય માપદંડ પર ખરું ઉતર્યું છે.

**રેડિયેશન :** કેન્સરની સારવાર માટેના રેડિયેશન વિભાગ માટેના બંકરમાં ૧૪૦૦એમ.એમ.ની RCC Wall તથા 2400mm ની Slab ડિઝાઈન કરવામાં આવી છે, જેથી રેડિયેશન બહાર જઈ ના શકે.

**રેમ્પ :** પ્રવેશ અને બહાર (અંદર-બહાર) જવા બે માર્ગ છે તેમ બે રેમ્પ રખાયા છે. રેમ્પની પહોળાઈ ૨.૫મીટરની છે. ઈમરજન્સી વખતે એક સાથે બે-ત્રણ દર્દીને ખસેડી શકાય તે ઉપરાંત ભૂકંપ કે કોઈ અકસ્માત સમયે લોકો સહેલાઈથી બહાર જઈ શકે, ઝડપથી ભાગી શકે તેવા રેમ્પ રખાયા છે. વ્હીલચેરને ઝડપથી દોડાવી શકાશે.

**ફાયર-સેફ્ટી :** પાર્કિગ છતથી લઈ દરેક રૂમ, ઈન્ડોર, આઉટડોર દરેકે દરેક જગ્યાએ અગ્નિશમન સુરક્ષાનું અભેદ કવચ રખાયું છે. જ્યા જરૂર છે ત્યાં કાર્બન ડાયોક્સાઈડ સહિતની પેનલ ગોઠવાઈ રહી છે.

**લિફ્ટ :** આપણે વૈશ્વિક સવલતની દૃષ્ટિએ છ લિફ્ટ રાખી છે જેમાં બે લિફ્ટને ડર્ટી લિફ્ટ તરીકે ઉપયોગમાં લેવાશે. ડર્ટી લિફ્ટ એટલે દર્દીના કપડાં, બાયોવેસ્ટેજ કે જેમાં વાયરસ, બેકટેરિયલ કે કોઈપણ પ્રકારનો ચેપ લાગે તેવી વસ્તુ, વ્યક્તિ કે સાધનની સ્થળ બદલી આવી લિફ્ટમાં કરાશે.

**પાર્કિંગ :** દર્દીને ઓપીડી કે ઈમરજન્સીમાં છોડી કાર પાર્કિંગ કરવા આવનારના મનમાં અનેક ગડમથલ ચાલતી હોય તે સ્વાભાવિક છે. તેને સરળતા રહે તે માટે યોગ્ય દિશામાં રેમ્પ, આગળ સળંગ વળાંક અને વચ્ચે અંતરાય ન થાય તેનો ખ્યાલ રખાયો છે. આવા પ્રકારની અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગ કચ્છમાં પ્રથમ છે.

**ધ્વનિ-પ્રકાશ :** સ્ટ્રકચરમાં સૌથી અગત્યનું વિજળી-પ્રકાશ, ધ્વનિના સામંજસ્યનું છે. આજે ઈકોફ્રેન્ડલી સ્ટ્રકચરનો સમય છે. કુદરતી ધ્વનિ-પ્રકાશની માત્રા જળવાય તો નિભાવ ખર્ચ સંતુલિત રહે છે અને દર્દીને ઘર જેવો અહેસાસ થાય છે. બેઝમેન્ટમાં પુરતા પ્રકાશ માટે વધારાની OTS Well બનાવવામાં આવી છે. અને બિલ્ડીંગની મધ્યમાં 25m x 15m નો open to sky cutout મુકવામાં આવ્યો છે.

**ઠંડી-ગરમી :** હોસ્પિટલના જે વિભાગમાં દર્દીઓની કે આપ્તજનોની સંખ્યા વધુ રહે તે વિસ્તારમાં તેમજ ઈન્ડોર રૂમમાં સપ્રમાણ તાપમાન જળવાય તેવી કુદરતી વ્યવસ્થા રખાઈ છે. બહારની દિવાલ કેવિટી વોલ રાખવામાં આવી છે. તેમજ ઠંડી-ગરમી નિયંત્રિત કરવા લાઈટ વેઈટ બ્લોક (AAC) નું અંદર અને બહાર બાજુ બાંધકામ કરવામાં આવી રહ્યું છે. આ બ્લોકના કારણે માળખામાં ડેડવેઈટમાં ઘટાડો થાય છે જે ઝોન-પાંચ માટે ખૂબ જ પ્રભાવક રહેનાર છે. (૧/૩ જેટલો લોડ ઘટે છે.)

**વોટર ટેન્ક :** ૨૧.૦ મીટર હેડ સાથે દોઢ લાખ લિટરની ઓવર હેડ ટેન્ક બનાવવામાં આવી રહી છે. તેમજ વરસાદી પાણીની સંગ્રહ ટેન્ક અન્ડર ગ્રાઉન્ડ બનાવવામાં આવી રહી છે.

**એર એમ્બ્યુલન્સ :** સમયને ધ્યાને લઈ આજ થી ૫૦-૧૦૦ વર્ષનો પૂરો વિચાર કરાયો છે. ભવિષ્યમાં યુદ્ધ જેવા સમયે આપણી હોસ્પિટલનો ઉપયોગ જરૂર પડે ત્યારે એર એમ્બ્યુલન્સ છત ઉપર ઉતરી શકે ત્યાંથી લિફ્ટ દ્વારા દર્દી સીધો ડોકટરના હાથમાં પહોંચે તે જોવાયું છે. સામાન્ય દર્દી માટે પણ આ સુવિધાનું પ્રાવધાન રાખવા વિચારાઈ રહ્યું છે.

**સુરક્ષા :** હોસ્પિટલ માંદા માણસો સાથે તાજા અને તંદુરસ્ત માણસો, કર્મચારીઓ, તબીબો, મેડિકલ-પેરામેડિકલ સ્ટાફની સુરક્ષા રાખનાર હોય તો શ્રેષ્ઠ ગણાય... આવી શ્રેષ્ઠ સુરક્ષા પ્રણાલી રખાઈ છે.



કુદરત સાથે સામંજસ્ય સાચવી આવી અણમોલ વિરાસતને જગત સમક્ષ ઉપસાવવા વિશ્વના શ્રેષ્ઠ સોફ્ટવેરનો ઉપયોગ થઈ રહેલ છે. સ્ટ્રકચરની રીતે આ માળખું અદ્વિતિ સાબિત થશે એમાં શંકા નથી. ન માત્ર સમાજ પરંતુ કચ્છ તેમજ ગુજરાત રાજ્યની શાન બનનાર આ ઈમારતના બહારી દેખાવને પણ એક પ્રતિક તરીકે રજૂ કરાશે. સમાજે આ સેવા કરવા મને નિમિત બનાવ્યો તે બદલ આભાર.

Er. Kanti Hirani

# માળખાના સર્જનમાં વિચારણામાં લેવાયેલ બાબતો

**Dr. Chintan Maheta**
*BHMS, MBA, (H.M.)*
*Hospital & Health Care Consultant*

એનીમેશન ચિત્ર



કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલની નિર્માણ યાત્રાની શરૂઆત પ્રથમ સંસ્થાકિય સર્વેક્ષણથી થઈ હતી. જેમાં સમાજના અગ્રણી તથા ડોક્ટર્સની ટીમે ગુજરાતની ખ્યાતનામ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને વિવિધ હોસ્પિટલની સેવાઓ, ડિઝાઈન, સ્ટ્રાચર સાધનો વગેરે બાબતે ચર્ચા કરી હતી. મને એના સભ્ય તરીકે સેવા કરવાની તક મળી તેને સદ્ભાગ્ય સમજું છું.

આ અભ્યાસ બાદ કઈ સેવાઓ શરૂ કરવી? કેટલી પથારીની હોસ્પિટલ બનાવવી? કેટલા આઈ.સી.યુ રૂમ, સ્પેશિયલ રૂમ તથા જનરલ રૂમ બનાવવા? અદ્યતન ઓપરેશન થીયેટર કેવી રીતે બનાવવું? રેડીયેશન સેન્ટરની સેફટી કેવી રીતે કરવી? વગેરે પ્રશ્નો આવ્યા તો એ બાબતે વિવિધ ડોક્ટર્સ, આર્કિટેક્ટ, કન્સ્લ્ટન્ટ, મેડિકલ ફિઝીશિસ્ટ વગેરે નિષ્ણાતોની સલાહ લઈ મેડિકલ પ્લાનીંગ તથા સ્પેસ પ્લાનીંગ કરવામાં આવ્યું અને હોસ્પિટલનું એક પ્રાથમિક બજેટ બનાવવામાં આવ્યું અને આ બજેટના આધારે સમાજના અનેક દાતાઓએ આ પ્રોજેક્ટને વેગ મળે તે માટે આર્થિક યોગદાન તથા મનોબળ પૂરું પાડ્યું.

એક અદ્યતન હોસ્પિટલના નિર્માણ માટે પાયાની વાત છે ચોક્કસ પ્લાનીંગ. હોસ્પિટલ ડિઝાઈન એક ખૂબ જ જટીલ વિષય છે. જેમાં વિવિધ નિષ્ણાંતોની સલાહ તથા દર્દીની જરૂરીયાતને ધ્યાનમાં લઈ ચોક્કસ આયોજન કરવું પડે છે. હોસ્પિટલના પ્લાનીંગમાં આવશ્યક વિવિધ નિષ્ણાંતો - હોસ્પિટલ અને હેલ્થકેર મેનેજમેન્ટ નિષ્ણાંત, આર્કિટેકટ, સ્ટ્રકચર એન્જીનીયર, મેકેનિકલ તથા એરકંડીશનરની ઈલેક્ટ્રીકલ, પ્લમ્બીંગ, ફાયર ફાઈટીંગ (MEPF) પ્રોજેક્ટ મેનેજમેન્ટ, મેડિકલ ગેસ પાઈપ લાઈન, રેડિયેશન નિષ્ણાંત વગેરે. અને સૌથી મહત્વની બાબત છે આ બધા જ નિષ્ણાંતોનું સંકલન.

આ અદ્યતન હોસ્પિટલના નિર્માણમાં ખાસ બાબતો ધ્યાનમાં લેવામાં આવી છે જેમકે સરકારી, સૈધ્ધાંતિક ગુણવત્તાના માપદંડ મુજબ ચોક્કસ સ્પેશ પ્લાનિંગ, ગ્રીન બિલ્ડિંગ કોન્સેપ્ટસ, પેશન્ટ સેફ્ટી, ફાયર સેફ્ટી વગેરે. ઓપરેશન થીયેટરની ડિઝાઈનમાં લેમીનર એરફ્લો, ડર્ટીકોરીડોર, ક્લિન યુટીલીટી રૂમ, ઝોનીંગ (Zoning) વગરે ધ્યાનમાં લેવા આવ્યું છે.

આઈ.સી.યું વિભાગની ડિઝાઈનમાં દરેક બેડ વચ્ચે ચોક્કસ અંતર, ડર્ટીયુટીલીટ, ક્લીન યુટીલીટી રૂમ, એન્ટીરૂમ ચોક્કસ એરક્વોલીટી માટે AHU અને ફિલ્ટર્સનું આયોજન છે.

રેડીએશન ઓન્કોલોજી વિભાગનું પ્લાનીંગ અત્યંત જટીલ છે, બંકરના બાંધકામ પૂર્વે કેન્દ્ર સરકારની AERB એજન્સીની પરવાનગી આવશ્યક હોય છે, જે પરવાનગી આપણે પ્રથમ પ્રયત્ને મેળવી છે. રેડીએશન માટે બંકરમાંથી રેડીએશન લીકેજ ન થાય તેની પૂર્ણ તકેદારી રાખવામાં આવી છે.

હોસ્પિટલમાં કીમો થેરાપીના તથા અન્ય દર્દીઓને ન્યુનતમ સમય માટે દાખલ રહેવું પડે અને જલદી ડીસચાર્જ કરી શકાય તે માટે ડે-કેર વિભાગનું આયોજન કરવામાં આવ્યું છે.

હોસ્પિટલના અન્ય વિભાગ જેમ કે ઈમરજન્સી, ડાયાલિસીસ, લેબોરેટરી, રેડિયોલોજી, આઈસોલેશન, ફાર્મસી, ઓ.પી.ડી. વગેરે વિભાગને ભવિષ્યમાં ક્વોલિટી એક્રીડીટેશન મળે અને દર્દીઓને ગુણવત્તા સાથે સારવાર મળે તેવો પૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો છે.

ભવિષ્યમાં આ સંસ્થા પોતાના વિઝન સ્ટેટમેન્ટ પ્રમાણે દર્દીઓ, કર્મચારીઓ તથા ડોકટર્સની પ્રથમ પસંદગીની સંસ્થા બને તેવો વિચાર સમાવિષ્ટ છે.

## ટેકનીકલ વિગતો

| | |
|---|---|
| કુલ કોમલ | ૧૧૩ |
| લોખંડ | આશરે 1500 MTons. |
| સિમેન્ટ | 1.5 Lakh cement begs |
| રેતી | 200 Lack Cub Feet |
| કાંકરી | 2.50 Lack Cub Feet |
| માનવ કલાક | આશરે ૮,૭૬,૦૦૦ માનવ કલાક |
| સમય | બે વર્ષ |
| આર્કિટેક | પાર્થ ઠક્કર |
| પ્રોજેક્ટ કોર્ડિનેટર | કેવલ દબાસિયા |
| સાઈટ સુપર વાઈઝર | કરસનભાઈ હિરાણી |
| સાઈટ ઈજનેર | જયેશભાઈ ભુડીયા |
| એકાઉન્ટન્ટ | ભરતભાઈ હાલાઈ |
| કોન્ટ્રાકટર (કે.કે. પટેલ હોસ્પિટલ) | |
| | રામજીભાઈ લાલજી પિંડોરીયા-માનકુવા |
| | પટેલ કન્સ્ટ્રકશન - મેઘપર |
| | પ્રેમજીભાઈ કરસન ગોરસિયા - બળદિયા |
| કોન્ટ્રાકટર (નર્સિંગ કોલેજ) | |
| | સૂર્યવંશી કન્સ્ટ્રકશન - નારણપર |
| એકાઉન્ટન્ટ | ભાવેશભાઈ ગોરસીયા |
| કોન્ટ્રાકટર (નાનજી એવેન્યુ) | |
| | રામજીભાઈ લાલજી પિંડોરીયા - માનકુવા |
| | જયેશભાઈ વરસાણી - ભારાસર |

# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ કૃષિમોલ

રીપોર્ટ લાલજીભાઈ વેકરીયા
ઈશ્વરભાઈ પિંડોરીયા





શ્રી કચ્છી લેવા પટેલ સમાજ સંચાલિત કૃષિ મોલ તાઃ ૨૮/૧૨/૨૦૧૮ના રોજ સ્થાપિત શ્રી કચ્છી લેવા પટેલ સમાજ સંચાલિત કૃષિ મોલ સમગ્ર કચ્છના ખેડૂતો માટે વ્યાજબી ભાવે જંતુનાશક દવાઓ, રાસાયણિક ખાતરો, બિયારણો, એરંડા તેમજ લીંબોડી ખોડ, ક્રોપ કવર, સ્પ્રે પંપ, ફ્રૂટ કેરેટ વગેરે ખેત ઉપયોગી સંસાધનો વ્યાજબી ભાવે પુરા પાડવામાં સમગ્ર કચ્છમાં આગવું સ્થાન હાસિલ કર્યું છે. ખેડૂતોના મંતવ્યો જેવા કે આ કૃષિ મોલએ વધારાનો થતો ખર્ચ ઘટાડી આપ્યો છે, વ્યાજબી ભાવે ઉચ્ચ ગુણવતાયુક્ત ખેત સંસાધનો મળી રહે છે, આવા સાહસો તો માત્ર શ્રી કચ્છી લેવા પટેલ સમાજ જ કરી શકે. આવા મંતવ્યો ખરેખર લેવા પટેલ સમાજના સેવાભાવિ ટ્રસ્ટીઓને મંત્રમુગ્ધ કરી આપ્યા છે, નવા સાહસો ખેડવાની હિંમત પુરી પડી છે. સમયની સાથે સાથે વિજ્ઞાન બદલતું રહે છે અને જે ખેડૂતો આ બદલતા વિજ્ઞાન સાથે તાલ મિલાવી શકતા નથી તે ખેડૂતો સ્પર્ધાત્મક માર્કેટમાં ટકી શકતા નથી. માટે જ કૃષિ મોલના તજજ્ઞો દ્વારા વિવિધ પાકો જેવા કે દાડમ, કેળા, લીંબુ, ખારેક, ડ્રેગન ફ્રૂટ, શાકભાજી તેમજ અન્ય પાકોનું ફાર્મ પર જાત નિરીક્ષણ કરી માર્ગદર્શન (કન્સલ્ટન્સી) આપવામાં આવે છે, ખેડૂતોને શિક્ષિત કરવામાં આવે છે. માર્ગદર્શન દરમિયાન ખેડૂતોને પાકોમાં આવતી જીવાત, ફૂગ, સુકારો, તેમજ જમીનને લગતા પ્રશ્નો, પાણીને લગતા પ્રશ્નો કે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન લાવવાનું કૌશલ્ય શીખવવામાં આવે છે. જેથી, ખેડૂત સ્વનિર્ભરતાની ઓર આગળ વધતો થયો છે. કૃષિ મોલ દ્વારા વર્તમાન સમયમાં ૩૦૦થી પણ વધુ ખેડૂતોને નિઃશુલ્ક માર્ગદર્શન આપવામાં આવે છે. જે માટે ખેડૂતો શ્રી કચ્છી લેવા પટેલ સમાજ કૃષિ મોલનો આભાર માને છે. નહીં નફો નહી નુકશાનના ધોરણે કામ કરનાર શ્રી કચ્છી લેવા પટેલ સમાજ કૃષિ મોલ ૫૦૦૦થી પણ વધી ખેડૂતોને તેની સેવાનો લાભ આપ્યો છે અને વધુને વધુ ખેડૂતો કૃષિ મોલ સાથે જોડાઈ રહ્યા છે. લેવા પટેલ ચોવીસીના ખેડૂતોની સાથે સાથે અન્ય ખેડૂતો સમગ્ર કચ્છના ગામો જેવા કે નખત્રાણા, કોઠારા, માંડવી, અંજાર, અબડાસા વગેરે ત્યાંથી કૃષિ મોલમાં ખેત ઉપયોગી સંસાધનો લેવા માટે આવે છે. જેથી ખેડૂતોના ખર્ચમાં ૨૫ થી ૩૦% ઘટાડો થયો છે. બજારભાવની સરખામણીએ લેવા પટેલ સમાજ કૃષિ મોલ દ્વારા જંતુનાશક દવાઓમાં ૨૦ થી ૨૫% રાસાયણિક ખાતરોમાં ૩૦થી ૩૫% તેમજ અન્ય ખેત ઉપયોગી સંસાધનો જેવા કે બિયારણ, ફ્રૂટ કેરેટ, ક્રોપ કવર વગેરે પર સરેરાશ ૨૫ થી૩૦% સુધીની રાહત આપવામાં આવે છે. 'ઝેર મુક્ત ભારત' આ સૂત્રને સાર્થક કરવા માટે કૃષિ મોલ દ્વારા એક નવી પહેલ કરવામાં આવી છે. તે અંતર્ગત જે ખેડૂતો કેમિકલ યુક્ત ખેતીને અનુસરતા હતા તેવા ખેડૂતોને સજીવ ખેતી (ઓર્ગનિક ખેતી) તરફ લઈ આવવાનો પ્રયાસ કરવામાં આવે છે. સજીવ ઉત્પાદનના માર્કેટ ભાવ મળતા નથી, આ પ્રશ્નને સમજી શ્રી કચ્છી લેવા પટેલ સમાજ કૃષિ મોલ નજીકના સમયમાં ઝેર મુક્ત અનાજ, શાકભાજી તેમજ ફ્રૂટને યોગ્ય માર્કેટ મળી રહે તે માટે પ્રયાસ હાથ ધરનાર છે. માત્ર ખેડૂત પાસે જ એક દાણામાંથી એક સૌ દાણા ઉત્પાદિત કરવાની શક્તિ છે. માટે ખેડૂતોના હિતેચ્છુ બનીએ અને લેવા પટેલ સમાજના સર્વે જ્ઞાતિ બંધુઓને વિનંતી કે લેવા પટેલ સમાજના તેમજ અન્ય સમાજના તમામ ખેડૂતોને કૃષિ મોલ વિશે વિગતવાર જાણ કરીએ અને કૃષિ મોલ સાથે જોડીએ.









# કોરાનામાં કપરા કાળે સવા લાખ દર્દીની સારવાર રાજ્ય સરકારે બિરદાવી

**( ભુજ સ્થિત એમ.એમ.પી.જે. લેવા પટેલ હોસ્પિ.ના તબીબોની નોંધ લેવા રાજ્યમંત્રી કલેક્ટર પહોંચ્યા ; ટ્રસ્ટ- દાતારોનો આભાર માનતી રાજ્ય સરકાર)**



એકબાજુ ધર્મસ્થાનો-ઈબાદતગાહો બંધ છે. મનોરંજન આત્મરંજનના રસ્તા આભાસી ભાસ્યા છે તેવા કપરા કાળે લોકોની આશા અને આસ્થા માત્રને માત્ર આરોગ્યધામો પર ટકી છે. ભુજ સ્થિત કચ્છી લેવા પટેલ સમાજ સંચાલિત માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર (લેવા પટેલ હોસ્પિટલ) દ્વારા લોકડાઉનના બે માસના અરસામાં સવા લાખ દર્દીની સારવારનું મોટું કામ થયું છે એમ કહેતાં રાજ્યમંત્રી વાસણભાઈ આહિર તબીબોની પીઠ થાબડવા પહોંચ્યા હતા. સાથે કલેક્ટર ડી.કે.પ્રવિણાએ પણ ટ્રસ્ટ-દાતારોનો આભાર માન્યો હતો. સંસ્થાએ મેડિકલ સ્ટોરમાં કોરાના સમયગાળામાં ૫૩ લાખ રૂપિયાની રાહત આપી હતી.

પ્રથમ લોકડાઉન જાહેર થવા સાથે જ શહેરોના ખાનગી તબીબોએ નિયમાધિન પ્રેક્ટિસ મર્યાદિત કરી હતી તેથી ૨૧ લાખની વસતિ ધરાવતા કચ્છના મહત્તમ બિનકોવિડ દર્દીઓનું ભારણ ભુજની ટ્રસ્ટ સંચાલિત લેવા પટેલ હોસ્પિટલ પર કેન્દ્રિત થયું હતું. જોખમ લેવા સાથે આ ગાળામાં ૧,૨૧,૩૨૫ દર્દીઓની સારવાર થઈ હતી જેમાં સર્જરીઓનો સમાવેશ પણ થયો હતો. દરેક વિભાગ પૂર્ણકાલીન ચાલુ રખાયા હતા. ૨૮૨૨ દર્દીઓને ક્રિટીકલ સારવાર પુરી પડાઈ હતી. કેન્સર, કિડની, ફેફસાં, પથરી જન્ય સર્જરીઓ ઉપરાંત ગાયનેક વિભાગમાં પ્રસૂતિ અને સારવાર થઈ હતી. અધુરાં માસે-ઓછા વજને જન્મેલ બાળકો માટે આશરો બનેલ આ હોસ્પિટલમાં ૧૫૫૦ ડાયાલિસીસ, ૬૫ હજારથી વધુ પેથોલોજી પરીક્ષણ, ૮૧૬ એન્ડોસ્કોપી, ૬ હજારથી વધુ એક્સ રે, પાંચ હજાર સોનોગ્રાફી, ૧૪૬૦ સીટી સ્કેન, ૧૯૮૫ એમ.આર.આઈ, ૮૯૪ ઓપરેશન તથા ૩૬૧૩ દર્દીને ઈમરજન્સી સારવાર અપાઈ હતી. સંચાલક મંડળ અને તબીબોની સૂઝબૂઝથી કટોકટીનો સમય સચવાઈ ગયો હતો આ કાર્યની નોંધ લેવા પહોંચેલા ગુજરાત રાજ્યના મંત્રી વાસણભાઈ આહિરે પડદા પાછળના કોરાના વોરિયર્સને મુખ્યમંત્રી વતી બિરદાવ્યા હતા. તેમણે આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલનો સંદેશો પાઠવતાં રાજ્ય સરકારને મદદ કરવા બદલ આભાર પ્રગટ કર્યો હતો. શ્રી આહિરે કચ્છી લેઉવા પટેલ સમાજની સાર્વજનિક સેવાઓની સગૌરવ નોંધ લેતાં દિલેર દાતાઓને યશાધિકારી ગણાવ્યા હતા. કચ્છ જિલ્લાની સૌ પ્રથમ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલની મુલાકાત પણ

## તમામ યશ દાતાઓને આપતું સમાજ

સેવા અમારો મંત્ર છે, કપરાકાળે રાષ્ટ્રના ચરણે સમર્પિત છે. રાજ્ય સરકારે લીધેલી નોંધના પ્રતિભાવમાં હોસ્પિટલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયાએ કહ્યું; તમામ યશ દાતાઓને છે. અમારા દેશ-વિદેશના સેવાભાવી દાતાઓ મહાન છે. કેશવલાલભાઈ ભુડિયા, કાનજીભાઈ ભુડિયા વર્તમાન સમયે હસમુખભાઈ ભુડીયા, સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના મોટા દાતા કે.કે.પટેલ (સામત્રા-નાઈરોબી), શિક્ષણમાં મોટા દાતા આર.ડી.વરસાણી, લક્ષ્મણભાઈ રાઘવાણી, શામજીભાઈ દબાસીયા (જે.સામ), શશીકાંતભાઈ વેકરીયા, હરીભાઈ હાલાઈ, રમત ગમતમાં મુરજીભાઈ પિંડોરીયા, વિશ્રામભાઈ જાદવા (વિજય) વરસાણી, રવજી ગોવિંદ વરસાણી (મોશી), કે.કે.જેસાણી(બળદિયા), નારણપરના ધનજીભાઈ કરશન વરસાણી 'દરબાર', અશોકભાઈ વરસાણી, કલ્યાણભાઈ રવજી વેકરીયા, ગીરધરભાઈ પીંડોરીયા, કેશરાભાઈ ભુડિયા સહિત સર્વે દાતારોની નામજોગ નોંધ લીધી હતી. તેમણે સંસ્થાકીય રીતે ભુજ સ્વામિનારાયણ મંદિર તેમજ સ્વામિનારાયણ ગાદી સંસ્થાન તથા અબજીબાપાની છતેડીના મોટા સહયોગના ઉલેખ કરતાં કહ્યું દાતારોની યાદી ખૂબ લાંબી છે. સૌ યશના અધિકારી છે. તેમણે યુ.કે.કોમ્યુનિટી, નાઈરોબી, મોમ્બાસા સમાજોના સાથની પણ નોંધ લીધી હતી. યુવા નવા દાતાઓને પ્રેરક લેખાવ્યા હતા.

લીધી હતી. સમગ્ર કચ્છની આરોગ્ય સેવાઓમાં સંસ્થાકીય રીતે અગ્રિમ લેવા પટેલ હોસ્પિટલ હોવાનું કહેતા, સમાહર્તાએ કોરાના સામે લડવાની રણનીતિમાં એમ.એમ.પી.જે. અમને ઘણી ઉપયોગી થઈ છે. તંત્ર આપની સેવાઓને બિરદાવે છે તેવું કહેતાં કલેક્ટર ડી.કે.પ્રવિણાએ રાહતદરે સારી સારવાર આપવાની નીતિને વખાણી હતી. તેમણે હોસ્પિટલના સફાઈ કામદારો, સુરક્ષાકર્મીઓ, મેડિકલ-પેરા-મેડિકલ સ્ટાફની સેવાઓ બદલ નોંધ લીધી હતી. રાજ્યમંત્રી-કલેક્ટર સાથે અધિક કલેક્ટર મનિષ ગુરવાની, મામલતદાર સહિતનાએ હોસ્પિટલના વિવિધ વિભાગોની મુલાકાત લઈ દર્દીઓની પૃચ્છા કરી હતી. સૌએ નિર્માણાધિન કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ સંકુલની મુલાકાત લઈ થતા કાર્યને નિહાળ્યું હતું. વાસણભાઈએ કહ્યું; તબીબો આપણા રક્ષક છે.

પ્રારંભે કચ્છી લેવા પટેલ સમાજ ભુજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, દાતા કે.કે.પટેલ, મેડિકલ ડાયરેક્ટર મહાદેવ પટેલ, એજ્યુ.મેડિ.ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, મંત્રી કેશરાભાઈ પિંડોરીયા, ઉપપ્રમુખ ડો.જે.કે. દબાસીયાએ સૌને આવકાર્યા હતા. તમામ તબીબોનો પરીચય કરાવાયો હતો. પૂર્વ અધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયા, સમાજમંત્રી ગોપાલભાઈ વેકરીયા, રામજી સેંઘાણી, મનજી પીંડોરીયા, ગોવિંદ હાલાઈ, કરશનભાઈ મેપાણી, રવજી કેરાઈ, દાતા પરિવારના પુત્ર પ્રવિણ પિંડોરીયા, ટ્રસ્ટી પુરુષોત્તમ હિરાણી, મનજી વરસાણી સહિતના ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાતનું સંકલન કચ્છી લેવા પટેલ સંદેશના તંત્રી વસંત પટેલે કર્યું હતું. મુશ્કેલીના સમયમાં થયેલા અનુભવો તબીબોએ વર્ણવ્યા હતા. પી.આર.ઓ. પ્રભવ અંતાણી, ચિંતન મહેતા સહયોગી રહ્યા હતા. ત્રણેય પાંખના સભ્યો પૈકીના હાજર રહ્યા હતા. કૌશલ્યાબેન માધાપરીયાએ શુભેચ્છા આપી હતી.

## દહિંસરાના યુવા તબીબ નોકરીના ૧૮મા દિવસે અમદાવાદ રેડઝોનમાં ફરજ ઉપર

**(પિતા કહે છે; પડકાર જીવન ઘડે છે, મને ગૌરવ)**



સમગ્ર વિશ્વ કોરાના વોરીયર્સ તરીકે તબીબો પર ગર્વ કરે છે. ત્યારે કચ્છ દહિંસરાનો યુવાન હજી ૧૭ દિવસ પહેલાં નોકરીએ જોડાયો અને ૧૮માં દિવસે અ'વાદ રેડઝોનમાં સેવા કરવા પહોંચ્યો છે. અન્ય બે પેરા સભ્યો પણ સાથે છે.

વાત છે, ડો.મિતુલ કિશોરભાઈ પિંડોરીયાની ૨૫ વર્ષનો આ યુવા તબીબ એમ.બી.બી.એસ થયા પછી માંડવીની સબ-ડિસ્ટ્રીકટ(જનરલ) હોસ્પિટલમાં જોડાયો હતો. હાલ સરકારી દવાખાનાઓમાંથી ફરજ પરના તબીબોને વારાફરતી અ'વાદ ખાતે ફરજ સોંપાય છે. ડો. મિતુલ કહે છે; આ અમારી ડ્યુટી છે. અમારે કરવાની છે. કારકિર્દીની શરૂઆત આવા મોટાં કામથી થાય તે ઘણું શીખવાડી જાય છે. તેણે આ કાર્ય માટે પ્રેરક પિતા કિશોરભાઈ પિંડોરીયા અને માતા પ્રેમીલાબેન ને યશાધિકારી ગણાવ્યા હતા.

## સરલીના બહેનોએ કેળવ્યું દાડમ કટીંગનું કૌશલ્ય

**(અત્યાર સુધી પરપ્રાંતિય મજૂરો જ કરતા હતા આ કામ; ૬૦ થી ૭૫ ટકા ખર્ચ બચશે;)**

**પુરુષપ્રધાન ગણાતા દાડમ કટીંગના કાર્યને સરલીની મહિલાઓએ આ રીતે હાથમાં લીધું છે. આવા અન્ય જૂથો પણ ચોવીસીમાં છે.**

કટ..કટ..દૂરથી અવાજ કરતી કટરો પરપ્રાંતિય મજૂરો, મજૂરોની સગવડ સાચવવામાં આગળ-પાછળ થતો બાપડો ખેડૂત, રોકડા રૂપિયા, જમવાની સગવડ, મોં માંગ્યા ભાવ.. છેલ્લા દાયકામાં દાડમ પકવતા કિસાનોનું આર્થિક કટીંગ થતું આવ્યું છે. પાક પકડાવવા પહેલાં કરાતું કટીંગ કૌશલ્યની શ્રેણીમાં આવે, કચ્છમાં નવો પાક એટલે આ કામ નાસીક, દક્ષિણ ગુજરાતના ખાસ મજૂર જૂથની મોનોપોલી હતી. અને એ કારણે જ એક તરફી ગરજનું માધ્યમ બન્યું હતું. હવે સમય બદલાયો છે, કચ્છ-સરલીની બહેનોએ આ કામ હાથમાં લીધું છે. સફળ છે. ખેડૂત ખુશ છે. ૬૦ થી ૭૦ ટકા ખર્ચ બચશે એ નક્કી છે. ચાલો,મળીએ આ બહેનોને..સરલી ગામના ૧૫ થી ૨૦ બહેનોએ જૂથ બનાવ્યું છે.

રામપરથી વાડાસર જતા રસ્તે રતનબેનની વાડી છે. ત્રણ વર્ષથી કટીંગ કરાવતા હતા આજે તેઓ ખુશ છે. ઓછો ખર્ચ અને કટીંગની સફાઈ બેવડો લાભ હોવાનું કહે છે, સમાજ ટીમે એમની વાડીમાં કટીંગ કરતા બહેનો સાથે વાત કરી હતી. સવિતાબેન રાબડિયા તેમના ટીમ લીડર છે. ઓર્ડર લેવાથી લઈ ક્યારે કોની વાડી જવું? કેવી કટીંગ કરવી તે નક્કી કરે છે. તેમણે કહ્યું; ત્રણેક વર્ષ પહેલાં અમે આ કામ નવજીવન કુદરતી ઉપચાર કેન્દ્રના ફાર્મમાં શીખ્યા હતા. ત્યારથી ફાવી ગયું છે. શરૂઆતમાં ખેડૂતોને ખચકાટ થતો પણ ઓણસાલ ૧૫ વાડીઓમાં કટીંગ કર્યું છે. દાતરડાંથી કેમ? આમ તો પરપ્રાંતિય મજૂરો ખાસ પ્રકારની કટરથી ડાળખીઓ કાપતાં હોય છે પણ આ બહેનો કકરાવેલું દાતરડું વાપરે છે એવા પ્રશ્નના જવાબમાં આ જૂથ કહે છે; કટરથી જ કપાય તે ખોટી માન્યતા છે. દાતરડાંથી ઝડપ વધે છે અને સરવાળે ખેડૂતોને જ ફાયદો થાય છે. આ બહેનો દાડમમાં કટીંગની બારીકાઈ જાણે છે. શું ભૂલ થાય તો ફૂગ આવે? તેનું જ્ઞાન છે. તેથી કટીંગની રીતના લાભાલાભ કૃષકોને મળે છે. આ કામમાં જૂથ જોઈએ એટલે જૂથ બનાવ્યું છે.

અત્યાર સુધી બે વર્ષના દાડમ કાપવાના ૧૫ થી ૨૦ રૂપિયા પ્રતિછોડ ઠેરાવતા બારાતુ મજૂરોની સરખામણીએ આ જૂથ પાંચ એકર (૧૭૦૦ થી ૧૮૦૦ છોડ) પાંચ થી છ હજારમાં કાપી આપે છે. ખેડૂતો વધુ ખુશ તો એનાથી છે કે તે કાપેલી ડાળખીઓ બેડ પર છોડતા નથી વચ્ચેના પટ્ટામાં નાખે છે એટલે કૃષકોને બેવડી મજૂરી બચે છે અને ચોખ્ખાઈ રહે છે. મંજૂલાબેન, મોનીકાબેન, રતનબેન, ભાવનાબેન, આવાં ૧૫ થી ૨૦ બહેનોનું જૂથ છે. કામનો આનંદ છે. આ જૂથનું કહેવું છે કે ગામોગામ બહેનો તૈયાર થાય, આ કામ ફાયદાવાળું છે, પાંચ કલાકમાં ૨૫૦ રૂપિયા મળે છે. જો કે ચાવીસીમાં દાડમ કટીંગ કરતા આવાં બે-ત્રણ બીજા મહિલા જૂથ હોવાનું યુવક સંઘના સહમંત્રી રવજી ખેતાણીનું કહેવું છે. ખેડૂતે લેવા-મુકવાની વ્યવસ્થા કરવાની હોય છે. મોદી સાહેબે 'લોકલને વોકલ' કરવા સંદેશો આપ્યો છે તેને કહેતા આ બહેનો કહે છે કચ્છના ખેડૂતો જેમ પ્રયોગશીલ છે સાહસી છે. પરિવર્તન સ્વીકારે છે તેમ ખેતમજૂરોએ પણ જરૂરીયાત પ્રમાણે નવાં કામ શીખવાં પડશે. આ બહેનોના જૂથનો ૭૫૬૭૫૨૧૨૩૨ સંપર્ક કરી શકાય છે. દાડમ કટીંગનું કામ આખા કચ્છમાં એક સાથે જ થતું હોઈ કુશળ મજૂર જૂથોની અછત વર્તાતી હતી જેનો લાભ આ બારાતુ જૂથો લઈ રહ્યા હતા પણ હવે સ્થાનિકે કૌશલ્ય કેળવાશે તો લાંબાગાળે સમય અને નાંણા બચતનો બેવડો લાભ થશે તેમ ખેડૂતોનું કહેવું છે.

# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ કૃષિમોલમાં ખાતરનું વેચાણ શરૂ કરાયું.




દિનપ્રતિદિન કૃષકોમાં આવકાર પ્રાપ્ત કરતા સમાજના કૃષિમોલમાં હવે રાસાયણિક ખાતર જેવા કે ડી.એ.પી, યુરીયાનું વેચાણ શરૂ કરાતાં ખેડૂતોની સગવડમાં વધારો થયો છે. દવા, ખાતર, બિયારણ સહિત કૃષિ આનુષાંગિક દરેક વસ્તુઓ એક જ જગ્યાએથી મળે તો ખેડૂતોને વધુ ઉપયોગી થાય તે હેતુથી આ સુવિધા શરૂ કરાઈ છે.

## દરેક જ્ઞાતિના ખેડૂતો માટે કૃષિમોલ ખુલ્લો

પ્રારંભિક તબક્કે કૃષિમોલમાં માત્ર લેવા પટેલ જ્ઞાતિજનોને વેચાણ અપાતું હતું. જ્યારે હવે આ સુવિધા દરેક જ્ઞાતિના કૃષકો માટે ખુલ્લી મુકાઈ છે. વધુમાં વધુ વેચાણ ટર્નઓવર થાય તો કંપનીઓ વધુ સારા ભાવે સ્ટોક આપતી થશે. એકવાર બજાર કરતાં ઘણાં નીચા ભાવે ખરીદી જેવી સ્થિતિ પેદા થઈ જાય પછી લેવા પટેલ ખેડૂતોને જેમ હોસ્પિટલમાં સુવિધાકાર્ડ મારફતે ઓછા દરે સેવા અપાય છે તેમ કૃષિમોલમાં પણ કિસાનકાર્ડથી આ સુવિધા આપવાની સમાજની નીતિ હોવાનું સમાજમંત્રી ગોપાલભાઈ વેકરીયાએ જણાવ્યું હતું.

## કચ્છ યુનિ.ના વાઈસ ચાન્સેલરનો ચાર્જ મિરઝાપરના પ્રા. પુરુષોત્તમ હિરાણીને સોંપાયો હતો.



તા.૨૮/૩/૨૦૨૦ થી ૫/૫/૨૦૨૦ સુધી મિરઝાપરના પ્રો. પુરુષોત્તમભાઈ હિરાણીની ઈન્ચાર્જ વાઈસ ચાન્સલેર તરીકે રાજ્યપાલે નિમણૂંક કરી હતી તેમણે આ મુદત દરમ્યાન વા.ચાન્સેલર તરીકે સેવા આપી હતી. હાલ તેઓ કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગના ડિન પદે છે.

૨૬ વર્ષની પ્રાધ્યાપક તરીકેની સેવા પૈકી છેલ્લા ૧૦ વર્ષથી કોમર્સ અને મેનેજમેન્ટમાં ડિન તરીકે સેવારત શ્રી હિરાણી એમ.કોમ સાથે એકાઉન્ટ અને મેનેજમેન્ટમાં પી.એચ.ડી. પ્રાપ્ત કરી છે. તેઓ કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના કારોબારી સભ્ય તરીકે સામાજિક અને આરોગ્યલક્ષી સેવાઓમાં પણ પ્રવૃત છે. ઈન્ચાર્જ વાઈસ ચાન્સલેરના પદ સુધી પહોંચનાર તેઓ પ્રથમ કચ્છી લેવા પાટીદાર છે. તેમની નિમણૂંકથી કચ્છી પ્રાધ્યાપક અને શિક્ષણવિદ્ તરીકેના ગૌરવ સાથે સમાજનું પણ ગૌરવ વધ્યું હોવાનું સબંધિતોએ જણાવ્યું હતું.

# ભારાસર બન્યું કચ્છનું 'કોરોના વૉરીયર' વિલેજ

### (ગામની સંસ્થાઓ, દાતાઓ મળી ૬,૪૭,૬૬૫ રૂપિયા રાહતનીધિમાં જમા કરાવ્યા; સરપંચની જાગૃત્તિ ફળી)

### નાના ગામની મોટાઈ જોઈ કલેક્ટરે કહ્યું; ભારાસરનો આભાર...



કોરોના સામેની લડાઈમાં કચ્છીઓએ કચ્છીયતને છાજે તેવી સેવા કરી છે પણ ચોવીસીનું નાનકડું ગામ ભારાસર વસ્તીની દૃષ્ટિએ ૬.૪૭ લાખની સેવા સાથે 'વૉરીયર' વિલેજ બનતાં ખુદ કલેક્ટરે કહ્યું; થેન્કસ ભારાસર.. મને ગામનું નામ લાંબા સમય સુધી યાદ રહેશે..

ચોવીસી ગામોએ રાષ્ટ્રહીતની ઘડીમાં પ્રેરક ફાળો આપ્યો છે પણ કોરોનાના કપરા સમયે સુરજપર અને ભારાસર જેવા નાના ગામો તેના દિલની મોટાઈ માટે લાંબો સમય પ્રેરક ઉદાહરણ બનશે. ભારાસર ખોબા જેવડું નાનું ગામ છે. પણ જ્યારથી નિલેશ વરસાણી યુવા સરપંચ બન્યા ત્યારથી અવનવા આયોજન અને લોકો ઉપયોગી કાર્યોથી ચર્ચામાં રહ્યું છે. કોરાના મહામારીમાં ૬,૪૭,૬૬૫ રૂપિયાનો ચેક ફુલ પાંખડી રૂપે રાષ્ટ્રના ચરણે ધર્યો છે જે અન્ય ગામો માટે પ્રેરક છે. સંસ્થા અને દાતાઓ પૈકી ૧.૫૦ લાખ વિશ્રામ જાદવા વરસાણી (વિજય), ૫૧-૫૧ હજાર સ્વામિનારાયણ મંદિર ભારાસર અને રામજી કાનજી હિરાણી, ૩૩ હજાર વાલજી વેલજી પટેલ-તેજબાઈ, ૨૫-૨૫ હજાર સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ (બાપાશ્રી મંદિર), ગ્રામવિકાસ સમિતિ, ગૌ-રક્ષણ ટ્રસ્ટ, મિત્ર સેવા મંડળ, પરબત કાનજી હિરાણી ટ્રસ્ટ, ખીમજી કાનજી હિરાણી, લક્ષ્મણ હિરજી વરસાણી, સ્વ. કલ્યાણ રામજી વરસાણી, ૧૫ હજાર જાદવા પ્રેમજી હિરાણી, ૧૧-૧૧ હજારના પૂરક દાતા પાંચા તળાવ ટ્રસ્ટ, મહાદેવજી-હનુમાન મંદિર ટ્રસ્ટ, રવજી (કાંતિભાઈ) હિરાણી, નિલેશ વરસાણી(સરપંચ), વરસાણી ઈલેક્ટ્રીકલ, ડી.કે.પટેલ એન્ડ સન્સ, ગોવિંદ મનજી વરસાણી, ભીમજી ધનજી પટેલ, લાલજી વરસાણી, અન્ય દાતાઓમાં હિરજી વરસાણી, પટેલ ટ્રેડિંગ, કાનજી દેવશી હિરાણી, ગોવિંદ જાદવા, જગદીશ મુરજી કેરાઈ, નવીનભાઈ વરસાણી, કરશન વરસાણી, કલ્યાણ હિરાણી, મોહનભાઈ વરસાણી સૌ સહિયારો ફાળો નોંધાવી ભારાસરની અસ્મિતાને ચળકાવી હતી. ચેક સરપંચ નિલેશ વરસાણી તથા અગ્રણીઓના હસ્તે અપાયો હતો.

## રામપર વેકરામાં સમૂહ લગ્ન



ડિસેમ્બર ૨૦૧૯, રામપર વેકરા ખાતે સમૂહ લગ્નની તસવીર

## સુરજપર ગામ ૭,૭૭,૭૭૭ નું ફંડ આપી 'કોરાના વોરિયર' બન્યું.

( ગામની દરેક સંસ્થાએ અનુદાન આપ્યું, રાહત કિટમાં સ્ટીલના વાસણો, ચોવીસી માટે પ્રેરક)

કલેક્ટર પ્રવિણા ડી.કે. બોલી ઉઠ્યા.. સુરજપરની સમજને ધન્યવાદ, ચેક અર્પણ કરતા આગેવાનો



ચોવીસીનું કેશરીયા રંગે રંગાયેલું સુરજપર ગામ હાલની અસમાન્ય સ્થિતિમાં પણ રાષ્ટ્રવાદનો શંખનાદ કરી રહ્યું છે. જે કચ્છના દરેક ગામ માટે પ્રેરક છે. અનુસરણિય છે. ૭,૭૭,૭૭૭નું ફંડ આખા ગામ, સંસ્થાઓ મળી મુખ્યમંત્રી રાહતનિધિમાં આપ્યું એટલું જ નહિં ગરીબોને રાશનકીટમાં સ્ટીલના વાસણો સુદ્ધાં પહોંચાડ્યા.

જેને કામ કરવું છે તેને દેકારો પસંદ નથી અને જેને કરવું નથી તેની જીભ સલાહનો ધોધ વહાવતી રહે છે. કચ્છનું સુરજપર ગામ પ્રેરક છે. વોટ્સએપના માધ્યમે અપીલ કરી દેશ-વિદેશવાસી ગામાઈઓએ બે હજારની વસ્તી વાળા ગામ પ્રમાણે ૭.૭૭ લાખનું ફંડ એકત્ર કર્યું તે પૈકી બે લાખ સ્વામિનારાયણ મંદિર, ૫૦ હજાર સુરજપર લેવા પટેલ સમાજ, ૨૫ હજાર ગૌરક્ષણ ટ્રસ્ટ, ૨૫ હજાર સુરજપર ગ્રામજનો આયોજીત સેવા મંડળ પદયાત્રી કેમ્પ, ૨૫ હજાર ચોકી મંડળ, ૧૧ હજાર લેવા પટેલ શિક્ષણ સમિતિ, ૧૧ હજાર નવરાત્રી મંડળ, ૧૧ હજાર વોટર સપ્લાય ટ્રસ્ટ, પાંચ હજાર હંસેશ્વર મહાદેવ મંદિર વ્યકિતગત દાતાઓ પૈકી ૫૦-૫૦ હજાર નાથાલાલ વેલજી રાબડીયા અને માવજી રવજી હાલાઈ, ૨૫-૨૫ હજાર વેલજી મનજી ભુડિયા, અ.નિ.રવજી દેવરાજ હાલાઈ હસ્તે ખીમજી રવજી હાલાઈ, ૨૦ હજાર પરબત રૂડા મેપાણી અને હરીલાલ કેશરા હિરાણી, ૧૧ હજાર આપનારાઓ પૈકી પરબત કરશન હાલાઈ, વાલજી રત્ના જાગાણી, શામજી રવજી હાલાઈ, દેવશી કાનજી હિરાણી,શીવજી મુરજી પીંડોરીયા, ગોવિંદ મુરજી પીંડોરીયા, ભીમજી રવજી હિરાણી, ૪૫૦૫૦ ગ્રામજનો દ્વારા ઘર ઘર ફંડ હસ્તે પ્રકાશ અને કરશન મેપાણી, શામજી રવજી હાલાઈ, જાદવા રવજી ભુડિયા, નારણ કરશન કેરાઈ, લાલજી રામજી હાલાઈ, વેલજી રામજી હાલાઈ અને અ.નિ. માવજી રત્ના વેકરીયાએ ૧૧-૧૧ હજારનું ફંડ



મેઘરાજાની લીલપ... ઓણ સાલ સમયસર વરસાદ થતાં ચોવીસીમાં આવાં હૃદય ઠાકર દ્રશ્યો ગામે ગામ સર્જાયાં હતા.

## રામપર ગામે ૨.૩૮ લાખ રાહતનિધિમાં આપ્યા

(યુવાનો દ્વારા ૭૦ પરિવારોને રાશનકિટનું વિતરણ પણ થયું)

ચેક આપતા મંદિર પ્રમુખ નારાણભાઈ ગોરસીયા, મંત્રી કરશન કેરાઈ તેમજલાલજી વેકરીયા અને દેવશીભાઈ કેરાઈ નજરે પડે છે.



પી.એમ.કેર ફંડ અને મુખ્યમંત્રી રાહતનીધિમાં અનેક સંસ્થાઓ-વ્યકિતઓ ફાળો નોંધાવી રહ્યા છે. તેમાં પૂરક બનતાં ચોવીસીના રામપર ગામે પણ ૨.૩૮ લાખની પાંખડી અર્પી હતી. ગામના જરૂરતમંદ ૭૦ પરિવારોને રાશનકીટ પણ અપાઈ હતી.

રામપર જૂનાવાસ સ્વામિ. મંદિરે ૧,૧૧,૧૧૧, રામપર લેવા પટેલ વોટર સપ્લાય તરફથી ૨૫ હજારની રકમ પ્રધાનમંત્રી રાહતકોષમાં અપાઈ હતી. જ્યારે નારાણ સામજી ગોરસીયા અને દેવશી અરજણ કેરાઈ (નાઈરોબી) બંન્નેએ ૨૫-૨૫ હજાર, મારૂતિ કન્સ્ટ્રકશન હ. લાલજીભાઈ અને રવજી કાનજી વેકરીયા ૨૦ હજાર, જાદવા કાનજી હિરાણી ૧૧,૧૧૧, શાંતિલાલ ગોવિંદ રામાણી (જામથડા) ૧૧ હજાર, કાનજી દેવજી કેરાઈ ૧૦ હજાર મુખ્યમંત્રી ફંડમાં અપાયા હતા. આમ કુલ ૨,૩૮,૨૨૨ રૂપિયાનું અનુદાન ચેક સ્વરૂપે જિલ્લા સમાહર્તા કચેરીએ અપાયો હતો. દરમ્યાન રામપર ગામના યુવાનો દ્વારા ૫૬૦૦૦ રૂપિયા જેટલી રાશી ઘર ઘર એકત્રિત કરી ગામના ૭૦ જરૂરિયાતમંદ પરિવારોને રાશનકિટનું વિતરણ કરાયું હતું. બંન્ને ચેક ગામના અગ્રણીઓ લાલજી વેકરીયા, દેવશીભાઈ કેરાઈ, સ્વામિનારાયણ મંદિરના પ્રમુખ નારાણભાઈ ગોરસીયા અને મંત્રી કરશનભાઈ કેરાઈ દ્વારા અપાયા હતા.

## કોરાનામાં સહાય



ચોવીસીના ગામોમાં ગરીબ અને જરૂરીયાત વાળા લોકોને રાશન કીટ વિતરીત કરવામાં આવી હતી. લેવા પટેલ જ્ઞાતિજનોએ ગામ બહારના વિસ્તારોમાં પણ લોકડાઉનના કારણે અસરગ્રસ્તોની ખબર પૂછી હતી અને ખાવાનું પહોંચાડયુ હતું. સતત બે થી અઢી મહિના આ પ્રવૃતિ અધીરત ચાલી હતી. જેના કારણે અનેક પરિવારોનો કપરો સમય પસાર થયો હતો.

# આફ્રિકાના દાતાએ માતા પ્રેમબાઈની સ્મૃતિમાં 'પ્રેમસરોવર' સર્જયું

(પૈતૃક સામત્રા ગામે ત્રણ કિ.મી. નહેર ખોદાવી; છ તળાવને લાભઃ એક કરોડથી વધુની સખાવત)





પંદર ટ્રેક્ટર, ૬ આઈવા ટ્રક, પાંચ જે.સી.બી મશીન, એક હિટાચી પ્રકારનું ચેઈન રોલર, ૬૦ દિવસ, મહત્તમ ઊંડાઈની નહેર, ત્રણ કિ.મીનું અંતર, ત્રણ જળાશય નવાં, ત્રણને લાભ સામત્રાની સાત પેઢી ન ભૂલે તેવું 'સજળ' કામ ૬૦ દિવસમાં પૂર્ણ થઈ ગયું છે એ પણ સ્વર્ગસ્થ માતાની સ્મૃતિમાં સર્જાયું 'પ્રેમસરોવર'.

આ વાત છે મૂળ સામત્રાના આફ્રિકા સ્થિત મીઠાં ઉદ્યોગપતિ અને જાણીતા દાનવીર કે.કે.પટેલની અનોખી સખાવતની ખાવા અન્નના સાંસા હતા. માતાએ કહ્યું; મોટાં કામ કર, દિકરા આપણને ગરીબી નથી જોઈતી, દિકરાએ ઈન્સ્ટ્રીયાલિસ્ટ થવાંના કપરાં સ્વપ્ન સાકાર કર્યા, સાત દેશો જેનું લુણ (મીઠું) ખાય છે એવાં કાનજીભાઈ વરસાણી કે.કે.એ પાણી બતાવ્યું. સફળ થયા. માદરે વતનને ન ભૂલ્યા.. પૈતૃક ગામ સામત્રાને પાણી આપ્યું. કોરાનાના ડંખથી આખું વિશ્વ જયારે ત્રસ્ત હતું ત્યારે સામત્રાની દક્ષિણે માટીભર્યા ડુંગરોમાં એક કલાત્મક નહેર તૈયાર થઈ રહી હતી. દાતા ૪૦ થી ૪૪ ડીગ્રી ગરમીમાં જાતે કામ કરાવે તે જોવું હોય તો સામત્રા જવું પડે, કામ જાતે જોવું પડે.. કચ્છી રાજવીએ ઉમરાસર બંધાવ્યું સરકારી ૭/૧૨માં ૧૭ એકરનું આ જળાશય છે. તો અડીને આવેલું ૩૭ એકરનું વામાસર છે. હરિભક્તોએ પ્રસાદીરૂપ શ્રીહરિતળાવ ૨૦ એકરનું બંધાવ્યું..પણ ગામને અફસોસ એ વાતનો રહેતો કે થોડા વરસાદે તળાવ ઓગનતું નહીં, તળાવ ન ઓગને, ગામનું ચોમાસું લીલોત્તરી વગરનું.. બે વર્ષ પહેલાં, દાતા કે.કે.ના માતાનું અવસાન થયું. ખબર અંતર પૂછવા ગામના પૂર્વસરપંચ અને હાલના ઉપસરપંચ જાદવજી વરસાણીએ ફોન લગાવ્યો અને કહ્યું; કાનજીભાઈ માતાની વિદાયની ઘટના દુઃખદ છે પણ ગામને દાડો જમાડો.. કે.કે.એ કહ્યું, મૃત્યુ પછી દહાડાની પ્રથા બંધ કરો, મારા હૃદયમાં ભાવના છે કે મારી માતા જે ધરતી પર દૂર દૂરથી પાણી ભરતાં રહ્યાં તે ધરતીને પાણીથી તરબતર કરીએ, ગામમાં જળસંચયના કામ હોય તો ચિંધજો. જાદવજીભાઈએ કહ્યું; કાનજીભાઈ હું પણ એ જ દહાડાની વાત કરતો હતો. આ વાતચીત નિમિત્ત બની, ગત માર્ચમાં કે.કે.પટેલ કચ્છ આવ્યા. લોકડાઉન જાહેર થયું. જંગલમાં સોશ્યલ અંતર અને સરકારી નિયમોનું પાલન સહજ હતું. ચાવડા રખાલ ગાજી, ગૂંજી અને તૈયાર થઈ ત્રણ કિ.મી. લાંબી નહેર જેમાં ૬૦૦ મીટર પાકી બનશે, અગાઉ પણ ગામના દાતાઓએ થોડી નહેર બનાવી હતી. ગામના સખા, જેવા આ તળાવો, તોતિંગ વડતરૂઓ અને વિકસિત પ્રસાદી સ્થળ હવે બારેમાસ થોડા વરસાદથી છલકાઈ ઉઠયા ઓણલાલ સામત્રા 'પાણીદાર' બન્યુ છે. કુદરતી રચના જ એવી છે. વામાસર સફેદ સાગ માટીનો કૂવો છે. સહેજે લાખો મેટ્રીક ક્યુસેક પાણી ઉતારી લે છે. સીમમાં વ્યર્થ જતું પાણી હવે અહીંથી રિચાર્જ થશે. ખેતીવાળી તથા પીવાના તળ ઊંચા આવશે. એક કરોડનો ખર્ચ થઈ ચૂક્યો છે. કામ પણ સક્કડ થયું છે. આટલા ખર્ચે આટલું મોટું કામ સરકારી વ્યાખ્યામાં કલ્પના પણ ન થઈ શકે, આતો દાયકાઓના સિવિલ કામનો ખૂદ દાતાને અનુભવ એટલે કામ થયું, સમાજ સંદેશ ટીમે સ્થળ પર મુલાકાત લીધી, જળસંચય પ્રેમીઓને એકવાર અચૂક મુલાકાત લઈ કંઈક શીખવાના અનુરોધ સાથે એક પુત્રના માતૃવાત્સલ્ય ના પ્રતીક સમુ આ 'પ્રેમસરોવર' જળ સજળ છલકાયું અને ગામે ઉજવણી કરી...

તળાવ-નહેર ખાણેત્રામાં ગામના યુવાનો, વડિલો સૌએ સાથ આપ્યો છે. કચ્છી રાજવીએ ઉદારતા બતાવી છે. એટલે આ કામ થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભુજમાં નિર્માણાધિન કચ્છની સૌ પ્રથમ સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલના નામકરણ દાતા એટલે માતૃવાત્સલ્ય માટે માતબર કામ કરાવનાર કાનજી કુંવરજી વરસાણી થેન્ક યુ.. કે.કે.પટેલ

## 'પ્રેમસરોવર' ને વધાવતા મુખ્યપ્રધાન

(વિડિયો કોન્ફરન્સ દ્વારા કાર્યને નિહાળ્યું; નર્મદા જળ મળવાની વધુ એક ખાત્રી; ૧૦ હજાર વૃક્ષ ઉછેરનું સ્વપ્ન)

કચ્છી લેવા પટેલ સમાજ ભુજના આધારભૂત દાનવીર કે.કે.પટેલ દ્વારા પૈતૃકગામ સામત્રામાં ત્રણ કિ.મી. લાંબી કેનાલ ખોદી છ તળાવોને ફાયદો થાય તેવું કાર્ય કર્યું છે. માતા પ્રેમબાઈની યાદમાં થયેલું આ કામ વિડિયો કોન્ફરન્સ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નિહાળ્યું હતું. તેમણે કે.કે.પટેલ જેવાં દાતાઓને ગુજરાતનું ગૌરવ ગણાવ્યા હતા.

# મુખ્યમંત્રી નિધિમાં લેવા પટેલ સમાજના ૩૧ લાખ

## (કલેક્ટરે ચેક સ્વીકારતાં કહ્યું; આપની હોસ્પિટલ કચ્છ માટે કુદરતના આશીષ)



મુખ્યમંત્રી રાહતનીધિમાં ૩૧ લાખનો ચેક કલેક્ટર પ્રવિણા ડી.કે.ને એજ્યુકેશન મેડિ.ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, મંત્રી કેશરાભાઈ પિંડોરીયા, પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પીંડોરીયા

મહામારીના કપરા કાળમાં એકબાજુ માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના માધ્યમે સેવાનો ધ્વજ ઊંચેને ઊંચે ફરકાવી રહેલા કચ્છી લેવા પટેલ સમાજે ૩૧ લાખની રકમ મુખ્યમંત્રી રાહતકોશમાં આપી હતી. ચેક સ્વીકારતાં કચ્છ સમાહર્તા પ્રવિણા ડી.કે.એ કહ્યું; આપની હોસ્પિટલની સેવા આશીર્વાદરૂપ છે.

દેશ ઉપર કુદરતી આપત્તિ હોય કે માનવસર્જીત પડકાર કચ્છના લેઉવા પટેલોએ સરહદ ઉપર પાણીની પાઈપલાઈન પાથરી દીધી છે જરૂર હતી ત્યારે વરસતા બોંબ વચ્ચે રન-વે રિપેર કરી મહિલા શક્તિનું ગૌરવ વધાર્યું તો હવે કોરાના જેવા તીક્ષ્ણ પ્રહાર સામે લડવા એમ.એમ.પી. જે. હોસ્પિટલની તમામ સેવાઓ જન સામાન્ય સમક્ષ સમર્પિત કરી છે તો મોભી ગોપાલભાઈ માવજી ગોરસીયાની આગેવાની હેઠળ રૂપિયા ૩૧ લાખનો ચેક ભુજ સમાજ વતી રાષ્ટ્રસેવાર્થે અર્પણ થયો હતો. ચેક આપવા પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયા, મંત્રી કેશરાભાઈ પિંડોરીયા ત્રણેય પાંખો વતી જોડાયા હતા.

# યુગાન્ડા લેવા પટેલ સમાજે ૨૨૦૦ સ્થાનિય લોકોને એકમાસ ભોજન ચાલે તેટલી રાશનકીટ આપી

## કોરાનાની સ્થિતિમાં કચ્છીઓની સહિયારી સેવાને બિરદાવાઈ



સામગ્રી સાહયનો ચેક : કંપાલા ખાતે

કચ્છીઓ ગમે ત્યાં હોય તેની નસનાડમાં સેવા વહેતી રહી છે. કર્મભૂમિ યુગાન્ડામાં હાલ ભારતની જેમ લોકડાઉન જેવી સ્થિતિ છે. આર્થિક રીતે ઓછા મજબૂત આ દેશો આવી સ્થિતિમાં વધુ મુશ્કેલી અનુભવે છે. તેથી સ્થાનિય લોકોને મદદ માટે કચ્છી લેવા પટેલ યુગાન્ડા આગળ આવી ૨૨૦૦ વ્યકિતને એક માસ ચાલે તેટલી રાશનકીટ આપી છે.

યુગાન્ડા લેવા પટેલ સમાજ દ્વારા કરાયેલી વિનંતીથી સ્થાઈ પરિવારો દ્વારા યથાશક્તિ સહિયારો ફંડ એકત્ર કરવામાં આવ્યો હતો. જે ભારતીય ચલણ પ્રમાણે ૧૩ લાખ રૂપિયા જેટલો હતો. આ રકમમાંથી સમાજે સામગ્રી ખરીદી કીટ બનાવી યુગાન્ડાના વડાપ્રધાન રૂહાકાના રૂગુન્ડાને અર્પણ કરવામાં આવી હતી. સામગ્રી આપવા માટે સમાજ ચેરમેન નીતિનભાઈ માવજી વેકરીયા (મિરઝાપર), ઉપપ્રમુખ રાજેશભાઈ કાનજી હિરાણી, મંત્રી બીપીનભાઈ અરજણ પિંડોરીયા, ખજાનચી રાજેશ ધનજી હાલાઈ, સહમંત્રી નિશાંતભાઈ કાનજી હિરાણી, ટ્રસ્ટીઓ અરવિંદ માવજી વેકરીયા અને માવજી હરજી વરસાણી જોડાયા હતા.

## હૃદયાંજલિ



### પ.પૂ. આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી

અધ્યક્ષશ્રી, શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન,
મણિનગર-અમદાવાદ

આપના સ્વધામગમનથી કચ્છી લેવા પટેલ સમાજ દુઃખ અનુભવે છે. આપની આ સમાજ પ્રત્યેની લાગણી સદૈવ સ્મરણિય રહેશે. કચ્છી લેવા પટેલ સમાજની ત્રણેય પાંખો આપના દિવ્યાત્માને શ્રદ્ધાંજલિ અર્પે છે.

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, ભુજ
શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન મેડિકલ ટ્રસ્ટ, ભુજ
શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ, ભુજ

### શ્રદ્ધાંજલિ



શામજીભાઈ લાલજી પીંડોરીયા
ગામ કુન્દનપર (કેરા)ના (ઉ.વ.૮૯)નું
લંડન ખાતે અવસાન થતાં શ્રદ્ધાંજલિ



વિશ્રામભાઈ કાનજી દબાસીયા
ગામ મિરઝાપર તા. ભુજ (ઉ.વ. ૭૩)નું
અવસાન થતાં શ્રદ્ધાંજલિ.



પ્રેમજીભાઈ રામજી રાઘવાણી
ગામ બળદિયા તા. ભુજ (ઉ.વ. ૭૬)નું
અવસાન થતાં શ્રદ્ધાંજલિ.



વિશ્રામભાઈ શામજી રાબડીયા
ગામ સુખપર - જુનોવાસ, તા. ભુજ (ઉ.વ. ૭૫)નું
અવસાન થતાં શ્રદ્ધાંજલિ.

## ૧૫૦૦૦ કિ.મી. પાર કરતું ચોવીસીનું સાઈકલ જૂથ

('અમર જવાન સેના' એ ત્રણ વર્ષમાં કચ્છના સ્થળો ખૂંદયા; લેહ-લડાખ જશે)



જગતના શ્રીમંત દેશો ડેન્માર્ક, સ્વીડન, નોર્વે, હોલેન્ડ, ઈટલી, ફ્રાન્સ, જર્મનીમાં સાઈકલ સૌથી વધુ વપરાતું પરિવહન છે. જ્યારે આપણે સાઈકલને ભૂલાવી ચૂક્યા છીએ. હવે તો બ્લેક એન્ડ વ્હાઈટ હિંદી ફિલ્મ સિવાય કચકડે પણ દેખાતી નથી. આવી સ્થિતિમાં તાલુકાની પટેલ ચોવીસીનું જૂથ ૧૫૦૦૦ કિ.મી. સાઈકલ ચલાવી સ્વાસ્થ્યનો સંદશો આપ્યો છે. ઈ.સ.૨૦૧૫, કેરાના યુવા તબીબ ડો. દિનેશ પાંચાણીએ સાઈકલ ચલાવવાનું શરૂ કર્યું. બાદમાં યુવાનો જોડાયા, ૨૦૧૭માં ૩૧૫૯ કિ.મી, ૨૦૧૮માં ૪૮૭૨, ૨૦૧૯માં ૫૦૪૧ અને ૨૦૨૦માં ૧૯૫૧ કિ.મી. મળી કુલ ૧૫૦૨૩ કિ.મી. સાઈકલ ત્રણ વર્ષમાં ચલાવી છે. અગાઉ દર રવિવારે ૯૦ થી ૧૦૦ કિ.મી. પેંડલ મારતો આ અમર જવાન સાઈકલ સેના કોરોના કાળમાં હવે દરરોજ ૨૦ થી ૩૦ કિ.મી. નીકળે છે. દરરોજ નવો રૂટ હોય છે. જે કપ્તાન દિનેશ પાંચાણી નક્કી કરે, વોટ્સએપથી સમય-રૂટ આવી જાય, વહેલી સવારે પાંચ અને ૧૦ મિનીટે લાઈટો ઝબકી ઉઠે, કાંરવા આગળ વધે.. આ જૂથે કચ્છનું કોઈ પ્રાકૃતિક-ધાર્મિક સ્થળ બાકી રાખ્યું નથી. લેવા પટેલ સંદેશ સાથે વાત કરતાં કેપ્ટન શ્રી પાંચાણી કહે છે, કચ્છમાં ડુંગરો પર પ્રાકૃત્તિક સૌંદર્ય છે. વહેલી સવારે ત્યાં પહોંચવું લ્હાવો છે. જૂના ટપકાં, કુકમા આશાપુરા, નનામો ડુંગર, વીજપાસર આવડમા, કરોડીયા ભીમનાથ, પૂંઅરેશ્વર, વડીમેડી, ભૂવડેશ્વર મોખા ચોકડી, કલ્યાણેશ્વર રોહા, લુણંગ દેવ-ગણેશમંદિર, મતિયાદેવ, જેસલ તોરલ, પંજ પુરખ દેવ, મીયાં માદેવ મોટા ભાડીયા, ધ્રંગ, સૂર્યમંદિર (કોટાય), બુખારી મુંદરા, રામદેવ ટેકરી હબાય, વાઘેશ્વરી વગેરે..વગેરે..અનેક સ્થળે સાઈકલ યાત્રા થઈ છે. વચનામૃત જયંતિ ૬૫૦ કિ.મી, મૂળી રંગોત્સવ ૨૭૩, ભેડિયા બેટ બબ્બે વખત જનાર આ પ્રથમ જૂથ છે. માતાના મઢ ચાર વખત, ધીણોધર ટ્રેકિંગ, કોટેશ્વર, નારાયણસરોવર, બી.એસ.એફ સાથે મળી સુવિધા કરી આપી હતી. પીયોણી, ફોટમહાદેવ, પુરાતત્ત્વ, ઐતિહાસિક, ધાર્મિક અને સામાજીક જગ્યાઓએ જઈ સોશ્યલ મિડિયાના માધ્યમે દેશ-વિદેશમાં ફોટો સંદેશ પ્રસારીત થતાં જગ્યાઓનો પ્રચાર પણ થયો છે. આ જૂથનો નાનો સભ્ય આઠ વર્ષનો જ્યારે મોટો ૬૫ વર્ષનો છે. ચોવીસીના ગામોનું આ જૂથ હવે લેહ-લડાખ જઈ સૈનિકોનો હોંસલો વધારવા માંગે છે જેની તૈયારીઓ થઈ રહી છે.

## લંડનમાં ગુજરાતીઓ દ્વારા દૈનિક ૩૫૦૦ ટીફિન ડોર ટુ ડોર પહોંચાડાયા

**(કોરાના વોરિયર્સ ૧૬ હોસ્પિટલના ડોક્ટર-નર્સને લેવા પટેલ જ્ઞાતિજનો ગરમાગરમ રસોઈ પહોંચાડે છે; હવે સંસ્થાઓ પણ જોડાઈ)**




મેં હજી ડિસેમ્બર-૨૦૧૯માં જ દેશી ઢાબા રેસ્તોરાં વેમ્બલીમાં શરૂ કરી છે. કોરોનાનો ડંખ લાગ્યો, લોકડાઉન થયું, મેં ડોર ટુ ડોર ટીફિન સેવા ચાલુ કરી.. મેં જોયું ઘણાં લોકો મુશ્કેલીમાં છે શરૂઆતે ૫૦૦ ટીફિન મફત આપવાનું ચાલુ કર્યું.. સંસ્થાઓ જોડાઈ સદાવ્રત હોય તેમ સૌને શાકાહારી ભોજન પહોંચે છે. લગભગ ૩૫૦૦ ટીફિન દરરોજ બને છે.

હાલ વૃદ્ધોની હાલત દયનીય છે. ૬૫ વર્ષથી ઉપરના વડીલો ઘરમાં એકલા છે. બહાર નીકળે તો સંક્રમણની બીક છે. એટલે અમે ડોર ટુ ડોર ટીફિન પહોંચાડીએ છીએ. અનટચ પદ્ધતિ છે. ટીફિન ઘરના બારણે સમયસર પહોંચી જાય છે ડોર બેલ કે 'નોક' કરી દઈએ. સ્ટાફને ખાસ તાલીમ આપી છે. વેમ્બ્લીમાં દેશીઢાબા શરૂ કરનાર ચિંતન પંડ્યા કહે છે, કેરાના દક્ષાબેન કુંવરજી દેવજી નારદાણી મને રસોડાંમાં ખૂબ મદદ કરે છે. બંસરી દાબેલી (કિંગ્સબરી) પ્રતિદિન ૫૦૦ મિલ્સ પુરા પાડે છે. માધાપરના પ્રવિણ ગોવિંદ મેઘજી વાગડીયા સહયોગી છે. લંડનની ૧૬ હોસ્પિટલના એશિયન ડોક્ટર-નર્સો, પેરામેડિકલ સ્ટાફને ગરમાગરમ ટીફિન પહોંચાડીએ છીએ. સૌનો સાથ છે.

### કોરાનામાં સ્ટેનમોર સ્વામિનારાયણ મંદિરે ૫૦ લાખના વેન્ટિલેટર આપ્યાં

કોરાનાના કપરા સમયમાં વિલ્સડન સ્વામિનારાયણ મંદિરે જરૂરતમંદોને શાકભાજી, રાંધેલું અનાજ પુરું પાડ્યું હતું. તો સ્ટેનમોર સ્વામિનારાયણ મંદિરે ૫૦ લાખના વેન્ટિલેટર સ્થાનિક આરોગ્ય વિભાગ મારફતે હોસ્પિટલને આપ્યા હતા. કિંગ્સબરી સ્વામિનારાયણ મંદિર, કેન્ટન હેરો, ઈસ્ટલંડન, વુલ્વીચ, બોલ્ટન, કાર્ડિફ, ઓલ્ધામ મંદિરોએ પણ સેવાઓ કરી હતી.

### કોરાના વોરિયર્સ તબીબોને સલામ

ડો. મયુરભાઈ ગોરસીયા દિલ્હી લાલબહાદુર શાસ્ત્રી હોસ્પિટલ ખાતે બે માસ નિઃશૂલ્ક સેવા આપી કોરાના વોરિયર્સ બન્યા. તેમની સાથે રામપર(વેકરા)ના ડો.ભરત કલ્યાણ હિરાણી અને ડો. રાજેશ રવજી ભંડેરી પણ સેવા આપી ફરજ નિભાવી હતી. આ ત્રણેય લેવા પટેલ યુવાનોએ એમ.બી.બી.એસ.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે.

## ઈટલી ટ્યુરીનમાં અભ્યાસ કરતી કેરાની અંજલિએ કહ્યું; બેફિકરાઈ નહીં પાલવે...

**(અત્યારે અહીં રહેવું વધુ સલામત, ખાવા પીવાની તકલીફ નથી.)**



મોતના તાંડવ વચ્ચે ઈટલી કોફીનનો દેશ બની ચૂક્યો છે. મિલાન અને લોમ્બાર્ડીનો ચિત્કાર આખીયે ઈટલીને ગમગીન કરી ચૂક્યો છે. મિલાનની બાજુના ટ્યુરીન શહેરના એક વિસ્તારમાં કચ્છ કેરાની અંજલિ નરેન્દ્ર વાઘજીયાણી રહે છે. છેલ્લા બે મહિનાથી ઘરમાં છે.

આઈ.ટી.નો અભ્યાસ કરનાર ૧૭ વર્ષીય આ યુવતી કોરોના કહેર વિશે કહે છે; કદાચ ઈટાલિયન લોકો શરૂઆતના કેસ વખતે બેફિકર રહ્યા હશે. એનું આ જલદ પરિણામ છે. ખાવાપીવા મળે છે. બાજુમાં માર્કેટ મોલ છે. દસ-દસ વ્યક્તિને સુરક્ષા સાથે દાખલ થવા દે છે. શાકાહારી વસ્તુ મળી રહે છે. આવા તાંડવથી ડર નથી લાગતો? અમે પરિસ્થિતિ જોતાં અહીં વધુ સુરક્ષિત છીએ. જે લોકો ભારત સરકાર પર દબાણ લાવી વતન પહોંચ્યા છે તેના કરતાં અમે પાંચ-સાત છાત્રાઓ સાથે રહીએ છીએ. એકબીજાની હૂંફ છે. મમ્મી-પપ્પા દરરોજ વોટ્સએપ પર વાત કરે છે. વિડિયો કોલની સુવિધા છે. દિવસો પસાર કરીએ છીએ. ઓનલાઈન કલાસ લેવાય છે. હજી કેટલા દિવસ સામાન્ય થતાં લાગશે? બે થી ત્રણ સપ્તાહ લાગી શકે છે. મૃત્યુઆંક ઘટતો જાય છે. આશા છે ઈટલી ફરી ધબકતું થશે. કચ્છીઓને સંદેશ? ઘરમાં રહો, બહાર ન જાઓ બે ફિકરાઈ નહીં પાલવો...આખે આખા પરિવારો ખતમ થઈ શકે છે. ગંભીરતા સમજજો.. ઈટાલિયનો જેવી ભૂલ ભારતીયો ન કરે..! અહીં ઈમરજન્સી ચિન્હો જણાય તો એમ્બ્યુલન્સ આવે છે. તપાસે છે. જરૂર લાગે તો દવા આપે છે. ઈટલી માને છે કે આ રોગ ચીનાઓની દેન છે.

## કોરોના મહામારીના કારણે અક્ષરવાસી થયેલા જ્ઞાતિ બંધુઓને શ્રદ્ધાંજલિ

**કચ્છ, મસ્કત, શિશલ્સ, આફ્રિકા અને યુ.કે માં કોરાનાએ ભોગ લીધો.**

મહામારી કોરાનાના કારણે આખું વિશ્વ દુઃખી છે. ધંધા રોજગાર ભાંગી પડ્યા છે. ભાડે ચડાવેલ મિલ્કતની આવકો બંધ છે. ખેતી પેદાશના ભાવ તળીયે બેઠા છે. આટ આટલી વિપરીત સ્થિતિ વચ્ચે સૌથી મોટું નુકશાન વ્હાલ સોયા જ્ઞાતિજનોને કાયમને માટે ખોવાનું છે.

યુ.કે.માં આપણાં વૃદ્ધ વડિલો અને યુવાનો પણ કોરાનાના કારણે મૃત્યુ પામ્યા છે જો કે તેનો ચોક્કસ આંક જાણી શકાયો નથી પરંતુ સ્થાનિક અગ્રણીઓના અનુમાન અનુસાર ૨૦ થી ૩૦ની સંખ્યા હોઈ શકે છે. સિસલ્સ, મસ્કત, આફ્રિકા અને વતન કચ્છમાં પણ કોરાનાએ ભોગ લીધો છે. કચ્છી લેવા પટેલ સમાજ આ સૌ કોઈ સંતપ્ત પરિવારોને દિલસોજી પાઠવે છે અને શ્રદ્ધાંજલિ અર્પે છે.

# M.M.P.J. HOSPITAL PATIENT REPORT - November 2019 to July 2020

## PATIENT REPORT

| Sr.No. | Department | November-19 Patient | | December-19 Patient | | January-20 Patient | | February-20 Patient | | March-20 Patient | | April-20 Patient | | May-20 Patient | | June-20 Patient | | July-20 Patient | | Total Patient | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Free | Paid | Free | Paid | Free | Paid | Free | Paid | Free | Paid | Free | Paid | Free | Paid | Free | Paid | Free | Paid | Free | Paid |
| 1 | CT SCAN | 2 | 380 | 3 | 452 | 0 | 432 | 0 | 365 | 2 | 297 | 0 | 197 | 3 | 467 | 5 | 465 | 0 | 732 | **15** | **3787** |
| 2 | COLOUR DOPPLER | 0 | 52 | 1 | 67 | 1 | 47 | 0 | 47 | 0 | 40 | 1 | 34 | 0 | 43 | 0 | 47 | 0 | 50 | **3** | **427** |
| 3 | MRI | 3 | 414 | 0 | 417 | 3 | 403 | 1 | 411 | 1 | 330 | 1 | 223 | 2 | 518 | 1 | 566 | 0 | 533 | **12** | **3815** |
| 4 | MAMMOGRAPHY | 0 | 29 | 0 | 43 | 0 | 28 | 0 | 67 | 0 | 28 | 0 | 13 | 1 | 29 | 1 | 28 | 0 | 21 | **2** | **286** |
| 5 | USG | 8 | 1749 | 10 | 1634 | 12 | 1397 | 8 | 1209 | 5 | 1198 | 4 | 856 | 9 | 1361 | 2 | 1623 | 0 | 1575 | **58** | **12602** |
| 6 | X-RAY | 10 | 1393 | 15 | 1423 | 21 | 1411 | 14 | 1455 | 8 | 1177 | 2 | 690 | 4 | 1220 | 6 | 1469 | 0 | 1452 | **80** | **11690** |
| 7 | PATHOLOGY | 98 | 8844 | 56 | 6109 | 21 | 5431 | 35 | 5527 | 18 | 4630 | 17 | 2260 | 21 | 4157 | 56 | 3833 | 0 | 3811 | **322** | **44602** |
| 8 | BLOOD BANK | 0 | 107 | 0 | 102 | 1 | 147 | 0 | 113 | 0 | 95 | 0 | 68 | 0 | 144 | 0 | 124 | 0 | 158 | **1** | **1058** |
| 9 | DIALYSIS | 222 | 218 | 220 | 187 | 207 | 206 | 214 | 192 | 223 | 189 | 213 | 202 | 199 | 194 | 201 | 183 | 199 | 184 | **1898** | **1755** |
| 10 | HEALTH CHECK UP OPD | 0 | 136 | 0 | 179 | 0 | 142 | 0 | 141 | 0 | 85 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **683** |
| 11 | MEDICAL CHECK UP(GENERAL) | 11 | 153 | 0 | 159 | 0 | 155 | 0 | 234 | 0 | 109 | 0 | 0 | 0 | 0 | 0 | 2 | 0 | 2 | **11** | **814** |
| 12 | AMBULANCE CHARGES | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 8 | 0 | 0 | 0 | 0 | **0** | **8** |
| 13 | ENDOSCOPY PROCEDURE | 0 | 211 | 0 | 189 | 0 | 228 | 0 | 205 | 0 | 177 | 0 | 117 | 0 | 214 | 0 | 223 | 0 | 216 | **0** | **1780** |
| 14 | PHYSIOTHERAPY | 0 | 259 | 0 | 229 | 0 | 174 | 0 | 269 | 1 | 206 | 0 | 20 | 2 | 198 | 0 | 280 | 0 | 260 | **3** | **1895** |
| 15 | ECG | 0 | 903 | 5 | 886 | 3 | 1096 | 0 | 993 | 1 | 938 | 0 | 599 | 0 | 850 | 1 | 925 | 0 | 975 | **10** | **8165** |
| 16 | ECHOGRAPHY | 0 | 395 | 2 | 471 | 2 | 441 | 0 | 497 | 0 | 357 | 0 | 77 | 0 | 260 | 3 | 291 | 0 | 223 | **7** | **3012** |
| 17 | E.E.G. CHARGES | 0 | 24 | 0 | 13 | 0 | 6 | 0 | 20 | 0 | 14 | 0 | 8 | 0 | 76 | 0 | 7 | 0 | 9 | **0** | **177** |
| 18 | T.M.T. | 0 | 50 | 0 | 54 | 0 | 33 | 0 | 67 | 0 | 38 | 0 | 0 | 0 | 16 | 0 | 11 | 0 | 0 | **0** | **269** |
| 19 | DENTAL OPD | 0 | 387 | 0 | 393 | 0 | 397 | 0 | 376 | 0 | 251 | 0 | 2 | 0 | 244 | 1 | 285 | 0 | 267 | **1** | **2602** |
| 20 | EMERGENCY OPD | 0 | 1229 | 3 | 933 | 3 | 907 | 4 | 914 | 0 | 1172 | 0 | 879 | 1 | 796 | 0 | 824 | 0 | 877 | **11** | **8531** |
| 21 | EYE O.P.D. | 0 | 508 | 0 | 530 | 0 | 498 | 0 | 574 | 0 | 461 | 0 | 133 | 0 | 321 | 0 | 425 | 0 | 426 | **0** | **3876** |
| 22 | GASTROENTEROLOGY OPD | 0 | 655 | 0 | 565 | 0 | 614 | 0 | 582 | 0 | 472 | 0 | 425 | 0 | 661 | 0 | 858 | 0 | 944 | **0** | **5776** |
| 23 | GYNEC OPD | 1 | 1069 | 1 | 1066 | 0 | 1108 | 0 | 906 | 0 | 883 | 0 | 440 | 0 | 704 | 0 | 887 | 0 | 868 | **2** | **7931** |
| 24 | M.B.B.S. O.P.D. | 2 | 2327 | 0 | 1455 | 1 | 1336 | 0 | 1389 | 0 | 979 | 0 | 1 | 0 | 202 | 0 | 545 | 0 | 694 | **3** | **8928** |
| 25 | NEURO SURGEON OPD | 0 | 224 | 0 | 183 | 0 | 204 | 0 | 174 | 0 | 169 | 0 | 75 | 0 | 200 | 0 | 238 | 0 | 253 | **0** | **1720** |
| 26 | ORTHOPEDIC O.P.D. | 0 | 1118 | 0 | 1059 | 2 | 1083 | 0 | 1140 | 0 | 834 | 0 | 520 | 3 | 888 | 0 | 1072 | 0 | 991 | **5** | **8705** |
| 27 | PAIN KILLER OPD | 0 | 3 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 1 | **0** | **8** |
| 28 | PEADIATRIC OPD | 0 | 1321 | 0 | 1049 | 0 | 821 | 0 | 878 | 0 | 871 | 0 | 221 | 0 | 380 | 0 | 440 | 0 | 546 | **0** | **6527** |
| 29 | PHYSICIAN O.P.D. | 2 | 4344 | 4 | 3295 | 0 | 3114 | 1 | 3315 | 1 | 2417 | 0 | 1294 | 3 | 2222 | 3 | 2558 | 0 | 2708 | **14** | **25267** |
| 30 | REHABILITATION O.P.D. | 0 | 167 | 0 | 133 | 0 | 128 | 0 | 91 | 0 | 70 | 0 | 2 | 0 | 65 | 0 | 87 | 0 | 98 | **0** | **841** |
| 31 | SR.PHYSICIAN O.P.D. | 0 | 692 | 0 | 512 | 0 | 474 | 0 | 553 | 0 | 437 | 0 | 3 | 0 | 241 | 0 | 319 | 0 | 271 | **0** | **3502** |
| 32 | SURGICAL O.P.D. | 0 | 1112 | 1 | 1106 | 0 | 986 | 0 | 1008 | 0 | 725 | 1 | 576 | 0 | 900 | 1 | 1015 | 0 | 1065 | **3** | **8493** |
| 33 | DENTAL PROCEDURE | 0 | 267 | 0 | 319 | 0 | 314 | 0 | 304 | 0 | 210 | 0 | 2 | 1 | 144 | 1 | 220 | 0 | 219 | **2** | **1999** |
| 34 | GYNEC PROCEDURE | 0 | 34 | 0 | 45 | 0 | 20 | 0 | 35 | 0 | 38 | 0 | 27 | 0 | 46 | 0 | 51 | 0 | 55 | **0** | **351** |
| 35 | ORTHO PROCEDURE | 0 | 40 | 0 | 27 | 0 | 23 | 1 | 28 | 0 | 25 | 0 | 12 | 0 | 38 | 0 | 43 | 0 | 43 | **1** | **279** |
| 36 | PEDIATRIC PROCEDURE | 0 | 12 | 0 | 12 | 0 | 12 | 0 | 10 | 0 | 11 | 0 | 11 | 0 | 19 | 0 | 15 | 0 | 14 | **0** | **116** |
| 37 | SURGICAL PROCEDURE | 0 | 273 | 0 | 280 | 0 | 263 | 0 | 301 | 0 | 263 | 0 | 144 | 0 | 211 | 1 | 98 | 0 | 137 | **1** | **1970** |
| 38 | EYE PROCEDURE & SURGERY | 0 | 60 | 0 | 70 | 0 | 94 | 0 | 78 | 0 | 55 | 0 | 8 | 0 | 44 | 0 | 65 | 0 | 67 | **0** | **541** |
| 39 | GLUCOMETER CHARGES | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 2 | 791 | 0 | 877 | **2** | **1668** |
| 40 | I.P.D. PATIENT | 17 | 1210 | 16 | 943 | 3 | 908 | 15 | 863 | 7 | 822 | 5 | 598 | 2 | 755 | 15 | 688 | 0 | 784 | **80** | **7571** |
| 41 | MISC PROCEDURE & COLLECTION | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 165 | 0 | 138 | **0** | **303** |
| | VISITING DOCTOR OPD | | | | | | | | | | | | | | | | | | | | |
| 42 | ARTHROSCOPY OPD | 0 | 25 | 0 | 0 | 0 | 16 | 0 | 10 | 0 | 14 | 0 | 0 | 0 | 0 | 0 | 4 | 0 | 9 | **0** | **78** |
| 43 | RHEUMATOLOGIST OPD | 0 | 55 | 0 | 41 | 0 | 48 | 0 | 83 | 0 | 110 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **337** |
| 44 | ENDOCRINOLOGY OPD | 0 | 30 | 0 | 53 | 0 | 55 | 0 | 33 | 0 | 43 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **214** |
| 45 | GASTROENTEROLOGY OPD | 0 | 12 | 0 | 64 | 0 | 0 | 0 | 11 | 0 | 14 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **101** |
| 46 | HAEMATOLOGY O.P.D. | 0 | 30 | 0 | 33 | 0 | 32 | 0 | 35 | 0 | 32 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 15 | **0** | **177** |
| 47 | NEPHROLOGY O.P.D. | 0 | 89 | 0 | 83 | 0 | 99 | 0 | 104 | 0 | 69 | 0 | 0 | 0 | 34 | 0 | 47 | 0 | 44 | **0** | **569** |
| 48 | NEURO PHYSICIAN OPD | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **0** |
| 49 | ONCOLOGIST O.P.D. | 0 | 0 | 0 | 6 | 0 | 3 | 0 | 2 | 0 | 4 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **15** |
| 50 | ORAL & MAXILO OPD | 0 | 0 | 0 | 2 | 0 | 6 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 2 | 0 | 2 | **0** | **13** |
| 51 | ORAL & MAXILO PRO. | 0 | 0 | 0 | 2 | 0 | 4 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 4 | **0** | **12** |
| 52 | ORTHO.DENTIA OPD | 0 | 0 | 0 | 5 | 0 | 4 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 2 | **0** | **11** |
| 53 | ORTHOPEDIC O.P.D. | 0 | 44 | 0 | 4 | 0 | 57 | 0 | 49 | 0 | 5 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | **0** | **160** |
| 54 | PEADI. CARDIAC O.P.D. | 0 | 0 | 0 | 34 | 0 | 0 | 0 | 44 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **78** |
| 55 | PEADI. HEMATO-ONCOLOGY OPD | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **0** |
| 56 | PEADI.ORTHOPEDIC SURGEN OPD | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **0** |
| 57 | PEADI. NUERO PHYSICIAN OPD | 0 | 0 | 0 | 0 | 0 | 58 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **58** |
| 58 | PEADI. SURGEON OPD | 0 | 9 | 0 | 1 | 0 | 8 | 0 | 7 | 0 | 5 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 5 | **0** | **35** |
| 59 | PEADI. UROLOGIST OPD | 0 | 6 | 0 | 9 | 0 | 12 | 0 | 17 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **44** |
| 60 | PLASTIC SURGEON OPD | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **0** |
| 61 | RETINAL EYE O.P.D. | 0 | 61 | 0 | 77 | 0 | 92 | 0 | 53 | 0 | 94 | 0 | 0 | 0 | 39 | 0 | 78 | 0 | 78 | **0** | **572** |
| 62 | RETINAL EYE SURGERY | 0 | 28 | 0 | 28 | 0 | 45 | 0 | 19 | 0 | 35 | 0 | 0 | 0 | 12 | 0 | 28 | 0 | 34 | **0** | **229** |
| 63 | SPINE SURGEON OPD | 0 | 10 | 0 | 25 | 0 | 22 | 0 | 24 | 0 | 34 | 0 | 0 | 0 | 0 | 0 | 11 | 0 | 13 | **0** | **139** |
| 64 | UROLOGY O.P.D. | 0 | 57 | 0 | 0 | 0 | 84 | 0 | 81 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **222** |
| 65 | CARDIOLOGY OPD | 0 | 5 | 0 | 1 | 0 | 6 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **12** |
| | | 376 | 32830 | 337 | 27058 | 280 | 25733 | 293 | 25903 | 267 | 21534 | 244 | 10737 | 251 | 18922 | 300 | 21938 | 199 | 22751 | 2547 | 207406 |

# સુખી દાંપત્ય જીવનનો આધાર : વિશ્વાસ
## (ચેતતો સમાજ સદાય સુખી)

શશાંક અને ધ્રુવીના સુખભર્યા સંસારની સાક્ષી સ્વરૂપે એક દિકરી અને દિકરો છે. ધનેશ અને સુરભીના સુખભર્યા સંસારની સાક્ષી સ્વરૂપે બે દિકરી છે. બેઉ પક્ષે લગ્નજીવનના લગભગ ક્રમશઃ ૧૩ અને ૧૫ વર્ષ વીતી ગયા છે. ગઈ નવરાત્રિથી કેટલીક બાબતો પરિવાર સામે આવી હતી. અજુગતું અને અયોગ્ય કહી શકાય એવી અસમંજસતા બેઉ પરિવારમાં સૌ કોઈને અનુભવાઈ રહી હતી. બેઉ પરિવારના દામ્પત્યજીવનની રફતાર મુખ્ય પ્રવાહમાં નિયમિત રૂપમાં વહી રહી છે. આમ છતાં આ પ્રવાહના મીઠા ખળ-ખળાટમાં નહીં ગમતો ફાટતો અવાજ પણ સંભળાય છે.

શશાંક-ધ્રુવી અને ધનેશ-સુરભીના યુગલ એક સોસાયટીમાં રહે છે. બે ઉભયમાંથી ત્રીજું એક ઉભય બની રહ્યું છે તે છે ધ્રુવી-ધનેશ. સંસ્કાર-પરંપરા અને સંસ્કૃતિનો છેદ ઉડાડી આ બેઉ વચ્ચે મીઠા વીરડા જેવા વલયો રચાઈ રહ્યાની જાણ થતા ધનેશને પોતાની બિમારી તળે તેના પિતાએ ગામડે બોલાવી લીધો. ધ્રુવી અને ધનેશ નજીકની હાજરીથી દૂર અને મનની હાજરીમાં વધુ નજીક આવી ગયા તેનો અંદાજ તે ખુદ બેઉને પણ ન રહ્યો. નવરાત્રિ-દિવાળી, નવુવર્ષ બધું જ જાણે બેઉના અદ્રશ્ય વિયોગમાં પસાર થતું રહ્યું તેમ તેઓ વધુ પરિપક્વ અને દ્રઢ બનતા ગયા. દિવાળી પછી લગ્નસરાની સિઝન શરૂ થતા ધનેશને શહેરમાં આવવાનું બન્યું. સગા-સંબંધીને ત્યાં લગ્ન પ્રસંગ થતા જ. છેલ્લા પાંચ દિવસથી ધ્રુવી અને ધનેશ ક્રમશઃ પોતાના પતિ-પત્ની અને બાળકોને છોડીને અપરણિત યુવાઓની જેમ ભાગી ગયા છે.



પોતાના બેઉના એક-એક સાથી અને બાળકો સાથે સાથે પોતાના પરિવારને પણ તેઓ છોડી ગયા છે. કુલ ત્રણ પરિવાર દ્વિધા અને શરમ અનુભવે છે. આ કેસ બાબતનો કેસ પ્રિ-કાઉન્સેલિંગમાં આ સમસ્યાના ઉકેલ માટે આવ્યો છે. અમે આ કેસનું સમાધાન શોધીએ છીએ અને તમે પણ શોધો સમાધાન. સમાજમાં આ સમસ્યા વકરતી જાય છે. જ્યાં કાયદાઓના બંધન કે શાસ્ત્રોના સંસ્કાર કામ નથી લગતા. દામ્પત્યજીવનના દુઃખો વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યા છે, જેના ખરાબ પરિણામ ભવિષ્યમાં મળનારા વારસા પર પડવાના છે.

ઉપરની સામાજિક સમસ્યામાં કેટલીક વિગતો અમે તારવી છે. પરણેલા પતિ-પત્નીના લગ્નબાહ્ય સબંધ બાંધે કે રાખે છે, તેના કારણોમાં પ્રથમ કારણ પરસ્પરનો અથવા એક પાત્ર પ્રત્યેનો અસંતોષ કારણ જોવા મળે છે. જો કે પૂર્ણ સંતોષ તો કોઈને ક્યાંય પણ મળવાનો નથી. આ સંતોષના બીજા કારણમાં પોતાના લગ્ન સ્વમાન્ય નહીં પણ સમાજમાન્ય હોઈ શકે એવું બને છે. આ સંતોષના ત્રીજા કારણમાં ભાઈ-બહેનના લગ્ન સામે સામે થયા હોય જેમાં બેમાંથી કોઈ એક હીણ-સામાન્ય કે નબળું સાબિત થતું હોય એમ બને. આ સંતોષના પાંચમાં કારણમાં પતિ કે પત્નીના શરીરના દુઃખાવોને કારણે ઈચ્છા મુજબ કે સમયાંતરે શારીરિક સંબંધ ન થવા. આ સંતોષના છઠ્ઠા કારણમાં ઘરની આર્થિક પરિસ્થિતિ ખૂબ નબળી કે દયનીય હોવી. આ અસંતોષના સાતમા કારણમાં પતિ-પત્ની વચ્ચે ઉંમરમાં વધુ તફાવત હોવો.

ઉપરની ઘટનામાં બાળકો અને પતિને છોડીને ગયેલા ધ્રુવી-ધનેશ અનેક ચર્ચાઓ છોડી ગયા છે. માત્ર પરિવાર માટે જ નહીં પણ બુદ્ધિજીવીને પણ આ ઘટના મનોમંથન કરવા મજબૂર કરે છે. તપાસ કરતા એ જાણવા મળ્યું ધ્રુવી-શંશાકની આર્થિક પરિસ્થિતથી અને સુરભી-ધનેશના સ્વભાવથી અકળાઈ ગયા હતા એવું એના સંપર્કવાળાને લાગ્યા કરતું હતું.

ધ્રુવીને બાળકો યાદ નહીં આવતા હોય એવું તો નહીં હોય અને ધનેશને પોતાની દીકરી ખૂબ વ્હાલી છે. આથી એવું તો નથી કે બેઉ મનથી સુખી હશે. પણ બેઉ પોતાના છેલ્લા ઘણા વર્ષોના દામ્પત્યજીવનથી કેટલા નારાજ હશે કે તેને આવું પગલું ભરવું પડ્યું હશે. શારીરિક સંબંધોના આકર્ષણથી બેઉનું ભાગવું એવું કોઈ તત્વ અહીં જોવા મળતું નથી. જ્યારે તેઓ પાછા વળશે અને અમારી સામે હાજર થશે ત્યારે સચ્ચાઈની ખબર પડશે. જેને-જેને ખબર પડી છે તેઓએ ધ્રુવી અને ધનેશના વિરુદ્ધમાં બોલવાનું કઈ બાકી રાખ્યું નથી. પણ તેઓની સમસ્યા વિશે કોઈને રસ નથી. ધ્રુવી-ધનેશની ઘટનાને ઉકરડો બનાવી ઓળખીતાઓ અને પરિચિતો માત્ર ખોદણી કરીને આનંદ ઉઠાવે છે.

મોટાભાગે જોવામાં આવ્યું છે એમ ધનેશના પિતાએ અમોને ફોનમાં જણાવી દીધું કે મારો છોકરો મારા કહ્યામાં નથી. ધનેશના પિતા દીકરાને બચાવવાની તજવીજમાં છે. પોતાની પુત્રવધૂને એટલે કે ધનેશની પત્નીને તેના માતા-પિતાને ત્યાં મોકલી આપી છે. બેઉ પક્ષે કાયદાઓ જેટલા લાગુ પડે તેટલા કાયદાઓની કલમો પોલીસ સ્ટેશનમાં લગાવી દેવામાં આવી છે. ધનેશ અને તેના પિતા ટૂંક સમયમાં જ મોટી વિટંબણામાં ફસાવાની ઘડીમાં છે, છતાં પોતે નિર્દોષ હોવાના ગાણાં ગાઈ રહ્યા છે.

ધ્રુવી અને ધનેશ તરફથી ખોટું થયું છે, પણ તેના પિતા પણ એમાં શામિલ હોય એવું જણાઈ રહ્યું છે. શું છે તમારી પાસે કોઈ સમાધાન?

સ્ત્રીઓ સાથે સદીઓથી ખોટું થઈ રહ્યું છે. સમાજ એને કોસવામાંથી ઊંચો નથી આવ્યો. પુરુષ પ્રધાન દેશ હવે નથી રહ્યો એવું માત્ર કહેવાય છે. સચ્ચાઈ હજુ કાંઈક અલગ છે. આ સમસ્યાઓમાં પણ બેઉ પક્ષની સ્ત્રીઓને દોષ આપવામાં આવી રહ્યો છે. પોતાના ઉછેરના પરિવારને છોડીને એક સ્ત્રી અજાણ્યા પુરુષના વિશ્વાસે પતિનું સ્વરૂપ સમજી જીવનભર સમર્પિત થાય છે અને છતાં પુરુષ પોતાના સ્વભાવમાં બદલાવ ન લાવી શકે? તો... આમ જ કાંઈક એક સ્ત્રી પોતાના શમણાં લઈ પતિ ઘરે આવે અને જ્યારે વાસ્તવિકતાનો પનારો પડે ત્યારે ખબર પડે કે તેણીને પરણી લાવવા ખોટી આર્થિક સદ્ધરતા દર્શાવામાં આવેલી, છતાં તે બે-બે બાળકો થઈ જાય ત્યાં સુધી રાહ જુએ અને છતાંય પુરુષ મહેનત કરી કામણી ના કરે તો સ્ત્રી શું કરે? સ્ત્રી-પુરુષના દામ્પત્ય જીવનમાં સ્ત્રી પોતાની ફરજો વધુ નિભાવે છે એવું હંમેશા બન્યું છે તો પોતાની ફરજો નિભાવવામાં પુરુષ કેમ વામણો પુરવાર થાય છે...?

ચેતતો સમાજ સદાય સુખી.....

**(ખોડલધામ અંકમાંથી સાભાર)**

# નાઈરોબી લેવા પટેલ સમાજની આગેવાની હેઠળ કચ્છની ચાર સંસ્થાઓએ કેન્યામાં કોરોના પીડીતોને મદદનો હાથ લંબાવ્યો






કોરોના વાયરસ મહામારી જ્યારે આખી દુનિયાને બાનમાં લીધી છે ત્યારે કેન્યા દેશના નાઈરોબી શહેરમાં રહેતા કચ્છના કચ્છી લેવા પટેલ જ્ઞાતિજનોની ચારે મુખ્ય સંસ્થા શ્રી પૂર્વ આફ્રિકા સંત્સંગ સ્વામિનારાયણ મંદિર, શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ તથા શ્રી કચ્છી લેવા પટેલ સમાજ-નાઈરોબી સાથે મળી જરૂરીયાતમંદ કેન્યાદેશના પ્રજાજનો માટે અંદાજે અઢી કરોડ સીલીંગની રાશન કિટ તથા સરકારશ્રી ને હોસ્પિટલના સાધનોમાં વિશેષ જરૂરિયાત ઊભી થઈ તો તેમાં મદદરૂપ થવા અંદાજે અઢી કરોડના સાધનો લઈ આપવાનો નિર્ધાર વ્યક્ત કરેલ છે.

શ્રી કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખશ્રી ભીમજીભાઈ હાલાઈના અધ્યક્ષ સ્થાને સમાજમાં ચારે સંસ્થાઓની ઉચ્ચ હોદેદારો તથા ટ્રસ્ટીઓની મિટીંગ બોલાવવામાં આવેલ જેમાં શ્રી પૂર્વ આફ્રિકા મંદિરના ઉપાધ્યક્ષશ્રી હિરજીભાઈ વરસાણી સૂચન કરેલ કે ચારે સંસ્થા માથે રહી સમાજને મુખ્ય રાખી કાર્યને આગળ વધારશું તો કાર્યને જરૂરથી સારી રીતે આગળ વધારી શકાશે આ સૂચનને ટેકો આપતા શ્રી કચ્છ સત્સંગ મંદિરના અધ્યક્ષ પરબતભાઈ વેકરીયાએ જણાવેલ કે જે સેવાનું કાર્ય આપણે હાથ ધર્યું છે. તે તો અવશ્ય સારી રીતે પૂર્ણ થશે જ પરંતુ જ્ઞાતિમાં વિશેષ સંપ પણ ઊભો થશે સ્વામિબાપા મંદિરના વડીલશ્રી બાબુભાઈ સેંઘાણી જણાવેલ કે સમાજના માર્ગદર્શન હેઠળ ચારે સંસ્થાઓ સાથે રહી સેવાનું કાર્ય કરશે તો કચ્છના જ્ઞાતિજનોએ એક નવો ઈતિહાસ રચ્યો ગણાશે શ્રી રામજીભાઈ દેવજી વરસાણી આ તમામ સંસ્થાઓને સાથે લાવવામાં પોતાનો અમુલ્ય સહયોગ આપેલ અને અનુરોધ કરેલ કે આવા કપરા સમયમાં આપણે સૌ સાથે મળી જરૂરીયાત મંદ પ્રજાજનોને સહાયરૂપ થવું જ જોઈએ.

જ્ઞાતિના દાતાઓના પૂરેપૂરા સહયોગની આશા સાથે સમાજ તરફથી અંદાજે અઢી કરોડનું દાન અપાશે શ્રી પૂર્વ આફ્રિકા મંદિર તથા શ્રી કચ્છ સત્સંગ મંદિર એક-એક કરોડ દાન આપશે તથા સ્વામિબાપા ગાદી તરફથી ૫૦ લાખ સીલીંગનું દાન આપવામાં આવશે તેવો નિર્ધાર વ્યક્ત કરવામાં આવેલ.

આ દાનને લેવા માટે સરકારશ્રી તરફથી બનાવવામાં આવેલ કોવિંદ ૧૯ કમિટીના સભ્ય ડો.નરેન્દ્ર રાવલ(ગુરૂ) ઉપસ્થિત રહેલ જેમને બનાવેલ રાશનકિટોની સોંપણી કરવામાં આવેલ આ પ્રસંગે ગુરૂએ જણાવેલ સરકારશ્રી આપણા સૌના આ કાર્યને વિશેષ બિરદાવેલ છે. અને જ્ઞાતિજનોનો આભાર પ્રગટ કરેલ છે. હિન્દુ કાઉન્સિલ પ્રમુખ શ્રી કમલભાઈ ગુપ્તા એ કાર્યની નોંધ લેતા જણાવેલ કે આ કાર્ય જે આપ સૌ સંપ અને સહકારથી કરી રહ્યા છો તે હિન્દુ સમાજનું ગૌરવ વધારનાર કાર્ય છે. શ્રી પૂર્વ આફ્રિકા મંદિર તથા શ્રી કચ્છ સત્સંગ મંદિરમાં જ્યારે દાન આપવાનો કાર્યક્રમ યોજાયેલ ત્યારે ભુજ મંદિરથી પધારેલ સંતોએ રૂડા આર્શિવાદ આપતા જણાવેલ કે આવા કપરા સમયમાં આપ સૌ સાથે મળી માનવસેવાના કાર્ય કરી રહ્યા છો તેને નિહાળી ભગવાન આપ સૌ ઉપર વિશેષ રાજી થશે અને સાથે જણાવેલ કે ભૂજ મંદિરના મહંત સદ્‌ગુરૂ સ્વામી ધર્મનંદનદાસજી પણ આપણા કાર્ય વિશે જાણી ખૂબ રાજી થઈ આપ સૌને અંદરના રૂડા આર્શિવાદ પાઠવેલ છે.

શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળમાં જ્યારે સૌ વડીલો દાન આપવા ઉપસ્થિત થયેલ ત્યારે ટ્રસ્ટીશ્રી લાલજીભાઈ ભીમજી સેંઘાણીએ જ્ઞાતિ દ્વારા થઈ રહેલ કાર્ય અંગે રાજીપો વ્યક્ત કરતા જણાવેલ ભગવાને આપણે સૌને આ વાયરસનું સંકટ આપી દાન-ધર્મ કરવાનો અવસર આપ્યો છે. આ કાર્યની જાણ થતા સ્વામીબાપા ગાદીના આચાર્ય સંતશ્રી પુરષોત્તમપ્રિયદાસજી હૃદયના રૂડા આર્શિવાદ સાથે સીલીંદ પાંચ લાખનું દાન કેન્યા દેશના જરૂરીયાતમંદ લોકોને આપવાની ખાત્રી આપેલ છે. તેવું લાલજીએ જણાવેલ.

**માનંદ મંત્રીશ્રી**
**શ્રી કચ્છી લેવા પટેલ સમાજ નાઈરોબી**
**નારાણ કુંવરજી વડદોરીયા**

## કચ્છી લેવા પટેલ સમાજના સહયોગથી કોરાના રક્ષણ સામે હોમિયોપેથી દવા વિતરણ

**(૩૨૩૦ પરિવારોને ૪૧૨૫ ડબ્બી અપાઈ)**



ચોવીસીના માનકુવા, નારણપર, સુખપર, કોડકી, ભુજના વિસ્તારો, હરીપર, સરદાર પટેલ નગર, ભારાસર, ફોટડી, વાડાસર સહિતના ગામોમાં અને લેવા પટેલ યુવકસંઘના કાર્યકર્તાઓ જોડાઈને આ સેવા કરેલ હતી. આ સેવા કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા તથા અન્ય દાતાઓએ કરી હતી.

# સરકારી સેવામાં છે

**(પરિચય આપવાનો હેતુ નવ યુવાન-યુવતીઓને પ્રેરણા આપવાનો છે.)**

## કચ્છી લેવા પટેલ યુવક સંઘ સંચાલિત સ્પર્ધાત્મક પરિક્ષાઓના વર્ગમાંથી સફળ થયેલ દીકરીઓ



કામિની ભરતભાઈ ગોરસીયા
ગામઃ માધાપર તા.ભુજ(કચ્છ)
ગુજરાત પોલિસ
(કોન્સ્ટેબલ બિન હથિયારી)
ભુજ ખાતે ટ્રેનિંગ



ક્રિષ્ના દેવજીભાઈ દબાસીયા
ગામઃ માધાપર, તા.ભુજ(કચ્છ)
ગુજરાત પોલિસ
(કોન્સ્ટેબલ બિન હથિયારી)
ભુજ ખાતે ટ્રેનિંગ



ક્રિશા હીરજીભાઈ કેરાઈ
સુખપર (રોહા) તા. નખત્રાણા
ગુજરાત પોલિસ
(કોન્સ્ટેબલ બિન હથિયારી)
ભુજ ખાતે ટ્રેનિંગ



મહેશ દેવજી મેઘાણી
ગામઃ માધાપર, તા.ભુજ(કચ્છ)
આસિસ્ટન્ટ ઈન્જીનીયર ક્લાસ-૨
ઈરીગ્રેસન ડિપાર્ટમેન્ટ ગર્વમેન્ટ ઓફ ગુજરાત
GPSC પાસ



ભરત વિશ્રામ વાગડીયા
ગામઃ સુખપર, તા.ભુજ(કચ્છ)
આસિસ્ટન્ટ ઈન્જીનીયર ક્લાસ-૨
ઈરીગ્રેસન ડિપાર્ટમેન્ટ ગર્વમેન્ટ ઓફ ગુજરાત
GPSC પાસ

ભાવેશ દેવજી મેઘાણી
ગામઃ માધાપર, તા.ભુજ(કચ્છ)
આસિસ્ટન્ટ ઈન્જીનીયર ક્લાસ-૨
ઈરીગ્રેસન ડિપાર્ટમેન્ટ ગર્વમેન્ટ ઓફ ગુજરાત
GPSC પાસ



રીટાબેન રમેશ પિંડોરીયા
ગામ : માધાપર, તા. ભુજ (કચ્છ)
B.E. (Electrical & Electronics)
ડેપ્યુટી ઈજનેર, ભુજ સર્કલ
P.G.V.C.L.





પુષ્પા વસંતભાઈ મેપાણી
મૂળ ગામ-જખણીયા તાલુકો -માંડવી
હાલે ગામઃ મિરઝાપર, તા.ભુજ(કચ્છ)
પ્રિન્સિપલ મિરઝાપર કન્યા શાળા
M.A/ B.ED



ભારતીબેન હરીશ વાગડીયા
ગામઃ માધાપર, તા.ભુજ(કચ્છ)
આસિસ્ટન્ટ મ.શિ. શ્રી મિરઝાપર કન્યા શાળા
M.A/ B.ED

પુષ્પા માવજી કેરાઈ
ગામઃ મિરઝાપર, તા.ભુજ(કચ્છ)
આસિસ્ટન્ટ ટીચર મિરઝાપર કન્યા શાળા
પી.ટી.સી.



અમૃત હીરજી જેસાણી
ગામઃ રામપર-વેકરા, તા.માંડવી
આસિસ્ટન્ટ ટીચર શ્રી વેકરા કન્યા શાળા
પી.ટી.સી.



# સરકારી સેવામાં છે



હેતલ ગોવિંદ ભુડિયા
ગામઃ માધાપર, તા.ભુજ(કચ્છ)
બેંક ઓફ ઈન્ડિયા
Credit Officer



પ્રેમીલા ધનજી વેકરિયા
ગામ : માધાપર તા. ભુજ (કચ્છ)
ઉચ્ચ પ્રાથમિક શિક્ષક કુકમા પ્રા. સ્કુલ
M.A/B.ED

મનીષા શાન્તીલાલ હિરાણી
ગામ-માધાપર તાલુકો -ભુજ
પ્રાથમિક શાળાના શિક્ષક-છોટાઉદયપુર
M.A/ B.ED



કસ્તુર વિનોદ પિંડોળીયા
ગામ : માધાપર તા. ભુજ (કચ્છ)
ઉ.મા. શિક્ષક
ઉચ્ચ માધ્યમિક શાળા -રતનાલ
M.COM/B.ED





ભારતી દિનેશ પિંડોરીયા
ગામ : માધાપર તા. ભુજ (કચ્છ)
પ્રાથમિક શિક્ષક-ઉમેદનગર ભુજ
B.SC/B.ED



જ્યોતિ જય ગોરસીયા
ગામ : માધાપર તા. ભુજ (કચ્છ)
ફોરેસ્ટ ગાર્ડ-ભુજ ઈસ્ટ ડિવિઝન
B.COM

જશોદા દેવશીભાઈ ગોરસીયા
ગામ-માધાપર તાલુકો -ભુજ
લેબોરેટરી ટેકશિયન
પ્રાયમરી હેલ્થ સેન્ટર-નાના આસાંબિયા



દિપીકા સુરેશ કેરાઈ
ગામ : માધાપર તા. ભુજ (કચ્છ)
પ્રાથમિક શિક્ષક-મોટા આસંબીયા
પી.ટી.સી / B.A/ M.A





હિરાણી રેશ્મા કરસનભાઈ
ગામ : માધાપર તા. ભુજ (કચ્છ)
પ્રાથમિક વિભાગ શિક્ષક-કુકમા
B. Sc with chemistry, B. Ed



ક્રિષ્ના રમેશભાઈ પિંડોરીયા
ગામ : માધાપર તા. ભુજ (કચ્છ)
આરોગ્ય કર્મી CHO PHC-કોડકી-સબસેન્ટર, સુમરાસર જત

દક્ષા જાદવજી વરસાણી
ગામ-સામત્રા, હાલે ફોટડી
વનરક્ષક, ભુજ પશ્ચિમ વન વિભાગ
M.A



વિનોદભાઈ દેવજી પિંડોરીયા
ગામ : માધાપર તા. ભુજ (કચ્છ)
મદદનીશ શિક્ષક શ્રી સરસ્વતી વિદ્યાલય પ્રા. શાળા માધાપર



# સરકારી સેવામાં છે



અમરબેન હિરજી હિરાણી
ગામ : માધાપર તા. ભુજ (કચ્છ)
મદદનીશ શિક્ષક શ્રી સરસ્વતી વિદ્યાલય પ્રા. શાળા માધાપર



સવિતાબેન કરસનભાઈ ગોરસીયા
ગામ : સુખપર
ઉચ્ચ પ્રાથમિક શિક્ષક, તરા (મંજલ)-કચ્છ.
B.Sc., B.Ed.

વનિતાબેન વાઘજી સિયાણી
ગામ : વેકરા
સહાયક શિક્ષક
જામથડા, પ્રાથમિક શાળા
P.T.C. B.A.,M.A.



કેરાઈ રામબેન રવજી
ગામ : કોડકી
પ્રાથમિક શિક્ષક કોડકી-૨ પ્રા. શાળા ભુજ-કચ્છ.
H.S.C, P.T.C





કિશોર વાલજી વેકરીયા
ગામ-વાડાસર, ભુજ
નારાણપર કુમાર શાળા પ્રિન્સીપાલ
C.COM M.ED, P.HD SCHOLAR



વિનોદ જાદવજી પિંડોરીયા
ગામ : માધાપર
પ્રાથમિક શિક્ષક. ત્રાયા - કચ્છ.
S.S.C, P.T.C

ઉર્વશી ભરતભાઈ ગોરસીયા
ગામ : ભુજ
સી.આર.સી. કોર્ડિનેટર
S.S.C, P.T.C



હિરાણી નારાણ ભીખાલાલ
જૂનોવાસ, સુખપર (ભુજ)
નિમણૂંક : પ્રિન્સિપાલ સરકારી માધ્યમિક શાળા
કાકશાળા તા. સુબીર, જિ.ડાંગ
M.A/M.Phil





નારણ એમ. પિંડોરીયા
ગામ : મિરઝાપર (અમદાવાદ)
Associate Professor
Electrical Engneering
IIT Gandhinagar



જયશ્રી લાલજી ભુડીયા
ગામ : માધાપર
Bank of Baroda,
Bhuj
M.Com.



વિનોદ શીવજી વેકરીયા
ગામ : માધાપર
P.O. 1 - Diploma Ele.
GECTO (P.G.V.C.L.)
KUKMA



ગીતાબેન નરેન્દ્ર પિંડોલીયા
ગામ : માધાપર
Bank of Baroda,
Madhapar
B.A.



ભાવનાબેન વાલજી ભુવા
ગામ : કેરા, તા. ભુજ-કચ્છ.
શિક્ષિકા - કેરા પ્રા. શાળા
H.S.C. P.T.C.



મુક્તાબેન નાનજી વરસાણી
ગામ : માધાપર
Special Teacher
Mirzapar Culster
B.A. Special B.Ed.

નોંધ :- જ્ઞાતિજનો, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ સ્થાનિક ચોવીસી તથા વિશ્વવાસી લેવા પટેલ જ્ઞાતિજનોને હાર્દિક અપીલ કરે છે કે આપણી જ્ઞાતિમાં જે કોઈ યુવક-યુવતી સરકારી નોકરીમાં જોડાયા હોય તેને ફોટો અને વિગત મોકલવી. સમાજના અંકમાં નિઃશુલ્ક પ્રસિદ્ધ કરવામાં આવશે. આ પ્રયાસનો હેતુ પ્રોત્સાહન આપવાનો છે.

# શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર અને કન્યા સંસ્કારધામ

## બાળ મહોત્સવ સ્પર્ધામાં બાળ નૃત્ય નાટિકામાં રાજયકક્ષાએ દ્વિતીય



ગુજરાત રાજ્ય રમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર આયોજિત ગુજરાત રાજ્ય સ્તરે અંજાર મુકામે યોજવામાં આવેલ બાળ નૃત્ય નાટિકા સ્પર્ધામાં શ્રી કચ્છી લેવા પટેલ પ્રાથમિક કન્યા વિદ્યામંદિરે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. આ નૃત્ય નાટિકામાં ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં હિરાણી ક્રિષ્ના, રાબડીયા અવની, શિયાણી માનસી, મેપાણી ખુશી, મેપાણી એના, પાંચાણી દિયા, વરસાણી પ્રિયન, ભુવા ખુશી, વરસાણી તરુણ, ભુડિયા પ્રિતમ, ગોરસીયા ડિલન, હિરાણી વિવેક, રાબડીયા જીત, વેલાણી દિવ્ય, ભુડિયા શ્યામ, ગોરસીયા મીત, ભુડિયા ઋષીલ, મેપાણી દ્રષ્ટિ, પાંચાણી હેતશ્રી, વરસાણી ઘનશ્યામ, હિરાણી પ્રિત, પિંડોરીયા રોહિત, વરસાણી શોર્યએ ભાગ લીધેલ હતો. આ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

## વકતૃત્વ સ્પર્ધા



તા.૧૪/૧૨/૧૯ શનિવારના રોજ શાળામાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વિષયો સ્વચ્છતા, ઉત્તરાયણ, અને શિયાળો વગેરે રાખવામાં આવ્યા હતા. જેમાં ધોરણ ૧ થી ૫ માંથી કુલ ૬૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ધોરણ ૧ અને ૨ માંથી

રસાણી હેત્વી-ધોરણઃ૨-પ્રથમ, વરસાણી ટીશા- ધોરણ :૨-દ્વિતીય, હિરાણી વેદ-ધોરણઃ૧-તૃતીય,પાંચાણી હર્ષની- ધોરણઃ૧-આશ્વાસન

ધોરણ ૩,૪ અને ૫ માંથી

હિરાણી પૂર્વી-ધોરણઃ૪-પ્રથમ, ભુડિયા શૌર્ય-ધોરણઃ૩-દ્વિતીય, વરસાણી તરુણ-ધોરણઃ૫-તૃતીય, પાંચાણી હેતશ્રી- ધોરણઃ૪-તૃતીય

## અંગ્રેજી નવા વર્ષની ઉજવણી

તા.૦૧/૦૧/૨૦૨૦ના રોજ શાળામાં નવા વર્ષની ઉજવણીનું વિશિષ્ટ રીતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૧ થી ૫ ના તમામ બાળકોએ વિવિધ સંકલ્પોની નોંધ કરી તેમના વર્ગખંડની દિવાલ ઉપર સર્જનાત્મક રીતે લગાવેલ હતા. આ સંકલ્પો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## કલા મહાકુંભ-ગરબા સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ અને પ્રાદેશિક કક્ષાએ તૃતીય તથા રાસ સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ દ્વિતીય



તા.૧૯/૦૧/૨૦૨૦ના રોજ તાલુકા કક્ષાએ કલા મહાકુંભની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓએ ગરબા સ્પર્ધામાં પ્રથમ તથા રાસની સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. તથા અંજાર મુકામે યોજાયેલી પ્રાદેશિક કક્ષાની ગરબા સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવેલ છે. જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના નામ હિરાણી ક્રિષ્ના (ધો-૫), હિરાણી શ્રેયા (ધો-૫), શિયાણી માનસી (ધો-૫), પીંડોરીયા નંદની(ધો-૫), રાબડિયા ભાવિની (ધો-૫), કેરાઈ ઈશા (ધો-૫), હિરાણી જાનકી (ધો-૫), વેકરીયા ક્રિષા (ધો-૪), ભુડિયા હેત્વી (ધો-૪), શિયાણી નિયતી (ધો-૫), હિરાણી પૂર્વી (ધો-૫), ભુડિયા દમયંતી (ધો-૪), કેરાઈ દર્શની (ધો-૫), પાંચાણી હેતશ્રી (ધો-૪), ખેતાણી વિનીષા (ધો-૩), વેકરીયા ભક્તિ (ધો-૩), સહાયકઃ- વરસાણી ઘનશ્યામ(ધો-૫)-ઢોલક, વરસાણી તેજસ (ધો-૫)-હાર્મોનિયમ, હિરાણી દર્શક (ધો-૫)-ખંજરી. પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યું હતું.

જ્યારે જિલ્લાકક્ષાએ યોજાયેલી રાસની સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. રાસની સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના નામ આ પ્રમાણે છે, હાલાઈ અલ્પેશ(ધો-૫), વસ્તાણી દિવ્ય (ધો-૪), ગોરસીયા વિવેક (ધો-૫), ભુડિયા પ્રિતમ (ધો-૫), વાઘડીયા કુશલ (ધો-૫), વેલાણી દિવ્ય (ધો-૫), ગોરસીયા ડીલન (ધો-૫), ખેતાણી વજેન્દ્ર (ધો-૫), હિરાણી ક્રિષ્ના (ધો-૫), મેપાણી એના (ધો-૫), મેપાણી દ્રષ્ટિ(ધો-૫), રાબડીયા અવની (ધો-૫), પિંડોરીયા નંદની (ધો-૫), હિરાણી ધ્રુવીશા(ધો-૫), વોરા તુલસી (ધો-૫), હિરાણી જીયા (ધો-૪).

## મકરસંક્રાતિની ઉજવણી



તા.૦૮/૦૧/૨૦૨૦ બુધવારના રોજ શાળામાં મકરસંક્રાતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પતંગ બનાવવાની હરીફાઈ તથા પતંગ ચગાવવાની હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને હરિફાઈમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને નંબર આપવામાં આવ્યા હતા તથા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### પતંગ બનાવવાની સ્પર્ધા

| | |
|---|---|
| **ધોરણ -૧ અને ૨ :** | વરસાણી ટીશા(પ્રથમ) |
| | હાલાઈ રુદ્ર (દ્વિતીય) |
| | વરસાણી હેત્વી (તૃતીય) |
| **ધોરણ ૩ થી ૫ :** | મેપાણી ખુશી (પ્રથમ) |
| | વરસાણી જીનેશ (દ્વિતીય) |
| | કેરાઈ ઈશા અને મેપાણી દ્રષ્ટિ (તૃતીય) |

### પતંગ ચગાવવાની સ્પર્ધા

| | |
|---|---|
| **ધોરણ ૧ અને ૨ :** | વરસાણી સત્યમ(પ્રથમ) |
| | વાગડીયા સત્ય(દ્વિતીય) |
| | વરસાણી ધ્રુવી (તૃતીય) |
| **ધોરણ ૩ થી ૫ :** | હાલાઈ અલ્પેશ (પ્રથમ) |
| | વરસાણી ઘનશ્યામ ( દ્વિતીય) |
| | ગોરસીયા હર્ષ (તૃતીય). |



## નિદર્શન

શાળામાં ધો.૬ થી ૯ ની વિદ્યાર્થીનીઓને 'આધા ફૂલ' બાળફિલ્મ દર્શાવવામાં આવેલ.

## નાગરિક સંરક્ષણ દિન

ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધેલ. જેમાં આ શાળાની વિદ્યાર્થીની ભુડિયા ધ્રુવી ગોવિંદભાઈ (૮અ) માનકુવાએ ભુજ શહેર કક્ષાએ દ્વિતીય ક્રમાંક મેળવેલ તથા ભાગ લેનાર વિદ્યાર્થીનીઓને સન્માનિત કરાયા.

## વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીનીઓનું રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ સન્માન

કેરાઈ નયના વિશ્રામભાઈ (માંડવી) એથ્લેટીક્સ, રાબડીયા જાગૃતિ દેવજીભાઈ (માંડવી) કબડ્ડી

## પ્રજાસત્તાક દિન



આ શાળામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે લેવા પટેલ સમાજના પ્રમુખશ્રી વેલજીભાઈ પિંડોરિયા, સમાજના ત્રણેય પાંખના ટ્રસ્ટીઓ દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ. ત્યારબાદ આ રાષ્ટ્રીય તહેવારને અનુલક્ષીને ધો.૧ થી ૮ ની વિદ્યાર્થીઓએ પિરામીડ, રાજ્યકક્ષાએ દ્વિતીય ક્રમાંક આવેલ નૃત્ય નાટિકા તથા રાષ્ટ્રપ્રેમ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. સાહેબશ્રી અરજણભાઈ પિંડોરીયાએ પ્રસંગોપાત ઉદ્બોધન આપ્યું હતું. અંતમાં આ પ્રસંગે ધો.૧ થી ૫ ના વાલી અને વિદ્યાર્થીની રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા થનાર વાલી અને વિદ્યાર્થીઓના નામ નીચે મુજબ છે.

| સ્પર્ધાનું નામ | વિદ્યાર્થી અને વાલીનું નામ | મેળવેલ |
|---|---|---|
| શાકભાજી વર્ગીકરણ | હિરાણી નવ્યા ભરતભાઈ | પ્રથમ |
| | હિરાણી સુનીતાબેન ભરતભાઈ | |
| ફુગ્ગા ફોડ | વેલાણી આયુષ બિપીનભાઈ | પ્રથમ |
| | વેલાણી રીનાબેન સંજયભાઈ | |
| બાળક શોધ | કેરાઈ દૈવિક માવજીભાઈ | પ્રથમ |
| | કેરાઈ અમૃતબેન માવજીભાઈ | |
| પ્રશ્નોતરી | ગોરસિયા ધ્રુવ અશોકભાઈ | પ્રથમ |
| | ગોરસિયા નીતાબેન અશોકભાઈ | |
| સંગીત ખુરશી | વેલાણી જીમીશા વિજયભાઈ | પ્રથમ |
| | વેલાણી દીપ્તિબેન વિજયભાઈ | |

## પ્રાકૃતિક શિક્ષણ શિબિર



કચ્છ વન વર્તુળ-ભુજ દ્વારા પ્રાકૃતિક શિક્ષણ શિબિરના સંદર્ભમાં આ શાળાની સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીનીઓને પ્રસિદ્ધ પક્ષીપ્રેમી શ્રી નવીનભાઈ બાપટ દ્વારા પ્રકૃતિના તત્વો, પક્ષીઓ, જીવ-જંતુઓ, કાળાડુંગર પર રહેલી વિવિધ વનસ્પતિઓને સુપેરે પરિચય તથા વિદ્યાર્થીનીઓને ઈકો કલબની પ્રવૃત્તિઓ અંગે પણ શિક્ષણ આપવામાં આવેલ તથા આ શિબિરમાં મળેલ સૂચન અનુસાર ટ્રેકિંગ દરમ્યાન જે વિદ્યાર્થીની વધુ કચરો એકઠો કરેલ તેમણે નંબર આપી રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ હતા.



જિલ્લા યુવા મહોત્સવમાં ચિત્ર સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ તથા પ્રાદેશિક કક્ષાએ અમદાવાદ મુકામે ભાગ લીધેલ વિદ્યાર્થીની ભુડિયા જીનલ નારણભાઈ (માંડવી) ૧ ૨ કોમર્સ

## ખાતમુહુર્ત સમારોહ



શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુ એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત શ્રી કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ભૂમિપૂજન પ્રસંગે કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ શ્રી વેલજીભાઈ પિંડોરીયા, એજ્યુ એન્ડ મેડિકલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ગોપાલભાઈ ગોરસિયા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તથા અતિથી વિશેષ માનનીય નરેશભાઈ પટેલ, તથા ત્રણેય પાંખના ટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિમાં આ શાળાની વિદ્યાર્થીનીઓએ કચ્છી સંસ્કૃતિની ઝલક દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

## આંતર શાળાકીય સ્પર્ધા



ધિ મુસ્લિમ એજ્યુકેશન વેલ્ફેર સોસાયટી દ્વારા વકતૃત્વ, વિવિધ ગેમ્સ, ક્વીઝ તથા દેશભક્તિ જેવી આંતરશાળાકીય સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં દેશભક્તિ ગીત સ્પર્ધામાં આ શાળાની વિદ્યાર્થીનીઓએ તૃતીય ક્રમાંક હાંસિલ કરેલ.

## કારકિર્દી માર્ગદર્શન



HJD Institute, કેરાના પ્રો.દિપાબેન અય્યરે તથા પ્રો. દિનેશભાઈ ભુવા સાહેબે ધો.૧૦ પછી વિદ્યાર્થિનીઓને ક્યા પ્રવાહમાં જાય? જુદા-જુદા વ્યવસાયોમાં જવા માટેના અભ્યાસક્રમો અંગે માહિતી આપી. જેમાં આ શાળાની વિદ્યાર્થીનીઓએ ખુબ રસ લઈને તેમની સાથે રસપ્રદ પ્રશ્નોત્તરી કરી હતી.

## સૂર્યગ્રહણ



વર્ષનું સૌથી મોટું જે ૦૮:૦૮મિનિટથી લઈ ૧૦:૫૦ સુધી એમ ૨ કલાક ૫૦ મિનિટ સુધી ચાલ્યું હતું. આ શાળાની વિદ્યાર્થીનીઓએ SAFE SOLAR VIEWERS દ્વારા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ આ ગ્રહણનું નિરીક્ષણ કર્યું. ગ્રહણ પૂર્વે સ્ટાર ગોઝીંગ ઈન્ડીયાના શ્રી નિશાંત ભાઈ ગોર દ્વારા સૂર્યગ્રહણને લગતી વિશેષ માહિતી ધો.૧ થી ૧ ૨ ના વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવી હતી.

## રાષ્ટ્રભાષા પ્રચાર સ્પર્ધાનું સન્માન



કચ્છ રાષ્ટ્રભાષઆ પ્રચાર સમિતિ દ્વારા નિબંધ, કાવ્યગાન, કાવ્યપઠન, વકતૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ. જેમાં આ શાળાની વિજેતા વિદ્યાર્થીનીઓને એક કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવેલ.

| નામ | સ્પર્ધા | ધોરણ | ગામ | મેળવેલ ક્રમ |
|---|---|---|---|---|
| ગોરસિયા પંક્તિ ભરતભાઈ | કાવ્યગાન | ૭બ | બળદિયા | તૃતીય |
| દબાસીયા ટીસા જગદીશભાઈ | કાવ્યપઠન | ૭અ | માનકુવા | દ્વિતીય |
| લાખાણી પ્રિયાંશી જાદવજી | વકતૃત્વ | ૧૧આર્ટસ | બળદિયા | તૃતીય |
| લાખાણી પ્રિયાંશી જાદવજી | નિબંધ | ૧૧આર્ટસ | બળદિયા | પ્રથમ |

## હવામાન ખાતાની મુલાકાતે





આ શાળાની ધો.૧૧ આર્ટસની વિદ્યાર્થીનીઓને રડાર વિશેની માહિતી તથા વિવિધ પ્રકારના તાપમાનનું માપન અંગે હવામાન ખાતાની મુલાકાત દરમ્યાન આપવામાં આવી.

## વિજ્ઞાન દિન



વિજ્ઞાન દિનની ઉજવણીના સંદર્ભમાં શાળામાં ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન, લેખિત-મૌખિક- ક્વિઝ અને ઈનોવેશન ફેરનું આયોજન કરવામાં આવેલ. આ ફેરમાં વિવિધ વિષય પર આધારિત મોડેલ બનાવી વિદ્યાર્થીઓ દ્વારા તેમની વિશિષ્ટ રીતે સમજુતી આપવામાં આવી હતી. આ વિજેતા વિદ્યાર્થીનીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવેલ.

## વાલી મિટીંગ

ધો ૬ થી ૧ ૨ ના વિદ્યાર્થિનીઓ માટે પરિણામ સંદર્ભે વાલી મિટીંગનું આયોજન કરવામાં આવેલ

## ધો.૧૦-૧૨ વિદ્યાર્થીનીઓ માટે વક્તવ્ય



શ્રી પ્રતિકભાઈ પરમાર, શ્રી જાગૃતિબેન વકીલ તથા શ્રી જીજ્ઞાબેન જોષી દ્વારા વિદ્યાર્થીનીઓ માટે બોર્ડની પરીક્ષાની તૈયારીઓ કેમ કરવી? પરીક્ષાનો ડર દૂર રાખીને વાંચન કાર્ય કરવું તે અંગેનું માર્ગદર્શન મળેલ. તથા આ સંદર્ભમાં વિદ્યાર્થીનીઓને 'એક્ઝામ કી ઐસી કી તૈસી' અને 'રીઝલ્ટ ઐસી કી તૈસી' નામની બે પુસ્તકો વિદ્યાર્થીનીઓને ભેટ સ્વરૂપે આપવામાં આવી.

## રાષ્ટ્રીય યુવાદિનની ઉજવણી





આ ઉજવણીના સંદર્ભમાં શાળામાં Kite Making & Poster Making સ્પર્ધા તથા રામકૃષ્ણ યુવક મંડળ દ્વારા સ્વામી વિવેકાનંદના પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ. જેમાં ધો.૧ થી ૧ ૨ તથા English Medium ના વિદ્યાર્થીઓ જોડાઈ રસપૂર્વક ઉપયોગી પુસ્તકો ખરીદ્યા હતા. તેમજ Kite Making & Poster Making સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થિનીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવેલ.

## જિલ્લા કક્ષાનું કલા-મહાકુંભ





આ શાળામાં જિલ્લાકક્ષાના કલા-મહાકુંભની ઉજવણીના ભાગરૂપે તબલા, હાર્મોનિયમ, ઓર્ગન, સમુહગીત, લગ્નગીત, સુગમ-સંગીત જેવી સંગીતમય સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળામાં આ પ્રસંગે આચાર્ય શ્રી લોપાબેન મહેતાના માર્ગદર્શન હેઠળ શિક્ષકોએ વ્યવસ્થાપક, સંચાલકની ભૂમિકા ભજવી હતી.

## સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીનીઓનો સન્માન





ચાલુ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીનીઓએ રમત-ગમત તેમજ અન્ય પ્રવૃતિઓમાં રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા અને તાલુકા લેવલે મેળવેલ સિદ્ધિઓને બિરદાવવા અને પ્રોત્સાહન રૂપે ભેટ આપી ૧૭૦ વિદ્યાર્થીનીઓને સન્માનિત કરવામાં આવેલ. જેમાં શ્રી કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખશ્રી વેલજીભાઈ પિંડોરિયા, શ્રેષ્ઠીવર્ય દાતાશ્રી કે.કે.જેસાણી (લંડન), સમાજના ત્રણેય પાંખના ટ્રસ્ટીશ્રીઓ હાજર રહ્યા હતા. આ સંસ્થાની દીકરીઓએ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. દીકરીઓ દરેક ક્ષેત્રે આગળ વધે અને સિદ્ધિઓ પ્રાપ્ત કરે તે હેતુસર શ્રેષ્ઠી વર્ય કાનજીભાઈ જેસાણી અને અરજણભાઈ પિંડોરિયાએ દીકરીઓને પ્રેરક ઉદ્‌બોધન આપેલ.

## વસંત પંચમી



વસંતના વધામણા રૂપી શાળામાં ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીનીઓ માટે વર્ગ સુશોભન, લોબી ડેકોરેશન, રંગોળી સ્પર્ધા ધો.૯ અને ૧૧ માટે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ ઉજવણીના પ્રસંગે સમાજના પ્રમુખ શ્રી વેલજીભાઈ મનજીભાઈ પિંડોરિયા, સમાજના ત્રણેય પાંખના ટ્રસ્ટીશ્રીઓ પધાર્યા હતા. આ સાથે વાલીશ્રીઓ તથા ભુજની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ પણ આ પ્રદર્શન નિહાળ્યું હતું.

## ડો.ધવલ શાહનું વક્તવ્ય



ધો.૯ થી ૧ ૨ ના વિદ્યાર્થિનીઓ માટે આંખથી થતા ચેપી રોગોથી આંખની કઈ રીતે સંભાળ લેવી, કઈ કઈ તકેદારી રાખવી જેથી કોઈ બીજી વ્યકિતને પણ આંખનું ઈન્ફેકશન ન લાગે તે અંગેનું માર્ગદર્શન ડો.દ્વારા વિસ્તૃત આપવામાં આવ્યું.

## વિદાય તથા શુભેચ્છા કાર્યક્રમ



ધો.૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા માટે શુભેચ્છા અને ધો.૧૨ના વિદાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખશ્રી વેલજીભાઈ પિંડોરિયા, શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટના પ્રમુખશ્રી ગોપાલભાઈ ગોરસિયા, સમાજના ત્રણેય પાંખના ટ્રસ્ટીઓ તથા મહેમાનશ્રીઓનું સ્વાગત દિકરીઓએ પુષ્પગુચ્છથી કરેલ. ત્યારબાદ ધો.૧૦-૧૨ની દિકરીઓને સાકર/ નાળિયેર તથા ધો.૧૨ ને શુભેચ્છા ભેટ આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમને વિશિષ્ટ બનાવવા સંગીત થીમ પર કાર્યક્રમ સંગીતમય બન્યો હતો. આ કાર્યક્રમમાં દિકરીઓએ પોતાની લાગણીઓ વ્યક્ત કરેલ તેમજ ધો.૧૨ની વિદ્યાર્થીનીઓ સંસ્થાને પ્રતિકભેટ સ્વરૂપે સંભારણું આપેલ હતું ત્યારબાદ સૌ મહેમાનશ્રી તથા શિક્ષકશ્રીઓએ સૌ પ્રીતિભોજન લીધું.

## SPC દ્વારા જેલની મુલાકાત



આ શાળાની ધો.૮ની વિદ્યાર્થિનીઓને પોલીસ-સ્ટેશન (બી-ડિવીઝન) ખાતે ચાંદનીબેન દેવડા દ્વારા કોઈ આફત કે સમસ્યા હોય ત્યારે મહિલા વિભાગ સમક્ષ ફરિયાદ લખાવી અને કેવી રીતે પોલીસ મદદરૂપ થાય છે. તેની પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી તથા વિદ્યાર્થિનીઓએ જેલના દરેક વિભાગનું નિદર્શન કર્યું હતું સાથે આ શાળાના શિક્ષકશ્રી રીતુબેન ખત્રી સાથે રહ્યા હતા.

## આકાશદર્શન



અવકાશમાં દરરોજ નવી ઘટનાઓ બનતી હોય છે આ ઘટનાઓથી માહિતગાર થવા અને નિહાળવા આ શાળામાં વિદ્યાર્થીનીઓને ટેલિસ્કોપ દ્વારા શ્રી નરેન્દ્રભાઈ ગોરના માર્ગદર્શન હેઠળ અવકાશ નિરીક્ષણ કરાવવામાં આવ્યું.

## માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા

રાજ્ય પરિક્ષા બોર્ડ, ગુજરાત રાજ્યબોર્ડ, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં આયોજિત માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા ૨૦૧૯માં આ શાળાની ધો-૯ની મેરીટમાં આવેલ વિદ્યાર્થીનીઓ



કેરાઈ તુલસી હરજી
કોડકી, ધો. ૭
મેળવેલ ગુણ : ૧૩૪/૨૦૦



હિરાણી પ્રિયા રમેશચંદ્ર
સુરજપર, ધો. ૭
મેળવેલ ગુણ : ૧૨૭/૨૦૦

રૂા.૧૦૦૦ની વાર્ષિક શિષ્યવૃત્તિ મેળવેલ છે.

## Self Defense અંતર્ગત કાર્યક્રમ

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ત્રણ દિવસીય કરાટે તાલીમ દીકરીઓને આપવામાં આવેલ.

## રામચન્દ્ર મિશન

ભારત અને ભૂતાનનાં સંયુક્ત ઉપક્રમે વર્ષ ૨૦૧૯/૨૦માં ''પરિવર્તન જ બુદ્ધિમત્તાનું માપન છે.'' આ વિષય પર આયોજિત નિબંધ સ્પર્ધામાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી માધ્યમમાં શિક્ષકોનાં માર્ગદર્શન હેઠળ ભાષાવાર નીચેની બે-બે વિદ્યાર્થીનીઓએ પ્રમાણપત્ર પ્રાપ્ત કરેલ હતા.

લાખાણી પ્રિયાંશી જાદવજી(૧૧ આર્ટસ) ગુજરાતી, કેરાઈ દિક્ષિતા વિશ્રામ(૧૧ આર્ટસ) ગુજરાતી, ભુડિયા દેવાંશી ભીમજી(૧૧કોમર્સ) હિન્દી, રાબડીયા મિતિક્ષા કરસન (૧૨ કોમર્સ) હિન્દી,વરસાણી હેન્સી કિશોર (૧૨ આર્ટસ) અંગ્રેજી, આશાણી દિક્ષીતા કલ્યાણ (૧૧ આર્ટસ) અંગ્રેજી

## ખેલ મહાકુંભનો રાજ્યકક્ષાનો સન્માન કાર્યક્રમ

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને રમત-ગમત કચેરી દ્વારા અમદાવાદ ખાતે સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાએ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ખેલાડીઓને સન્માનિત કરવામાં આવેલ.

## જુનિયર એસોસિએશન કબડ્ડી-૧૯માં રાજ્યકક્ષાએપસંદગી અને દ્વિતીય ક્રમાંકે વિજેતા

૧) રાબડીયા મનીષા મનજીભાઈ(માંડવી)-૧૧ આર્ટસ (૨) ગોરસિયા હેમાંશી નારણ(સુખપર)-૧૧ કોમર્સ (૩) કેરાઈ વંશી કરશનભાઈ(માંડવી)-૧૨ કોમર્સ (૪) શિયાણી પૂજા પ્રવીણ (માંડવી) - ૧૧ આર્ટસ (૫) કેરાઈ ધનલક્ષ્મી લાલજી (વાડાસર)-૧૧ આર્ટસ

## સ્પોર્ટ્સ અહેવાલ



ખેલ મહાકુંભ અન્ડર-૧૭ કબડ્ડીમાં રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી સ્થળ :- કર્ણાટક, રાબડીયા શિવાની વિનોદભાઈ ધો.૧૨ કોમર્સ (માંડવી)



શાળાકીય અન્ડર-૧૯ કબડ્ડીમાં રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી સ્થળ:- દિલ્હી, ખીમાણી હેન્સી લાલજીભાઈ ધો.૧૨ કોમર્સ(દહીંસરા)

શાળાકીય અન્ડર-૧૯ એથ્લેટીક્સમાં વિજેતા સ્થળ:- હિમંતનગર હિરાણી ન્યુશી મનસુખભાઈ ધો.૧૧ કોમર્સ (માંડવી) રમત :- ૧૦૦ મીટર વિઘ્ન દોડમાં દ્વિતીય ક્રમાંક, કેરાઈ દિક્ષિતા વિશ્રામભાઈ ધો.૧૨ આર્ટસ(કોડકી) રમત:- અન્ડર-૧૯ ૪૦૦ મીટર રીલેમાં તૃતીય ક્રમાંક

સીનીયર એસોસીએશન બાસ્કેટબોલમાં રાજ્યકક્ષાએ ભાગ લીધેલ વિદ્યાર્થિનીઓ સ્થળ :- સુરત વાલાણી નેહા અરજણભાઈ (૧૧ આર્ટસ) બળદિયા, રાઘવાણી વૃતિક્ષા ગોપાલ (૧૧ આર્ટસ) બળદિયા, આશાણી પૂજા જાદવજી (૧૨ કોમર્સ) માંડવી, પિંડોરિયા અસ્મિ ગોવિંદ (૧૦અ) માધાપર, વરસાણી હેન્સી કિશોર ( ૧૨ આર્ટસ) કેરા

## કચ્છમાં ઝોન કક્ષાની શાળાકીય બાસ્કેટબોલ ટુર્નામેન્ટ





સસ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ગુજરાત કચેરી અને રમતગમત કચેરી દ્વારા યોજાયેલ સ્કૂલ લીગ બાસ્કેટબોલની ટુર્નામેન્ટનું શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિરમાં આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે સમાજના પ્રમુખશ્રી વેલજીભાઈ પિંડોરીયા, સમાજના ત્રણેય પાંખના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી અરજણભાઈ પિંડોરીયા સાહેબે ખેલાડીઓને વક્તવ્ય આપીને શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ ઝોનકક્ષાએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરેલ આ શાળાની વિદ્યાર્થિનીઓના નામ નીચે મુજબ છે.

દબાસીયા ભાવિની મહેશભાઈ(માધાપર) ૧૦અ, હિરાણી તુલસી ભરતભાઈ(માધાપર) ૧૦અ

## શ્રી કચ્છી લેવા પટેલ સમાજ English School Picnic at the Madansinh park



All the students went for enjoying picnic at the garden. The Students enjoyed a lot by playing some games like passing a ball, hide & seek etc...

## Vasant Panchmi



On Vasant Panchmi all the students prayed to goddess Saraswati and also did poojan of Saraswati by tilak and flowers.

## Class Decoration



The teachers decorated the classes with the little help of the students. And the students did good activities like sticking charts in the classrooms and we also arranged parents meeting to see the result and papers of the students.

## વિશેષ પ્રવૃત્તિ



મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી નિમિત્તે પોલીસ ખાતા દ્વારા સંસ્કારધામમાં દિકરીઓની સુરક્ષા માટે તેમજ સ્ત્રી જાગૃતિ માટે ત્રણ દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દિકરીઓને પોતાના રક્ષણ તેમજ સ્વબચાવ માટે તાલીમ આપવામાં આવી હતી. ચોથે દિવસે પોલીસ ખાતા દ્વારા વક્તવ્ય યોજવામાં આવ્યું હતું. જેમાં A.S.I નયનાબેન, નગીનભાઈ, શ્રી વિમલાબેન પટેલ, શ્રી સૌમૈયાબેન તેમજ P.S.I K.M અગ્રાવત પણ માર્ગદર્શન આપવા માટે પધાર્યા હતા.

## ભૂજિયો ડુંગર પ્રવાસ




શ્રી કચ્છી લેવા પટેલ કન્યા સંસ્કારધામ દ્વારા દિકરીઓને કુદરતી સૌંદર્ય નિહાળવા તથા દિકરીઓને ટ્રેકિંગની મજા માણવા માટે ભૂજિયા ડુંગરના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૮:૦૦ કલાકે સંસ્કારધામમાંથી નીકળ્યા હતા. ત્યારબાદ ભૂજિયા ડુંગરનું રમણીય દ્રશ્ય નિહાળી ૧:૦૦ વાગ્યે સંસ્કારધામમાં પાછા ફર્યા હતા.

## ટેલી ક્લાસ/ સ્પોકન ક્લાસ

સંસ્કારધામમાં રહેતી દિકરીઓને ફુરસદના સમયમાં વિશિષ્ટ વધારાનું જ્ઞાન મેળવે તે હેતુથી સંસ્કારધામમાં ધોરમ ૧૦ માટે English spoken class તથા ધોરણ ૧૨ Tally class નું આયોજન અદાણી ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. કોર્સ પૂરો થયે દિકરીઓને સરકારી પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

શ્રી કચ્છી લેવા પટેલ કન્યા સંસ્કારધામમાં સાંજની સંધ્યા પ્રાર્થનામાં નાગપુરથી પધારેલ શ્રી મંજુબહેને સ્ત્રી રોગો સામે રક્ષણ અને દિકરીઓને માસિક દરમિયાન થતી મુશ્કેલીના નિવારણ માટે માર્ગદર્શન આપ્યું હતું.

## ડૉ. નેહલ વૈધનું વકતવ્ય



ડેન્ગ્યુ તાવ સામે ક્યા સાવચેતી રૂપ પગલાં લેવા તે ડૉ.નેહલ વૈદ્યનાં વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

## નાગરિક સંરક્ષણ દિન

તા. ૦૪/૧૨/૧૯ બુધવારના રોજ નાગરિક સંરક્ષણ દિનની ઉજવણી નિમિત્તે નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન નાગરિક સંરક્ષણ કેન્દ્ર-ભુજ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જેસાણી હર્ષિની પ્રેમજીભાઈએ ''સ્વાસ્થ્ય માટે સ્વચ્છતાની અનિવાર્યતા'' વિષય ઉપર નિબંધ લખી શાળાનો ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

## ચંદ્ર અને સૂર્યગ્રહણ વિશે માહિતી




તા.૨૬/૦૨/૨૦૧૯ ના રોજ વિદ્યાર્થીઓને સૂર્યગ્રહણ વિષે નિશાંતભાઈ ગોર સ્ટાર ગેઝીંગ ઈન્ડિયા દ્વારા ડોક્યુમેન્ટરી ફિલ્મ દ્વારા વિશિષ્ટ માહિતી આપવામાં આવી હતી અને સૂર્યગ્રહણ કેવી રીતે જોવાય તેનું માર્ગદર્શન અપાયું હતું. વિદ્યાર્થીઓએ શાળાની છત ઉપર વિશિષ્ટ ચશ્મા દ્વારા શિક્ષકોની સાથે ગ્રહણ દર્શન કર્યા હતા.

## માધ્યમિક અને પ્રાથમિક ચિત્રકામ પરીક્ષામાં ઝળકેલા તારલાઓ

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા ડિસેમ્બર : ૨૦૧૯માં લેવાયેલ ચિત્રકામ પરીક્ષામાં માધ્યમિક વિભાગમાં શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિરનું પરિણામ ૧૦૦% આવેલ છે. ધોરણ:૯ની કુલ ૨૦ વિદ્યાર્થીનીઓ એ પરીક્ષા આપેલ જે તમામે A ગ્રેડ પ્રાપ્ત કરેલ છે. જે પૈકી ૧૦ વિદ્યાર્થિનીઓએ ૯૦ ઉપર ગુણ પ્રાપ્ત કરી વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવેલ છે.

(૧) લીંબાણી સ્નેહા શીવજી(દહિંસરા)૯૮ (૨)હિરાણી સંધ્યા અરજણ(માધાપર)૯૬ (૩) ગોરસીયા નેનશી વિનોદ (સુખપર)૯૫ (૪) ભુડિયા સંજના કલ્યાણ (વેકરા)૯૫ (૫) ભુડિયા નિશા કરસન(સુખપર)૯૪ (૬)વરસાણી જાનવી સામજી(વેકરા)૯૪ (૭)કેરાઈ નેહાબેન કરસનભાઈ(આસંબીયા-માંડવી)૯૪ (૮) વાગજીયાણી ધીમહી કાન્તીલાલ(કેરા)૯૩ (૯)ગોરસીયા ધૃર્તી કિશોર(સુખપર)૯૩ (૧૦) રાબડિયા ધૃર્તીબેન લક્ષ્મણ (સરલી) ૯૧

પ્રાથમિક વિભાગમાં શ્રી પ્રાથમિક કન્યા વિદ્યામંદિરના ધોરણ:૫ થી ૮ના કુલ :૩૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ જે તમામે A ગ્રેડ પ્રાપ્ત કરેલ છે. શાળાનું પરિણામ ૧૦૦% આવેલ છે. જેમાં ધોરણ:૮ની ૫ વિદ્યાર્થિનીઓએ ૯૦ ઉપર ગુણ પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવેલ છે.

(૧) હિરાણી ચાંદની જગદીશભાઈ(માંડવી-મોટા આસંબીયા)૯૩ (૨) રાઘવાણી દેવાશી હિરજી (બળદિયા) ૯૧ (૩) વરસાણી હરીયાલી વિનોદ(અંજાર) ૯૧ (૪)પિંડોરીયા કૃપા કાન્તી(માધાપર) ૯૧ (૫)વાઘાણી પ્રિયાશી દિનેશ(માનકૂવા) ૯૧

# ઈનોવેશન ફેર




તા.૦૪/૦૨/૨૦૨૦ના રોજ શાળામાં ઈનોવેશન ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧ થી ૫ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં ગણિત, વિજ્ઞાન, હિન્દી, અંગ્રેજી, કમ્પ્યુટર તથા અન્ય વિષય અંતર્ગત મોડેલ બનાવી વિદ્યાર્થીઓ દ્વારા તેમની વિશિષ્ટ રીતે સમજુતી આપવામાં આવી હતી. આ કૃતિઓને શાળા બહારથી બોલાવેલ નિર્ણાયકો દ્વારા નંબર આપવામાં આવેલ હતા.

| વિભાગનું નામ | કૃતિનું નામ | વિદ્યાર્થીઓનું નામ | ધોરણ | મેળવેલ નંબર |
|---|---|---|---|---|
| ગણિત | સરવાળા કરો | મેઘાણી દિયા, પાઘરા ભક્તિ | ૩ | પ્રથમ |
| ગણિત | ઘડિયાળની સરળ રીત | કેરાઈ દૈવિક, કેરાઈ સ્મિત | ૩ | દ્વિતીય |
| ગણિત | આકારો અને આકારોની બનતા ચિત્રો | હિરાણી વંશ, પિંડોરીયા શિહાની | ૧ | તૃતીય |
| ગણિત | ગુણાકારની સરળ રીત | વરસાણી રીતિકા, ખેતાણી વિનીશા | ૩ | તૃતીય |
| પર્યાવરણ | પદાર્થની અવસ્થાઓ | હિરાણી પ્રિન્સી, ગોરસિયા નિશી | ૫ | પ્રથમ |
| પર્યાવરણ | બીજના પ્રકાર | શિયાણી માનસી | ૫ | દ્વિતીય |
| પર્યાવરણ | પૃથ્વી પર રાત દિવસ અને ઋતુઓ | વરસાણી ભક્તિ, વરસાણી દેવાંશી, પિંડોરીયા નંદની | | |
| | | જેસાણી હર્ષીની,વરસાણી જીનેશ, ભુવા ખુશાલ | ૫ | તૃતીય |
| પર્યાવરણ | જમીનના પ્રકાર | હિરાણી દર્શક, હિરાણી વિવેક | ૫ | તૃતીય |
| English | Opposite words | હિરાણી પૂર્વી, | ૪ | પ્રથમ |
| English | Gender in English | ગોરસિયા જયેશ, ધનાણી શિવમ | ૪ | દ્વિતીય |
| English | Playing with Remember spelling | વસ્તાણી દિવ્ય, હિરાણી દિવ્ય, વરસાણી દેવેન્દ્ર | | |
| | | મેપાણી ખુશી, હિરાણી ઉર્વી, ભુવા ડેનીશ | ૪ | દ્વિતીય |
| English | Games with first & second Alphabet | વરસાણી ભક્તિ | ૧ | તૃતીય |
| અન્ય વિભાગ | ટ્રાફિક સિગ્નલ અને તેના નિયમો | કુલ ૩૧ વિદ્યાર્થીઓ | ૫ | પ્રથમ |
| અન્ય વિભાગ | કક્કો બારાક્ષરી | હિરાણી શશિક, વેકરીયા શોભના | ૩ | દ્વિતીય |
| અન્ય વિભાગ | કમ્પ્યુટરના કાર્યો | વોરા તુલસી, ગોરસિયા સ્નેહા | ૫ | તૃતીય |

## સમાચાર એકલીટીમાં

ભારાસર : ૨૬ જાન્યુ.૨૦૨૦, તાલુકા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ ઉજવાયો

ભારાસર : સરપંચ નીલેશ વરસાણીની જાગૃતિથી ગ્રામ પંચાયત વિકાસ યોજનાની સમજ અપાઈ.

કેરા : હે યુવાનોના અકસ્માતે મૃત્યુથી ગામે બંધ પાડાયો

ભુજ : ગૌ આધારિતિ સજીવ ખેતી પરથી કચ્છમાં નિર્મિત ગુજરાતી ફિલ્મને બે એવોર્ડ મળ્યા, ઝેરીલી ખેતી બંધ કરવા સંદેશો અપાયો.

ભુજ : સરહદી વિસ્તાર ગોરેવાલી અને લુણા ગામે જરૂરીયાતમંદોને મકાનોના ખાતમુર્હૂતમાં સંબોધન કરતા મુરજીભાઈ પિંડોરીયાએ કહ્યું; હિન્દુ ગરીબો માટે દાતા આગળ આવે.

નારાણપર : અહીં મોબાઈલ ટાવર બાંધકામ સામે મનાઈ હૂકમ અપાયો.

નારાણપર : ગામની સરકારી નિશાળના માસ્તરનું માર્ગ અકસ્માતે મોત થતાં તેમની દિકરીના લગ્ન ખર્ચ માટે અગ્રણી મેઘજીભાઈ ભુડિયા મદદરૂપ થઈ પ્રેરણારૂપ બન્યા હતા.

નારાણપર : કેન્સરમાં મૃત્યુ પામેલા પિતાની સ્મૃતિમાં પૂત્ર લખુભાઈ લાલજી કેરાઈએ ૫૧ લાખનું દાન ભુજ સમાજની સુપર સ્પે. હોસ્પિટલ માટે આપ્યું.

સુખપર : વરસાદ પછી યુવાનોએ વૃક્ષારોપણ કરી પ્રેરણા સર્જી.

નારણપર : હરિકૃષ્ણ નિરાધાર ગૌશાળામાં ગાયોનું રસીકરણ કરાયું.

સુખપર : આર્યુવેદિક રોપાનું વિતરણ કરાયું.

ગોડપર : ભંગ તળાવ છલકાતાં ગામમાં મેઘલાડુ.

દહિંસરા : યુવાદાતા રવજી જાદવા ખીમાણી દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ફોગીંગ મશીન દાન અપાયું.

## ધોરણ ૧૦



## S.S.C માર્ચ ૨૦૨૦ની પરીક્ષામાં A2 અને B1 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થિનીઓના નામ

(૧)ગાંગજીયાણી જૈનીશ્રી કિશોર-દહિંસરા ૮૨.૫૦ A2, (૨)દબાસિયા ભાવિની મહેશ-માધાપર ૭૮.૬૭ B1, (૩) કેરાઈ તૃપ્તિ મનસુખ-ભારાપર(માંડવી) ૭૫.૩૩ B1,(૪)ખિમાણી શ્રેયા નવીનભાઈ- માંડવી ૭૪.૩૩ B1,(૫) કારા હેન્સી રમેશભાઈ - દહિંસરા ૭૨.૫૦ B1,(૬) વાગડિયા હિરલ કુંવરજી-માધાપર ૭૨ B1,(૭) હિરાણી તુલસી રવજી-માંડવી ૭૧.૬૭ B1, (૮)હિરાણી પ્રેમવતી દિનેશ - માનકુવા ૭૧.૧૭ B1, (૯)વેકરિયા નિકિતા વેલજી-માંડવી ૭૦.૮૩ B1

ભારતીય પરંપરા મુજબ આપણા તહેવારો આપણે ભક્તિભાવપૂર્વક અને હર્ષોઉલ્લાસ દ્વારા ઉજવીએ છીએ. આપણી સંસ્થા શ્રી કચ્છી લેવા પટેલ કન્યા સંસ્કારધામમાં દીકરીઓ દ્વારા હોળી અને ધુળેટીની ઉજવણી કરવામાં આવી હતી. હોળીના દિવસે દીકરીઓએ હોળી પ્રગટાવી તેની પ્રદક્ષિણા કરી પૂજા કરી હતી. અને સારો વરસાદ આવે એવી કામના કરી હતી. બીજે દિવસે ધુળેટીના કોરા રંગ દ્વારા હોળી રમી અને હોળીની ઉજવણી કરી હતી.

## H.S.C. માર્ચ-૨૦૨૦
## સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થિનીઓનું સન્માન

ધોરણ-૧૨ માર્ચ-૨૦૨૦નું પરિણામ જાહેર થતાં પરિણામ વિતરણ અને ૭૦% થી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીનીઓનું શ્રી કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખશ્રી વેલજીભાઈ પિંડોરિયાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

ધોરણ-૧૦નું શાળા પરિણામ ૭૯.૪૫% અને ધોરણ-૧૨નું શાળાનું પરિણામ ૯૭.૮૦% આવેલ છે.



H.S.C માર્ચ ૨૦૨૦ની પરીક્ષામાં A2 અને B1 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થિનીઓના નામ

(૧)જાગાણી ગામીની જાદવા-સુરજપર(કોમર્સ) ૮૩.૭૧ A2 (૨)વરસાણી દેવ્યાની જીતેન્દ્ર-કોડકી(કોમર્સ) ૭૮.૭૧ B1 (૩)વેકરીયા મિનાક્ષી ગોવિંદ-દહિંસરા (કોમર્સ) ૭૭.૮૬ B1 (૪)આશાણી પૂજા જાદવજી-માંડવી (કોમર્સ) ૭૬.૭૧ B1 (૫)વરસાણી અક્ષી કરસનભાઈ-માનકુવા (કોમર્સ) ૭૫ B1 (૬)હિરાણી અર્પિતા સુરેશભાઈ-મીરઝાપર (કોમર્સ) ૭૪.૪૩ B1 (૭)રાબડિયા શિવાની વિનોદભાઈ- માંડવી (કોમર્સ) ૭૪.૨૯ B1 (૮)લીંબાણી તૃપ્તી સામજીભાઈ - દહીંસરા (કોમર્સ) ૭૩.૫૭ B1 (૯)હિરાણી હેતલ કલ્યાણભાઈ - કોડકી(કોમર્સ) ૭૩.૪૩ B1 (૧૦) રાબડીયા મિતિક્ષા કરસનભાઈ-માંડવી(કોમર્સ) ૭૩.૨૯ B1,વરસાણી હિરલ શિવજી-સામત્રા(કોમર્સ) ૭૩.૨૯ B1,કેરાઈ વિજ્યા કીર્તિકુમાર-નારણપર(આર્ટસ) ૭૩.૨૯ B1,(૧૧)ભુડિયા શિવાની વિનોદ-સુખપર(કોમર્સ)૭૩.૧૪ B1,કેરાઈ ભાવના શિવજી-કોડકી(કોમર્સ) ૭૩.૧૪ B1,(૧૨) મેપાણી જેશિકા કિશોર-માધાપર(કોમર્સ) ૭૩ B1, (૧૩) હાલાઈ દિવ્યા કલ્યાણ-કુંદનપર (કોમર્સ) ૭૨.૪૩ B1, (૧૪) ભુડિયા જીનલ નારણ-માંડવી(કોમર્સ) ૮૮.૫૯ B1

## દહિંસરા આરોગ્ય કેન્દ્રને દાતાના સહયોગે ઉપયોગી ઉકરણ અપાયાં

અ.નિ. રામજી દેવજી ખીમાણી હ. પુત્ર જાદવા રામજી ખીમાણી દ્વારા ફોગીંગ અને ઓક્સિજન મશીન દાન અપાતા જિલ્લા આરોગ્ય અધિકારી પ્રેમકુમાર કન્નડ તથા અન્યોએ દાતાનું સન્માન કર્યું હતું. માજી સરપંચ કિસોરભાઈ પિંડોરીયા અગ્રણી પ્રવિણ પિંડોરીયા સહિતના હાજર રહ્યા હતા. વિશ્રામ ભુડીયા અને સુરેશ ભુડિયા દ્વારા સ્વખર્ચે વૃક્ષારોપણ પણ કરાયું હતું.



# શ્રી કચ્છી લેવા પટેલ કુમાર વિદ્યાધામ - ભુજ
# માતૃશ્રી આર. ડી. વરસાણી કુમાર વિદ્યાલય - ભુજ



## શ્રેષ્ઠતા તરફ એક કદમ...

છેલ્લા ચાર દાયકામાં વૈશ્વિક રીતે શિક્ષણનો વ્યાપ વધ્યો છે. ભારતનું શિક્ષણ અભ્યાસક્રમ વિકસિત રાષ્ટ્રો કરતાં પણ અઘરું હોવાનો શિક્ષણ વિદ્વોનો મત છે. ભારતનું બુદ્ધિધન દેશ કરતાં વિદેશમાં વધુ ચમક્યું છે. આઈ.ટી., તબીબી અને ઈજનેરી કૌશલમાં ભારતીયોનું નામ છે. એનો અર્થ એવો થયો કે શું ભારતમાં પૂરતી તકોનો અભાવ છે? ના તક છે. પણ પરસ્પરની સ્પર્ધા એટલી તીવ્ર છે કે સરકારી નોકરીઓ માટે એક જગ્યા સામે હજારો અરજીઓ આવે છે.

લોકશાહીના ચાર પાયા છે. રાજકારણ, પોલીસતંત્ર, નોકરશાહી (સરકારી અધિકારી-કર્મચારી) અને ચોથું મીડિયા આ ચારેય સ્તંભોમાં જે સમુદાય પગ મૂકી શકે છે એ સમુદાય આગળ ગતિ કરી શકે છે. જ્યાં સુધી કચ્છી લેવા પટેલ સમાજની વાત છે. ત્યાં સુધી આ ક્ષેત્રોમાં કચ્છના લેવા પટેલોની સંખ્યા નહિવત છે. રાજકારણમાં પ્રવેશવા સંગઠિત બળનો પરચો બતાવવો પડે, પોલીસ અને સરકારી અધિકારી- કર્મીમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી પડે. મીડિયા ક્ષેત્રે પ્રવેશવા જર્નાલિઝમના કોર્ષ કરવા પડે. કચ્છી લેવા પટેલ યુવક સંઘ દ્વારા આ ક્ષેત્રે સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો શરૂ કરાયા છે. JEE અને NEET ઈજનેરી અને મેડિકલ માટે અનિવાર્ય પ્રવેશ પરીક્ષા છે. છાત્ર-છાત્રાને ધો-૧૨માં ભલે ગમે તેટલા ટકા આવ્યા હોય પણ જો તે આ સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષામાં ગુણ ન લાવે તો ધારેલી બેઠક પર પ્રવેશ મળતો નથી. અને અમુક વખતે કારકિર્દી ઘડતર માટે વિદેશની યુનિવર્સિટીઓના શરણે જવું પડે છે.

હાલ કચ્છી લેવા પટેલ જ્ઞાતિની સરકારી નોકરીઓ તરફ દૃષ્ટિ નથી. થોડીઘણી છે એ વ્યક્તિગત છે. પોતાની ઉજ્જ્વળ કારકિર્દી સાથે સારા હોદ્દે સમુદાયની પ્રગતિમાં મદદગાર બની શકાય છે પણ આ ક્ષેત્રમાં પ્રવેશવાની ઝંખના અનુભવાતી નથી. આર.ડી.વરસાણી કુમાર વિદ્યાલયના છાત્રોને આ દિશામાં સજ્જ કરવા માનસિકતા ઘડતરનું કામ આગળ ધપી રહ્યું છે.

## પ્રજાસત્તાક દિવસની ઉજવણી

સ્વતંત્ર ભારતના પ્રજાસત્તાક દિનની ઉજવણી અમારી શાળામાં ધામધૂમથી કરવામાં આવી. NCCના વિદ્યાર્થીઓ પધારેલ અતિથિશ્રીઓને પરેડ દ્વારા સલામી આપી મંચ તરફ દોરી લાવ્યા. શ્રી દેવશીભાઈએ સ્વતંત્ર ભારતના તિરંગાને લહેરાવ્યો તેની સાથે જ રાષ્ટ્રગીત દ્વારા વિસ્તાર ગુંજી ઊઠયો. મહેમાનોના સ્વાગત બાદ દેશભક્તિ ગીતના તાલે વિદ્યાર્થીઓ ઝૂમી ઊઠ્યા. શાળાના ધો.૮ના વિદ્યાર્થીઓ ખેતાણી જેનીશ રવજીભાઈ તથા વરસાણી રિતુલ હીરજીભાઈએ પર્વોચિત વક્તવ્ય આપ્યું. શાળા આચાર્યાશ્રી પ્રજાસત્તાક પર્વને દિવસે ભારત માટે આપણાં કર્તવ્યો યાદ અપાવ્યા તેમજ શિક્ષકશ્રી લક્ષ્મીબેન પણ પ્રસંગ અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. શાળાના વિદ્યાર્થીએ વેશભૂષા પ્રસ્તુત કરી હતી.





## હોળીની ઉજવણી

# ભારાસર ગામે R.D વરસાણી શાળાએ સદ્‌પ્રવૃત્તિઓની 'આરા' સર્જી



માતૃશ્રી આર.ડી.વરસાણી કુમાર વિદ્યાલય ભુજ દ્વારા ગામ ભારાસર તાલુકો ભુજ મુકામે તારીખ ૭/૨/૨૦૨૦ થી તારીખ ૧૪/૨/૨૦૨૦ સુધી આઠ દિવસની એન.એસ.એસ.ની ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરના ઉદ્‌ઘાટન તા.૭/૨/૨૦૨૦ના રોજ શ્રી કચ્છી લેવા પટેલ સમાજના મંત્રીશ્રી ગોપાલભાઈ વેકરીયા, શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટના મંત્રીશ્રી કેસરાભાઈ પિંડોરિયા, યુવક સંઘના ઉપપ્રમુખ શ્રી લક્ષ્મણભાઈ રાઘવાણી, યુવક સંઘના ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ખેતાણી, શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી મનજીભાઈ વરસાણી, ભારાસર સ્વામિનારાયણ મંદિરના પ્રમુખશ્રી ગોવિંદભાઈ પ્રેમજી વરસાણી, મણિનગર સ્વામિનારાયણ મંદિરના પ્રમુખશ્રી કરસનભાઈ કાનજીભાઈ વરસાણી, ગામના સરપંચશ્રી નીલેશભાઈ વાલજીભાઈ વરસાણી, મિત્ર સેવા મંડળના પ્રમુખશ્રી ભીમજીભાઈ ધનજીભાઈ વરસાણી, ભારાસર મહાદેવ અને હનુમાન મંદિરના પ્રમુખશ્રી વાલજીભાઈ કેસરાભાઈ વરસાણી, ગામના અગ્રણી શ્રી રામજીભાઈ કાનજી હિરાણી, શ્રી વાલજીભાઈ વેલજીભાઈ હિરાણી તેમજ ગામના વિવિધ આગેવાનોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા આ શિબિરને ખુલ્લી મૂકવામાં આવી હતી.

આ શિબિરમાં ગ્રામ સફાઈ, દેશભક્તિની રેલી, ગ્રામ પંચાયત તથા વિવિધ બેંક, વેપારી, કોન્ટ્રાક્ટર, આંગણવાડીની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ તેમાં થતી કામગીરીથી વાકેફ થયા હતા ભારાસર ગામની કન્યાશાળા તેમજ કુમાર શાળામાં શૈક્ષણિક કાર્ય કરી અને વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામમાં રોડ સેફ્ટીને લગતા બોર્ડ પણ એન.એસ.એસ.ના શિબિરાર્થીઓ દ્વારા મૂકવામાં આવ્યા હતા ગામના વયોવૃદ્ધ વડીલોની મુલાકાત લઈ તેમના જીવનમાં સારા નરસા પ્રસંગો સાંભળી મા-બાપની સેવા કરવાની પ્રતિજ્ઞા શિબિરાર્થીઓ દ્વારા લેવામાં આવી હતી. દરરોજ રાત્રે બાંબુ, મણિયારો, પિરામિડ, મહાભારત, તલવાર રાસ તેમજ ઠાકરથાળીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

અમારી શિબિરની સૌથી મોટી સફળતા એ હતી કે ભારાસર ગામમાં નાની પક્ષ અને મોટી પક્ષના જ્ઞાતિબંધુ સમાજના છત્ર હેઠળ સૌપ્રથમવાર ઠાકરથાળના આયોજનમાં જોડાઈને ઈતિહાસ રચ્યો હતો આવું ૫૦ વર્ષમાં પહેલીવાર બન્યું હતું. બંને પક્ષ તરફથી અનહદ ખુશી જાહેરમાં વ્યકત કરાઈ હતી. ગામલોકોએ વિદ્યાર્થીઓના શિસ્ત, કાર્યો, સવારની પ્રભાતફેરી, સંગીતવૃંદ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને સમાજની કાર્યપદ્ધતિને ખૂબ વખાણી હતી.

આ શિબિરની પૂર્ણાહુતિમાં શ્રી કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખશ્રી વેલજીભાઈ રામજીભાઈ પિંડોરિયા, શ્રી કચ્છી લેવા પટેલ સમાજના મંત્રીશ્રી ગોપાલભાઈ વેકરીયા, શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી કાંતિભાઈ વરસાણી, યુવક સંઘના ટ્રસ્ટી શ્રી ઘનશ્યામભાઈ વરસાણી તેમજ ઉદ્‌ઘાટન કાર્યક્રમના તમામ મહાનુભાવો સમાપન કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહ્યા હતા. ગામલોકોએ શાળા પરિવારને, એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર શ્રી હરેશભાઈ જોષી તેમજ વિદ્યાર્થીઓનું શિલ્ડ તથા મેડલ દ્વારા સન્માન પણ કર્યું હતું. આ શિબિરને સફળ બનાવવા શ્રી કચ્છી લેવા પટેલ સમાજના અગ્રણીઓ, શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટના તમામ સભ્યો, યુવક સંઘના તમામ સદસ્યો, ગ્રામ પંચાયતના તમામ સભ્યો, ગામના અગ્રણીઓ, કુમારશાળા, કન્યાશાળાના સ્ટાફ મિત્રોએ તથા ગામ લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી. રસોડા તેમજ નિવાસી વ્યવસ્થા મનજીભાઈ વરસાણી અને ગામની બહેનોએ સંભાળી હતી. સમાપન કાર્યક્રમમાં ગામ તરફથી શ્રી નીલેશભાઈ વરસાણી, વનીતાબેન વરસાણી તથા કંચનબેને પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓ તરફથી પણ આ શિબિરમાં શું મેળવ્યું તેના પ્રતિભાવો રજૂ થયા હતા. વિદ્યાર્થીઓ તરફથી પણ આ શિબિરમાં શું મેળવ્યું તેના પ્રતિભાવો રજૂ થયા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના એન.એસ.એસ.ના કન્વીનર શ્રી હરેશભાઈ જોશીએ કર્યું હતું. શાળાના આચાર્યા શ્રી લક્ષ્મીબહેને તમામનો આભાર માન્યો હતો.



## એક મિનિટ

વિદ્યાર્થીઓની યાદશક્તિ તેમજ સતર્કતાને ચકાસવા માટે ડિસેમ્બર માસ દરમિયાન ધો.૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવૃત્તિ અંતર્ગત 'એક મિનિટ સ્પર્ધા' નું આયોજન કરવામાં આવેલ હતું.

## શ્યામજી કૃષ્ણ વર્મા જયંતિ

આપણા સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરનાર સવાયા કચ્છી સપૂત શ્યામજી કૃષ્ણ વર્માની જન્મ જયંતિ તા.૦૪/૧૦/૧૯ના રોજ ઉજવી વિદ્યાર્થીઓને તેમનો વ્યકિત પરિચય અપાયો હતો. જેથી શાળાના વિદ્યાર્થીઓ ઈતિહાસ તેમજ ક્રાંતિકારીથી પરિચિત થાય.

## અંતાક્ષરી સ્પર્ધા

નવેમ્બર માસ દરમિયાન ધો.૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતાક્ષરી સ્પર્ધા સાહિત્યિક વિષયક તેમજ સામાન્ય જ્ઞાનને લગતી હતી. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને ભાષાકીય જ્ઞાનમાં વૃદ્ધિ કરાવવાનો હતો.

## પોસ્ટલ મેકિંગ અને સર્જનાત્મકતાની પ્રવૃત્તિ

નવેમ્બર માસ દરમિયાન વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિને જાણવા તેમજ વિકસાવવા માટે ધો.૬,૭ના વિદ્યાર્થીઓ માટે 'બર્થ ડે કાર્ડ, ધો.૮,૯ માટે 'થીમ બેઝ ડ્રોઈંગ' તેમજ ધો.૧૦,૧૧ માટે 'લોગો કમ્પીટીશન' નું આયોજન કરાયું હતું.

## સરહદ ડેરી

તા.૨૬-૧૧-૨૦૧૯ના રોજ 'નેશનલ મિલ્ક ડે' હોતા ધો.૧૧ના વિદ્યાર્થીઓને સરહદ ડેરીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં વિદ્યાર્થીઓને દૂધ, દહીં,છાશ, પનીર અને ઘીની બનાવટની તમામ પ્રક્રિયા અંગેની જાણકારી અપાઈ હતી.

## બુલેટીન બોર્ડ

રાષ્ટ્રીય પ્રતીકો અને તહેવારો આધારિત બુલેટીન બોર્ડ સ્પર્ધા

શાળાકીય ઈત્તર પ્રવૃતિ અંતર્ગત નવેમ્બર માસ દરમિયાન વિદ્યાર્થીઓની આંતરિક શકિતઓને ચકાસવા તેમજ સર્જનાત્મકતાને ખીલવવા માટે ધો.૬ થી ૧૨ના વર્ગના બુલેટીન બોર્ડને શણગારવા માટેની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિષય અનુરૂપ ધો.૬ થી ૮ રાષ્ટ્રીય પ્રતીકો, ધો.૯-૧૦ માટે દેશને હાનિકર્તા પરિબળો, ધો.૧૧ અને ૧૨ માટે રાષ્ટ્રીય તહેવારો જેવા વિષયો આપવામાં આવ્યા હતા.




## ક્વીઝ

વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનની વૃદ્ધિ તેમજ તેમનામાં રહેલું સામાન્ય જ્ઞાનની ચકાસણી અર્થે ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ક્વીઝ સ્પર્ધાનું આયોજન ડિસેમ્બર માસમાં કરવામાં આવ્યું હતું.

## ગાંધી જયંતિ

રાષ્ટ્રપિતાના 'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત' સ્વપ્નને સાકાર કરવા તેમજ તેમની જન્મજયંતિના અવસરે શ્રદ્ધાંજલિ અર્પિત કરવાના હેતુથી ધો.૯ના વિદ્યાર્થીઓએ શાળાના પ્રાંગણની સફાઈ કરી હતી. તેઓને પોલિથીન તેમજ પ્લાસ્ટિકથી થતા નુકસાન અંગે સમજ અપાઈ હતી.

## રાષ્ટ્રીય પક્ષી દિવસ

શાળાના વિદ્યાર્થીઓ વિવિધ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પક્ષીઓથી માહિતગાર થાય તે હેતુથી 'રાષ્ટ્રીય પક્ષી દિવસ' અંતર્ગત ચિત્રસ્પર્ધાનું આયોજન ધો.૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના કુલ ૯૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની ચિત્રકળા પ્રસ્તુત

## કાળાડુંગરનો પ્રવાસ

ડિસેમ્બર માસથી સતત અભ્યાસ અને પરીક્ષાકાર્યમાં રત વિદ્યાર્થીઓને વાતાવરણથી બદલાવ મળે તેમજ તેઓ કચ્છની પ્રાકૃતિક સુંદરતાને માણે, સાહસિકતા કેળવાય - જેવા હેતુઓની સિદ્ધિ અર્થે ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે 'કાળા ડુંગર'નો રાત્રિરોકાણનો પ્રવાસ તા.૧૫,૧૬ ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવેલ હતો. જ્યાં તેઓએ ટ્રેકિંગ, સૂર્યાસ્તનો નજારો, ભગવાન દત્તાત્રેયની આરતી, રાસ-ગરબાની રમઝટ માણી હતી. બીજા દિવસે પ્રકૃતિના ખોળે યોગાસન તેમજ સમૂહ પ્રાર્થના બાદ 'અમૃતબિંદુ' અંતર્ગત ટ્રસ્ટીશ્રીઓના જીવનાનૂભવ સાંભળી પ્રેરણા મેળવી હતી. આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ જગવિખ્યાત 'સફેદ રણ-ધોરડો'ની પણ મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓ સાથે ટ્રસ્ટીશ્રીઓ પણ આ પ્રવાસમાં જોડાયા હતા.



## પતંગ સ્પર્ધા



વિદ્યાર્થીઓ આપણા તહેવારોને સમજે તેમજ તહેવારોથી જોડાયેલ સંદર્ભોને સમજે તે હેતુથી ધો.૬ થી ૯ તેમજ ધો.૧૧ના વિદ્યાર્થીઓ માટે 'પતંગ સ્પર્ધા'નું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલ આકર્ષક પતંગોનું પ્રદર્શન ગોઠવી વાલીગણને પણ બતાવવામાં આવ્યું હતું.

## સ્વામી વિવેકાનંદ જયંતિ

જાન્યુઆરી માસની શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિ અંતર્ગત ' સ્વામી વિવેકાનંદ જયંતી'ની ઉજવણી સ્વરૂપે ધો.૮ અને ૯ના કુલ ૩૪ વિદ્યાર્થીઓએ શ્રીરામકૃષ્ણ મંદિર, ભુજની મુલાકાત લીધી હતી. જ્યાં વિદ્યાર્થીઓને શ્રીરામકૃષ્ણ, શારદાદેવી તેમજ સ્વામી વિવેકાનંદના જીવનપ્રસંગોથી માહિતગાર કર્યા હતા. વિદ્યાર્થીઓ શ્રીરામકૃષ્ણ મિશન ટ્રસ્ટની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી પરિચિત થયા હતા.

## પ્રેઝન્ટેશન

વિદ્યાર્થીઓ કમ્પ્યૂટર તેમજ ઈન્ટરનેટ જેવા આધુનિક ઉપકરણોના સાધનોથી સુપરિચિત થાય તે હેતુથી ધો.૧૧ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે વિવિધ વિષયો પર પ્રેઝન્ટેશનની પ્રવૃત્તિનું આયોજન ડિસેમ્બર માસમાં કરવામાં આવ્યું હતું.

## જૂથચર્ચા

વિદ્યાર્થીઓ આપેલ વિષયને અનુરૂપ પોતાના વિચારોને મૌલિક રીતે રજૂ કરી શકે તે હેતુથી ધો.૯અ-બ અને ધો.૧૧ અ-બ ના વિદ્યાર્થીઓ માટે 'કમોસમી વરસાદ પડવાથી થતા લાભ અને ગેરલાભ' વિષય પર જૂથચર્ચા ડિસેમ્બર માસમાં યોજાઈ હતી.

## મહાશિવરાત્રિ

વિદ્યાર્થીઓ ધાર્મિક પર્વને જાણે તેમજ તેની સાથે જોડાયેલ સંદર્ભથી પરિચિત થાય, તે હેતુથી ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે મહાશિવરાત્રિ પર્વ પ્રસંગે ભજન તેમજ શિવપ્રસંગ અને ધૂનની સ્પર્ધા યોજાઈ હતી.

## વાર્તાલેખન

વિદ્યાર્થીઓની લેખન શક્તિ વિકસે તેમજ તેઓએ અગાઉ સાંભળેલ વાર્તા કે પ્રસંગને મૌલિક રીતે રજૂ કરી શકે તેવા ઉદેશ્યથી શાળાના ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે 'વાર્તાલેખન સ્પર્ધા'નું આયોજન ફેબ્રુઆરી માસ અંતર્ગત કરવામાં આવેલ હતું. ધો.૬ ના વિદ્યાર્થીઓએ પંચતંત્ર ધો.૭માં મિત્રતા અને ધો.૮ માટે પૌરાણિક વાર્તા જેવા વિષયો આપવામાં આવ્યા હતા.

## વસંતપંચમી



પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ આપણી પ્રકૃતિ તેમજ પ્રકૃતિ આધારિત તહેવારોને ઉજવે તે સંદર્ભે ધો.૬થી ૮ના વિદ્યાર્થીઓએ શાળાના મેદાનમાં કુદરતી વસ્તુઓથી બનતી રંગોળી તૈયાર કરી હતી. ધો.૯ના વિદ્યાર્થીઓએ શાળાના પ્રાંગણમાં આકર્ષક રંગોળી તૈયાર કરી હતી. ધો.૧૧ના વિદ્યાર્થીઓએ પણ મેદાનમાં મનમોહક રંગોળી બનાવી હતી.

## ગણિત-વિજ્ઞાન પ્રદર્શનઃ પ્રાથમિક વિભાગ



વિદ્યાર્થીઓ ગણિત-વિજ્ઞાન જેવા કઠિન વિષયોના સિદ્ધાંતોને સરળતાથી સમજે તેમજ આ વિષયોમાં તેમની રસ-રુચિ વધે તે હેતુથી તા.૨૫ અને તા.૨૬ના રોજ ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા ગણિત-વિજ્ઞાન પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૭૦ જેટલી કૃતિઓ વિદ્યાર્થીએ પ્રસ્તુત કરી હતી.

# ISRO સંસ્થા દ્વારા યોજાયેલ વિજ્ઞાન પ્રદર્શનનો અહેવાલ



માતૃશ્રી આર.ડી.વરસાણી કુમાર વિદ્યાલયના પ્રાંગણમાં તાજેતરમાં વિક્રમ સારાભાઈના જન્મ શતાબ્દી નિમિત્તે ઈસરોના મહાન વૈજ્ઞાનિકોની હાજરીમાં ત્રિદિવસીય ભવ્ય વિજ્ઞાન પ્રદર્શન તા.૧૧મી ફેબ્રુઆરી થી તા.૧૩ ફેબ્રુઆરી સુધી ખૂલ્લું મૂકવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનના પ્રથમ દિવસે એટલે કે તા.૧૧ ફેબ્રુઆરીના રોજ જિલ્લા બોર્ડર રેન્જના મહાનિરીક્ષક સુભાષભાઈ ત્રિવેદીએ આ પ્રદર્શનનું દિપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ પ્રદર્શનને સફળ બનાવવા ઈસરોના નિવૃત વૈજ્ઞાનિકો જંયતભાઈ જોશી, અંબરીશભાઈ બુચ, દિલીપભાઈ દવે, વિજયભાઈ ટંકે પોતાની અમૂલ્ય સેવાઓ આપી હતી. તો આ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં સમાજ પ્રમુખ વેલજીભાઈ પીંડોરિયા, અરજણભાઈ પીંડોરિયા, નરેન્દ્રભાઈ ગોર, ગોપાલભાઈ વેકરિયા,




લક્ષ્મણભાઈ રાઘવાણી, મનજીભાઈ વરસાણી, રામજીભાઈ સેંઘાણી, કાંતાબેન વેકરિયા વગેરે કાર્યકરો ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા.

ત્રિદિવસીય આયોજિત આ પ્રદર્શનના મુખ્ય આકર્ષણોમાં વિભાગ-૧માં ISRO સંસ્થા કાર્ય અંતર્ગત રોકેટ અને સેટેલાઈટ અંગેની DOC ફિલ્મ દર્શાવવામાં આવી હતી. તો વિભાગ-૨માં મુખ્ય વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. આ વિભાગના આકર્ષણ સમાન વિવિધ પ્રયોગોનું નિદર્શન તેમજ માહિતી શાળા સંસ્થાના વિદ્યાર્થીઓએ આપી મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.જ્યારે વિભાગ-૩માં (Meet the scientist) ઈસરોના વૈજ્ઞાનિકોને રૂબરૂ મળવાની તક દ્વારા અનેક લોકોને પ્રોત્સાહિત કરવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. વિભાગ-૪માં Live Water Rocket Launching નિહાળવા આવેલ વિજ્ઞાન રસિકોએ લાભ લીધેલ હતો. અને વિભાગ-૫માં Selfy Point મૂકવામાં આવેલ હતું. જેનો પ્રદર્શકોએ ભરપૂર લાભ લીધેલ હતો.

આ પ્રદર્શનને નિહાળવા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી મહેશભાઈ પરમાર તેમજ નાયબ જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી નિલેશભાઈ ગોર પણ આમંત્રણને માન આપી પધારેલ હતા.

પ્રદર્શનના પ્રથમ દિવસથી જ ભુજની લગભગ તમામ શાળઓ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારની વિવિધ શાળાઓએ આ પ્રદર્શનનો લાભ લીધેલ હતો. આશરે કુલ ૧૪.૪૪૮ જેટલા વિદ્યાર્થીઓ આ પ્રદર્શન નિહાળવા ઉત્સાહભેર આવેલ હતા. તો ૮૬૫૮ જેટલા વિજ્ઞાનપ્રિય લોકો પણ આ પ્રદર્શન જોવા ઉમટી પડ્યા હતા. આમ, કુલ ૨૩,૧૦૬ જેટલા લોકોએ આ પ્રદર્શનનો લાભ લીધેલ હતો.

આ પ્રદર્શનને સફળ બનાવવા ત્રણેય પાંખના ટ્રસ્ટીશ્રીઓ, શ્રી કેશરાસાહેબ પીંડોરિયાએ જહેમત ઉઠાવી હતી. તો ભરતભાઈ જોશી, રમાબહેન, નીમુબહેન, મનિષાબહેન વગેરે કાર્યકર્તાઓએ યોગ્ય સહયોગ આપ્યો હતો. આ પ્રકારના આયોજન બદલ વિદ્યાર્થીઓએ પણ પોતાના વિવિધ પ્રતિભાવો દ્વારા શાળા સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી અરજણભાઈ પીંડોરિયાએ કાર્યક્રમને શ્રેષ્ઠ બનાવવા જેમણે પોતાનો અમૂલ્ય સમય ફાળવ્યો તે વિજ્ઞાનટીમનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. આમ, સંપૂર્ણ રીતે આ કાર્યક્રમ સફળ રહ્યો જેમાં વિવિધ શાળાઓ તેમજ લોકોના સારો પ્રતિસાદ મળેલ હતો. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓ માટે ASTROSET ની પેપર કટીંગમાંથી સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવેલ હતું. ISARO સંસ્થાના આ આયોજન બદલ વિજ્ઞાનની વિવિધ પ્રવૃત્તિઓ, અકલ્પનીય સુવિધાઓ, વિજ્ઞાન આશીર્વાદરૂપ છે વગેરે જેવી બાબતોથી પણ લોકો પરિચિત થયા હતા.




## કલા મહાકુંભ -૨૦૨૦

રમત-ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ-ગાંધીનગર હસ્તકની કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરી-ગાંધીનગર પ્રેરીત જીલ્લા વિકાસ અધિકારી-ગાંધીનગર સંચાલિત કલા મહાકુંભ-૨૦૨૦નું ઉતર ઝોન કક્ષાનું આયોજન ગાંધીનગર મૂકામે કરવામાં આવેલ. જેમાં કુલ ૧૦ જિલ્લાઓમાંથી કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરનાર રાસ સ્પર્ધામાં મણિયારો રાસ ઝોન કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી રાજ્યકક્ષા માટે પસંદગી પામેલ.



સ્કુલ સ્પોટર્સ લીગ હેન્ડબોલ સ્પર્ધામાં ગુજરાત લેવલે રનર્સ અપ થઈ અને રૂ. ૭૫૦૦૦ નો રોકડ પુરસ્કાર મેળવેલ

## ઈનામ વિતરણ કાર્યક્રમ

ચાલુ વર્ષે શાળામાં અભ્યાસ કરતા બાળકો કે જેમણે વર્ષ દરમિયાન રમત-ગમત, સાંસ્કૃતિક, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, જુદી જુદી ઈત્તર પરીક્ષાઓ વગેરેમાં જિલ્લા કક્ષાએ ક્રમાંક પ્રાપ્ત કરી રાજ્યકક્ષાએ રાષ્ટ્રીયકક્ષાએ ભાગ લીધેલ હોય તેવા લગભગ ૩૯૪ જેટલા વિદ્યાર્થીઓના ત્રણ જુદા જુદા સન્માન સમારંભ યોજવામાં આવેલ.

## ધો. ૧૨ રાજ્ય બહારનો પ્રવાસ

ધો. ૧૨ ના ૮૦ વિદ્યાર્થીઓ પ્રકૃતિ અને બાહ્ય પરિસ્થિતિથી વાકેફ થાય તે હેતુસર ચાલુ વર્ષે વિદ્યાર્થીઓ માટે ધાર્મિક સ્થળો તેમજ પ્રાકૃતિક સ્થળોનું મહારાષ્ટ્ર રાજ્યમાં પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું જેમાં મુંબઈ, મહાબલેશ્વર, લોનાવાલા, શિરડી, નાસિક, ત્ર્યંબક વગેરે જોવાલાયક તેમજ ધાર્મિક સ્થળોની મુલાકાત ગોઠવવામાં આવી.
















''સૂરજ શિક્ષણધામ'' ના મુખ્ય દાતાશ્રી ભાનુબેન અરવિંદ ભૂડિયાના વરદ્ હસ્તે રમત ગમત તેમજ સહઅભ્યાસિક પ્રવૃતિમાં સિદ્ધિ પ્રાપ્ત કરેલ સંસ્થાના વિદ્યાર્થીઓનું સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.



શ્રી મણીનગર ગાદી સંસ્થાન ના સહયોગથી મુખ્યદાતાશ્રી લાલજીભાઈ સેંઘાણી માધાપરના વરદ્ હસ્તે વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી ક.લે.પ સમાજના પ્રમુખશ્રી વેલજીભાઈ પિંડોરીયા, અરજણભાઈ પિંડોરીયા, દાતાશ્રી નાનજીભાઈ પિંડોરીયા અને ટ્રસ્ટ મંડળ હાજર રહેલ.



ISRO ના મહાન વૈજ્ઞાનિકો અને ભુજ નાયબ ચેરિટી કમિશનર એન.સી.પાતળિયા સાહેબના વરદ્ હસ્તે રમત-ગમત તેમજ સહઅભ્યાસિક પ્રવૃતિમાં સિદ્ધિ પ્રાપ્ત કરેલ સંસ્થાના વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવેલ હતું. આ ઉપરાંત ISRO નાં વૈજ્ઞાનિકોએ પણ વિદ્યાર્થીઓની આ વિવિધ સફળતાને બિરદાવી હતી તેમજ તેમના કાર્યોની પ્રશંસા પણ કરી હતી તો સંસ્થા પરિવારવતી ISRO ના વૈજ્ઞાનિકોનું પણ સ્મૃતિ ચિહ્ન અપર્ણ કરી તેમનું બહુમાન કરવામાં આવેલ હતું.

*આળસ એ ગરીબીની મા છે.*
*પરિશ્રમએ સફળતાનું રહસ્ય છે.*
*વિદ્યાર્થીઓએ ક્યારે પણ આળસ કરવી જોઈએ નહીં.*

## શુભેચ્છા-વિદાયમાન

વિદ્યાર્થીઓના શૈક્ષણિક જીવનના મહત્ત્વપૂર્ણ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના બોર્ડના પરીક્ષાર્થીઓને તા.૨૪/૨/૨૦૨૦ના રોજ શુભેચ્છા તેમજ ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ કે જે પોતાના ભાવિના નિર્માણ માટે શાળાકીય અભ્યાસ પૂર્ણ કરી બાહરી સ્પર્ધાત્મક જગતના આંગણે ડગલું ભરવા જઈ રહ્યા છે તેઓ માટે વિદાયમાનના કાર્યક્રમનું આયોજન લેવા પટેલ સમાજના કોમ્યુનીટી હોલ ખાતે કરવામાં આવ્યું હતું.

ધો.૯,૧૧ના વિદ્યાર્થીઓએ ક્રમશઃ ધો.૧૦,૧૨ના વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ વડે શુભેચ્છા આપી હતી. જેમાં ધો. ૯અના લાછાણી અજય ભરતભાઈ તેમજ ધો.૧૧અના વરસાણી રવિન્દ્રએ અગ્રજ ભાઈઓને શાબ્દિક શુભેચ્છા આપી હતી. જ્યારે ધો. ૧૨ સાયન્સના ધો.૧૨અ ના વાઘાણી ધનસુખએ પોતાના સંસ્મરણો વાગોળ્યાં હતાં. ઉપસ્થિત મહાનૂભાવો લક્ષ્મણભાઈ લાલજી કેરાઈ - U.K., વાલજી પ્રેમજી કેરાઈ, સંસ્થાના પ્રમુખશ્રીઓ, દાતાશ્રી અને ત્રણેય પાંખના ટ્રસ્ટ મંડળના સભ્યો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. શાળાવતી આચાર્યશ્રી લક્ષ્મીબહેન તેમજ શિક્ષકશ્રી હેતલબહેને શાબ્દિક શુભેચ્છા આપી હતી.



## વસ્તુદાનની યાદી

| ક્રમ | દાતાનું નામ | વસ્તુદાન |
|---|---|---|
| ૧ | ગોપાલભાઈ માવજી ગોરસિયા-ભુજ | દુધી-૧૭૦ કિ.ગ્રા. |
| ૨ | લક્ષ્મણ વિશ્રામ રાઘવાણી-ભુજ | દુધી-૫૦ કિ.ગ્રા. |
| ૩ | મેપાણી હરજી કુંવરજી-માધાપર | બોર-૧૦૦ કિ.ગ્રા. |
| ૪ | દેવજી સામજી ભુડિયા-માધાપર | ઘઉં-૨૦૦ કિ.ગ્રા |
| ૫ | પ્રેમજી નારણ છાભડિયા | |
| | માવજી દેવજી વેકરીયા-માંડવી | શેરડી રસ |
| ૬ | હિરાણી મનજી મુરજી-માંડવી | બળતણ ૪ ટન |
| ૭ | ગોરસિયા ફાર્મ-બળદિયા | દુધી-૩૦૦ કિ.ગ્રા. |
| ૮ | ગોરસિયા ફાર્મ-બળદિયા | દાડમ ૧૦૦૦ કિ.ગ્રા. |
| ૯ | લાછાણી ધીરજ ગોવિંદ-માધાપર | સરગવો ૨૦ કિ.ગ્રા. |
| ૧૦ | લાછાણી ધીરજ ગોવિંદ-માધાપર | બોર ૨૦૦ કિ.ગ્રા. |
| ૧૧ | દેવજી ગોવિંદ લાછાણી -માધાપર | બોર ૧૫૦ કિ.ગ્રા. |
| ૧૨ | રાખીયા ધનજી સોનારા-માધાપર | શાકભાજી ૧૭૦ કિ. |

## STD : 12TH SCIENCE
## (H.S.C BOARD RESULT YEAR 2019-20)

| |
|---|
| Boys 20 |
| Girls 06 |
| Total 26 |

### GRADE WISE RESULT

| Grade | No. of Student |
|---|---|
| A2 | 02 |
| B1 | 06 |
| B2 | 08 |
| C1 | 07 |
| C2 | 03 |

### STREAM WISE RESULT

| Stream | Appeard | Pass |
|---|---|---|
| Science | 26 | 26 |
| School Result | | 100% |
| Kutch result | | 74.69% |
| Board Result | | 71.34% |

### TOTAL STUDENTS LIST

| No. | Name of Students | Marks | Per | Grade | Village |
|---|---|---|---|---|---|
| 1 | Halai Harsh Devji | 418/500 | 83.60% | A2 | Dahisara |
| 2 | Hirani Raghav Karshan | 403/500 | 80.60% | A2 | Mirzapar |
| 3 | Kerai Urmi Dipak | 393/500 | 78.60% | B1 | Surajpar |
| 4 | Vekariya Surya Shivji | 390/500 | 78.00% | B1 | Dahisara |
| 5 | Halai Mitesh Manji | 365/500 | 73.00% | B1 | Kodki |
| 6 | Pindoriya Minesh Arjan | 356/500 | 71.20% | B1 | Naranpar |
| 7 | Rabadiya Ashish Govind | 355/500 | 71.00% | B1 | Sarli |

### SUBJECT WISE HIGHEST MARKS

| No. | Name of Students | Subject | Marks | Village |
|---|---|---|---|---|
| 1 | Hirani Raghav Karshan | Mathematics | 93 | Mirzapar |
| 2 | Halai Harsh Devji | | | Dahisara |
| | Vekariya Surya Shivji | Computer | 89 | Dahisara |
| 3 | Halai Harsh Devji | Physics | 89 | Dahisara |
| 4 | Halai Harsh Devji | | | Dahisara |
| | Vekariya Surya Shivji | Chemistry | 83 | Dahisara |
| 5 | Kerai Urmi Dipak | Biology | 81 | Surajpar |
| 6 | Halai Harsh Devji | English | 78 | Dahisara |

## રસોઈદાનની યાદી

| દાતાનું નામ | રસોઈદાન | રકમ |
|---|---|---|
| પ્રેમજીભાઈ ધનજીભાઈ મેઘાણી-બળદિયા | રસોઈદાન | ૨૫૦૦૦ |
| કે.કે. પટેલ (કે સોલ્ટવાળા)-સામત્રા | રસોઈદાન | ૨૫૦૦૦ |
| અ.નિ. દિપેશ રાજેશભાઈ મેપાણી-સુરજપર | નાસ્તા | ૧૪૦૦૦ |
| શ્રી રામપર લેવા પટેલ સમાજ-રામપર | સમુહ લગન નિમિતે | ૨૫૦૦૦ |
| હરીશભાઈ રામજીભાઈ વેકરીયા-નારણપર | સમુહ લગન નિમિતે | ૫૫૦૦ |
| સ્વામિનારયણ મંદિર-કચ્છ-ભુજ | દ્વિશતાબ્દી મહોત્સવ નિમિતે | ૨૧૦૦૦ |
| લલીતાબેન ગોવિંદ હિરજી વોરા-માધાપર | શૈક્ષણિકદાન | ૨૦૦૦૦૦ |
| રામજીભાઈ દેવજી વરસાણી-સામત્રા | રસોઈદાન | ૨૫૦૦૦ |
| મણિનગર શ્રી સ્વામી. ગાદી સંસ્થાન -ભુજ | ઈનામ વિતરણ | ૫૦૦૦૦ |
| વિશ્રામભાઈ મનજીભાઈ ગાજપરીયા-પિયાવા માંડવી | યજ્ઞ નિમિતે | ૧૧૦૦૦ |
| અ.નિ. રામબાઈ હરજી કેશરા હાલાઈ-સૂરજપર | રસોઈદાન | ૨૫૦૦૦ |
| કચ્છ સત્સંગ સ્વામી. મંદિર-મોમ્બાસા | વસંતપંચમી નિમિતે | ૧૦૦૦૦ |
| હરિની કિશોર પિંડોરીયા-સરલી | સામાન્યદાન | ૧૨૦૦૦ |
| ભુડિયા મનિષ નારણ-માધાપર | નાસ્તો | ૧૨૦૦૦ |
| માતૃશ્રી આર.ડી.વરસાણી સ્કુલ-ભુજ કચ્છ | નાસ્તા | ૧૨૦૦૦ |
| ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ-ભુજ | રસોઈદાન | ૩૦૧૨૦ |
| વેકરીયા કપિલ લાલજી-માંડવી | રસોઈદાન | ૨૦૦૦૦ |
| વરસાણી ચંદ્રેશ/દિનેશ પ્રિયવદન-ભારાસર | સામાન્યદાન | ૫૪૯૫ |
| રામભરોસે | નાસ્તા | ૯૫૫૦ |

## માધાપરમાં થયું ૨૫૦ આર્યુવેદિક દેશી વૃક્ષોનું વાવેતર



ન માત્ર વાવેતર પણ વટ વૃક્ષ બને ત્યાં સુદી જતનનો પણ સંકલ્પ, પર્યાવરણ અને પ્રકૃતિ જતન માટે સમર્પિત સંસ્થા શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ અને ઘાયલ, બિમાર ગોવંશની સેવા માટે સમર્પિત નિલકંઠ ગૌસેવા યુવક મંડળ દ્વારા માધાપરની ફાજલ જમીનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં કેસુડો, લીમડો, પીપડો, વડ, કરંજ, આમલી, લીયાર (ગુંદી) સહિતનાં ૨૫૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. અત્યારે ઠેરઠેર બિલકુલ બિનઉપયોગી એવાં વિદેશી મુળનાં વૃક્ષ કોનોકર્પિસનાં વાવેતરની વધી રહેલી ઘેલછા વચ્ચે ધરતી માટે ફાયદાકારક અને પક્ષીઓને પ્રિય એવાં દેશી વૃક્ષોનાં વાવેતર સાથે અમુલ્ય એવાં પાણીનો બગાડ ન થાય અને વૃક્ષો ને પુરું પોષણ પણ મળે તેની ચિંતા કરી ટપક પદ્ધતિથી પાણી આપવાની ગોઠવણ સાથે આ વૃક્ષારોપણ અન્યો માટે પણ પ્રેરણારૂપ બનશે.




માધાપર લેવા પટેલ જ્ઞાતિમંડળ સંચાલિત મહિલા ઉત્કર્ષ કેન્દ્રમાં સકારાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરાય છે. હાલ કોરોનાની પરિસ્થિતિના કારણે પ્રવૃત્તિઓ સિમિત કરાઈ છે. અહીંના આ કેન્દ્ર દ્વારા દરેકને ઉપયોગી થવા પ્રયાસ કરાય છે. મહિલાઓને હુન્નર કુશળ બનાવવા સંસ્થા પ્રયત્નશીલ છે. જેના કારણે ઘણી બહેનો સમયનો સદ્ઉપયોગ અને આર્થિક ઉપાર્જન કરતી થઈ છે.

# હું પીયુ દેશ ઉડી જઈશ... નાની શી ચકલી

## (ભારાસરની રીંકલે પોતાના લગ્નની પત્રિકા ચકલીઘર રૂપે છપાવી;)

**ચકલી ઘરના રૂપમાં આ લગ્ન પત્રિકા છે તેના પર ચકલી કાવ્ય- માવજતની વિગતો લખી પ્રકૃતિ રક્ષાનો સંદેશ વહેતો કર્યો છે.**



વિશ્વમાં એક તું જ નથી માનવ, પશુ છે, પંખી છે, વનોની છે વનસ્પતિ... સ્વાર્થવશ પ્રકૃત્તિને હણતો મનુષ્ય જ્યારે કોરોના જેવા પ્રકૃત્તિ રોષને મોતરૂપે સામે જુએ છે ત્યારે શાન આવે છે... કચ્છમાંથી ગીધ, કાગડા, અને ચકલી જેવા ઘર આંગણાના પંખીઓ સાવ ઓછા થઈ ચૂક્યા છે. ભારાસરની રિંકલે ચકલીઘરના રૂપમાં લગ્નપત્રિકા છપાવી-વિતરીત કરી છે.

લખલૂંટ ખર્ચા, દેખાડા, ભભકાની ભરમાર વચ્ચે જ લગ્ન કરવા છે. કાનફાડી નાખે તેવા ફટાકડા-આતશબાજી..અહંમ પ્રદર્શનના માહોલ વચ્ચે કોઈ ભણેલો-ગણેલો યુવક કે યુવતિ પ્રકૃતિ રક્ષાના સંદેશને કેન્દ્રમાં રાખી જીવનનો અવસર ઉજવે ત્યારે નવી પેઢીની સમજ તરફ મીઠી આશા જાગી ઉઠે છે.. બાળપણથી ચકલી પ્રેમી રીંકલ ચકલી ઉછેર કરતી ઉછરી છે. ચીં..ચી..ના અવાજ તેના જીવનનો ભાગ છે એટલે ચકલીઘર પર લખેલા કાવ્યમાં ભાવવ્યકત કરે છે. પપ્પા...પપ્પા.. પરણીને, દેશ મુકી પીયુ દેશે ઉડી જઈશ ચકલીરૂપે..તું જ ઘર સુનું નહીં થાય.. મુજ રૂપે અનેક ચકલીઓ તું જ તાત પાસે આ ચકલીઓને હવે પિતા બની સાચવજો.. લગ્નમાં આવનારને પત્રિકા અપાઈ એ પણ ચકલીઘર રૂપે.. તેની દિવાલો પર ચકલી સંરક્ષણના ઉપાયો છપાવ્યા છે. એક અનોખી લાગણી જન્માવતી આ પત્રિકા સમર્પિત છે જેણે નવી પેઢીમાં પર્યાવરણ જાળવણીના સંસ્કાર રોપ્યા છે. રોપી રહ્યા છે. સિરીયાના યુદ્ધના દારૂગોળાના પ્રદૂષણે કચ્છ આવતા યાયાવર પંખી રસ્તો (રૂટ) બદલી ચૂક્યા છે. પથ્થરમાં પ્રભુ, જીવમાં શિવની આપણી વૈદિક સંસ્કૃતિ 'વસુધૈવ કુટુંબકમ્' ને વરેલી છે.. રિંકલ તેનું ઉદાહરણ છે. ચકલી દિનની શુભેચ્છા...

## માધાપરની વીરાંગનાઓનું છત્તીસગઢમાં રાજનશ્રી સન્માન

### (દુર્ગના દેશભક્ત ગ્રુપ દ્વારા ભારત માતાના જયઘોષ સાથે સન્માન સમારોહ યોજાયો)



૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભુજના વિમાની મથકની મરંમત કરનારી માધાપરની વીરાંગનાઓની શૌર્ય ગાથાથી ભારત ગૌરવ અનુભવે છે. આ શૌર્ય ગાથાનું અભિનંદન કરવા માટે છતીસગઢ રાજ્યની પુણ્યભૂમિ ચંપારણ્યમાં સ્વ.વિનય સંચેતીની સ્મૃતિમાં ૧૦ ફેબ્રુ.ના સંત રાજન શર્મા અને ચંપારણ્ય તીર્થના પ્રમુખ કમલભાઈની ઉપસ્થિતિમાં માધાપરની વીરાંગનાઓને રાજનશ્રી સન્માન વલ્લભાચાર્ય જન્મભૂમિ ચંપારણ્યમાં અપાયું હતું.

આ વર્ષનું રાજનશ્રી સન્માન મેળવનાર કાનબાઈ એસ.હિરાણી, સામબાઈ કે.ખોખાણી, પ્રેમબાઈ કે.હિરાણી, વાલબાઈ પિંડોરીયા, દેવબાઈ હરસીયાણી, વાલબાઈ કે. હાલાઈને અપાયું હતું. આ વીરાંગનાઓની સાથે શાંતાબેન ખોખાણી અને જિજ્ઞાબેન સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. તો માધાપર સ્પોર્ટસ અને પાટ હનુમાનજી મંદિરના અધ્યક્ષ પ્રવિણભાઈ ખોખાણીને રાજનશ્રી સન્માન સમારોહ સમિતિના સદસ્યોનું સ્મૃતિચિહ્ન આપી સન્માન કર્યું હતું.

# સમાજના શ્રેષ્ઠીવર્ય મુળજીભાઈ પિંડોરીયાના ધર્મપત્નીનું અવસાન



આફ્રિકા અને કચ્છમાં જેના પીઠબળથી અનેક હિન્દુ પ્રવૃત્તિઓ અવિરત રહી છે તેવાં કચ્છી દાતા અગ્રણી અને વિચારશીલ આગેવાન મુરજીભાઈ લાલજી પીંડોરીયાના ધર્મપત્ની પુરીબેનનું ૮૦ વર્ષની વયે કેન્યા નાઈરોબી ખાતે અવસાન થતાં સબંધિત વર્તુળોમાં શોકની લાગણી પ્રસરી હતી. તેઓ ચોવીસીના કુન્દનપર ગામના હતા હાલે બે પેઢીઓથી કેન્યા નાઈરોબી સ્થાયી હતા.

૧૯૮૦ના દાયકામાં લેવા પટેલ સમાજ વિશ્વવાસી કચ્છીઓના સંમેલનના ઉદ્ઘાટા એવાં પુરીબેન મિલનસાર સ્વભાવ ધરાવતા હતા. શ્રીમંત પરિવારને એક જૂટ રાખવામાં સફળ ગૃહિણી એવાં સદ્ગતના પીઠબળથી જ મુરજીભાઈ પીંડોલીયા પોતાના લાલજીભાઈ રૂડા પીંડોલીયા ટ્રસ્ટ મારફતે અનેક વિધ સેવા સામાજીક અને હિન્દુ પ્રવૃત્તિઓ સાકાર કરી શકયા હતા. પુરીબેનની પ્રેરણાથી સરહદની ગરીબ બહેનોને સિલાઈ મશીન દાન અપાયા હતા. તો મહિલા સંબંધી સેવા પ્રવૃત્તિ કેન્યામાં પણ થઈ હતી. મોટા ઘરની મહેમાનગતિ તેમના કારણે ચિરસ્મરણિય રહેતી. કચ્છી લેવા પટેલ સમાજ ભુજના કે.કે. પટેલ સુપર સ્પે. હોસ્પિટલના આયુર્વેદ કક્ષ માટે એક કરોડ રૂપિયાની સખાવત દાતા પરિવારે તેમના નામથી કરી હતી. તો લાલજીભાઈ રૂડા સ્પોર્ટસ સંકુલ ભુજ સમાજતના સખાવતી સાક્ષી છે.

પાંચ દાયકાની સખાવતી સમયરેખા ધબકતી રાખનાર પુરીબેન સોમવારે સવારે નાઈરોબી ખાતે ટૂંકી બિમારીમાં અવસાન પામ્યાના સમચાર ફેલાતાં કુન્દનપર ગામ સમગ્ર ચોવીસી અને સરહદી ગામોના સબંધિતોએ ઊંડા દુઃખની લાગણી ફેલાઈ હતી. કુન્દનપરના રવજી વેલજી કેરાઈ, વસંત પટેલ ભુજ સમાજ પ્રમુખ વેલજીભાઈ પીંડોરીયા, પૂર્વ પ્રમુખ અને મોભી આર.આર.પટેલ, વર્તમાન અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયા, મંત્રી કેશરાભાઈ પિંડોરીયા પૂર્વમંત્રી આર.એસ.હિરાણી તેમજ ત્રણેય પાંખોએ શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ પરિવારના સુખ દુઃખના સાથી ગોવિંદભાઈ ખોખાણીએ જણાવ્યું હતું કે પુરીબેનના જવાથી પરિવાર શોક સંતપ્ત છે.

# ખોડલધામ વિદ્યાર્થી સમિતિએ ૨૦૧૯ના વર્ષમાં આપી ૧૦૦ સરકારી સેવકોની ભેટ

## સરકારી નોકરી મેળવનાર ૧૦૦ તારલાઓનું ભવ્ય સન્માન



ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશનની યુવા પાંખ ખોડલધામ વિદ્યાર્થી સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૨થી સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગો ચાલી રહ્યા છે. જેનો લાભ બહોળી સંખ્યામાં યુવાનો લઈ રહ્યા છે. આ સંપૂર્ણ વર્ગોનું સંચાલન શ્રી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પીઆઈ સંજયભાઈ પાદરીયા દ્વારા કરવામાં આવી રહ્યું છે. ખોડલધામ વિદ્યાર્થી સમિતિમાંથી તાલીમ મેળવીને દર વર્ષે અનેક વિદ્યાર્થીઓ સરકારી વિભાગની પરીક્ષા પાસ કરીને નોકરી મેળવે છે. ત્યારે વર્ષ ૨૦૧૯માં સરકારી વિભાગમાં પસંદ થયેલા કુલ ૧૦૦ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોનું સન્માન કરવા માટે સન્માન સમારોહનું આયોજન ૨૨ ડિસેમ્બરને રવિવારે સાંજે ૫ થી ૮ વાગ્યા દરમિયાન રાજકોટના નાના મવા મેઈન રોડ પર આવેલા સત્યમ પાર્ટી લોન્સમાં કરવામાં આવ્યું હતું. ખોડલધામ વિદ્યાર્થી સમિતિ દ્વારા આયોજિત આ સન્માન સમારોહમાં સમાજના મહેમાનોની હાજરીમાં વિદ્યાર્થીઓની સાથે તેઓના માતા-પિતાને પણ સન્માનિત કરાયા હતા. સન્માન સમારોહમાં સાડા સાત હજારથી વધુ લોકોએ હાજર રહીને વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# અમદાવાદ સમાજનું સેવા સન્માન



કોરોના મહામારીના કપરા સમયમાં પોલીસ જવાનોને મહિનાઓ સુધી જમાડવા બદલ અમાદાવાદ લેવા પટેલ સમાજનું રાજ્ય પોલીસ દ્વારા સન્માન કરાયું હતું. સમાજ વતી રવિભાઈ પિંડોરીયાએ પ્રમાણપત્ર સ્વીકાર્યું હતું.

## લેવા પટેલ સમાજના અગ્રણી મહિલા દાતાના અવસાનથી દેશ-વિદેશમાં શોક



સમગ્ર કચ્છી લેવા પટેલ સમાજના દેશ - વિદેશના એકમોમાં જે પરિવારનું નોંધપાત્ર દાન-પ્રદાન છે તેવા ગામ સૂરજપરના હરિભાઈ કેશરા હાલાઈ (પૂર્વ પ્રમુખ, કચ્છી લેવા પટેલ સમાજ) ના દાતા પત્ની એવા રામબાઈનું ૮૮ વર્ષની વયે પૈતૃક ગામ સૂરજપર ખાતે અવસાન થતાં સંબંધિત વર્ગમાં શોકની લાગણી પ્રસરી હતી.

સમાજ અને સત્સંગમાં જેમની પ્રેરણાથી કરોડો રૂપિયાની સખાવત થઈ છે એવા પ્રેરક મહિલા અગ્રણી રામબાઈની અંતિમયાત્રામાં ભુજ સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, અગ્રણી અરજણભાઈ પિંડોરીયા, એજ્યુ.મેડિ.ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ પિંડોરિયા, સમાજ મંત્રી ગોપાલભાઈ વેકરિયા, યુવક સંઘ વતી રવજી ખેતાણી, ગામના કલ્યાણભાઈ ગોંડલિયા, મંદિર પ્રમુખ નારાણભાઈ કેરાઈ, મનજીભાઈ હાલાઈ, સરપંચ વિનોદભાઈ મેપાણી સહિત વિવિધ સંસ્થાઓના સભ્યો જોડાયા હતા.

અગ્રિમ પરિવારના સભ્યની વિદાયથી યુ.કે. લેવા પટેલ કોમ્યુનિટી પ્રમુખ વેલજીભાઈ વેકરિયા, નાઈરોબી સમાજ પ્રમુખ ભીમજીભાઈ હાલાઈ, મોમ્બાસા સમાજ પ્રમુખ ધનજીભાઈ પિંડોરીયા, મોમ્બાસાના દાનવીર હસમુખભાઈ ભુડિયા, ભુજ સમાજના ગોપાલભાઈ ગોરસિયાએ શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# ત્રણ વર્ષમાં તાન્ઝાનિયાને વર્લ્ડકપ ક્રિકેટ ક્વોલિફાય બનાવવાનો કચ્છી ચેરમેન પ્રેમજીભાઈનો સંકલ્પ

## (માદરે વતન આવેલા રાષ્ટ્રીય ક્રિકેટ કલબના ચેરમેન કહ્યું; ભારત મદદ કરે...)



કચ્છડો ખેલે ખલક મેં...વિદેશ હિજરત કરી ગયેલ કચ્છની પેઢી કાળઝાળ મજૂરી પછી વિવિધ ક્ષેત્રે પ્રગતિ પામી રહી છે. મૂળ સુખપર રોહાના અને હાલ દાર-એ-સલામ (તાન્ઝાનિયા) ક્રિકેટ એસોશિયેશન ચેરમેન ચુંટાયેલા પ્રેમજીભાઈ પિંડોરીયા હાલ માદરે વતન આવ્યા છે. તેમની સાથે લેવા પટેલ સંદેશ વાત કરી હતી.

આફ્રિકાના ૨૧ દેશો ક્રિકેટ રમે છે. જેમાં સાત દેશ આઈસીસીઆઈ સભ્ય છે. તાન્ઝાનિયા વોટીંગ સભ્ય છે. દેશમાં ફૂટબોલ ઘણી લોકપ્રિય છે. ક્રિકેટ પ્રગતિમાં છે. હાલ તાન્ઝાનિયા દેશમાં ૨૫૦૦૦ યુવાનો ક્રિકેટ રમે છે. રાષ્ટ્રને ક્રિકેટ ક્ષેત્રે પ્રગતિ કરવા મારી પસંદગી ચેરમેન તરીકે થઈ છે ત્યારે મારા કાર્યકાળના પ્રથમ ત્રણ વર્ષમાં દેશને વર્લ્ડકપ ક્વોલિફાઈ કરવાની નેમ છે તેવું કહેતાં રમતવીર એવા પ્રેમજીભાઈ પીંડોરીયાનો આત્મ વિશ્વાસ બુલંદ છે.તાન્ઝાનિયા ક્રિકેટના કોચ તરીકે હાલ કેન્યાના સ્ટીવ ટીકોલોની પસંદગી ખૂદ પ્રેમજીભાઈએ કરી હતી. આઈ.સી.સી.આઈ દ્વારા મંગાવાયેલ અરજીમાં ભારતના ધૂંઆધાર બેસ્ટમેન યુવરાજસિંહે પણ અરજી કરી હતી. તાન્ઝાનિયા સરકાર તેમને આ ક્ષેત્રમાં મદદ કરી રહી છે. ૧૨ એકર જમીન પર આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્ટેડિયમ બનાવવાનું કાર્ય પ્રગતિમાં છે. આશા એવી પણ છે કે હું જ્યારે ભારતીય તરીકે આફ્રિકન રાષ્ટ્રના ક્રિકેટ ક્ષેત્રે સર્વોચ્ચ પદે છું ત્યારે બી.સી.સી.આઈ મને મદદરૂપ થાય અને એ માધ્યમે ભારત અને તાન્ઝાનિયા રાષ્ટ્રો વચ્ચે સંબંધ મજબૂત થઈ શકે. મારા ગામના અને મિત્ર એવા વિનોદભાઈ ચાવડા મારી પ્રેરણા રહ્યા છે. તેમને પણ મેં અનુરોધ કર્યો છે. એપ્રિલમાં સાઉથ આફ્રિકાની ટુર છે. વહેલી તકે ભારતમાં પણ રમવા આવવાની ઈચ્છા છે. કોઈપણ દેશમાં આ પદે પહોંચનાર પ્રેમજીભાઈ પિંડોરીયા કચ્છ અને કચ્છીયતનું ગૌરવ છે.

# ખેતી વિષયક જમીન ગણોતધારાની જોગવાઈ મુજબ બિનખેતીના હેતુ માટે બિનખાતેદાર ખરીદી કરી શકે છે.

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ની કલમ-૬૩ એ, મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ કચ્છ ક્ષેત્ર) અધિનિયમ ૧૯૫૮ની કલમ ૮૯-એ તથા સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટ હુકમ, ૧૯૪૯ની કલમ ૫૫ હેઠળ બિનખેતીના પ્રાથમિક ઔદ્યોગિક હેતુ માટે જમીન ખરીદ કરવા બાબતે સરકારશ્રીએ જોગવાઈ કરેલ છે.

ગુજરાતમાં બિન ખેડૂત વ્યકિતએ અથવા સંસ્થા, કંપનીએ ખેતીની જમીન ખરીદ કરવા ઉપર ગણોતધારાની કલમ-૬૩ હેઠળ તેમજ સૌરાષ્ટ્ર વિસ્તારમાં સૌરાષ્ટ્ર ઘરખેડ-૫૪ હેઠળ તેમજ વિદર્ભ પ્રદેશ કચ્છ ક્ષેત્રના કાયદાની કલમ ૮૯ હેઠળ પ્રતિબંધો છે. આ અંગે મુખ્ય ઉદ્દેશ ખેતી ઉપર નભતા કુટુંબોના જીવન નિર્વાહ જળવાઈ રહે અને ખેડૂતોના હકનું રક્ષણ થાય તે હેતુ માટે ઉક્ત કાયદામાં જોગવાઈ છે.

ગુજરાત સરકાર દ્વારા ગણોતધારાની કલમ-૬૩ મુજબ મૂળ બિનખેડૂત વ્યકિત માટે ખેતીની જમીન ખરીદ કરવા ઉપર પ્રતિબંધ મૂકેલ છે અને આજ કલમ હેઠળ કલેકટરશ્રીની પરવાનગી લઈ બિનખેતી વિષયક હેતુ માટે ખેતીની જમીન ખરીદ કરવા જોગવાઈ છે. પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટે કલેક્ટરશ્રીની પૂર્વ મંજૂરી મેળવ્યા વગર પણ ખેતીની જમીન વેચાણ રાખી શકાય અને તેનું સાટાખત પણ કરી શકાય આ અંગે સરકારશ્રીએ ગણોતધારાની કલમ-૬૩ એ સૌરાષ્ટ્ર ઘરખેડની કલમ-૫૫ અને કચ્છ માટે કલમ-૮૯એ માં જોગવાઈ કરી છે પરંતુ આ જોગવાઈની શરત એ છે કે સંબંધિત ખરીદનારે દિવસ-૩૦માં કલેકટરશ્રીને નિયત નમુનામાં અરજી કરી જાણ કરવાની હોય છે. આવી અરજી કલેકટરશ્રીને મળ્યેથી તે જમીનના ટાઈટલ ચકાસીને જમીન ખરીદ કરવા પરવાનગી આપવાની હોય છે.

વધુમાં ઉક્ત કાયદાકીય જોગવાઈઓ મુજબ જ્યારે જમીન ખરીદી હોય ત્યારે તેની રેવન્યુ રેકર્ડમાં નોંધ પાડવી જરૂરી છે. તેમાં ‘ખેડૂત‘ હોવાના પુરાવા મેળવવાની જરૂરિયાત રહેતી નથી. આમ છતાં ખેડૂત ખાતેદાર હોવાના પુરાવા રજૂ ના કરવાથી આવી નોંધો નામંજૂર કરવામાં આવતી હોય છે. વધુમાં આવી જમીનોમાં જો પ્રીમિયમ ભરવાનું હોય તો તે માટેની શરતે પણ જમીનની ખરીદી કરી શકાય તેની કાયદામાં જોગવાઈ છે. આથી, મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ-૮૯ એ તથા સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોતર વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૫૫ની જોગવાઈઓ હેઠળ બિનખેતી પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટે આવી જમીનો ખરીદેલ હોય તો તે પ્રમાણેની શેરામાં નોંધ સાથે નોંધ મંજૂર/ પ્રમાણિત કરવામાં આવે તો કાયદાનો દેશ જળવાશે તથા આવી ખરીદેલ જમીન રેકર્ડ પર પણ આવી શકશે તથા શરતચેક તથી પણ આવી જમીનો સંબંધ ખેડૂત હોવાનો પુરાવો રજૂ કરવાથી ‘બિન ખેડૂત’ ને ખેડૂતના દરજ્જે ખેતીની જમીનના કિસ્સા બનતા અટકશે.

એ રીતે સૌરાષ્ટ્ર ઘરખેડ અધિનિયમની કલમ-૫૪ મુજબ ખેતીની જમીન ખરીદ કરવા બાબતે કલેકટરશ્રી પરવાનગી આપે છે અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીનના અધિનિયમ ૧૯૪૮ની કલમ-૬૩ ની જોગવાઈ તથા ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીનના નિયમો ૧૯૫૬ના નિયમ-૩૬ અન્વયેની જોગવાઈ મુજબ ઔદ્યોગિકના હેતુ માટે પરવાનગી આપવાની સત્તા કલેકટરશ્રીને છે. ઘરવિહોણા ખેત મજૂર અને પછાત વર્ગના લોકોને મકાન બાંધવા માટે શ્રી ગુજરાત રાજ્યના મહેસૂલ વિભાગના ઠરાવ નંબર એલ.એન.ડી. ૩૯૬૨-૩૯૮૫-અ તા.૧-૫-૬૩ પંચાયત અને આરોગ્ય વિભાગના પરિપત્ર ક્રમાંક જમીન ૩૦૭૨-ચ. તા.૧૧-૫-૭૨ તથા શિક્ષણ અને મજૂર વિભાગના પત્ર ક્રમાંક એમ.બી.સી.-મજૂર વિભાગના પરિપત્ર ક્રમાંક એમ.બી.સી.-મજૂર વિભાગના પરિપત્ર ક્રમાંક એમ.બી.સી. ૬૦૭૦-૪૩૨૦૮-જ તા.૩૧-૫-૭૨ તથા સરકારશ્રીના ૧-૫-૭૩ને તારીખઃ ૧૭-૧૦-૧૯૭૪ના ઠરાવ પ્રમાણે ચો.વાર ૧૦૦-૦૦ એટલે ચો.મીટર ૮૩-૬૧૩ ચો.સે.મી જમીન તેમજ શહેરી સંકુલન વિસ્તારમાં ૫૦-૦૦ ચો.મી.જમીન ઘર વિહોણા ખેત મજૂર તથા પછાત વર્ગના લોકોને ૧૯૭૨ની સાલથી અપાય છે. જેને આજે ૪૮ વર્ષ આશરે જેવો સમય થયો છે.

આ અગાઉ સરકારશ્રીએ જે આસામીઓને નવી અને અવિભાજ્ય શરતની ખેતીની જમીન પછાત વર્ગ અને ખેત મજૂરોને આપેલ તે ૧૫ વર્ષ બાદ પ્રીમિયમ ભરવાથી જૂની શરતમાં ફેરવવા સરકારશ્રીએ હુકમો કરેલ છે. તે ખૂબ જ આનંદની વાત છે જે ખરા અર્થમાં વહીવટમાં સરળીકરણ થયેલ ગણાય.

તેઓને ૧૫ વર્ષ બાદ પ્રિમીયમ ભરવાથી જૂની શરતમાં આ મિલકતો ફેરવવા સરકારશ્રી ઠરાવ કરે તો સરકારશ્રીને મોટી આવક થશે અને ખરા અર્થમાં વહીવટમાં સરળીકરણ થયેલ ગણાશે. ગુજરાત રાજ્યમાં આવા ઘર વિહોણા ખેત મજૂરોના પરિવારની સંખ્યા આશરે ૧૦,૦૦,૦૦૦ થી પણ વધારે છે. જેઓનું કલ્યાણ થશે. (સાભાર : શ્રી ખોડલધામ સ્મૃતિ)

## શ્રી કંપાલા લેવા પટેલ સમાજ યુગાન્ડા



શ્રી કંપાલા લેવા પટેલ સમાજ યુગાન્ડામાં નિર્માણાધિન સ્વામીનારાયણ કોમ્પલેક્ષમાં વૃક્ષારોપણ કરતા મણીનગર ગાદી સંસ્થાનના અ.નિ. આચાર્ય પૂ. પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજ

# સ્નાતકો માટે સિવિલ સર્વિસની IAS,IPS,IFS,IRS પરીક્ષા કસ્ટમ્સ, ઈન્કમ ટેક્સ, જીએસટી કમિશનર બનવાની તક

દર વર્ષે સિવિલ સર્વિસની પરીક્ષા દ્વારા ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (આઈએએસ), ઈન્ડિયન પોલીસ સર્વિસ (આઈપીએસ), ઈન્ડિયન ફોરેન સર્વિસ (આઈએફએસ), ઈન્ડિયન રેવન્યુ સર્વિસ (આઈઆરએસ) માં કસ્ટમ્સ, ઈન્કમટેક્સ, જીએસટી, સીબીઆઈ, ફોરેન એક્સચેન્જ, નાર્કોટિક્સમાં સીધા આસિસ્ટન્ટ કમિશનરની પોસ્ટ તથા આ ઉપરાંત બીજા ઘણા વિભાગોમાં કલાસ વન અધિકારીઓની પસંદગી કરવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરે છે. દર વર્ષે ૯૦૦ થી ૧૨૦૦ જેટલી પોસ્ટની ભરતી થતી હોય છે. દેશની અને ગુજરાતની સામાજિક, આર્થિક, ઔદ્યોગિક પ્રગતિ અને વિકાસ કરવા ઈચ્છતા દરેક ગુજરાતીઓએ અને આપણી ગુજરાતી યુવા પેઢીએ, આ વાત ગાંઠે બાંધી લેવી જોઈએ કે માત્ર પોતાની જ આર્થિક, અંગત પ્રગતિ, વિકાસ, ધંધો કે વ્યવસાય વધારવાની સાથે સાથે દેશ અને રાષ્ટ્રની, લોકોની, સમાજની સર્વતોમુખી પ્રગતિ માટે, આમ જનતાની સુખાકારી અને ભલા માટે આ અતિ ઉચ્ચકક્ષાની આઈએએસ, આઈપીએસ તથા કસ્ટમ્સ, ઈન્કમટેક્સ, જીએસટી વિભાગોમાં કમિશનર કક્ષાની પોસ્ટ માટે પણ પ્રયાસ કરવો જોઈએ. કારણ કે, મનમાં જો સમાજ અને દેશ માટે કંઈક પણ કરવાની ઈચ્છા હોય તો તે માટે આઈએસએસ, આઈપીએસ, આઈએફએસ, આઈઆરએસ ઓફિસર બનીને જેટલું લોકો અને સમાજ તથા દેશ માટે કરી શકીએ છીએ, તેટલી તક, બીજા કોઈપણ વ્યવસાયમાં કે બીજું કંઈપણ કરવાથી મળતી નથી. એટલે જે વિદ્યાર્થીઓને, લોકો અને સમાજ તથા દેશ માટેની કંઈક કરવાની ભાવના હોય, તો તેઓ માટે સિવિલ સર્વિસની આઈએએસ, આઈપીએસ પરીક્ષા આપીને સરકારમાં ઉચ્ચ અધિકારી બનીને સમાજ અને દેશની સેવા કરવાનો આ સુવર્ણ અવસર છે.

**શૈક્ષણિક લાયકાત :-** કોઈપણ ડિગ્રી અર્થાત બીએ, બીકોમ, બીએસસી, બીએમએસ, બીઈ, બીસીએ ૨૦૨૦માં ટીવાયની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પણ પરીક્ષાનું ફોર્મ ભરી શકે છે તથા ડિગ્રી પરીક્ષામાં ટકાવારીની પણ જરૂર નથી.

**વય મર્યાદા :-** વિદ્યાર્થીઓની ઉંમર તા.૧-૧-૨૦૨૦ના રોજ ૨૧ વર્ષથી ઓછી અને ૩૨ વર્ષથી વધારે ન હોવી જોઈએ. (એસસી, એસટી ૫ વર્ષ, ઓબીસી ૩ વર્ષ, શારીરિક વિકલાંગને ૧૦ વર્ષની વયમર્યાદામાં છૂટ છે.)

સિવિલ સર્વિસની પ્રીલિમિનરી પરીક્ષા મુંબઈ, અમદાવાદ, નાગપુર સહિત બધા જ મુખ્ય શહેરોમાં લેવામાં આવે છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૩-૩-૨૦૨૦ હતી જે લંબાવવામાં આવી છે.

સિવિલ સર્વિસની પરીક્ષા પદ્ધતિ :- આઈએએસ, આઈપીએસ પદે પહોંચવા માટે ઉમેદવારોએ સિવિલ સર્વિસ પરીક્ષાના ત્રણ તબક્કામાંથી પસાર થવું પડે છે. જેમાં પ્રારંભિક પરીક્ષા, મુખ્ય પરીક્ષા અને ઈન્ટરવ્યૂ (વ્યકિતગત સાક્ષાત્કાર ) આવે છે.

**(૧)પ્રીલિમિનરી (પ્રારંભિક) પરીક્ષા**

સિવિલ સર્વિસની પૂર્વ પરીક્ષામાં કુલ બે પેપર રહેશે. પહેલાં પેપરમાં જનરલ સ્ટડીસ (સામાન્ય અધ્યયન) નું ૨૦૦ માર્કનું રહેશે તથા બીજું પેપર સિવિલ સર્વિસ એપ્ટિટ્યૂડ ટેસ્ટ, સીસેટનું ૨૦૦ માર્કનું રહેશે. જેમાં અંગ્રેજી ગ્રામર, કોમ્પ્રિહેન્સન, ગણિત અને રીઝનીંગનાં પ્રશ્ન હશે. પરીક્ષામાં નેગેટિવ માર્કિંગ પણ છે. દરેક ખોટા જવાબના ૦.૩૩ માર્કસ કપાશે. કુલ ૪૦૦ માર્કની પરીક્ષા રહેશે. પરંતુ મેરીટ માટે ફક્ત પેપર ૧, એટલે સામાન્ય અધ્યયનનાં પેપરનાં માર્ક જ ગણતરીમાં લેવામાં આવશે. પેપર-૨ સીસેટ માત્ર ક્વોલિફાઈ જ કરવાનું રહેશે. જેમાં ૩૩ ટકા માર્ક લાવવાના રહેશે. કુલ ૨૦૦ માર્કનું પેપર હશે તેમાંથી ક્વોલિફાઈ કરવા માટે ૬૬ માર્ક લેવા પડશે.

**(૨) મુખ્ય પરીક્ષા**

જે ઉમેદવારો પ્રીલિમિનરી પરીક્ષામાં મેરીટ લિસ્ટમાં આવશે, તેમને જ મુખ્ય પરીક્ષામાં બેસવા દેવામાં આવે છે. મુખ્ય પરીક્ષા સપ્ટેમ્બર મહિનામાં લેવામાં આવશે. સિવિલ સર્વિસની મુખ્ય પરીક્ષામાં કુલ નવ પેપરો રહેશે અને કુલ ૧૭૫૦ માર્કની હશે, જેમાંથી બધા માટે ફરજિયાત પેલું પેપર અંગ્રેજીનું અને બીજું પેપર કોઈપણ એક ભારતીય ભાષા ઉપર હશે. આ બન્ને પેપરનાં માર્ક ફક્ત ક્વોલિફાઈ થવા માટે ૨૫ ટકા માર્ક લાવવાના રહેશે તથા આ બંને ફરજિયાત ભારતીય ભાષાના પેપરનો અભ્યાક્રમ મેટ્રિક કક્ષાનો હોય છે. બાકીના સાત પેપરમાં એક પેપરમાં નિબંધ લખવાનો રહેશે તથા કુલ ચાર પેપર જનરલ સ્ટડીસ ( સામાન્ય અધ્યયન) ના રહેશે,તથા પેપર ૮,૯ માટે કુલ ૨૫ વૈકલ્પિક વિષયો અથવા ૨૩ ભારતીય ભાષાઓમાંથી કોઈપણ એક વિષય પસંદ કરવાનો રહેશે. પસંદ કરેલ એક વિષયના પેપર-૧ અને પેપર-૨ એમ બે પેપર હશે. બધા પેપર ૨૫૦-૨૫૦ માર્કના હશે કુલ મળીને લેખિત પરીક્ષા ૧૭૫૦ માર્કસની રહેશે.

**ક્વોલિફાઈંગ પેપર :-**

પેપર-એ : અંગ્રેજી વિષય

પેપર-બી : ભારતીય ભાષા

મેરીટ લિસ્ટમાં ગણતરી કરવામાં આવતા પેપર

પેપર -૧ નિબંધ

પેપર-૨ માં ભારતીય સંસ્કૃતિ વારસો, ભારતનો અને વિશ્વનો ઈતિહાસ અને ભૂગોળનું વસ્તુ નિષ્ઠ પ્રકારનું પેપર હશે.

પેપર-૩ માં પ્રશાસન, ભારતીય બંધારણ, રાજનીતિ, સામાજિક ન્યાય અને આંતરરાષ્ટ્રીય સંબંધ.

પેપર-૪માં ટેકનોલોજી, આર્થિક વિકાસ, બાયોડાયવર્સિટી, પર્યાવરણ, સિક્યોરિટી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ.

પેપર-૫માં એથીક્સ, ઈન્ટીગ્રીટી અને એપ્ટિટ્યૂડ.

પેપર-૬ અને ૭ વૈકલ્પિક વિષયો ઉપર રહેશે.

**(૩) ઈન્ટરવ્યૂ (વ્યકિતગત સાક્ષાત્કાર):-**

જેઓ મુખ્ય પરીક્ષામાં મેરીટ લિસ્ટમાં આવે છે તેમને જ ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવે છે. તેના કુલ ગુણ ૨૭૫ છે. તેમાં મુખ્ય રીતે ઉમેદવારોની ઝડપી નિર્ણય શક્તિ, વિષયને સમજીને કામ કરવાની ઢબ, તેમની માનસિક પરિપક્વતા તથા સ્વભાવ, આ બધી બાબતોનું વિશ્લેષણ થાય છે અને તેમને પોતાની કાર્યશક્તિ, વિચારશક્તિની પરિપકવતા, ગ્રહણ શક્તિ અને પરિસ્થિતિને અનુરૂપ ઝડપી કાર્ય દક્ષતાના આધારે ગુણ મળે છે.

અંતે ફાઈનલ મેરીટ લિસ્ટમાં મુખ્ય પરીક્ષા અને ઈન્ટરવ્યૂના ગુણનો સરવાળો કરી, જેઓ ફરીથી ટોપ મેરીટમાં હોય તેમને પોતાની પસંદગીની પોસ્ટ માટે પસંદ કરવામાં આવે છે.

આ પરીક્ષાની અરજી કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ લેખકનો સંપર્ક કરવો. (સાભાર : ખોડલધામ સ્મૃતિ)

# હજારો છાત્રોના ઘડતર માટે જીવનના ૩૩ વર્ષ ખર્ચી નાખ્યા

**( કચ્છી લેવા પટેલ સમાજ ભુજની દરેક પ્રવૃત્તિમાં ઓતપ્રોત રહેનાર કેસરાભાઈ રવજી પિંડોરીયા છાત્રાવાસમાં રહેતા વિદ્યાર્થીઓના મનોવૈજ્ઞાનિક સખા બન્યા છેઃ તે કહે છે; હજારો છાત્રોએ મારું ઘડતર કર્યું છે...!)** - સાક્ષાત્કાર

થનગનતો શિક્ષિત યુવાન, દેશ-વિદેશમાં ધંધા-વ્યવસાય, નોકરીની આકર્ષક ઓફર..બધું જ હડસેલ્યું. બસ વિદ્યાર્થીઓનું ઘડતર જ મારું જીવન...તેત્રીસ વર્ષમાં સાતેક હજાર છાત્રોના ગૃહપિતા તરીકે સમાજના ઘડતરમાં નોંધપાત્ર પ્રદાન એટલી સમર્પિતતાથી આપ્યું કે જોનારને એમ લાગે કે કોઈ પગારદાર કર્મી છે. હાલ કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના મંત્રી તરીકે સંવેદનશીલ આગેવાન એવા કેસરાભાઈ સાથે લેવા પટેલ સંદેશે ગોઠડી કરી હતી.

સવાલ : ગૃહપતિ, પિતા ક્યારે બની શકે?

-પ્રશ્નને ન ટાળે, પક્ષપાત કે ભેદભાવ ન કરે તે ગૃહપિતા બની શકે.

સવાલ : આટલી સફળતાનું રહસ્ય?

-અલ્પશિક્ષિત મા-બાપના કુમારોને શિક્ષણનું વાતાવરણ જ ન હતું. છાત્રો સાથે મા-બાપના મનોવૈજ્ઞાનિક સંવેગોને સમજવાનો પ્રયાસ જ યાત્રાનું સાફલ્ય?

સવાલ : લોકો કહે છે; કુમાર શિક્ષણની ક્રાંતિમાં આપે મજબૂત સાથ આપ્યો.

લોકો લાગણી છે એટલે કહે, પણ મને સમાજસેવક બનાવનારા આર.આર.પટેલ જેવા નિઃસ્પૃહી આગેવાન છે. તેમણે મને પુત્ર તરીકે ઘડ્યો, પછી હજારો વિદ્યાર્થીઓએ મને કાર્યકર બનાવ્યો. કુમાર શિક્ષણની ક્રાંતિ હજી બાકી છે, યાત્રાનો પ્રારંભ છે.

સવાલ : કોઈ હૃદયસ્પર્શી ઘટના...

શિક્ષણ અરુચિકર લાગતું...કિશોરાવસ્થામાં તોફાન કરતા બેખોફ છાત્રો પર નિયંત્રણ કરવા ક્યારેક શારીરિક શિક્ષા કરી લેતો, તે સમયે અનુભવ નહોતો, એમ લાગતું કે માર્યાથી જ થાય.. પણ આજે એ પ્રસંગો સ્મરું છું ને મારી જાતને કહું છું કે ભૂલ હતી. છાત્રોનો મનોવૈજ્ઞાનિક સખા બન્યો..કંઈ પણ કહ્યા કે વઢ્યા વગર હજારો વિદ્યાર્થીઓનું ઘડતર કરી શકાય.. એવી ઘણી ઘટનાઓ છે કે યાદ આવતાં આજે હચમચી જાઉં છું.

સવાલ : આ ભૂમિકાનો પ્રારંભ?

-૧૯૮૭, સ્વામિનારાયણ વિદ્યાલયમાં ૧૯૯૭ સુધી ગૃહપતિ અને શિક્ષકની ભૂમિકા, ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા ભણાવ્યું. ૧૯૯૮ થી સમાજસેવામાં છું.

સવાલ : શાળાનાં પરિણામ પર છાત્રાવાસની અસર...

-સ્વામિનારાયણ વિદ્યાલયનું પરિણામ સુધારવા આર.એસ.હિરાણી તથા સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીએ મને કહ્યુંઃ છાત્રાલયનું વાતાવરણ શિક્ષણાભિમુખ બનાવ્યું, પ્રથમ વર્ષ ૯૭ ટકા પરિણામ, મારું સન્માન થયું એ દિવસ યાદ છે.

સવાલ : કાર્યકરના પાયાના ગુણ કયા?

-કાર્યભક્તિ, સમય આપો અને ઓતપ્રોત રહો.

સવાલ : છાત્રોના સાંવેગિક ઘડતર માટે શું કરવું?

- કિશોર-યુવાના સંક્રાંતિકરળ વિચારો આવેગોને અનિયંત્રિત બનાવે છે. તેવામાં છાત્રો એકાંત ટાળે, રાત્રે ગેરપ્રવૃત્તિઓ પર નજર જરૂરી, પૂરતી ઊંઘ અને તંદુરસ્ત વાતાવરણ...જાતીય પ્રશ્નોમાં ધીરજ, પ્રેમ અને પરસ્પર વિશ્વાસ...



મૂળ રામપર-વેકરાના કેસરાભાઈ બી.કોમ. પૂરું કર્યા પછી વિદેશમાં ધંધા-વ્યવસાય માટે જવાના હતા પણ કચ્છી લેવા પટેલોના સમાજમાં શિક્ષણના અભાવથી પેદા થયેલી સ્થિતિ જ્ઞાતિ વ્હાલના કારણે ખટકતી રહી અને શેષ જીવન કુમાર શિક્ષણ માટે આપી દીધું. પુત્ર આફ્રિકામાં ડોક્ટર છે. બીજો એન્જિનીયર છે. પુત્રવધૂએ વચનામૃત પર એમ.ફિલ કર્યું છે. બીજી પુત્રવધૂ એન્જિનીયર છે. ગોઠડી આગળ વધે છે.

સવાલ : આપના આદર્શો?

-સેવામાં આર.આર. પટેલ, દાતામાં કરસન પ્રેમજી ભુડિયા, નિર્ણયમાં વર્તમાન અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયા.

સવાલ : કચ્છી લેવા પટેલ સમાજ ભુજ સંસ્થા ન બની હોત તો?

-કચ્છના કણબી અલ્પશિક્ષિત રહી ગયા હોત, જાગૃતિ ન આવત, સંગઠનનો અભાવ રહેત, કલ્પના ન થઈ શકે એવું એવું આ સમુદાય સાથે હોત. પણ આભાર એ સમયના વડીલોનો જેમણે સામા પ્રવાહે જઈ સંસ્થા બનાવી, ટકાવી, તંદુરસ્ત હરીફાઈ છે, અન્ય સંસ્થાઓ પણ સમાજસેવા કરવા પ્રેરાય છે.

સવાલ : આવડો સમય કેમ આપી શકો છો?

-લોકો હજી એમ માને છે કે હું સમાજના છાત્રાલયનો ગૃહપતિ અને શાળાનો પ્રિન્સિપાલ છું. હું પૂરતો સમય આપવા પ્રયાસ કરું છું. પત્ની કાંતાનો મોટો સાથ છે. એની સમજદારી-પ્રેરણા વગર વર્ષો શક્ય ન બન્યા હોત.

સવાલ :શિક્ષણ?

-અતિ સાધારણ સ્થિતિમાં માતા-પિતાએ સ્નાતક સુધી ભણાવ્યો, તેથી આજે ગરીબ છાત્ર પ્રત્યે અનુકંપા. સ્વામિનારાયણ વિદ્યાલયમાં ભણ્યો, ત્યાં જ કર્મભૂમિ બની.

સવાલ : સમાજનો વર્તમાન વિકાસ?

-જ્ઞાતિસેવા, સાર્વજનિક સેવા બે ક્ષેત્રોમાં હરણફાળ ભરાઈ છે, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, ટેકનિકલ શિક્ષણ, કોલેજ શિક્ષણ, મેડિકલ-પેરા મેડિકલ કોર્સની નવી દિશા છે. કૃષિ ક્ષેત્રે ક્રાંતિકારી નિર્ણયો છે. સુપર સ્પેશ્યિાલિટી હોસ્પિટલના પાયા નખાઈ ચૂક્યા છે. સમાજ ફરી આર.આર. યુગમાં છે. વધુ એક ક્રાંતિ થઈ છે.

સવાલ : છાત્રોનો પ્રેમ...

-(આંખમાં ભીનાશ તરી આવી, હાથની પ્રથમ બે આંગળીની ગતિ વધી) મારી પાસે ભણી ગયેલા છાત્રો આજે દેશ-વિદેશમાં કરોડો કમાતા થયા છે. નમ્રતાથી મળે છે.

ઠપકા કે સજાનો ડંખ નથી રાખતા. પ્રેમ-સ્નેહથી આદર આપે છે ત્યારે ૩૩ વર્ષનો થાક ઊતરી જાય છે. હું કડક શિસ્તનો આગ્રહી છું. જ્ઞાતિજનો દ્વારા ક્યારેય પણ નબળા વર્તનનો પ્રતિભાવ સહન કરવો પડ્યો નથી. સહકાર મળ્યો છે. છાત્રો મિત્ર છે.

સવાલ : સમાજને સંદેશ...

-આર્થિક સમૃદ્ધિ જરૂરી છે પણ રૂપિયા કેન્દ્રી વિચાર ત્યજવાની જરૂર.. સમાજ શિક્ષણ કેન્દ્રી હોવો જોઈએ. શિક્ષણ જ દરેક સમસ્યાનો ઉકેલ છે.

છાત્ર અને છાત્રાવાસ સંબંધી એક પછી એક સ્મરણો સરતા રહે છે. કેટલાક બિંદુ ટપકે છે. અમુક અક્ષરદેહ પામ્યા છે, અમુક છૂટી ગયા છે. કેસરાભાઈએ જે કહ્યું એના એ જ શબ્દો અને ભાવ વાચક સુધી પહોંચે તેવી ચીવટ રાખી છે.તેમણે કહ્યું : છાત્રાલયમાં કોઈ એક વિદ્યાર્થી કે કર્મચારીની આપખૂદ હકૂમત ન થવી જોઈએ, શિસ્ત અતૂટ રહે તે જરૂરી.

નાની ઉંમરે આકર્ષણના પ્રશ્નોમાં પ્રેમ-સ્નેહની લાગણી જરૂરી, પણ ધો.૧૨ કે તે પછી કુમાર-કન્યા સંયુક્ત શિક્ષણ હોવું જોઈએ.

આજે કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના મંત્રી તરીકે સેવા આપતા આ આગેવાનનો આઠેય પહોર સમાજસેવાનો કેફ છે. શુભેચ્છા...

## પાસપોર્ટ વેરીફીકેશન માટે પોલીસમાં ધક્કા ખાવા નહિં

### પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ વડાની જનતાને અપીલ

**અરજદારના ઘરે આવીને ખુદ પોલીસ કામ કરશે.**

પશ્ચિમ કચ્છ જીલ્લાની તમામ જનતાને હવેથી પાસપોર્ટ વેરીફીકેશન માટે નજીકના પોલીસ સ્ટેશને ધક્કા ખાવા નહીં પડે પરંતુ ખુદ પોલીસ ફોન દ્વારા સંપર્ક કરીને ઘરે આવી વેરીફીકેશનનું કામ કરશે, અગર જો પોલીસ સ્ટેશને બોલાવામાં આવે તો, અરજદારોએ પોલીસ કન્ટ્રોલ રૂમ પર ફોન કરી જાણ કરવા પોલીસ અધિક્ષકની યાદીમાં જણાવાયું છે.

પાસપોર્ટ માટે પોલીસ વેરીફીકેશનને વાસ્તવમાં લોકો ઉપયોગી લોકાભિમુખ સેવા છે. જેથી પાસપોર્ટની પોલીસ વેરીફીકેશનની કામગીરી વધુમાં વધુ સરળ બને અને અરજદારોને પાસપોર્ટ સમય મર્યાદામાં મળી રહે તેમજ પોલીસ અને પ્રજા વચ્ચેનો વિશ્વાસનો સેતુ વધુ મજબુત થાય તથા પોલીસ પ્રજાનો મિત્ર છે. તેવું સાર્થક થાય તે માટે તમામ અરજદારઓને પાસપોર્ટ વેરીફીકેશન માટે નજીકના પોલીસ સ્ટેશનથી ફોન દ્વારા જાણ કરવામાં આવે તો પોલીસ સ્ટેશન ખાતે જવાનું રહેતું નથી. પોલીસ પોતે અરજદારને ઘરે આવીને પાસપોર્ટ વેરીફીકેશનનું કામ કરશે. અને જો કોઈ પોલીસ સ્ટેશન દ્વારા ફોનથી પોલીસ સ્ટેશનમાં આવવાનું જણાવે તો તેની જાણ પોલીસ કંટ્રોલ રૂમના ફોન નંબર.૧૦૦ તથા ૦૨૮૩૨ ૫૦૯૬૦ પર કરવા અપીલ કરવામાં આવી છે.

## ચોવીસીની પ્રતિષ્ઠિત ક્રિકેટ સ્પર્ધા માંડવી સમાજે જીતી લીધી.

(વેકરા રનર્સઅપ; વિજેતાઓને ઈનામો-ટ્રોફી અપાયા)

ચોવીસીના રમત રસીયાઓનું આકર્ષણ બનેલ સ્પર્ધાનો વિજેતા માંડવી સમાજ પ્રથમ જ્યારે ઈન્સેટમાં રનર્સઅપ વેકરાની ટીમ નજરે પડે છે.



સમગ્ર ચોવીસીના આકર્ષણનું કેન્દ્ર બનેલી માંડવી લેવા પટેલ સમાજ અને યુવક સંઘ આયોજીત ક્રિકેટ સ્પર્ધા મસ્કાના ટર્ફ મેદાન પર રમાઈ હતી. ૨ ટીમો વચ્ચેની ટક્કર રોમાંચક તબક્કે વેકરાને ૧૯ રને પછાડી યજમાન ટીમે જીતી લીધી હતી.

ટોસ જીતી પ્રથમ દાવમાં આવેલી માંડવી સમાજ ઈલેવને મહેશ શીવજી ૪૯ દડામાં ૬૦, કિરણ મેપાણી ૩૬માં ૪૦ના તોફાને નિર્ધારીત ૨૦ ઓવરમાં ૯ વિકેટના ભોગે ૧૩૪ નો સ્કોર કર્યો હતો. જવાબમાં હીરેન કેરાઈ ૩૯માં ૪૩ અને હસીન આસાણી ૩૬માં ૩૭ની વળતી લડત છચાં જીત ૧૯ રન છેટી રહી ગઈ હતી. કિરણ મેપાણીએ ત્રણ વિકેટ જ્યારે હસીન આસાણીએ બે વિકેટ ઝડપી હતી. સિઝનબોલથી રમાયેલ આ સ્પર્ધાનો આનંદ માણવા યુવાનો ઉપરાંત મહિલાઓ પણ પોતાના ગામોની ટીમના સમર્થનમાં આવ્યાં હતાં. આતશબાજીના ઉન્માદ વચ્ચે રમાયેલ ફાઈનલમાં અનેક ઈનામો જાહેર કરાયાં હતાં. બેસ્ટ બોલર ગૌતમ, બેસ્ટ બેટ જીતેશ વેકરીયા, મેન ઓફ ધ સિરિઝ શાન્તી કેરાઈ, કીપર હિરેન કેરાઈ, બોલર જીજ્ઞેશ કેરાઈ, ફાઈનલ મેન ઓફ ધ મેચ મહેશ પટેલ સહિતનાને ઈનામો જ્યારે સેવા આપનાર યુવાનોને પ્રોત્સાહનરૂપે ટ્રેકશૂટ અપાયા હતા. શૈલેશ વેકરીયા, શામજી ગાજપરીયા(કોમેન્ટ્રી), સુરેશ વેકરીયા અને હરીશ સ્કોર સેવા, એમ્પાયર નારાણ વેકરીયા, હરીશ રાબડીયા, દિક્ષિત વેકરીયા, અક્ષય હિરાણી રહ્યા હતા. યુવક સંઘ પ્રમુખ વીરજીભાઈ છભાડિયાની આગેવાનીમાં તમામ યુવાનોએ સહિયારા સાથથી આયોજન-વ્યવસ્થા સંભાળી હતી. મસ્કાના સરપંચ કીર્તિભાઈએ મેદાન માટે સહયોગ આપ્યો હતો. સમાજના પ્રમુખ માવજીભાઈ પિંડોરીયા, મંત્રી વાલજીભાઈ હાલાઈ, ટ્રોફીના દાતા અને ભુજ સમાજ સભ્ય દેવજીભાઈ છભાડિયા, ભુજ સમાજના મંત્રી ગોપાલભાઈ વેકરીયા, કાંતિભાઈ વરસાણી, ગોવિંદ હાલાઈ, રામજી સેંઘાણી, સ્થાનિક કાર્યકરો, દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. પટેલ ટ્રાવેલ્સ મેઘજીભાઈ ખેતાણીએ ૨૫ હજાર રૂપિયાનો સહયોગ જ્યારે અન્ય દાતાઓએ ૧૦,૫,૨,૧ હજારના ઈનામો જાહેર કર્યા હતા. લેવા પટેલ સંદેશ તંત્રી વસંત પટેલ, ડો.દિનેશ પાંચાણી, દેવેન્દ્ર વાઘજીયાણી સહિતના અગ્રણીઓએ ખેલાડીઓ યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર સંકલનમાં માંડવી યુવક સંઘના ઉત્સાહી યુવાન રાજેશ પ્રેમજી પીંડોરીયાએ ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. આખી સ્પર્ધા ફેસબુક સહિતના સોશ્યલ માધ્યમોમાં લાઈવ કરાઈ હતી.



# ઘરડાં મા-બાપને સાચવો, અવડાઈ ના કરશો

## પ્રેરણા પત્ર જ્ઞાતિને અર્પણ

ભાનુ પ્રેમજી ભોજા(લંડન)
કેન્ટન-હેરો

ઘણી વખત આપણા ઘરડા મા-બાપોના દુઃખદ લેખો આપણે અખબારો અને માસિક મેગેઝીનમાં વાંચીને ખૂબ જ દુઃખ અનુભવીએ છીએ કારણ કે આપણે સમયની પાછળ કેમ દોટ મુકીએ છીએ, આગળ કેમ નથી દોડી શકતા, શું આપણે આટલા બધા હૃદયવિહોણા હાર્ટલેસ(Heartless) છીએ? કે આપણા ઘરડા મા-બાપ (વાલીઓ)ને આપણાથી દૂર ધકેલી દેવાના વિચારો કરીએ છીએ. આપણે આ જગતમાં આવ્યા અને જેવા હતા તેવા આપણને પાળી-પોષીને સાચવી લીધા હતા તો શું આપણે આપણા મા-બાપ જેવા હશે તેવાને સાચવી લેવા તૈયાર નથી?

આપણને એવા વિચારો હોવા જોઈએ કે જે પરિવાર પોતાના માતા-પિતાને સાચવવા માટે અવડાઈ કરતા હોય તેને જાહેર કરીને ખુલ્લા પાડવા અને જાહેરમાં ઠપકો આપી કહેવું જોઈએ કે તમો તમારા ઉંમર લાયક માવતરને સાથે રાખોને તેનો ખર્ચ તમને ભારે પડતો હોય તો સમાજ વ્યવસ્થા કરશે, સમાજ કપડાં, દવા તેમજ જરૂરી જરૂરિયાત પૂરી કરશે, પરંતુ ખબરદાર જો તમે તમારા માવતરથી અલગ રહેશો કે અલગ કરશો તો સમાજમાં તમારું માન- સન્માન જળવાશે નહીં અને સમાજ તમને શંકાની નજરે જોશે. માટે સમજદાર યુવાવર્ગ સમાજને સાથે આપીને આગળનો નિર્ણય લેશો, આજનો યુવાવર્ગ સમજદાર અને સાહસિક છે. તેઓને આ નિર્ણય ગળે ઉતરશે. તેમાં બે મત નહીં જ હોય અને આવનાર દીકરીઓ(વહુઓ) ને બદનામ કરશો નહીં. હું તો ઘરની વહુઓને કહીશ કે તમારે શા માટે અપજશનું પોટલું લેવું જોઈએ અને તમારે ઘરમાં પતિને તે કહી દેવું જોઈએ કે આવું હીન કાર્ય મારાથી નહીં થાય કારણ કે જ્યારે ઘરના વાલીઓને વૃદ્ધાશ્રમમાં મોકલી દેવામાં આવે છે ત્યારે બદનામ ઘરની વહુઓ જ થાય છે અને કાલ ઉઠીને મારા પિયરીયા(માવતર)માં આ વસ્તુ બને તો હું ક્યા મોઢે મારા ભાઈ-ભાભીને સમજાવું? ઘરનો દરેક નિર્ણય પુરૂષો લેતા હોય છે તો ઘરની વહુઓને શા માટે અળખામણી કરવી.



મારી તો વિનંતી છે બહેનો, દીકરીઓ અને વહુઓને હિંમતથી સામનો કરો ને સાસુ-સસરા તમારા જ માવતર છે માટે તેને સાચવવા તમારી ફરજ અને જવાબદારી નિભાવો તો ઘરના વડીલ માવતરોને વૃદ્ધાશ્રમમાં જવાનો વખત નહીં આવે અને દેશમાં- સમાજમાં નવા વૃદ્ધાશ્રમ પણ નહી બને.

અરે, સ્ત્રી તો શક્તિનો અવતાર છે, અને સમર્પણની દેવી છે. હવે સમય આવ્યો છે ઘરના નિર્ણય લેતા પુરૂષોને કહી દો કે માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં મુકવાથી સમાજમાં બદનામી થશે અને તેમાં હું સહભાગી નહી થાઉં. બે ભાઈઓ જ્યારે માતા-પિતાને અલગ પાડે છે. એક ભાઈને ઘરે માતા અને બીજા ભાઈને ઘરે પિતાને રાખે તેમ કરીને તેમને શું મળશે? તે તેઓ જ જાણે, પરંતુ સમાજમાં તેની ચર્ચા થતી જ હોય છે. માટે ''જીવો અને જીવવા દો'', આવું અનુકરણ આપણા બાળકો આપણા પ્રત્યે ન કરે એવાં સંસ્કાર બીજ રોપો. સંપ ત્યાં જપ હોય ત્યાં ઈષ્ટદેવ અને પૂર્વજોના આશીર્વાદ મળતા રહે છે ને સમાજમાં માન-સન્માનથી રહી શકે. વૃદ્ધાશ્રમ તો જોઈએ જ નહીં વૃદ્ધાશ્રમ તો સમાજનું કલંક કહેવાય.

આપણા મહાન ગ્રંથોમાં કહ્યું છે કે માતા-પિતાની સેવા કરી આશીર્વાદ લ્યો અને આપણા બાળકોને શિખવો. ''જુઠું બોલવું પાપ છે, તેમ સાચું નહીં બોલવું તે મહાપાપ છે.'' માટે સાચી વાત અહીં રજૂ કરી છે. (નોંધ : આ લેખમાં મારા વિચારો છે, માટે બંધ બેસતી પાઘડી કે ટોપી પહેરી દુઃખી થાવું નહીં તેમજ બીજાને દુઃખી કરવા નહીં એવી વિનંતી.)

હે ભગવાન ! હું ક્યાં એમ કહું છું
મને મારા કર્મોનું ફળ આપી દે !
વિનંતી પણ બસ એટલી જ છે કે
મારા કર્મ કર્યા કરૂં એટલું બળ આપી દે!

નોંધ : માતા-પિતા પ્રત્યેની લાગણી ઘસાતી દેખાય છે તેવામાં મા-બાપના ઉપકારને ભાવાત્મક દઢ કરવા ભુજ કચ્છી લેવા પટેલ સમાજ કુમાર શાળાએ સરસ પ્રયાસ કરે છે જે મા-બાપ પ્રત્યે પ્રેમ ભાવના સંસ્કારી રૂપ બીજ રોપે છે જે બહુ જ આવકાર્ય છે. શાળાના શિક્ષકો અને સમાજના સૌ કાર્યકર્તાને ખૂબ ખૂબ ધન્યવાદ.

## સુખપરમાં આર્યુવેદિક ઉકાળાનું વિતરણ





કોરોના મહામારીના સમયમાં લોકોમાં રોગપ્રતિકારક શક્તિ બની રહે તે માટે સુખપર નરનારાયણ નગર, જુનાવાસ સ્વામિનારાયણ મંદિર પાસે તથા નવાવાસ સ્વામિનારાયણ મંદિર પાસે લેવા પટેલ યુવક સંઘ તથા કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા આર્યુવેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં બહોળી સંખ્યામાં પરિવારોએ લાભ લીધો હતો.

# લેવા પટેલ સમાજના સેવાકાર્યોમાં મહિલા દાતાઓનું મોટું પ્રદાન

## (તાજેતરમાં ૧૫૦ કરોડનું દાન આપનાર મોમ્બાસાના ભુડિયા પરિવારના ભાનુબેનનું ભુજ સમાજે સન્માન યોજ્યું)



કચ્છી લેવા પટેલ સમાજમાં મહિલાઓનું વિશેષ સ્થાન પ્રદાન રહ્યું છે. સત્સંગ અને સમાજના કાર્યોમાં બહેનો પણ મોટાં દાન માટે નિમિત્ત બનતા હોય છે. આવાં એક સક્ષમ નારી ભાનુબેન અરવિંદ ભુડિયા (મોમ્બાસા) નું તેમના પ્રદાન બદલ ભુજ સમાજ ખાતે સંધ્યા સભામાં વિશેષ સન્માન કરાયું હતું. તેમના હાથે છાત્ર-છાત્રાઓને પણ સન્માનાયા હતા.

ગત સપ્ટેમ્બરમાં ટપકેશ્વરી માર્ગે સમાજની દીકરી-દીકરા માટે સૂરજશિક્ષણધામ અને કન્યા રતનધામની સખાવત કરનાર મૂળ ફોટડીના હાલે મોમ્બાસા રહેતા ભુડિયા પરિવારની બહેનોના નામથી કરોડોના સંકુલ સાર્વજનિક અને જ્ઞાતિય સેવા ક્ષેત્રે અર્પણ થયાં છે. આ પરિવારના માતા મેઘબાઈના નામથી ભુજ સ્થિત લેવા પટેલ હોસ્પિટલ છે. અને અ'વાદમાં વેલીબેન કાનજી ભુડિયા છાત્રાલય ર ૩ કરોડના ખર્ચે સર્જાયું છે. આમ વિવિધ ક્ષેત્રે અબજોની સખાવત કરનાર આ પરિવારમાં મહિલાઓની પ્રેરણા ચાલકબળ રહી છે. ત્યારે હાલ માદરે વતન આવેલાં ભાનુબેન અરવિંદ ભુડિયાએ સમાજ હેઠળ ચાલતી કન્યા-કુમાર શાળા, હોસ્પિટલ, નૂતન સંકુલો, કૃષિમોલ સહિતના પ્રકલ્પોની મુલાકાત લીધી હતી અને સમાજ પ્રવૃત્તિઓથી અવગત થયાં હતાં. સમાજમંત્રી ગોપાલભાઈ વેકરીયા, એજ્યુ.મેડિ.ટ્રસ્ટના ડો. જે.કે.દબાસીયા, કાન્તીભાઈ વરસાણી, સભ્ય કાન્તાબેન વેકરીયા, મનિષાબેન પટેલ, યુવકસંઘ પ્રમુખ મનજીભાઈ પિંડોરીયા, સમાજ સંદેશના તંત્રી વસંત પટેલના હસ્તે શાલ, મોમેન્ટો અર્પણ કરાયા હતા.

કન્યા સંસ્કારધામ અને આર.ડી.વરસાણી કુમાર વિદ્યાલયના તેજસ્વી છાત્ર-છાત્રાઓને સન્માનતાં ભાનુબેને લાગણી વ્યક્ત કરી કે હવે પરંપરાગત શિક્ષણની જગ્યાએ સ્પર્ધાત્મક ક્ષેત્રો સર કરવાની દિશામાં વિદ્યાર્થીઓ મહેનત કરે, ટ્રસ્ટ પરીચય કાંતાબેન, આભાર દર્શન કંચનબેને વરસાણીએ કર્યું હતું. ગૃહપતિ ભરતભાઈ જોશીએ તેજસ્વી છાત્રોને સન્માન દાતાઓના હસ્તે કરાવ્યા હતા. શાળા પરિવારના સભ્યો જોડાયા હતા. પ્રાર્થના, કિર્તન ગવાયાં હતા. કન્યા સંસ્કારધામમાં રામજીભાઈ સેંઘાણી, ઉત્સાહી ગૃહમાતા ખૂશ્બૂબેન શિયાળવાલા સહિતનાએ સંકલન કર્યું હતું. સમાજના વર્તમાન વિકાસ અને વર્તમાન ત્રણેય પાંખોના પ્રયાસો સંદર્ભે ભાનુબેને સંતોષ વ્યક્ત કરતાં સમાજ વિકાસ કરે અમે સાથ આપશું તેવી ભાવના દર્શાવી હતી. આ પ્રસંગે હસુભાઈ ભુડિયાના ઔદાર્ય અને શ્રીમંત પરિવારના મહિલાઓની વિનમ્રતા સૌ માટે પ્રેરક હોવાની લાગણી વક્તાઓએ વ્યક્ત કરી હતી. સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, મંત્રી કેશરાભાઈ પિંડોરીયાએ દાતા પરિવારોની મહિલાઓનો આભાર માન્યો હતો.

# બ્રિટિશ કચ્છી મહિલાઓની અનેરી મદદ

## (લેવા પટેલ સમાજની પ્રેરણાથી સરહદી વાંઢોમાં રાશન કિટ આપીઃ વ્યવસાયના સાધનોય અપાશે)



માદરે વતનમાં જરૂરતમંદ વ્યક્તિઓને સેવા કરવાની ભાવના બિન નિવાસી વર્ગમાં પ્રગટ થતી રહે છે. તાજેતરમાં બળદિયા ગામના લંડનવાસી ત્રણ મહિલાઓએ કચ્છના ગામોમાં રાશન કિટ આપી હતી. સ્થિતિ નજરે જોઈ હુન્નર કુશળ કારીગરોને વ્યવસાયની સાધન કિટ આપવા નક્કી કર્યું હતું.

લંડન વેમ્બલીમાં તબીબ એવા ડો. ધનુબેન જેસાણી, વિલાસ પટેલ અને સુધાબેન માવજી વેકરીયા (કેન્ફોર્ડ) ત્રણેયે સાથે મળી ગરીબોને સ્વકમાઈમાંથી મદદ કરવા નક્કી કર્યું હતું. ઉત્તર કચ્છના ગોરેવલી, રામકૃષ્ણનગર સહિતની નાની દુર્ગમ વાંઢોમાં જઈ રાશનકિટ આપી હતી. ગોરેવલીના વાઢા ભાઈઓએ કસબ બતાવી કહ્યું; અમે કામ કરવા માંગીએ છીએ. ધંધા માટે સાધનોની કિટ મળે તો પગભર થઈ શકાય. આ વિસ્તારની મેઘવાળ બહેનો પાસે ભરત-ગૂંથણનો કસબ નિહાળી તેને પણ જરૂરી સાધનો ઉપલબ્ધ કરાવવા નક્કી કર્યું હતું.

આ મુલાકાતમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યકર શાંતિલાલ ઠક્કર અને સુખપરના રવજી ખેતાણીએ સંકલન કર્યું હતું. કચ્છી લેવા પટેલ સમાજ ભુજની પ્રેરણાથી આ કાર્ય પ્રતિવર્ષ ચાલુ રખાશે તેવું કહેતાં ભુજ સમાજના દાતા કે.કે.જેસાણીએ જરૂરતમંદ દિવ્યાંગોને ટ્રાઈસિકલ, બિમારીમાં સારવાર માટે તૈયારી દર્શાવી હતી.

# ''ઘર ઘર સમાજ, હર હર સમાજ' સાકાર કરવા આહ્‌વાન

(બળદિયા ખાતે કચ્છી લેવા પટેલ સમાજની પ્રશિક્ષણ શિબિરમાં સંગઠનની મહત્તા ચર્ચાઈ : દર ત્રણ માસે કાર્યકર મિલનનો નિર્ણય)








છેલ્લા બે વર્ષથી સામાજિક જાગૃતિને જ્ઞાતિના એક એક વ્યકિત સુધી લઈ જવા પ્રયાસરત કચ્છી લેવા પટેલ સમાજ હવે દર ત્રણ માસે સંગઠન અને જાગૃતિ મંચની બેઠકો યોજી સાતત્ય આરંભશે તેવી જાહેરાત સાથે તાલુકાના બળદિયા ગામે કાર્યકર પ્રશિક્ષણ શિબિરમાં 'ઘર ઘર સમાજ, હર હર સમાજ' સૂત્રને સાકાર કરવા આહ્‌વાન કરાયું હતું.

કચ્છી લેવા પટેલ સમાજની ત્રણેય પાંખો દ્વારા ચોવીસીના ગામોગામના સંગઠન અને જાગૃતિ મંચની સંયુક્ત પ્રશિક્ષણ શિબિરમાં સમાજના અનુભવી કાર્યકર અરજણભાઈ પિંડોરીયાએ જ્ઞાતિ ગૌરવ, જતું કરવાની ભાવના, વોટ્સએપ ફેસબુકમાં ટિપ્પણીની મર્યાદા-વિવેક સહિત સમાજના વડીલોના પ્રદાનને ન અવગણવા કહ્યું હતું. પ્રતિભાવમાં કુંદનપરના રવજીભાઈ કેરાઈએ ભોળપણ, લાલચ, દીકરીના માવિત્ર પ્રત્યેના ઉત્તરદાયિત્વ અને ખાસ અબજીબાપા, અક્ષરજીવન સ્વામી, ધનબાઈ ફઈ, ધર્મજીવનદાસજી સ્વામી જેવા મહાન વ્યકિતત્વો જે કુળમાં થયા તેનું ગૌરવ જાળવવા અપીલ કરી હતી. તેમણે સમાજમાં દીકરીઓની ઘટની સમસ્યા પ્રત્યે સૌનું ધ્યાન દોર્યું હતું.

અંજારના મેઘજીભાઈએ જ્ઞાતિમાં પરિશ્રમની ઘટતી માત્રા વધતા વ્યસન તરફ ચિંતા, માંડવીના લડાયક કાર્યકર વીરજીભાઈ છભાડિયાએ આર્થિક કારણે શારીરિક બ્લેકમેઈલ, ત્રાહિત સમાધાનો, તંત્ર દ્વારા શોષણના મુદ્દા ઉઠાવ્યા હતા. ત્રીજા સત્રના વક્તા કાંતિભાઈ વરસાણીએ સકારાત્મક વિચારો સાથે કાર્યકરના લક્ષણોની પ્રેરક ચર્ચા કરી હતી.

સમગ્ર આયોજનમાં સૂર પુરાવતાં વર્તમાન સમાજ વિકાસમાં હિંમતભેર આગળ વધતા એજ્યુ.મેડિ.ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ માવજી ગોરસિયાએ ગ્રામ્ય સમિતિઓને સક્રિય થવા આહ્‌વાન કર્યું હતું. પ્રતિભાવમાં જ્ઞાતિજનોએ કહ્યું; પરિવારને અગ્રતા આપવી જરૂરી છે. સમગ્ર સંકલનકર્તા રવજીભાઈ ખેતાણીએ મજબૂત ને સારા બનવા અને સારા ને મજબૂત કરવાથી સમાજ નવી દિશા ભણી જઈ શકશે.

પ્રારંભે રાષ્ટ્રગીત ગવાયું હતું. યુવક સંઘ પ્રમુખ મનજી પિંડોરીયા અને યુવા ટીમ, કેશરાભાઈ પિંડોરિયા તથા ત્રણેય પાંખોએ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયાના માર્ગદર્શન હેઠળ શિબિરને સફળ બનાવી હતી. હવેથી દર ત્રણ માસે પ્રશિક્ષણ વર્ગ યોજવા સર્વાનુમતે નક્કી કરાયું હતું. નકારાત્મક તત્ત્વોને એકતાથી હરાવવા સંકલ્પ વ્યક્ત કરાયો હતો. અંતમાં કેશરાભાઈ પિંડોરીયાએ તાજેતરમાં સમાજમાં યોજાયેલ કાર્યક્રમોમાં સર્વાંગી સાથ આપવા બદલ સૌનો આભાર માન્યો હતો.



વિશ્વવાસી કચ્છીઓ મુખ્યમંત્રી વિજય રૂપાણીને ભુજ ખાતે મળ્યા હતા.



સુચારુ વિમાની સેવા માટે રજુઆત કરતા યુ.કે. પ્રમુખ



મુળ ગુજરાતી બ્રિટીશ ગૃહમંત્રી પ્રિતી પટેલ સાથે કચ્છી આગેવાનો



રાજસ્થાન ખાતે વિકલાંગોના લગ્ન કરાવી આપતા ફ્રેન્ડઝ ઓફ કેરા



## દાતાના અવસાનથી સૂરજપર ગામે 'સંકટમોચક' ગુમાવ્યાની લાગણી અનુભવી



ચોવીસીના સૂરજપર ગામના દાતા વિશ્રામભાઈ મૂળજી હાલાઈનું ૮૫ વર્ષની વયે અવસાન થતાં ગામે સંકટમોચક દાતા ગુમાવ્યાનું દુઃખ અનુભવ્યું હતું. પ્રાર્થનાસભામાં આવી લાગણી વ્યક્ત થઈ હતી.

જ્યારે સૂરજપર સ્મશાન ટ્રસ્ટ પાસે પાંચ રૂપિયા બેલેન્સ હતી એ કાળે ૧૫ હજાર રૂપિયા, ગામ સમાજનું કામ નાણાંના અભાવે અટક્યું ત્યારે અને ગૌરક્ષણ હોય કે શિક્ષણ ટ્રસ્ટ જ્યારે જ્યારે સંસ્થાઓના કામ ફંડ વગર ધીમા પડયા ત્યારે ત્યારે 'સંકટમોચક' તરીકે સાથ આપનારા વિશ્રામબાપા હતા, તેવી ભાવનાત્મક લાગણી સૂરજપરના અગ્રણી અને દાતાના વિશ્વાસુ એવા કલ્યાણભાઈ ગોંડરીયાએ પ્રાર્થનાસભામાં કરી હતી. સદ્‌ગતનું તા.૫/૨ના અવસાન થયું હતું. ભુજની લેવા પટેલ હોસ્પિટલમાં પ્રારંભે ડાયાલિસીસ વિભાગ તેમના દાનથી છે, જ્યારે આઈ.સી.યુ વિભાગ ઉપરાંત પ્રતિ વર્ષ ગરીબ દર્દીઓ માટે તેમના મૂળજી દેવરાજ ટ્રસ્ટમાંથી ૭ થી ૮ લાખ રૂપિયા ગરીબ દર્દીઓ માટે વપરાતા હોવાનું મોભી આર.આર. પટેલે કહેતાં વિશ્રામબાપાને યુવાનો માટે પ્રેરક ગણાવ્યા હતા. અરજણભાઈ પિંડોરીયાએ કહ્યું કે, ભુજ સમાજે એક આધારભૂત દાતા ગુમાવ્યા છે. પ્રાર્થનાસભામાં આર.એસ. હિરાણી, સૂરજપર મંદિર પ્રમુખ નારાણભાઈ કેરાઈ સહિતના અનેક સંસ્થાઓના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજની ત્રણેય પાંખોએ શ્રધ્ધાંજલિ અર્પી હતી.



કેન્યન રાજકીય નેતા રોઈલા ઓડીંગાએ સહજાનંદ ફિડીંગ સેન્ટર મોમ્બાસાની મુલાકાત લઈ ઉદ્યોગપતિ હસમુખભાઈ ભુડિયાને સેવા કાર્યો માટે બિરદાવ્યા હતા. તસવીરમાં હસમુખભાઈના ધ.પ. પુષ્પાબેન વિકલાંગ બાળકો સાથે મિરેકલ ગાર્ડન મોમ્બાસા ખાતે દ્રષ્ટીગોચર થાય છે.

# લેવા પટેલ નર્સિંગ કોલેજનો સંકલ્પ સમારોહ યોજાયો
# નર્સિંગ વ્યવસાય એટલે દયા, કરુણા, સમભાવ





નર્સિંગ વ્યવસાય દયા, કરુણા અને સમભાવનું પ્રતીક છે, પરિચારિકા બહેનોએ દર્દીને પ્રસન્નતાનો ચેપ લગાડી સાજો કરવાનો છે તેવા વિચારો સાથે કચ્છ યુનિ.ના વાઈસ ચાન્સેલર દર્શનાબેન ધોળકિયાએ છાત્રાઓને દીપ સંકલ્પ લેવડાવ્યો હતો.

મેડિકલ, પેરા મેડિકલ નર્સિંગ જ એક એવો કોર્સ છે કે જેમાં દીપ સંકલ્પ લેવડાવાય છે. પ્રથમ વર્ષની તેમજ ડિપ્લોમામાંથી ડિગ્રી કોર્સ તરફ પ્રગતિ કરનાર છાત્રાઓને ડો.મહાદેવ પટેલે આવકાર્યા હતા. યુનિ.ના વાઈસ ચાન્સેલર દર્શનાબેન ધોળકિયાએ જાતને ભૂલી શકે એ બીજાની સેવા કરી શકે તેમ કહી દીકરીઓને પ્રેરક પ્રવચન કર્યું હતું. એજ્યુ. મેડિ. ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયા, સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, દાતા દેવશીભાઈ હાલાઈ, મંત્રી ગોપાલભાઈ વેકરિયા, યુનિવર્સિટીના ડિન પ્રો. પુરુષોત્તમ હિરાણી તથા નર્સિંગ કોલેજના સામાજિક ઈન્ચાર્જ કાંતાબેન વેકરિયાએ એક પછી એક છાત્રાઓને મીણબત્તી પ્રજ્વલિત કરી સંકલ્પ લેવડાવ્યા હતા. આ પ્રસંગે છાત્રાઓના વાલીઓ સંબંધીઓએ ઉપસ્થિત રહી કારકિર્દીના સોપાને શુભેચ્છાઓ આપી હતી.

પ્રારંભે 'લેમ્પ' નો ઈતિહાસ પ્રાર્થના, આવકાર ગીત-નૃત્ય તથા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયા હતા. કોલેજના આચાર્ય પુનિત ગંગાવતે સૌને આવકાર્યા હતા. સંસ્થામાં નવમી બેચ જીએનએમ અને દ્વિતીય બેચ બી.એસ.સી. નર્સિંગની પ્રગતિમાં હોવાનું પ્રા. કાન્તાબેને જણાવી પ્રગતિનો ચિતાર આપ્યો હતો. સંસ્થા કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ સંચાલિત છે અને ત્રણેય પાંખના સભ્યોની રાહબરી હેઠળ પ્રગતિમાં હોવાનું મંત્રી કેશરાભાઈ પિંડોરીયાએ જણાવી શુભેચ્છા પાઠવી હતી.

## કચ્છી દાતાઓએ ત્રિપુરામાં કન્યા છાત્રાલય બંધાવ્યું






ગોપાલભાઈ ગોરસીયા દ્વારા પ્રતિવર્ષ ગરીબ અને જરૂરતમંદોને શિક્ષણ અને આરોગ્યમાં મદદ કરાતી રહી છે. તેઓ પ્રતિવર્ષ ઉત્તર પૂર્વના રાજ્યોમાં ગરીબોની સ્થિતી સુધારવા પ્રયત્નશીલ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સાથે રહી કાર્ય કરે છે.

ન માત્ર પોતાના સમાજ માટે પણ જ્યાં જ્યાં વધુ જરૂર છે, ત્યાં પહોંચવું જરૂરી..તેવા સંદેશ સાથે કચ્છી લેવા પટેલ સમાજ ભુજના દાતારો દ્વારા પૂર્વાંચલના શિક્ષણ વિકાસ માટે કરોડોની સખાવતો છેલ્લા દાયકાથી આરંભાઈ છે. તાજેતરમાં ત્રિપુરા ખાતે કન્યા છાત્રાલયનું ઉદ્‌ઘાટન થયું હતું.

કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ કે જેની હિંમતથી ભુજમાં બસો કરોડના અંદાજીત ખર્ચે કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના પાયા નંખાયા છે તે આગેવાન દાતાએ ત્રિપુરા, મણિપુર રાજ્યોમાં વસતા ગરીબ ભારતીયોના શિક્ષણ માટે આવકનો મજબુત ભાગ કાઢી સાચા અર્થમાં 'ધર્માદો' સાકાર કર્યો છે. ગોરસિયા એજ્યુકેશન સોસાયટી હસ્તે ગોપાલભાઈ અને ગોવિંદભાઈ બંધુઓ, આફ્રિકાના ઉદ્યોગપતિ દાતા કે.કે.પટેલ (કે-સોલ્ટ)ના આર્થિક સહયોગથી સ્થાનીય શાંતિનિકેતન વેલફેર સોસાયટી દ્વારા ત્રિપુરામાં ગ્રામ્ય વિસ્તારમાં કન્યા છાત્રાલયનું સર્જન કરાયું છે. ત્રિપુરામાં હિન્દુસમુદાય ખૂબ જ ગરીબ સ્થિતિમાં જીવન જીવે છે. મહેનત કરવા છતાં સંતાનોને ખાવા માંડ પૂરૂ મળે છે. આવા પરિવારોનો શિક્ષણનો ભાર હળવો કરવા પ્રયત્નશીલ છે. ઉત્તર પૂર્વના વિસ્તારોમાં આ કાર્યથી ગુજરાતની સુગંધ વધુ પ્રસરી છે.

# મોમ્બાસામાં બનશે કચ્છી લેવા પટેલોનું નૂતન સમાજ સંકુલ

**(વિશ્વ સમાજોની બેઠકમાં પ્રમુખ ધનજીભાઈ પિંડોરીયાની જાહેરાત : ૧૦ એકર ભૂમિ ખરીદાઈ )**





જેને વિશ્વનો સૌપ્રથમ સમાજ હોવાનું સન્માન છે એવા કચ્છી લેવા પટેલ મોમ્બાસા સમાજનું નૂતન સંકુલ બનશે. ૨૦૨૧ એપ્રિલમાં ઉદ્‌ઘાટન થવાની સંભાવના. આ સબબની માહિતી મોમ્બાસા ખાતે એક બેઠકમાં સ્થાનિક પ્રમુખ ધનજીભાઈ પિંડોરિયાએ આપી હતી. મુખ્ય દાતા હસમુખભાઈ ભુડિયા છે.

કચ્છીઓની હિજરતનું કેન્દ્ર રહેલા મોમ્બાસામાં ૧૯૪૬માં વિશ્વનો પ્રથમ કચ્છી લેવા પટેલ સમાજ બન્યો હતો. અસ્મિતાના પ્રતીક સમી આ મૂળ ઈમારતને કાયમી રાખી નૂતન સંકુલ માટે સ્વામિનારાયણ એકેડેમી પાસેની ૧૦ એકર ભૂમિ ખરીદાઈ છે. જેમાં નવ એકર મંદિરની પ્રવૃત્તિઓ, પાર્કિંગ માટે જ્યારે એક એકરમાં મોમ્બાસા સમાજ માટે છે જેમાં વિવિધલક્ષી સમાજ હોલ બંધાશે. નૂતન સંકુલમાં હાઈસ્કૂલ, આંતરરાષ્ટ્રીય કક્ષાનું રમતગમત સ્ટેડિયમ બનાવવાનું પણ વિચારાધીન છે.

કલ્યાણ મૂરજી આસાણીએ મોમ્બાસા સમાજની મેડિકલ સ્કીમ અને સ્થાનીય લોકોના આરોગ્ય સેવાની વિગતો આપી હતી.યુગાન્ડા સમાજ-મંદિરની વિગતો આપતાં ચેરમેન પરબત ભીમજી સિયાણીએ કહ્યું કે, યુગાન્ડામાં વસતા ૨૩૦૦ કચ્છીઓને હસમુખભાઈએ દત્તક લીધા છે એ તેની મહાનતા છે. જમીન પર મંદિરનું કામ પ્રગતિમાં છે. સ્કૂલના બે માળ પૂર્ણ થઈ ગયા છે. હોસ્પિટલ અને આવાસ ફ્લેટ પણ બનાવાશે. જ્ઞાતિજનોને પડતર ભાવે જ્યારે કંપનીઓને ૧૫ ટકા નફા સાથે ફ્લેટ વિતરિત કરાશે. મંદિર નિર્માણમાં ભુજ સ્વામિનારાયણ મંદિરના મંહત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી, પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. આખાય સંકુલનું સ્વામિનારાયણ કોમ્પલેક્ષ નામકરણ કરાયું હોવાનું પરબતભાઈએ કહ્યું હતું.

ભુજમાં કે.કે.પટેલ સુપર સ્પે. હોસ્પિ.ભુજ સમાજની શૈક્ષણિક, આરોગ્ય, સેવાકીય, કૃષિ ઉત્થાન સહિત નૂતન સંકુલ પ્રગતિની વિગતો કચ્છી લેવા પટેલ સમાજ ભુજ મેગેઝીનના તંત્રી વસંત પટેલે આપી હતી. સમાજના ઉપપ્રમુખ માવજીભાઈ રાબડિયા અને મંત્રી ગોપાલભાઈ વેકરિયાએ હસુભાઈ ભુડિયા અને મોમ્બાસા સમાજ તથા જ્ઞાતિજનોના સાથને ભુજ સમાજ ક્યારેય નહીં ભૂલે એમ કહી આભાર માન્યો હતો. આ બેઠકમાં અ'વાદ સમાજનો રિપોર્ટ ઈશ્વર પૂંજાણીએ આપતાં દીકરી-દીકરાના ઉચ્ચ શિક્ષણ, હોસ્ટેલ, કુમાર હોસ્ટેલ તથા ઉતારા આવાસ વ્યવસ્થાની વિગતો આપી હતી. આ બેઠકમાં મોમ્બાસા સમાજના કારોબારી સભ્યો હાજર રહ્યા હતા. કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે.ના 'ઈન્ડિયા ગાર્ડન' પ્રોજેક્ટનો ચિતાર આપતાં પ્રમુખ વેલજીભાઈ વેકરિયાએ નોર્થહોલ્ટ સંકુલની પ્રવૃત્તિઓ, સ્થાનિક મંદિરો સાથે મળી એકમેકને સહકારથી આગળ વધવા, ભુજ સમાજનું માર્ગદર્શન, સ્થાનીય પ્રશ્નોની છણાવટ કરી હતી. ઈન્ડિયા ગાર્ડન પ્રોજેક્ટ કન્વીનર માવજીભાઈ વેકરિયાએ કહ્યું, નૂતન સંકુલ માટે ફંડ ઊભું કરવા મહાવિષ્ણુયાગનું આયોજન વિચારાયું છે. એમાં દેશ-વિદેશના બધા સમાજો એકસાથે એક સમયે આહુતિ અર્પી ઐક્ય બતાવે તેવી અપીલ કરી હતી.

વિશ્વ પ્રોજેક્ટોની માહિતી આપતાં કચ્છી દાનવીર હસમુખભાઈ ભુડિયાએ કહ્યું, સૌ સાથે મળી સર્વ જીવ હિતાવહ માટે કામે લાગી જાઓ. ભુજમાં કન્યા રતનધામ અને સૂરજ શિક્ષણધામનું શિક્ષણનું શ્રેષ્ઠ હબ બનાવવા આહ્‌વાન કર્યું હતું. નાઈરોબી, કિસુમુ, એલ્ડોરેટ, મેરૂ, સિસલ્સ, તાન્ઝાનિયા સહિતના કેન્દ્રોમાં સમાજના માધ્યમે થઈ રહેલી પ્રવૃત્તિઓની નોંધ લેવાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મોમ્બાસા સમાજ સ્થાપનાના ૭૫ વર્ષ ઊજવી ઐતિહાસિક નિર્ણયો કરશે. આ બેઠકમાં 'એક સમાજ' નો સંકલ્પ લેવાયો હતો. વૈશ્વિક સમાજની પ્રવૃત્તિઓ સંકલિત કરવા એક ટી.વી. ચેનલ શરૂ કરવા પણ સૂચન મૂકાયા હતા.

# દરેક મહિલાએ પગભર થવું જ જોઈએ....

## (કલર કામને વ્યવસાય બનાવનાર માધાપરના મહિલાઓ કહે છે; કોઈપણ કામ નાનું નથી હોતું)

પટેલ ચોવીસીના બળદિયા, કેરા, મીરઝાપર અને માધાપરમાં પટેલ જ્ઞાતિની મહિલાઓ ખેતમજૂરી, કડિયાકામ ઉપરાંત કલરકામ કરી રહી છે. કલરકામ કરતી મહિલાઓની વાત કરીએ તો પટેલ ચોવીસીમાં અંદાજે ૧૫૦ થી ૨૦૦ જેટલી મહિલાઓ હાથમાં પીંછી રોગાન કામ રહી છે. માધાપરમાં નાના-મોટા સાતથી આઠ મહિલાઓના આવા ગ્રુપ છે જેમાં અંદાજે ૫૦ થી ૬૦ બહેનો કોઈપણ જાતના ડર કે સંકોચ વિના ઉંચી ઈમારતો-મંદિરના ગુંબજો રંગવા હોય તો બે દોરડા પર લટકતા પાટિયા 'ઝુલા' પર બેસીને કામ આટોપી લે છે.

આ ક્ષેત્રમાં કામ કરતી અનેક મહિલાઓએ વીમો ઉતરાવ્યો હોવાથી વીમા કંપનીઓ અને સૌથી જોખમી કક્ષાનું કામ માને તેવું તેઓનું કહેવું છે.

કલર કામ કરતી મહિલાઓના જૂથમાં સૌથી જૂના જાણીતા એવા વેલુ માસીએ આજથી ૩૭ વર્ષ પહેલાં આ વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું. આજે ૬૨ વર્ષની વયે પણ યુવાનને શરમાવે તેવી રીતે ઉંચી ઉંચી દિવાલોને પીંછીના લસરકાથી રંગીન બનાવી દેતા વેલુબેન લક્ષ્મણ વેકરિયાએ જણાવ્યું હતું કે, એકદમ નાની વય મજૂરી કામ બાદ કંઈક નવું કરવાનું સુઝતાં અંદાજે ૩૭ વર્ષ પહેલાં કલરકામ કરવાનું શરૂ કર્યું ત્યારે રોજની મજૂરી ૧૮ રૂપિયા મળતી. તે સમયે મારી સાથે નાનુબેન ગોપાલ હિરાણી પણ જોડાયા. વેલુબેને વધુમાં ઉમેર્યું કે, કામ મળતાં અનેક મહિલાઓ મારી સાથે જોડાઈ. તેઓના અનુભવ વધતાં અને હાથ બેસી જતાં પોતાની રીતે સ્વતંત્ર ગ્રુપ બનાવી કામ કરતી થઈ ગઈ છે. આમ મહિલાઓના આ જનકગુરુએ અનેકને માર્ગદર્શન આપી કામ કરતી કરી છે.

માત્ર ત્રણ ચોપડી ભણેલા વેલુ માસીનું કહેવું છે કે, દરેક મહિલાએ પગભર થવું જ જોઈએ. કોઈપણ કામ નાનું નથી હોતું ખરાબ કામ કરવાથી ઈજ્જત જાય. બાકી હાથ મહેનતથી ઈજ્જત વધે છે. વેલુબેનની સાથે જ મળી ગયેલા ૫૪ વર્ષીય કાંતાબેન સુરેશ વેકરિયા છેલ્લા ૨૫ વર્ષથી આ કામ સાથે જોડાયેલા છે તો ૧૫ વર્ષથી કલરકામ કરતાં ૪૫ વર્ષીય હંસાબેન ભીમજી ભુડિયાનું પણ કહેવું છે કે, કામ તો કરતું જ રહેવાય.

ધો.૯ સુધી અભ્યાસ કરનારા અને છેલ્લા ૧૪ વર્ષનો અનુભવ ધરાવતાં ૪૨ વર્ષીય અમૃતબેન ભુડિયાની ટીમમાં ૯ સભ્યો છે. કામનો ઠેકો લીધા બાદ રોજ સવારે ઘોડા-પાટા, કલરના ડબ્બા-પીંછીઓ સાથે સાઈટ પર પહોંચી મંડી પડવું. આ જ રોજનો નિત્યક્રમ. અમૃતબેનનું કહેવું છે. મોંઘવારી માઝા મૂકી રહી છે ત્યારે આર્થિક રીતે ઘરમાં મદદરૂપ થવા દરેક મહિલાએ પોતાની ક્ષમતા-કુશળતા મુજબ કામ કરવું જોઈએ. પોતે આ કામમાં માસિક ૨૦ થી ૨૫ હજાર રળી લેતાં હોવાનું જણાવ્યું હતું.

૩૯ વર્ષીય દક્ષાબેન ધીરજ વેકરિયાએ જણાવ્યું કે, ૧૩ વર્ષ પહેલાં આ કામ શરૂ કર્યું. એનાથી પહેલા કડિયાકામ કરતી. આર્થિક મજબૂરીના લીધે કામ શરૂ કર્યું હતું. તેમના પતિ કડિયાકામ કરે છે અને પોતે કલરકામ. વર્ષો પૂર્વે પતિ-પત્નીએ મજૂરી કરીને એક નિશ્ચિત મૂડી એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો જે સિદ્ધ થઈ ચૂક્યો છે હાલ તે પૂંજી બેન્કમાં ફિક્સ હોવા છતાં તેને કામની ટેવ પડી ગઈ હોવાથી સહકામદાર મહિલા સહેલીઓ વિના મજા ન આવતી હોવાનું જણાવી આનંદપૂર્વક કામ કરતી હોવાનું જણાવ્યું હતું. ૧૨ પાસ ભુડિયા જશુબેન વિનોદ બે દાયકાથી આ ક્ષેત્રમાં છે. તેઓ પોતાની માતા રતનબેન સાથે કામ જવાની શરૂઆત કરી હતી. સવા બે વર્ષની છોકરીને ઘરે મૂકી કલરકામ કરવા આવેલી ૨૯ વર્ષીય ૧૨ પાસ દક્ષાબેન જયેશ ભુડિયાએ જણાવ્યું કે,ઘર પરિવારના સહકાર થકી કામ કરી શકાય છે.

### પટેલ મહિલાઓને ખુમારી અને હિંમત વારસામાં મળી..

માધાપર અને આસપાસની મહિલાઓની ખુમારી અને હિંમત તેમને વારસામાં મળી છે. ૧૯૭૧ના યુદ્ધમાં પાકિસ્તાને ભારત પર આક્રમણ કર્યું અને તક જોઈ ભુજ એરફોર્સ સ્ટેશન પર બોમ્બ ઝીંક્યા જેથી રન-વે તહેસ-નહેસ થઈ ગયો. હવે જો તાત્કાલિક રન-વે રિપેર ન થાય તો ભારતીય વિમાનો પાકિસ્તાનનો જડબાતોડ જવાબ આપવા ઉડી શકે નહીં. રાતોરાત રન-વે બનાવવા અધિકારીઓ કડિયાઓને મળ્યા. પણ પુરુષ કારીગરોએ ભયના માર્યા ના પાડી દીધી. ત્યારે માધાપરની વીરાંગનાઓ આગળ આવી. જાનના જોખમે મજૂરી કરી રાતો-રાત રન-વે તૈયાર કરી આપ્યો. આ જ ખુમારી અને હિંમત પટેલ જ્ઞાતિની મહિલાઓમાં તેમને વારસામાં મળી હોવાથી આજે પણ હિંમતભેર ખેત મજૂરી કડિયાકામ અને કલરકામ તેમજ અન્ય ક્ષેત્રમાં પણ પોતાનું કૌશલ્ય દેખાડી આગળ વધી રહી છે.

### નારી મુક્તિનો પહેલો ઉદ્‌ઘોષ ૧૬૩ વર્ષ પહેલાં ગુંજ્યો'તો

૧૮૫૭ની ૮ મી માર્ચનો દિવસ. ન્યૂયોર્કમાં આવેલી કાપડની મિલોમાં કામ કરતી કામગાર મહિલાઓએ વધુ વેતન અને ઓછા કલાકમાં કામ કરવાની માગણી સાથે દેખાવો કર્યા. એ સમયે મહિલા કામદારો પાસેથી ૧૫-૧૬ કલાકનું કામ લેવાતું હતું અને પગાર સાવ ઓછો હતો. એમની નોકરીનો સમય ૧૦ કલાક રાખવાની માગણી હતી. દુનિયાભરમાં એ મહિલાઓનો પહેલો દેખાવ હતો. એ સમયના ટ્રેડ યુનિયનોએ પણ એમને ટેકો આપ્યો. બીજા કોઈ ટેકાના અભાવે પોલીસે દમનચક્ર દ્વારા એ આંદોલનને કચડી નાખ્યું. પરંતુ મહિલા ઈતિહાસમાં એ આંદોલને કાયમી છાપ છોડી. આ પ્રથમ સંગઠિત પ્રદર્શનમાં જ મહિલા આંદોલનને પ્રેરણા માનીને ૮મી માર્ચના દિવસને કાયમ માટે 'આંતરરાષ્ટ્રીય મહિલા સંઘર્ષ દિવસ' તરીકે મનાવાય છે. સ્ત્રીઓની સમસ્યાઓના ઉકેલ માટે આજે તો બંધારણીય અધિકારો પણ મળેલા છે. મદદ માટે અદાલતો અને કાયદાઓ પણ છે. આ સિવાય પણ નારી મુક્તિ આંદોલનને વેગ આપવા માટે જુદી-જુદી ભાષાઓમાં મહિલા સામયિકો પણ પ્રગટ થાય છે. આ રીતે એકસોને ત્રેસઠ વરસથી ચાલી આવતી નારી મુક્તિ લડતને વેગ આપવા દર વર્ષે ૮ મી માર્ચ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ને સાર્થકરૂપ આપવા વિવિધ રીતે ઉજવણી થાય છે.

# આફ્રિકામાં પૂરગ્રસ્તોને બચાવવા ઝઝૂમનાર કચ્છી મહિલા

**(કચ્છમાં જેણે કારનું સ્ટીયરિંગ નહોતું પકડ્યું એવાં પુષ્પા ખીમજી પીંડોરીયાએ ચાર-ચાર હેલિકોપ્ટર સાથે રાહતકાર્ય પાર પાડ્યું: આફ્રિકન કબીલાઓની મહિલાઓનાં જીવનમાં પરિવર્તનની ગાથા)**



પુષ્પા....સબાકી કોસ્ટમાં પાણી ફરી વળ્યાં છે..તપાસ કર.. નાઈરોબીથી કે. સોલ્ટના હસ્મિતા મેડમનો કોલ આવ્યો, ભારે વરસાદ હતો. હાથી રિવરનું પાણી ૭૦-૮૦ કિ.મી.ના દક્ષિણ પૂર્વી તટ ફરી વળ્યું હતું. જળબંબાકાર હતો. પશુઓ તણાયા, ઊંચા વિસ્તારમાં લોકો એકત્ર થયા હતા. સેંકડો લાશો તરતી હતી. સ્થાનિય ધારાસભ્ય મિ.માઈકલે કહ્યું: સરકારની ટીમ છે, ચાર હેલિકોપ્ટર છે. પણ વિસ્તારનો ભોમિયો ન હોવાથી રાહતકાર્ય થઈ શકતું નથી. લોકો છે પણ પરિવારને છોડવા તૈયાર નથી, વિશ્વાસનો અભાવ છે..પુષ્પા બોલી, હું સંકલન કરીશ..હજારો લોકો બચી ગયા...!

અસાન્ટા સાના..આફ્રિકન સ્થાનિયો જેને તારણહાર માને છે તે દીકરી કચ્છી છે. ૨૧ વર્ષથી કેન્યાના પૂર્વી દરિયાઈ તટને કર્મભૂમિ બનાવી છે. સબાકી કોસ્ટમાં મરેરેની અને ગોન્ગોની ગામોમાં મૂળ સામત્રાના કે.કે.પટેલની મીઠાં ઉદ્યોગની સાઈટમાં એડમિન મેનેજર છે. ભુજ સમાજના આગેવાનોને કંપનીના કાર્યો બતાવવા ૧૨ સીટર ટેમ્પા જેવી કાર ખૂદ હાંકી મહેમાનગતિ કરાવી રહી છે. એણે એક પછી એક વાત ખોલી, પણ જ્યારે કચ્છી કન્યાની કર્મસાધના સ્થાનિય મહિલાઓએ વર્ણવી એ ઘટના-આ વાત લખવા કલમ ચલાવી છે.

મલિન્ડીથી યુગાન્ડા સુધી ટ્રકમાં મીઠું ભરી પરિવહન કરતી આફ્રિકન મહિલાઓનો આત્મવિશ્વાસ આપણી કચ્છી દીકરી છે એ જાણીને વધુ જાણવા પ્રયાસ કર્યો. પુષ્પાએ અમને મશીન ચલાવતાં શીખવ્યું છે. સાવ અભણ, બિનકુશળ બહેનો આજે જેસીબી, ટ્રેક્ટર, લોડર ચલાવે છે. આમ, તો કેન્યાની સ્થાનિય મહિલાઓના જીવનમાં બે દાયકામાં સર્વગ્રાહી પરિવર્તન આવ્યું છે. સરકાર અને સંસ્થાઓએ પ્રયાસો કર્યાં છે. સિંગલ મધર સંસ્કૃતિ, ૧૩-૧૪ વર્ષની છાત્રાઓ ગર્ભવતી બની જાય. પ્રસૂતિમાં મૃત્યુ પામે તો પહેલાથી જ છ-સાત સંતાનોની માત એવી નાની-દાદી ઉપર પુત્રી કે પૌત્રીના સંતાનની જવાબદારી આવી પડે...

હું ૧૯૯૯માં અહીં આવી..વાત માંડતાં ચોવીસીના સૂરજપરના દીકરી પુષ્પા ખીમજી પિંડોરીયાએ કહ્યું, ૨૦ વર્ષ પહેલાં અહીંના લોકો વૃક્ષના પાંદડાથી શરીર ઢાંકતા... ડિસ્કવરી કે એવી ચેનલોમાં આપણે નિઃવસ્ત્ર, અર્ધનગ્ન જંગલી કબીલાના દૃશ્યો જોઈએ છીએ, એવા માહોલ વચ્ચે હું આવી ગઈ...બધું નવું લાગતું...બીક પણ લાગતી, મેં બે સ્ત્રીઓને જાતે પ્રસૂતિ કરતી જોઈ છે. કણસતી સ્ત્રીઓ પ્રત્યેની સંવેદનાએ આજે મને વગર ભણ્યે ડિલિવરી કરતી કરી મૂકી છે. હું એમના પરિવારનો હિસ્સો છું. દૂરદૂર સુધી પાણી ભરવા જતી સ્ત્રીઓ મને સાઈકલ ચલાવતી જોઈ નવાઈ પામતી, હું તેમના માટે કપડાં લઈ આવતી, પહેરતા શીખવાડતી, શરૂઆતમાં અવિશ્વાસથી જોતી બહેનો આજે સ્વાવલંબી થઈ છે. ભુજના સંસ્કારધામને હિંમતનો સ્ત્રોત માનતી આ કચ્છી યુવતી આવા કાર્યો માટે પ્રેરક સામત્રાના વરસાણી પરિવારના ઉદ્યોગપતિ કે.કે.પટેલ અને ધનબાઈને આદર્શ માને છે કે, સ્થાનિયોની સેવા માટે મોકળાશ આપી છે. વિશ્વાસ કર્યો છે. હું નોકરી કરું છું, દાન કરવા જેટલું દ્રવ્ય નથી. જે કાંઈ ખર્ચ કરે છે તે કે. સોલ્ટ કંપની જ કરે છે. ૧૫૦૦ બાળકોની પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, પ્રસૂતિગૃહો, હોસ્પિટલ, રસી કેન્દ્રો, દવાનો જથ્થો આખાય વિસ્તારમાં કંપની પૂરો પાડે છે. પાણી-રોજગારી કંપનીને આભારી છે. હું તો માત્ર કાર્યકર છું. એવી નિખાલસ વાત કરતાં અવાજના બુલંદ રણકા સાથે રામપર વેકરાની વહુવારુ એવી પુષ્પાએ કહ્યું, આફ્રિકન કબીલાં મરી જાય તો પણ પોતાના પરિવારથી વિખૂટા થવાનું પસંદ ન કરે..પૂરની સ્થિતિમાં હેલિકોપ્ટરની વજનની ક્ષમતા મર્યાદિત હોય એટલે અડધા-અડધા લોકોનું સ્થળાંતર જ થાય. સરકારી માણસો પર ભરોસો નહોતો..મેં કહ્યું, વિશ્વાસ રાખો હું તમને લેવા આવીશ. લોકો માન્યા.. ભૂપૃષ્ઠથી પરિચિત કચ્છી કન્યાએ શોધી શોધીને લોકોનું સ્થળાંતર કરાવ્યું. રાશન, કપડાં, સામગ્રી પહોંચાડી એમના સાથ બદલ કેન્યન અને રેડક્રોસે આભાર માન્યો. ૪૦ વર્ષીય પુષ્પાબેન સ્થાનિય મહિલાઓની ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ છે. એટલે જ્યાં જઈએ ત્યાં એક જ શબ્દ સંભળાય...અસાન્ટા સાના...હકુના મટાટા....કાંઈ વાંધો નહિ... મૈં હૂં ના....!

## ચોવીસીની 'વિજય' વોલીબોલ ટ્રોફી જાદવજીનગરની ટીમે જીતી

લેવા પટેલ ચોવીસીમાં પ્રતિષ્ઠિત એવા ભારાસર સ્પોર્ટસ સેન્ટર દ્વારા દાતા વિજયભાઈ વરસાણી દ્વારા પ્રતિ વર્ષ વોલીબોલ શૂટિંગ સ્પર્ધાનું પદ્ધતિસરનું આયોજન થતું રહ્યું છે. રવિવારે રમાયેલી આ ટ્રોફી જાદવજી નગરે જીતી લીધી હતી.

## ગર્ભ સંસ્કાર માત્ર વિધિ નથી, વિજ્ઞાન છે.
### (સુખપર ખાતે વ્યાખ્યાન માળામાં વિચારો વ્યક્ત કરાયા)

ગર્ભ સંસ્કાર માત્ર વિધિ નથી, ભારતીય વૈદિક વિજ્ઞાન છે તેવું અનુપાલન સંતાનની શ્રેષ્ઠતામાં પરિણમી શકે છે. આવા વિચારો સાથે સુખપર માધવ સ્મૃતિ ટ્રસ્ટમાં બે દિવસીય વ્યાખ્યાન માળા યોજાઈ હતી. જેમાં દેશી ગાય પાલનના ફાયદા પણ વર્ણવાયા હતા.

માધવ સ્મૃતિ મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્યામ સરસ્વતી શીશુવાટિકા અને પ્રાથમિક વિદ્યામંદિરના વાર્ષિકોત્સવ પ્રસંગે બોલતા વ્યાખ્યાન માળાના મુખ્ય વક્તા ડો.મેહુલ શાહ (ઉપાધ્યક્ષ વિદ્યાભારતી પ્રદેશ), પૂર્વકુલપતિ દિવ્યાંશુ દવે એ કહ્યું દંપતિઓની દેહશુદ્ધિ, આહાર શુદ્ધિ, સંયમ, વિચાર શુદ્ધિ સહિતની ક્રિયાઓ પછી ગર્ભાધાનના સકારાત્મક પરિણામો પ્રાપ્ત થયાં છે. આપણે વર્તમાન સમયે આપણી વૈદિક પરંપરાઓને વિધિ વિધાન પુરતી સીમિત કરી નાખી છે જે ખોટું છે. સંપૂર્ણ વૈજ્ઞાનિક આ રીતિ છે. રૂઢિ નથી. શ્રી દવેએ એમ કહ્યું કે એકબાજુ હિન્દુસ્તાનમાં વસ્તી વિસ્ફોટ છે. ત્યારે અમુક સમુદાયમાં ફળદ્રુપતા ઘટી રહી છે. વંધ્યત્વની સમસ્યા પણ વધી છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં કુપોષણ સામે અભિયાન ચલાવવાં પડે તે યોગ્ય નથી. આશીર્વચન સહ પ્રતિભાવ આપતાં ભુજ સ્વામિનારાયણ મંદિરના વક્તા સંત શાસ્ત્રી સુખનંદન સ્વામીએ ગર્ભસંસ્કારની મહત્તા દર્શાવી હતી. ધર્મ-દેવ અને ભક્તિમાતા જેવા માતા-પિતા વૈદિક પરંપરાના વાહક છે. તેજસ્વી સંતાનોની પ્રાપ્તિ માટે જરૂરી છે.

દેશી ગાયને પુનઃસ્થાપિત કરવા કાર્યક્રમ સ્થળે અને ગ્રામ પંચાયત પટાંગણમાં ગૌ આનુષાંગિક ઉત્પાદનો વેચાણાર્થે રખાયા હતા. આયોજનના દાતા અને સહયોગી સૌને ગોબર ફ્રેમ મઢીત આકર્ષક ઘડિયાળ ભેટ અપાયા જે અનુકરણિય હોવાનો મત શ્રોતાઓએ વ્યક્ત કર્યો હતો. ટ્રસ્ટના કાર્યકર્તાઓ, આચાર્યા, શિક્ષિકાઓ, ગામના દરેક યુવક મંડળો, દરેક મંદિરો સહયોગી રહ્યા હતા જેના કારણે બહોળી સંખ્યામાં ગ્રામજનો લાભ લે તે શક્ય બન્યું હતું તેવું ટ્રસ્ટના રામજી વેલાણીની એક યાદીમાં જણાવાયું હતું.

### ધ પ્રાઈડ ઓફ ભુજ



ભારત પાકિસ્તાન વચ્ચે ૧૯૭૧ના યુદ્ધમાં ભુજની હવાઈ પટ્ટી ક્ષતિગ્રસ્ત થતાં માધાપરની અને સુખપરની કેટલીક કણબી મહિલાઓએ રીપેર કરી આપ્યો હતો. બોમ્બ વરસતા હતા પણ સ્ત્રી શક્તિના દ્રઢનિર્ધાર આગળ વામણા હતા. તેમની આ શૌર્યગાથાને ફિલ્મી રંગે રંગતા અજય દેવગણ અને સાથી કલાકારો કચકડે કંડારી હતી. આગામી સમયમાં આ વિરાંગનાઓની યશોગથા ગુંજશે.

## યુ.કેના ૩૪ યુવાનોએ દિલ્હીથી અમૃતસર ૪૮૧ કિ.મી. સાઈકલ ચલાવી ૧.૩૧ લાખ પાઉન્ડ 'ચેરિટી' કરી.
### (સાહસ દ્વારા નાંણા એકત્ર કરતા આ ગ્રુપનું આ ત્રીજુ આયોજન હતું; કુલ ૩.૫૦ કરોડ એકત્ર કરી દાન કર્યા)



યુ.કે.ના સાઈકલ સવારો દિલ્હીથી અમૃતસર ૪૮૧ કિ.મી. સાઈકલ ચલાવી સાહસનો પરિચય આપ્યો હતો. અને મહેનત દ્વારા ફંડ એકત્ર કરી જરૂરિયાત મંદો સુધી પહોંચાડી માનવતા મહેકાવી હતી. આ ગ્રુપમાં કચ્છી યુવાનોનું બાહુલ્ય છે અને સાહસ કરનારામાં મહિલાઓ પણ સામેલ છે.

જે રૂટ પર સાઈકલ ચલાવવી પડકાર કહી શકાય તે દિલ્હી-અમૃતસર વચ્ચે યુ.કે.ના મૂળ કચ્છી એવા ૩૪ યુવાનોએ સ્થાનિકોના આશ્ચર્ય વચ્ચે ફંડ એકત્ર કર્યું હતું. 'એમ.એ.ડી.ટુડે' બે યુ.કે. સ્થિત ચેરિટી સંસ્થાઓ નિશ્કામ સ્વાટ કે જે યુ.કે.માં પ્રથમ શીખ ચેરીટી છે તે જેણે ઘરવિહોણા લોકો માટે શેરીઓમાં 'લંગર' શરૂ કર્યું છે. આ સંસ્થાનું પ્રાથમિક કાર્ય સ્થાનિક જરૂરિયાતમંદ લોકોના જીવનમાં બદલાવ લાવવાનું અને આર્થિક વંચિતોને એકત્ર કરી પરિવર્તન લાવવાનું રહ્યું છે. શીશુકુંજ યુ.કે. બાળકોની સખાવતી સંસ્થા છે. ૩૦ વર્ષથી લંડનમાં કાર્યકરતી સંસ્થા આંતરરાષ્ટ્રીય સ્તરે બાળકોમાં ગરીબીના કારણે માંદગી, શિક્ષણ-આરોગ્ય માટે કાર્ય કરે છે. આ બંન્ને સંસ્થાઓને મદદ કરવા આ સાઈકલ જૂથે ૧.૩૧ લાખ પાઉન્ડ (અંદાજે સવા કરોડ રૂપિયા) એકત્ર કરી સંસ્થાઓને દાન આપ્યા હતા. એમ.એમ.ડી. ટુડેના આયોજકો પૈકીના કેરા ગામના પ્રકાશ પટેલે કહ્યું કે; પડકાર અદ્ભૂત અનુભવ હતો. સાઈકલ ટીમ, મદદમાં રહેનાર વાહનો, ડ્રાઈવરો, મેડિકલ ટીમ, દિલ્હી અક્ષરધામ સહયોગ આપ્યો આભારી છીએ. અગાઉ આ જૂથ દ્વારા ભુજ થી અમદાવાદ સાઈકલ ચલાવી મુંબઈની રૂપજીવીનીઓના બાળકો માટે કામ કરતી સંસ્થાને ચેરિટી કરી હતી તે બાદ જૂનાગઢ થી ભુજ સુધી સાઈકલ યાત્રા યોજી હતી.

આયોજકોએ તમામ દાતાઓ અને કોર્પોરેટ પ્રાયોજકોનો આભાર માન્યો હતો. કુલ ત્રણ આયોજનોમાં ૩.૫૦ લાખ પાઉન્ડ (અંદાજે સવા ત્રણ કરોડ રૂપિયા) ચેરિટીની રકમ એકત્રિત કર્યાનું લંડનથી પ્રકાશ દેવરાજ હાલારીયા (પટેલ ) લેવા પટેલ સંદેશ ટીમને એક યાદીમાં જણાવ્યું હતું.

# લેવા પટેલ સમાજમાં કૌશલ્ય શિક્ષણનો નૂતન અધ્યાય

## (છ અભ્યાસક્રમો માટે કૌશલ્ય વિકાસ કેન્દ્રમાં પ્રથમ બેચને પ્રવેશ અપાયો)



પ્રથમ બેચ : ૨૦૨૦




ઈલેક્ટ્રીક, પ્લમ્બર, કાર્પેન્ટર, વેલ્ડર, એ.સી., સોલાર એમ છ વિભાગ સાથે કચ્છી લેવા પટેલ સમાજે જ્ઞાતિના છાત્ર-છાત્રાઓ માટે 'હમારા લક્ષ્ય, કૌશલ હસ્ત'નો સંકલ્પ સાકાર કરવા પ્રથમ સોપાન ભર્યું હતું.

છેલ્લા બે વર્ષથી નૂતન વિકાસ યુગમાં હરણફાળ ભરી રહેલા કચ્છી લેવા પટેલ સમાજ ભુજે સાર્વજનિક સેવા ક્ષેત્રે હોસ્પિટલો શરૂ કરી છે જ્યારે જ્ઞાતિના છાત્ર-છાત્રાઓને શ્રેષ્ઠ કૌશલ્ય વિકલ્પ આપવા સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર શરૂ કરી દીધું છે. શનિવારે યોજાયેલા કાર્યક્રમમાં વિભાગો ખુલ્લા મુકાયા હતા અને જ્ઞાતિજનોએ પોતાના સંતાનોના સર્જનને નિહાળ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના વિકાસનો પરિચય આપતાં એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ પીંડોરીયાએ સમાજના શિક્ષણ ક્ષેત્રના દાતાઓને યાદ કર્યા હતા. જાદવા પરબત વરસાણી, દેવશીભાઈ કરશન હાલાઈ, લક્ષ્મણ ભીમજી રાઘવાણી, આર.ડી.વરસાણી, મેદાન માટે મૂરજીભાઈ લાલજી પીંડોરીયા, કે.કે.પટેલ અને વર્તમાન શિક્ષણના નવા અધ્યાય માટે હસમુખભાઈ કાનજી ભુડિયાના મહાપ્રદાનને સગૌરવ નોંધ્યું હતું.

આચાર્ય લક્ષ્મીબેન પીંડોરીયા, નૂતન સ્કિલ કેન્દ્રના પ્રિન્સિપાલ કિરણભાઈ ભટ્ટે કહ્યું કે કચ્છમાં કોઈપણ સમાજે કરેલું આ કાર્ય પ્રથમ છે. છાત્ર ગામી નરેશ ધનજીએ પ્રતિભાવ આપતાં કહ્યું : અમને હાલનું શિક્ષણ મળી રહેશે. શીલાબેન રમેશભાઈ પીંડોરીયાએ સમાજની પહેલને યોગ્ય લેખાવતાં કહ્યું કે, હવે છાત્રો પોતાની રસ-રૂચિ પ્રમાણે આગળ વધશે. તમામ સ્ટાફનો પરિચય ગૃહપતિ ભરતભાઈ જોષીએ જ્યારે માર્ગદર્શન અરજણભાઈ પીંડોરીયાએ આપ્યું હતું.

સમગ્ર આયોજન સમાજ પ્રમુખ વેલજીભાઈ પીંડોરીયાના માર્ગદર્શન હેઠળ ત્રણેય પાંખોના સભ્યોએ સફળ બનાવ્યું હતું. આ પ્રસંગે સમાજના પાયાના દાતા દેવશીભાઈ હાલાઈએ ઉમળકાભેર એક લાખ રૂપિયાનો સહયોગ જાહેર કર્યો હતો. સમાજના ટ્રસ્ટી અને દાનવીર ધનજીભાઈ કરશન વરસાણીએ આ કાર્ય માટે જરૂરી તમામ મદદની તૈયારી દર્શાવી હતી.

બહોળી સંખ્યામાં વાલીઓ, છાત્રો, કન્યા સંસ્કારધામ સંભાળતા રામજીભાઈ સેંઘાણી ઉપસ્થિત રહ્યા હતા. છાત્રોએ પ્રાર્થના-કીર્તન અને રાષ્ટ્રગીત ગાયા હતા. નૂતન વિકાસ યુગના સ્વપ્નદ્રષ્ટા અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયાએ કહ્યું, હર હાથને કામ, હર હૃદયને સ્વમાન અને હર પરિવારને સ્વરોજગાર તથા હર કચ્છીને સુઆરોગ્ય આપવા લેવા પટેલ સમાજ કૃતસંકલ્પ છે.

# ભારાસરે પણ જળસંચયની અનોખી પહેલ કરી

## (દાતા-સામુહિક શ્રમદાનથી ચેકડેમ, બે કિ.મી. વહેણ સફાઈ, ૧૨ ફૂટ ઊંડાઈએ સિમેન્ટ પાઈપ પાથરી જળાશયોની આવ વધારી)




ભારાસર જેવાં નાના ગામે પાંચા તળાવની આવ વધારવા બે કિ.મી. સફાઈ, ૧૦૦ મીટર પાઈપ, ચેકડેમ જેવાં કાર્યો સામુહિક શ્રમે સાકાર કરી દીધાં છે.

ભારાસર ગ્રા.પં.એ વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતારવા માટે નદી જળસ્રાવ વિસ્તારમાંથી સિમેન્ટ પાઈપ પાથર્યા છે. ૧૨ ફૂટ ઊંડાઈએ માટી ખોદી આ કામ થયું છે. ભારાસર સ્પોર્ટસ સેન્ટરના યુવાનોએ ગામના શુભચિંતક બિનનિવાસી દાતા વાલજીભાઈ વેલજી હિરાણીના આર્થિક સહયોગથી પાંચા તળાવની આવ વધારવાનું કાર્ય શરૂ કર્યું. આખું ગામ જોડાયું. સૌએ શ્રમદાન કર્યું. ચાર દિવસ માટે માટીબંધ સાથેનો મીની ડેમ બે ડુંગર વચ્ચે તૈયાર કરી દેવાયો, બે કિ.મી. વહેણ સાફ થયાં, ૩ ફૂટ વ્યાસ વાળી ૧ર ફૂટ ઊંડાઈએ સિમેન્ટ લાઈન બિછાવાઈ, હવે ગામના આજુબાજુના પાણી વ્યર્થ વહી નહીં જાય એવું આયોજન થયું. આ કાર્યો માટે અગાઉ ગામના વરિષ્ઠ દાતા વિશ્રામભાઈ જાદવા વરસાણી 'વિજય' સહયોગ આપતા રહ્યા છે. તેમણે પાંચા તળાવમાં બોટીંગ પિકનિક પણ આરંભેલું હતું. હાલ રામજી કાનજી હિરાણી, સરપંચ નિલેશભાઈ વરસાણી, ઉપસરપંચ કાનજીભાઈ તથા પંચાયતી સર્વે સભ્યો તળાવ સમિતિ પ્રમુખ નટવરલાલ, ગૌરક્ષણ પ્રમુખ ધનજી લાલજી, ગામના સ્વામિનારાયણ મંદિરોના પ્રમુખ અને સભ્યો, સ્પોર્ટસ સેન્ટર પ્રમુખ લાલજીભાઈ તથા સભ્યોએ ધોમધખતા તાપમાં આંખ ઠારતું કામ કરી બતાવ્યું છે. સાદી સમજથી આગેવાનોએ સ્રાવ વિસ્તારનું સર્વે કર્યું અને અરસપરસ વિચાર વિમર્શ કરી ગ્રામ્યક્ષેત્રે જળસંચયનું ઉમદા કાર્ય કર્યું છે. ચોવીસીમાં હાલ સામત્રા પછી ભારાસરે પ્રેરક દિશા પકડી છે.

# માતૃશ્રી ભાનુબેન અરવિંદભાઈ ભુડિયા ''સૂરજ શિક્ષણધામ''

## શ્રી કચ્છી લેવા પટેલ નર્સીંગ ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્રેક્ટીસ









GUJGUJ0205/ 17-2-2013
RNI Registration No. GUJ/ 27502/1974

# CHRONOLOGY OF OUR INCREDIBLE JOURNEY

1965 - Shree Kutchi Leva Patel Samaj

1972 - Shree Kutchi Leva Patel Yuvak Sangh

1988 - Shree Kutchi Leva Patel Kanya Sanskardham

1992 - Shree Kutchi Leva Patel Education & Medical Trust

1993 - Shree Kutchi Leva Patel Kanya Vidhya Mandir

1998 - Matrushri Kunvarben Karsan Halai Kumar Vidyadham Wing

1998 - Matrushri Dhanbai Premji Gangji Bhudiya Community Hall

1998 - Mr. Laxmanbhai Construction Co. Kumar Vidyadham Wing

1998 - Matrushri Ratanben Devji Varsani Kumar Vidyalaya

2000 - Matrushri Meghbai Premji Jetha Hospital & Research Centre

2004 - Shree Laljibhai Ruda Pindolia Ramat - Gamat Sankul

2011 - Shree Kutchi Leva Patel Nursing Institute & Education & Practice (G.N.M.)

2012 - Shree Kutchi Leva Patel Kumar Primary School

2012 - Shree Kutchi Leva Patel Kanya Primary School

2015 - Shree Kutchi Leva Patel Samaj Suvidha Card (Medical Health)

2017- Shree Kutchi Leva Patel Samaj Competitive Exam Centre

2018 - Shree Kutchi Leva Patel Samaj Krushi Mall

2018 - Shree Kutchi Leva Patel Skill Development Centre

2018 - Shree Kutchi Leva Patel Nursing Institute & Education & Practice (B.Sc. Nursing)

2018 - Shree K.K. Patel Super Speciality Hospital Sankul

2019 - Shree Kutchi Leva Patel Samaj English School

2019 - Shree Kutchi Leva Patel Samaj Donor Card (Medical Health)

2019 - Matrushri Ratanben Keshvalal Bhudia Kanya Ratan Dham

2019 - Matrushri Bhanuben Arvind Bhudia Suraj Shikshan Dham

Editor : Vasant Patel
Printed and Published by : Kutchi Leva Patel Yuvak Sangh
Owner : Kutchi Leva patel Samaj - Bhuj. Printed at Swastik Printer - Bhuj and Published from Kutchi Leva Patel Samaj, Sardar Patel Vidhya Sankul, Mundra Road, Bhuj. 370001

© COPYRIGHT - SHREE KUTCHI LEVA PATEL SAMAJ-BHUJ. 2019